પેન્સિલવેનિયા ડ્રાઇવરનું મેન્યુઅલ

pennsylvania
DEPARTMENT OF TRANSPORTATION
Bureau of Driver Licensing
www.dmv.pa.gov

PUB 95 (4-21) Gujarati

મોટરસાઇકલ અને વાહનો સાથે રસ્તો શેર કરવો

આજના મોટરસાઇકલ સવારો મિત્રો, સંબંધીઓ અને પડોશીઓ હોય છે. મોટરસાઇકલ ચાલક રસ્તા પર અન્ય વાહનોના ડ્રાઇવરો જેટલા જ અધિકારો અને જવાબદારીઓ ધરાવે છે. મોટરચાલકોએ આ બાબતને સમજવી જોઈએ અને મોટરસાઇકલોને ઘેરવાનો અથવા મોટરસાઇકલ ચાલકોન રસ્તોનો અધિકાર છીનવવાનો પ્રયાસ જોઈએ નહીં.

પેન્સિલવેનિયાના રસ્તાઓ પર દર વર્ષે આશરે 4,000 મોટરસાઇકલ અકસ્માતો થાય છે. તેમાંથી અડધા અકસ્માતોમાં મોટરસાઇકલ અને અન્ય પ્રકારના વાહન વચ્ચેના અકસ્માતો સામેલ હતા. અને તેમાંથી લગભગ બે તૃતીયાંશ અકસ્માતો મોટરસાઇકલ ચાલકને કારણે નહીં પરંતુ બીજા વાહનના ડ્રાઇવરને કારણે થાય છે.

મોટરસાયકલ ચાલકોની હાજરી પર ધ્યાન આપતાં રહો સાવધ રહો કે મોટરસાયકલ નાની હોય છે અને તે સહેજે નજરે ન પડે તેવું બની શકે છે. મોટરસાઇકલ અન્ય વાહનો કરતાં દેખાવમાં ઘણી નાની હોય છે, જે નજીક આવતી મોટરસાઇકલની ગતિ અને અંતરનો અંદાજ લગાવવાનું વધુ મુશ્કેલ બનાવી શકે છે.

મોટરસાઇકલ ચાલક દિશાસ્થિતિ બદલી શકે તે માટે તૈયાર રહો. રસ્તાની એવી સ્થિતિઓ જે મોટા વાહનના ચાલકો માટે મામૂલી ત્રાસદાયક હોય, તે મોટરસાઇકલ ચાલકો માટે મોટા જોખમો પેદા કરી શકે છે.

પાછળ ચલાવતા હો ત્યારે વધુ અંતર રાખો મોટરસાઇકલની પાછળ ચાલી રહ્યા હો ત્યારે મોટરસાઇકલ ચાલકને સંકટાવસ્થામાં દિશાસ્થિતિ બદલવા અથવા રોકાવા માટે પૂરતો સમય મળે તે માટે ત્રણ કે ચાર સેકન્ડનો સમય રાખો. સૂકી પરિસ્થિતિઓમાં, મોટરસાયકલ અન્ય વાહન કરતાં વધુ ઝડપથી રોકાઇ શકે છે.

તમે શું કરવા જઈ રહ્યાં છો તેનો સંકેત આપો લેન બદલતા પહેલાં અથવા ટ્રાફિકમાં ભળતા પહેલાં, તમે શું કરવા જઈ રહ્યાં છો તેનો સંકેત મોટરસાઇકલ ચાલકને આપો જેથી તે ટ્રાફિકના પ્રવાહનો અંદાજ લગાવી શકે અને સુરક્ષિત લેન સ્થિતિ શોધી શકે.

મોટરસાઇકલની વળાંક લેવાની ઝબૂકતી સિગ્નલ લાઇટથી છેતરાશો નહીં – સામાન્ય રીતે મોટરસાઇકલની સિગ્નલ લાઇટ વળાંક પૂરો થયે આપમેળે બંધ થતી નથી અને સવારો ક્યારેક તેને બંધ કરવાનું ભૂલી જાય છે. મોટરસાઇકલ વળશે કે નહીં તેની ખાતરી કરવા માટે રાહ જુઓ. પછી આગળ વધો.

મોટરસાઇકલનો આદર કરો મોટરસાઇકલ એ એક પૂર્ણ-કદનું વાહન છે જે રસ્તા પરના કોઈપણ વાહન જેટલા જ વિશેષાધિકારો ધરાવે છે. મોટરસાઇકલ ચાલકને લેનની પૂરી પહોળાઈનો ઉપયોગ કરવા દો. ભલે એવું લાગે કે ટ્રાફિક લેનમાં વાહન અને મોટરસાઇકલ માટે પૂરતી જગ્યા છે, યાદ રાખો કે મોટરસાઇકલને સુરક્ષિત રીતે દિશાસ્થિતિ બદલવા માટે જગ્યાની જરૂર પડે છે. લેન શેર કરશો નહીં.



આ ઉચ્ચ જોખમી પરિસ્થિતિઓમાં અકસ્માત થવાની શક્યતા સૌથી વધુ છે:

ડાબી બાજુના વળાંકો
લગભગ અડધોઅડધ મોટરસાઇકલ અકસ્માતોમાં બીજા મોટર વાહનો સંકળાયેલા હોય છે. લગભગ 40 ટકા અકસ્માતો, બીજું વાહન મોટરસાઇકલ સવારની આગળ ડાબી બાજુ વળવાને કારણે થયા હતા.

વાહન નજરે ન ચડે તેવી જગ્યા
યાદ રાખો, તેના નાના કદને કારણે મોટરસાઇકલ ચાલકો ઘણીવાર વાહન નજરે ન ચડે તેવી જગ્યામાં ઢંકાઈ જાય છે અથવા તો ઝડપથી નજર કરતી વખતે ચૂકી જવાય છે. ટ્રાફિકવાળી ગલીમાં પ્રવેશતા કે બહાર નીકળતા પહેલા અને રસ્તાઓ મળતા હોય તેવા સ્થળો પર અરીસામાં જોઇ અને બ્લાઇન્ડ સ્પોટ તપાસીને હંમેશા પુષ્ટિ કરો કે આસપાસ મોટરસાઇકલ છે કે કેમ.

રસ્તાની જોખમી સ્થિતિઓ
રસ્તા અને ટ્રાફિકની સ્થિતિઓ, જેમકે ખાડા, કાંકરી, ભીની અથવા લપસણી સપાટીઓ, પેવમેન્ટની કિનારીઓ, રેલરોડ ક્રોસિંગ અને ખાંચવાળી પેવમેન્ટ સામેની પ્રતિક્રિયામાં મોટરસાઇકલ ચાલકો અચાનક ગતિ બદલી શકે છે અથવા લેનની અંદર તેમની સ્થિતિ બદલી શકે.

હવામાનની સ્થિતિઓ
જ્યારે રસ્તાની સપાટી ભીની અથવા બરફવાળી હોય, ત્યારે મોટરસાઇકલ ચાલકોની બ્રેક લગાવવાની અને હેન્ડલ ફેરવવાની ક્ષમતા નબળી પડે છે.

ભારે પવન
જો સવાર તેના માટે તૈયાર ન હોય તો, પવનનો જોરદાર સપાટો મોટરસાઇકલને લેનમાં એક બાજુથી બીજી બાજુ ધકેલી શકે છે. બીજી લેનમાંથી મોટા ટ્રકોના કારણે આવતો પવનનો સપાટો ખરેખર જોખમી બની શકે છે.

મોટા વાહનો
વેન કે ટ્રક જેવા મોટા વાહનોને કારણે મોટરસાઇકલ ડ્રાઇવરની નજર ન આવી શકે. મોટરસાઇકલ ચાલક અચાનક આવી ચડ્યો હોય તેવું લાગી શકે છે.

રસ્તો શેર કરવો એ એક સારો સંકેત છે કે મોટરચાલકો અને મોટરસાઇકલ ચાલકો બંને સહકારનું મહત્વ સમજે છે. આક્રમક વર્તનને કાબૂમાં રાખીને અને સામાન્ય સમજ, સૌજન્ય અને કાયદા અનુસાર વાહનો ચલાવીને, મોટરચાલકો અને મોટરસાઇકલ ચાલકો રસ્તા પર સાથે મુસાફરી કરી શકે છે.

NHTSAના શેર ધ રોડ પ્રોગ્રામમાંથી લેવામાં આવેલી માહિતી.

પરિચય

તમને સલામત ડ્રાઇવર બનવામાં મદદરૂપ થવા માટે આ પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે. **તે ડ્રાઇવિંગ ઉપર લાગુ પડતાં પેન્સિલવેનિયાના ઘણા કાયદાઓ રજૂ કરે છે. તેનો ઉપયોગ કાયદાઓ માટેની સામાન્ય માર્ગદર્શિકા તરીકે થવો જોઈએ, પરંતુ પેન્સિલવેનિયાની વાહન સંહિતાના વિકલ્પ તરીકે નહીં, જેમાં પેન્સિલવેનિયાના ડ્રાઇવરો અને વાહનોને લાગુ પડતાં કાયદાઓ સામેલ છે. એ બાબતની પણ નોંધ લેવામાં આવવી જોઈએ કે આ પુસ્તિકામાં સમાવિષ્ટ માહિતીમાં ફેરફાર થઈ શકે છે.**

આ પુસ્તિકાનો હેતુ તમને ડ્રાઇવિંગની પરીક્ષા આપવા અને પેન્સિલવેનિયા ડ્રાઇવિંગ લાઇસન્સ મેળવવા માટે તૈયાર કરવાનો છે. જોકે, આ પુસ્તિકામાં રજૂ કરેલા રસ્તા માટેના નિયમો અને ટ્રાફિક સંચાલનના સિદ્ધાંતો પેન્સિલવેનિયા કાયદા દ્વારા માન્યતા પ્રાપ્ત ત્રણ પ્રકારના વાહનોને લાગુ પડે છેઃ સાઇકલ, ઘોડાથી ચાલતા વાહનો અને મોટર વાહનો. ઉદાહરણ તરીકે, બધા સાઇકલ સવારોએ મોટરચાલકોની જેમ જ, સિગ્નલ લાલ હોય ત્યારે રોકાવું ફરજિયાત છે.

જો તમે વાહન ચલાવતા શીખી રહ્યાં હો, તો આ પુસ્તિકા તમને ડ્રાઇવરની પરીક્ષા માટે અભ્યાસ કરવા માટે જરૂરી એવી બધી માહિતી આપશે. જો તમે પહેલેથી જ પેન્સિલવેનિયા ડ્રાઇવર લાઇસન્સ ધરાવતા હો, તો તમે આ પુસ્તિકાનો ઉપયોગ તમે ભૂલી ગયા હો તેવા રસ્તા સંબંધી કેટલાક નિયમોની સમીક્ષા કરવા અથવા તમારું લાઇસન્સ પ્રાપ્ત થયા પછી નવા બનેલા કે બદલાયા હોય તેવા કેટલાક નિયમો વિશે જાણવા માટે કરી શકો છો.

મહત્વપૂર્ણ

તમારી નોલેજ ટેસ્ટ આપતાં પહેલા, તમારે નોન-કોમર્શિયલ લર્નર્સ પરમિટ એપ્લિકેશન (DL-180) ભરવી જરૂરી છે.
જો તમારી ઉંમર 18 વર્ષથી ઓછી હોય, તો તમારા માતા-પિતા અથવા વાલીએ પેરેન્ટ ઓર ગાર્ડિયન કન્સેન્ટ ફોર્મ (DL-180TD) ભરવું જરૂરી છે.

બંને ફોર્મ અમારી વેબસાઇટ www.dmv.pa.gov પર પેજના મથાળા પર ફોર્મ્સ અને પબ્લિકેશન લિંક હેઠળ મળી શકે છે.

વાહન ચલાવવું એ એક સવલત છે, અધિકાર નથી. આ સવલત સાથે ઘણી જવાબદારીઓ આવે છે. એક ખૂબ જ મહત્વપૂર્ણ જવાબદારી એ હોય છે કે તમે ક્યારેય દારૂ પીને વાહન ચલાવશો નહીં.

તમારા નજીકના ડ્રાઇવર લાઇસન્સ સેન્ટરના કામકાજના દિવસો અને કલાકો માટે, સૌથી તાજેતરના ફોર્મ્સ, પબ્લિકેશન્સ અને ફેક્ટ શીટ્સ ડાઉનલોડ કરવા માટે અથવા તમારી ઓન-ધ-રોડ સ્કિલ્સ ટેસ્ટની નોંધણી કરવા સહિતની PennDOTની ઓનલાઈન સેવાઓને ઍક્સેસ કરવા માટે, PennDOTની ડ્રાઇવર અને વાહન સેવાઓની વેબસાઇટ www.dmv.pa.govની મુલાકાત લો.

સલામત ડ્રાઇવર બનવા માટે કૃપા કરીને આ પુસ્તિકા કાળજીપૂર્વક વાંચો, રસ્તાના નિયમો શીખો અને તેનો અભ્યાસ કરો અને આપણા સુંદર રાજ્યમાં તમારી ડ્રાઇવિંગ સવલતનો આનંદ માણો.

આ પ્રકાશન વેચાણ માટે નથી.

અનુક્રમણિકા

પ્રકરણ 1: નોન-કોમર્શિયલ લર્નર્સ પરમિટની માહિતી 1
લર્નર્સ પરમિટ માટે અરજી કરવી 1
અંગ દાતાનો હોદ્દો. 2
નિવૃત્ત સૈનિકનો હોદ્દો 2
સોશિયલ સિક્યુરિટી નંબર સંબંધી માહિતી 2
પેન્સિલવેનિયાના દૃષ્ટિના માનકો 3
પેન્સિલવેનિયા ડ્રાઇવર્સ લાયસન્સની જરૂર કોને પડે છે? 3
જુનિયર લર્નર્સ પરમિટની માહિતી 3
જુનિયર ડ્રાઇવર્સ લાઇસન્સની માહિતી 3
તમને કઈ શ્રેણીના ડ્રાઇવર્સ લાયસન્સની જરૂર છે? 4
ડ્રાઇવર્સ લાયસન્સની શ્રેણીઓ. 4
પરીક્ષણો. 4
નોલેજ ટેસ્ટ 4
રોડ ટેસ્ટ. 5

પ્રકરણ 2: સિગ્નલ, ચિહ્નો અને પેવમેન્ટના નિશાન 7
સિગ્નલો 7
લાલ, પીળી અને લીલી ટ્રાફિક લાઇટ અને તીર 7
ઝબૂકતા સિગ્નલો 8
કામ ન કરતી ટ્રાફિક લાઇટ્સ 8
રેમ્પ-મીટરિંગ સિગ્નલો 8
લેન ઉપયોગનું નિયંત્રણ સિગ્નલ 8
રાહદારીઓ માટેના સિગ્નલો 9
સ્કૂલ ઝોનના સિગ્નલો 9
રેલરોડ ક્રોસિંગના સિગ્નલો 9
ચિહ્નો. 10
નિયમનકારી ચિહ્નો. 10
ચેતવણી ચિહ્નો 13
માર્ગદર્શક ચિહ્નો 19
પેવમેન્ટના ચિહ્નો. 22
પ્રકરણ 2 સમીક્ષા પ્રશ્નો. 23
પ્રકરણ 2 જવાબ કી 30

પ્રકરણ 3: ડ્રાઇવ કરતા શીખવું. 31
સલામતીને પ્રાથમિકતા આપવી 31
વાહનની તપાસ: ડ્રાઇવ કરવાની તૈયારી કરવી. 31
ડ્રાઇવર સંબંધિત પરિબળો. 32
બેદરકારી 32
સ્વાસ્થ્ય સંબંધી પરિબળો 33
દારૂ અને ડ્રાઇવિંગ. 33
ડ્રગ્સ અને ડ્રાઇવિંગ 34
રોજિંદા ડ્રાઇવિંગ કૌશલ્ય. 35
જગ્યાનું સંચાલન 35
ગતિનું સંચાલન 38
વળવું, ભળવું અને પસાર થવું. 45
આંતરછેદ પર સુરક્ષિત રીતે ચાલવું. 48
વળાંકમાં સુરક્ષિત રીતે ચાલવું. 51
હાઇવે અને આંતરછેદ પર સુરક્ષિત રીતે ચાલવું 52
પાર્કિંગ 52
સમાંતર પાર્કિંગ ટીપ્સ. 53
ખાસ સંજોગો અને સંકટાવસ્થાઓ 54
કામ ચાલુ હોય તેવા ક્ષેત્રો 54
રેલ્વે ક્રોસિંગ 55
રાહદારીઓ, સાઇકલ ચાલકો અને મોટરસાઇકલ ચાલકો અને મોપેડ ડ્રાઇવરો સાથે રસ્તો શેર કરવો 55
ટ્રકો અને બસો સાથે રસ્તો શેર કરવો. 56
સ્કૂલ બસો. 58
સંકટાવસ્થાના વાહનો અને પરિસ્થિતિઓ. 59
મુવ ઓવર કાયદો. 59
ઘોડાગાડી અને ઘોડેસવારો. 59
ખુલ્લા ટ્રકમાંના પ્રવાસીઓ 59
બરફ દૂર કરવાના હળ. 60
રોડ રેજનો સામનો કરવો 60
ડ્રાઇવિંગ સંબંધી સકટાવસ્થાનો સામનો કરવો 60
સ્મશાનયાત્રા 64
પ્રકરણ 3 સમીક્ષા પ્રશ્નો. 65
પ્રકરણ 3 જવાબ ચાવી. 78

પ્રકરણ 4: ડ્રાઇવિંગ રેકોર્ડની માહિતી. 79
પેન્સિલવેનિયા પોઇન્ટ સિસ્ટમ. 79
જો તમને પોલીસ દ્વારા રોકવામાં આવે તો શું કરવું. 80
અકસ્માતો. 81
પોલીસથી ભાગી જવું કે છટકી જવું 81
દારૂ અથવા નિયંત્રિત પદાર્થના પ્રભાવ હેઠળ વાહન ચલાવવું. 81
ઓછી ઉંમરે દારૂ પીવો. 84
ડ્રાઇવર લાઇસન્સ કોમ્પેક્ટ (DLC). 84
પ્રકરણ 4 સમીક્ષા પ્રશ્નો. 86
પ્રકરણ 4 જવાબ ચાવી. 88

પ્રકરણ 5: કાયદા અને સંબંધિત મુદ્દાઓ. 89
નામ અથવા સરનામાના ફેરફાર માટેની જરૂરી સૂચના 89
સીટ બેલ્ટનો કાયદો 89
બાળ નિયંત્રણ કાયદો. 90
બાળકો અને પાલતુ પ્રાણીઓ માટે સલામતીની ટિપ્સ. 90
એર બેગની સલામતીની માહિતી. 91
અમેરિકન્સ વીથ ડિસેબિલિટીઝ એક્ટ (ADA). 91
અપંગ વ્યક્તિઓ માટે પાર્કિંગ વિસ્તારો. 92
કચરા વિરોધી કાયદો. 92
વાહન સલામતી અને ઉત્સર્જન નિરીક્ષણ. 92
સલામત પસાર થવું એ કાયદો છે. 92
ટેક્સ્ટિંગ વિરોધી કાયદો 93
ટ્રાફિક-નિયંત્રણ ઉપકરણો પ્રત્યે આજ્ઞાપાલન જોખમી પરિસ્થિતિઓની ચેતવણી કાયદો 93

પ્રકરણ 6: સંદર્ભો 94
રોડ ટેસ્ટ અને સ્પેશિયલ પોઇન્ટ પરીક્ષાના એપોઇન્ટમેન્ટ 94
નોન-સીડીએલ થર્ડ પાર્ટી ટેસ્ટિંગ પ્રોગ્રામ 94
ઇન્ટરનેટ પર વિભાગીય ફોર્મ્સ અને પબ્લિકેશન્સ. 94
રાજ્યવ્યાપી અને કાઉન્ટી નકશા 94
અન્ય માહિતી. 94
511PA 94
કાર્બન મોનોક્સાઇડ ઝેર 95

પ્રકરણ 1:
નોન-કોમર્શિયલ લર્નર્સ પરમિટની માહિતી

આ પ્રકરણ પેન્સિલવેનિયા લર્નર્સ પરમિટ મેળવવા વિશે તમારે જાણવી જરૂરી હોય તેવી માહિતી પૂરી પાડશે. સંબોધવામાં આવેલા ક્ષેત્રોમાં નીચેની બાબતો સામેલ છે:

- લર્નર્સ પરમિટ માટે અરજી કરવી
- પરીક્ષણો

લર્નર્સ પરમિટ માટે અરજી કરવી

તમે પેન્સિલવેનિયામાં મોટર વાહન ચલાવો તે પહેલા તમારે લર્નર પરમિટ મેળવવી જરૂરી છે. તમારૂં ડ્રાઇવિંગ લાઇસન્સ મેળવવા માટે તમારે વિઝન, નોલેજ અને રોડ ટેસ્ટ આપવાની અને તેને પાસ કરવી જરૂરી રહેશે. નોન-કોમર્શિયલ લર્નર્સ પરમિટ એપ્લિકેશન (DL-180) તમારી શારીરિક તપાસની તારીખથી એક (1) વર્ષ સુધી માન્ય છે; જોકે, શારીરિક તપાસની તારીખ તમારા 16માં જન્મદિવસના છ (6) મહિનાથી વધુ પૂર્વેની હોઈ શકે નહીં.

જ્યારે તમારી ઉંમર 16 વર્ષ કે તેથી વધુ થાય, ત્યારે કૃપા કરીને તમારી નોન-કોમર્શિયલ લર્નર્સ પરમિટ મેળવવા માટે નીચે સૂચિબદ્ધ પગલાં અનુસરો. તમે તમારા 16માં જન્મદિવસ પહેલા તમારી પરમિટ માટે અરજી કરી શકો નહીં.

1. અમારી વેબસાઇટ www.dmv.pa.gov પર પેજની ટોંચ પર ફોર્મ્સ અને પબ્લિકેશન લિંક હેઠળ ઉપલબ્ધ નોન-કોમર્શિયલ લર્નર્સ પરમિટ એપ્લિકેશન (DL-180) ભરો.
2. તમારા આરોગ્ય સંભાળ પ્રદાતાએ નોન-કોમર્શિયલ લર્નર્સ પરમિટ એપ્લિકેશન (DL-180)ની પાછળની બાજુ ભરવી જરૂરી છે. આ ફોર્મ તમારા 16માં જન્મદિવસના છ (6) મહિના પહેલાં ભરેલું ન હોય તે જરૂરી છે. બધી માહિતી ભરવી જરૂરી છે.
3. જો ડ્રાઇવર લાયસન્સ એક્ઝામિનર એ નક્કી ન કરી શકે કે નોન-કોમર્શિયલ લર્નર્સ પરમિટ એપ્લિકેશન (DL-180) પરની માહિતી તબીબી માનકોને સંતોષે છે કે નહીં, તો તમારી લર્નર્સ પરમિટમાં વિલંબ થઈ શકે. તમારે વધારાની તબીબી તપાસ કરાવવાની જરૂર પડી શકે છે. જો તમે એવી સ્થિતિમાં હો જેનાથી તમારી વાહન ચલાવવાની ક્ષમતા ગંભીર રીતે નબળી પડતી હોય, તો તમારે ડ્યુઅલ કંટ્રોલ લર્નર પરમિટ મેળવવાની અને પ્રમાણિત પ્રશિક્ષક પાસેથી વાહન ચલાવતા શીખવાની જરૂર પડી શકે છે.
4. જો તમારી ઉંમર 18 વર્ષથી ઓછી હોય, તો તમારા માતાપિતા, વાલી, માતાપિતાની જવાબદારી નિભાવતી વ્યક્તિ અથવા 18 વર્ષ કે તેથી વધુ ઉંમરના જીવનસાથીએ પેરેન્ટ ઓર ગાર્ડિયન કન્સેન્ટ ફોર્મ (DL-180TD) ભરવું જરૂરી છે, જે અમારી વેબસાઇટ www.dmv.pa.gov પર પેજની ટોચ પર ફોર્મ્સ અને પબ્લિકેશન્સ લિંક હેઠળ પણ મળી શકે છે. **જો માતાપિતા, વાલી, માતાપિતાની જવાબદારી નિભાવતીવ્યક્તિ અથવા 18 વર્ષ કે તેથી વધુ ઉંમરના જીવનસાથી અરજદાર સાથે આવી ન શકે, તો DL-180TD પર માતાપિતા, વાલી, માતાપિતાની જવાબદારી નિભાવતી વ્યક્તિ અથવા 18 વર્ષ કે તેથી વધુ ઉંમરના જીવનસાથીએ નોટરીની હાજરીમાં સહી કરવી જરૂરી છે.** યોગ્ય ઓળખ ધરાવતા હોવું જરૂરી છે અને જો અટક અલગ હોય, તો સંબંધની પુષ્ટિ કરવી જરૂરી છે. જો તમારી ઉંમર 18 વર્ષથી વધુ હોય, તો તમારે રહેવાસી હોવાના બે (2) પુરાવા રજૂ કરવા જરૂરી છે:
   - તાજેતરના યુટિલિટી બિલ (પાણી, ગેસ, વીજળી, કેબલ, વગેરે)
   - ટેક્સ રેકોર્ડ્સ.
   - ભાડા કરારો.
   - W-2 ફોર્મ.
   - વર્તમાન શસ્ત્રોની પરમિટ (ફક્ત યુ.એસ. નાગરિકો માટે જ).
   - મોર્ગેજ (ગીરો) દસ્તાવેજો.

પુસ્તિકાનો અભ્યાસ કર્યા પછી અને ઉપર સૂચિબદ્ધ પગલાંઓ અનુસર્યા બાદ, જ્યારે તમે તમારી નોલેજ ટેસ્ટ આપવા માટે તૈયાર હો ત્યારે નીચે સૂચિબદ્ધ દસ્તાવેજો ડ્રાઇવર લાઇસન્સ સેન્ટર પર લાવો :

- તમે ભરેલી નોન-કોમર્શિયલ લર્નર્સ પરમિટ અરજી (DL-180). **આ ફોર્મ પોસ્ટથી મોકલશો નહીં. જો 18 વર્ષથી ઓછી ઉંમરના હો, તો તમારા માટે ભરેલું પેરેન્ટ ઓર ગાર્ડિયન કન્સેન્ટ ફોર્મ (DL-180TD) પણ લાવો.**
- જન્મ તારીખ અને ઓળખનો પુરાવો. આ દસ્તાવેજો અસલ હોવા જોઈએ (ફોટોકોપી સ્વીકારવામાં આવશે નહીં).
- તમારું સોશિયલ સિક્યુરિટી કાર્ડ.
- લાગુ પડતી ફી. (નોંધ: ચુકવણીના સ્વીકાર્ય સ્વરૂપ(પો) માટે કૃપા કરીને ફોર્મના પાછળના ભાગનો સંદર્ભ લો)

કૃપા કરીને નોંધ લો: તમારી જન્મ તારીખ સાબિત કરવા માટે ઉપયોગમાં લઈ શકાય તેવા ઓળખપત્રો નોન-કોમર્શિયલ લર્નર્સ પરમિટ એપ્લિકેશન (DL-180)ની પાછળ ફી સાથે સૂચિબદ્ધ કરેલા છે.

જો તમે તમારા HCP અથવા ઓપ્ટોમેટ્રિસ્ટ પાસે તમારી દ્રષ્ટિનું પરીક્ષણ કરાવ્યું ન હોય, તો ડ્રાઇવર લાઇસન્સ સેન્ટર પર તમારી દ્રષ્ટિનું પરીક્ષણ કરવામાં આવશે. જો તમે ચશ્મા કે કોન્ટેક્ટ લેન્સ પહેરતા હો, તો કૃપા કરીને તેને તમારી સાથે લાવો. ત્યારબાદ તમે આ પુસ્તિકામાં આગળ વર્ણવેલા સંકેતો, કાયદાઓ, ડ્રાઇવિંગના નિયમો અને સલામત રીતો અંગે નોલેજ ટેસ્ટ આપશો. નોલેજ ટેસ્ટ પાસ કર્યા પછી, પરીક્ષક તમને લર્નર્સ પરમિટ આપશે, જે એક (1) વર્ષ માટે માન્ય હોય છે. તમને તમારી લર્નર્સ પરમિટ મળ્યા પછી, તમે ડ્રાઇવિંગનો અભ્યાસ શરૂ કરી શકો છો. PennDOT (પેનડોટ) ભલામણ કરે છે કે યુવાન ડ્રાઇવરો આ સમયે તેમના

રોડ ટેસ્ટનો સમય નિર્ધારિત કરે, જો ટેસ્ટિંગની તારીખ તમારી લર્નર્સ પરમિટ પર છાપેલી પાત્રતા તારીખ પહેલાંની ન હોય તો.

જો તમારી ઉંમર 18 વર્ષથી ઓછી હોય, તો તમારે રોડ ટેસ્ટ આપતા પહેલા ઓછામાં ઓછા 65 કલાક વ્હીલ કૌશલ્યનુંનિર્માણ કરવું જરૂરી છે, જેમાં ઓછામાં ઓછા 10 કલાક રાત્રિના સમયે ડ્રાઇવિંગ અને પાંચ (5) કલાક ખરાબ હવામાનમાં ડ્રાઇવિંગ કરવાનો સમાવેશ થાય છે. આ તાલીમ તમને એક સારા, સલામત ડ્રાઈવર બનવા માટે જરૂરી કૌશલ્યો શીખવવામાં મદદ કરશે.

યાદ રાખો: ઓછામાં ઓછી 21 વર્ષની ઉંમરના લાઇસન્સ પ્રાપ્ત કરેલ ડ્રાઇવર અથવા માતા પિતા, માતાપિતાની જવાબદારી નિભાવતી વ્યક્તિ, 18 વર્ષ કે તેથી વધુ ઉંમરના અને ડ્રાઇવિંગ લાઇસન્સ ધરાવતા જીવનસાથીએ હંમેશા તમારી સાથે તમારા વાહનની આગળની સીટ પર સવારી કરવી જરૂરી છે. તે ઉપરાંત, 18 વર્ષથી ઓછી ઉંમરના ડ્રાઇવરો વાહનમાં સીટ બેલ્ટની સંખ્યા કરતા વધુ મુસાફરો બેસાડી શકે નહીં.

તમારી પરમિટ જારી કર્યાની તારીખ પછી તમે ફરજિયાત છ (6) મહિના રાહ જોયા બાદ અને ઓછામાં ઓછા 10 કલાક રાત્રિના સમયે ડ્રાઇવિંગ અને પાંચ (5) કલાક ખરાબ હવામાનમાં ડ્રાઇવિંગ કરવા સહિતના 65 કલાકના કૌશલ્ય નિર્માણની પૂર્ણતાનું સહી કરેલું પ્રમાણપત્ર મેળવ્યા પછી, તમે તમારી રોડ ટેસ્ટ આપી શકો છો. જો તમારી લર્નર્સ પરમિટ સમાપ્ત થઈ જાય અથવા તો તમે ત્રણ (3) પ્રયાસો પછી પણ તમારો રોડ ટેસ્ટ પાસ ન કરો, તો તમે ઉમેરવા/વિસ્તારવા/બદલવા/ફેરફાર કરવા/સુધારવા માટે નોન-કોમર્શિયલ લર્નર્સ પરમિટ એપ્લિકેશન (DL-31) મેળવી શકો છો.

જો તમે કોમનવેલ્થ ઓફ પેન્સિલવેનિયાની બહાર વાહન ચલાવવા માટે તમારી લર્નર્સ પરમિટનો ઉપયોગ કરી રહ્યા હો, તો કૃપા કરીને તમારી વીમા કંપની અને અન્ય રાજ્યના પરિવહન વિભાગ સાથે તપાસ કરો અને ખાતરી કરો કે તમારી લર્નર્સ પરમિટ માન્ય માનવામાં આવતી હોય.

જો તમારી લર્નર્સ પરમિટ પરની કોઈપણ માહિતીમાં ભૂલ હોય, તો જ્યારે તમે ડ્રાઇવિંગ લાઇસન્સ સેન્ટર પર પરિક્ષણ માટે આવો ત્યારે પરીક્ષક પાસે સાચી માહિતીનો પુરાવો લાવો.

જો તમે નોલેજ ટેસ્ટમાં નાપાસ થાઓ, તો પરીક્ષક તમને નોન-કોમર્શિયલ લર્નર્સ પરમિટ એપ્લિકેશન (DL-180) અને તમારૂં પેરેન્ટ ઓર ગાર્ડિયન કન્સેન્ટ ફોર્મ (DL-180TD) પાછું કરશે. પરીક્ષાનું સ્થળ ગમે તે હોય, તમે કોઈ એક દિવસે ફક્ત એક જ વાર નોલેજ ટેસ્ટ આપી શકો છો. તમારા ફોર્મ સુરક્ષિત જગ્યાએ રાખો કારણ કે જ્યારે તમારી ફરીથી પરીક્ષા લેવામાં આવે ત્યારે તેને તમારી સાથે લાવવા જરૂરી છે.

અંગ દાતાનો હોદ્દો

તમે તમારા પેન્સિલવેનિયા ડ્રાઇવિંગ લાઇસન્સનું નવીકરણ કરો ત્યારે દરેક વખતે તમને પૂછવામાં આવશે કે શું તમે તમારા ડ્રાઇવિંગ લાઇસન્સ પર "અંગ દાતા"હોદ્દો લખાવવા ઇચ્છો છો. કૃપા કરીને ફોટો લાઇસન્સ સેન્ટર પર જતા પહેલા નિર્ણય લો. જ્યારે તમે ફોટો લાઇસન્સ સેન્ટરમાં અંગ દાતા તરીકે લખાવવા માટે "હા" કહો, ત્યારે તમારા ડ્રાઇવર્સ લાયસન્સ પર "અંગ દાતા" શબ્દો દેખાશે.

18 વર્ષથી ઓછી ઉંમરના અરજદારો તેમના ડ્રાઇવિંગ લાયસન્સ પર અંગ દાતા હોદ્દાની વિનંતી કરી શકે છે અને તે મેળવી શકે છે; જોકે, તેમની પાસે માતાપિતા, વાલી, માતાપિતાની જવાબદારી નિભાવતી વ્યક્તિ અથવા 18 વર્ષ કે તેથી વધુ ઉંમરના જીવનસાથીની લેખિત સંમતિ હોવી જરૂરી હોય છે. તેઓ પેરેન્ટ ઓર ગાર્ડિયન કન્સેન્ટ ફોર્મ (DL-180TD) પર યોગ્ય ખાનામાં નિશાની કરીને સંમતિ આપી શકે. અંગ અને પેશીઓના દાન સંબંધી માહિતી માટે, 1-877-DONOR-PAનો સંપર્ક કરો.

તમે અમારી વેબસાઇટ www.dmv.pa.gov દ્વારા પણ તમારા ડ્રાઇવર રેકોર્ડમાં “અંગ દાતા"નો હોદ્દો ઉમેરી શકો છો. આ સેવા ચેનલ દ્વારા, તમને તમારા ડ્રાઇવિંગ લાઇસન્સ સાથે રાખવા માટે કાર્ડ પ્રિન્ટ કરવાની તક આપવામાં આવશે.

ઓર્ગન ડોનેશન અવેરનેસ ટ્રસ્ટ ફંડ (ODTF)

તમે ગવર્નર રોબર્ટ પી.ને દાન કરવાની તક ધરાવો છો. કેસી મેમોરિયલ ઓર્ગન અને ટીશ્યુ ડોનેશન અવેરનેસ ટ્રસ્ટ ફંડ. આ ટ્રસ્ટ ફંડ પૂરા કોમનવેલ્થમાં વિવિધ અંગ દાનના કાર્યક્રમોને ટેકો આપવા માટે ભંડોળ ઊભું કરશે અને આ કાર્યક્રમો સંબંધિત જાહેર માહિતી પૂરી પાડશે. જો તમે આ ભંડોળમાં યોગદાન આપવા માંગતા હો, તો તમારા ડ્રાઇવિંગ લાઇસન્સ ફોર્મ પર નિશાન અંકિત કરો. આ યોગદાનને ડ્રાઇવર લાઇસન્સની ફીમાં ઉમેરવામાં આવે છે અને જ્યારે તમે તમારૂં ફોર્મ PennDOTને મોકલો ત્યારે તેને તમારી ચુકવણીમાં સામેલ કરવું જરૂરી છે.

નિવૃત્ત સૈનિકનો હોદ્દો

તમે તમારા ડ્રાઇવિંગ લાયસન્સમાં નિવૃત્ત સૈનિકનો હોદ્દો ઉમેરવાની તક ધરાવો છો, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે તમે યુનાઇટેડ સ્ટેટ્સ સશસ્ત્ર દળોના નિવૃત્ત સૈનિક છો. પાત્રતા મેળવવા માટે, તમે યુનાઇટેડ સ્ટેટ્સના અનામત ઘટક અથવા નેશનલ ગાર્ડ સહિતના સશસ્ત્ર દળોમાં સેવા આપી હોવી જરૂરી છે અને અનૈતિક સિવાયની પરિસ્થિતિઓ હેઠળ, આવી સેવામાંથી છૂટા અથવા મુક્ત કરવામાં આવ્યા હોવા જરૂરી છે.

વેટરન્સ ટ્રસ્ટ ફંડ (VTF)

તમે VTFમાં એક કર કપાતપાત્ર યોગદાન આપવાની તક ધરાવો છો. તમારા યોગદાનથી પેન્સિલવેનિયાના નિવૃત્ત સૈનિકો અને તેમના પરિવારો માટેના કાર્યક્રમો અને પરિયોજનાઓને મદદ મળશે. આ વધારાનું યોગદાન ફીનો ભાગ ન હોવાથી, કૃપા કરીને તમારી ચુકવણીમાં દાનની રકમ ઉમેરો. તે ઉપરાંત, તમારા યોગદાનનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે, તેની ખાતરી કરવા માટે કૃપા કરીને ફોર્મ પર યોગ્ય ખાનાંને અંકિત કરો.

સોશિયલ સિક્યુરિટી નંબર સંબંધી માહિતી

પેન્સિલવેનિયા વાહન સંહિતાની કલમ 1510(a) અને/અથવા 1609(a)(4)ની જોગવાઈઓ હેઠળ, કાયદા દ્વારા એવું જરૂરી બનાવવામાં આવ્યું છે કે આ વિભાગ તમારો સોશિયલ સિક્યુરિટી નંબર, ઊંચાઈ અને આંખના રંગની વિગતો મેળવે. ડ્રાઇવર્સ લાયસન્સની છેતરપિંડી ઘટાડવાના પ્રયાસમાં આ માહિતીનો ઉપયોગ

ઓળખ કરનારી માહિતી તરીકે કરવામાં આવશે. તમારો સોશિયલ સિક્યુરિટી નંબર તમારા જાહેર ડ્રાઇવર્સ રેકોર્ડનો ભાગ નથી. ઓળખના ઉદ્દેશ માટે ફેડરલ કાયદો રાજ્યના લાઇસન્સિંગ અધિકારીઓને સોશિયલ સિક્યુરિટી નંબરનો ઉપયોગ કરવાની પરવાનગી આપે છે. તમારા લર્નર્સ પરમિટ અથવા ડ્રાઇવિંગ લાયસન્સ પર તમારો સોશિયલ સિક્યુરિટી નંબર છાપવામાં આવશે નહીં.

પેન્સિલવેનિયાના દૃષ્ટિના માનકો

તમારી બંને આંખોમાંથી કોઈ એકની દૃષ્ટિ નબળી હોવા છતાં તમે ડ્રાઇવર્સ લાઇસન્સ મેળવી શકો છો; જોકે, તમારે ચશ્મા અથવા કોન્ટેક્ટ લેન્સ પહેરવા જરૂરી હોઈ શકે છે, દિવસના પ્રકાશ પૂરતું વાહન ચલાવવું સીમિત હોઈ શકે છે અથવા તો બન્ને તરફ અરીસાઓ હોય તેવા વાહનો જ ચલાવવાની મંજૂરી આપવામાં આવી શકે છે.

જો તમારી દૃષ્ટિ આ દૃષ્ટિના માનકો પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય, તો પરીક્ષક તમને આંખની તપાસનું રિપોર્ટ ફોર્મ (DL-102) આપશે. તમારે કોઈ ઓપ્ટોમેટ્રિસ્ટ, નેત્ર ચિકિત્સક અથવા ફેમિલી ફિઝિશિયન પાસે તમારી દૃષ્ટિની તપાસ કરાવવી જોઈએ અને આ ફોર્મ ભરવું જોઈએ. ફોર્મ ભરાઈ જાય પછી, પરીક્ષણ ચાલુ રાખવા માટે તમે ડ્રાઇવર લાઇસન્સ સેન્ટર પર પાછા આવી શકો છો.

પેન્સિલવેનિયા ડ્રાઇવર્સ લાયસન્સની જરૂર કોને પડે છે?

- જે લોકો તેમના દેશનું માન્ય વિદેશી ડ્રાઇવર્સ લાઇસન્સ ધરાવતા હોય તેઓ યુનાઇટેડ સ્ટેટ્સમાં પ્રવેશવાની તારીખથી એક વર્ષ સુધી અથવા તેમના વિદેશી લાઇસન્સની સમાપ્તિ સુધી, જે પણ પહેલા આવે ત્યાં સુધી પેન્સિલવેનિયામાં વાહન ચલાવવાની અધિકૃતતા ધરાવે છે. આંતરરાષ્ટ્રીય ડ્રાઇવિંગ પરવાનગીની ભારપૂર્વક ભલામણ કરવામાં આવે છે, પરંતુ તે હોવી જરૂરી નથી. ફ્રાન્સ, જર્મની, કોરિયા અને તાઇવાન દેશો સાથે પારસ્પરિક કરારો અસ્તિત્વ ધરાવે છે જે રોડ અથવા નોલેજ ટેસ્ટ વિના માન્ય નોન-કોમર્શિયલ ડ્રાઇવર્સ લાઇસન્સ ટ્રાન્સફર કરવાની મંજૂરી આપે છે; જોકે, દૃષ્ટિનું પરીક્ષણ કરવામાં આવશે. (પ્યુઅર્ટો રિકો, ફ્રાન્સ અથવા જર્મનીથી ડ્રાઇવર્સ લાયસન્સની ટ્રાન્સફર પ્રક્રિયા તે જ દિવસે પૂર્ણ કરી શકાતી નથી.)
- પેન્સિલવેનિયામાં રહેતા એવા લોકો જેમની ઉંમર ઓછામાં ઓછી 16 વર્ષની હોય અને જેઓ મોટર વાહન ચલાવવા માંગતા હોય.
- જે લોકો હાલમાં જ પેન્સિલવેનિયામાં સ્થળાંતરિત થયા હોય અને પેન્સિલવેનિયા રેસિડેન્સી સ્થાપિત કરી રહ્યા હોય - જો તમારી પાસે બીજા રાજ્ય અથવા કેનેડાનું માન્ય ડ્રાઇવર લાઇસન્સ હોય, તો પેન્સિલવેનિયા સ્થળાંતરિત થયા પછી 60 દિવસની અંદર તમારે પેન્સિલવેનિયાનું ડ્રાઇવર્સ લાઇસન્સ મેળવવું પડશે અને રાજ્યની બહારનું ડ્રાઇવરનું લાઇસન્સ સોંપવુ પડશે.
- યુનાઇટેડ સ્ટેટ્સ સશસ્ત્ર દળોમાં કામ કરતાં એવા લોકો જેમનું કાનૂની સરનામું પેન્સિલવેનિયામાં હોય - જેમાં પેન્સિલવેનિયામાં ફરજ બજાવી રહેલા અનામત ઘટકોના એવા સભ્યોનો સમાવેશ થાય છે જેમણે બિન-લશ્કરી વાહન ચલાવવા માટે ડ્રાઇવિંગ લાઇસન્સ મેળવવું જરૂરી છે.

જુનિયર લર્નર્સ પરમિટની માહિતી

તમારી લર્નર્સ પરમિટ તમારા શરૂઆતી લર્નર્સ પરમિટ પર છાપેલી જારી કર્યાની તારીખથી એક (1) વર્ષ માટે માન્ય રહેશે. આ સમય દરમિયાન, જો તમારી ઉંમર 18 વર્ષથી ઓછી હોય તો તમારી ડ્રાઇવિંગ સવલત પર અમુક મર્યાદાઓ હોય છે. જે નીચે મુજબ હોય છે:

- તમે ઓછામાં ઓછા 21 વર્ષના લાઇસન્સ ધરાવતા ડ્રાઇવર અથવા માતાપિતા, વાલી, માતાપિતાની જવાબદારી નિભાવતી વ્યક્તિ અથવા 18 વર્ષ કે તેથી વધુ ઉંમરના અને ડ્રાઇવિંગ લાઇસન્સ ધરાવતા જીવનસાથીની દેખરેખ હેઠળ જ વાહન ચલાવી શકો છો. દેખરેખ રાખનાર ડ્રાઇવરે આગળની સીટ પર બેસવું જરૂરી છે.
- તમે જે વાહન ચલાવી રહ્યા હો તેમાં ઉપલબ્ધ સીટ બેલ્ટ કરતાં વધુ મુસાફરો બેસાડી શકાય નહીં.

જુનિયર ડ્રાઇવર્સ લાઇસન્સની માહિતી

જુનિયર લર્નર્સ પરમિટની જેમ જ, જુનિયર ડ્રાઇવર્સ લાયસન્સની પણ કેટલીક મર્યાદાઓ હોય છે. જે નીચે મુજબ હોય છે:

- તમે રાત્રે 11 વાગ્યાથી સવારે 5 વાગ્યા સુધી વાહન ચલાવી શકો નહીં, સિવાય કે તમારા માતા-પિતા, વાલી, માતાપિતાની જવાબદારી નિભાવતા વ્યક્તિ અથવા 18 વર્ષ કે તેથી વધુ ઉંમરના જીવનસાથી તમારી સાથે હોય. જોકે, જો તમે જાહેર અથવા સખાવતી સેવામાં સામેલ હો, સ્વયંસેવક ફાયર કંપનીના સભ્ય હો અથવા તે સમય દરમિયાન નોકરી કરતા હો તો તમે રાત્રે 11 વાગ્યાથી સવારે 5 વાગ્યા સુધી વાહન ચલાવી શકો છો. આવા કિસ્સાઓમાં, તમારે તમારા નોકરીદાતા, સુપરવાઇઝર અથવા ફાયર ચીફે જારી કરેલું, તમારી પ્રવૃત્તિઓનું સંભવિત સમયપત્રક દર્શાવતું નોટરાઇઝડ સોગંદનામું અથવા અધિકૃતતાનું પ્રમાણપત્ર સાથે રાખવું જરૂરી છે. આ નોટરાઇઝડ સોગંદનામું તમારા ડ્રાઇવર્સ લાયસન્સ સાથે રાખવામાં આવવું જોઈએ.
- તમે જે વાહન ચલાવી રહ્યા હો તેમાં ઉપલબ્ધ સીટ બેલ્ટ કરતાં વધુ પ્રવાસીઓ બેસાડી શકાય નહીં.
- તમે 18 વર્ષથી ઓછી ઉંમરના એવા એક (1) કરતાં વધુ પ્રવાસીઓ લઈ જઈ શકો નહીં. જેઓ તમારા પરિવારના નજીકના સભ્ય ન હોય, સિવાય કે માતા-પિતા, વાલી, માતાપિતાની જવાબદારી નિભાવતા વ્યક્તિ અથવા 18 વર્ષ કે તેથી વધુ ઉંમરના જીવનસાથી વાહનમાં તમારી સાથે હોય. જુનિયર લાયસન્સ પર વાહન ચલાવ્યાના પ્રથમ છ (6) મહિના પછી, મર્યાદા વધારીને નજીકના પરિવારના સભ્યો ન હોય તેવા 18 વર્ષથી ઓછી ઉંમરના ત્રણ (3) પ્રવાસીઓ સુધીની કરવામાં આવે છે, સિવાય કે માતાપિતા, વાલી, માતાપિતાની જવાબદારી નિભાવતી વ્યક્તિ અથવા 18 વર્ષ કે તેથી વધુ ઉંમરના જીવનસાથી તમારી સાથે વાહનમાં હોય. વધારેલી મર્યાદા એવા કોઈપણ જુનિયર ડ્રાઇવરને લાગુ પડતી નથી જેઓ ક્યારેય આંશિક અથવા સંપૂર્ણ રીતે જવાબદાર હોય એવા અકસ્માતમાં સંડોવાયા હોય અથવા જેઓ કોઈપણ ડ્રાઇવિંગ ઉલ્લંઘન માટે દોષિત ઠર્યા હોય.

- જો તમારી સામે છ (6) કે તેથી વધુ પોઈન્ટ એકઠા થાય અથવા નિર્દિષ્ટ ગતિમર્યાદા ઉપર 26 માઈલ પ્રતિ કલાક (mph) કે તેથી વધુની ઝડપે વાહન ચલાવવા બદલ તમને દોષિત માનવામાં આવે, તો તમને ફરજિયાત રીતે 90-દિવસ માટે નિલંબિત કરવામાં આવશે.
- જો તમે નીચેની શરતો સંતોષતા હો, તો તમે એક (1) વર્ષ સુધી જુનિયર ડ્રાઇવિંગ લાઇસન્સ ધરાવ્યા પછી નિયમિત ડ્રાઇવર્સ લાઇસન્સ મેળવી શકો છો:
  - PA શિક્ષણ વિભાગ દ્વારા મંજૂર કેરલ ડ્રાઇવર તાલીમ અભ્યાસક્રમ પાસ કર્યો હોય.
  - એક (1) વર્ષથી કોઈ એવી દુર્ઘટનામાં સંડોવાયા ન હોય જેના માટે તમે આંશિક અથવા સંપૂર્ણપણે જવાબદાર હો.
  - એક (1) વર્ષથી પેન્સિલવેનિયા વાહન સંહિતાના કોઈપણ ઉલ્લંઘન માટે દોષિત જાહેર કરવામાં આવ્યા ન હોય .
  - તમારા માતાપિતા, વાલી, માતાપિતાની જવાબદારી નિભાવતી વ્યક્તિ અથવા ઓછામાં ઓછા 18 વર્ષની ઉંમરના જીવનસાથીની સંમતિ મેળવી હોય.

જો તમે આ જરૂરીયાતોને સંતોષતા હો, તો તમે જુનિયર ડ્રાઇવર્સ લાયસન્સમાંથી નિયમિત નોન-કોમર્શિયલ ડ્રાઇવિંગ લાયસન્સ (DL-59)માં ફેરફાર માટે અરજી જમા કરીને નિયમિત ડ્રાઇવિંગ લાયસન્સ માટે અરજી કરી શકો છો. જ્યારે તમે 18 વર્ષના થાઓ ત્યારે તમારું જુનિયર ડ્રાઇવર્સ લાઇસન્સ આપમેળે નિયમિત ડ્રાઇવર્સ લાઇસન્સ બની જશે.

તમને કઈ શ્રેણીના ડ્રાઇવર્સ લાયસન્સની જરૂર છે?

પેન્સિલવેનિયામાં, ડ્રાઇવર્સ લાઇસન્સ ખાસ કરીને તમે જે શ્રેણી અને પ્રકારનું વાહન ચલાવતા હો તેના માટે જારી કરવામાં આવે છે. તેથી, તમે કઈ શ્રેણીનું ડ્રાઇવર્સ લાયસન્સ ધરાવતા હોવા જોઈએ તેનો આધાર તમે ચોક્કસ કયા પ્રકારનું વાહન ચલાવો છો તેના પર હોય છે. સામાન્ય રીતે કહીએ તો, પેન્સિલવેનિયા ડ્રાઇવર્સ લાયસન્સ માટેના મોટાભાગના અરજદારો નિયમિત પેસેન્જર વાહનો, પિક-અપ ટ્રક અથવા વાન ચલાવનારાઓ હોય છે. **આ પુસ્તિકા તમને નોન-કોમર્શિયલ શ્રેણી C ડ્રાઇવર્સ લાઇસન્સ મેળવવા માટે જરૂરી માહિતી પૂરી પાડવા તૈયાર કરવામાં આવી છે, જે આ પ્રકારના વાહનોને આવરી લેતી શ્રેણી છે.**

ડ્રાઇવર્સ લાયસન્સની શ્રેણીઓ

- **શ્રેણી A (ઓછામાં ઓછી ઉંમર 18):** 26,001 પાઉન્ડ કે તેથી વધુના કુલ વજનના રેટિંગવાળા કોઈપણ વાહનોના સંયોજનને ચલાવવા માટે જરૂરી હોય છે, જેમાં ખેંચવામાં આવતા વાહન(નો) 10,000 પાઉન્ડથી વધુ વજનવાળા હોય છે. ઉદાહરણ: મનોરંજનનું વાહન, જેમાં ખેંચી રહેલા વાહનનું રેટિંગ 11,000 પાઉન્ડ હોય છે અને ખેંચાઈ રહેલા વાહનનું રેટિંગ 15,500 પાઉન્ડ હોય (કુલ સંયુક્ત વજન 26,500 પાઉન્ડ) છે.
- **શ્રેણી B (ઓછામાં ઓછી ઉંમર 18):** 26,000 પાઉન્ડથી વધુ વજન ધરાવતા ફક્ત કોઈપણ એક વાહન ચલાવવા માટે જરૂરી હોય છે. ઉદાહરણ: 26,001 પાઉન્ડ કે તેથી વધુ રેટિંગ ધરાવતા મોટર હોમ્સ.
- **શ્રેણી C (ઓછામાં ઓછી ઉંમર 16):** શ્રેણી C ડ્રાઇવિંગ લાઇસન્સ 16 વર્ષ કે તેથી વધુ ઉંમરના એવા લોકોને જારી કરવામાં આવશે, જેમણે કોઈપણ વાહન ચલાવવા માટે પોતાની લાયકાત પ્રદર્શિત કરી હોય, સિવાય કે જેમને ક્લાસ M લાયકાતની જરૂર હોય અને જેઓ શ્રેણી A અથવા શ્રેણી Bની વ્યાખ્યાઓને સંતોષતા ન હોય. અગ્નિશામક અથવા બચાવ અથવા સંકટાવસ્થાની ટુકડીના કોઈપણ એવા સભ્ય જેમની પાસે શ્રેણી C ડ્રાઇવિંગ લાઇસન્સ હોય અને જે ફાયર ચીફ અથવા બચાવ અથવા સંકટાવસ્થાની ટુકડીના વડાનું અધિકૃતતાનું પ્રમાણપત્ર ધરાવતા હોય, તેઓ તે ફાયર વિભાગ, બચાવ અથવા સંકટાવસ્થાની ટુકડી અથવા નગરપાલિકામાં નોંધણી કરેલ કોઈપણ અગ્નિ અથવા સંકટાવસ્થાનું વાહન ચલાવવા માટે અધિકૃત રહેશે. શ્રેણી Cના લાઇસન્સ ધારક ઓટોમેટિક ટ્રાન્સમિશનવાળા અને 50 સીસી કે તેથી ઓછી સિલિન્ડર ક્ષમતાવાળી મોટર-ચાલિત સાયકલ અથવા બંધ કેબવાળી ત્રણ પૈડાની મોટરસાયકલ ચલાવવા માટે અધિકૃત છે.
- **શ્રેણી M (ઓછામાં ઓછી ઉંમર 16):** શ્રેણી M ડ્રાઇવર્સ લાઇસન્સ 16 વર્ષ કે તેથી વધુ ઉંમરના એવા વ્યક્તિઓને જારી કરવામાં આવશે જેમણે મોટરસાઇકલ અથવા મોટર-ચાલિત સાયકલ ચલાવવાની ક્ષમતા પ્રદર્શિત કરી હોય. જો કોઈ વ્યક્તિ ફક્ત મોટરસાયકલ અથવા મોટર-ચાલિત સાયકલ ચલાવવા માટે લાયક હોય, તો તેમને શ્રેણી Mનું ડ્રાઇવર્સ લાઇસન્સ આપવામાં આવશે. જો તમે એક મોટર-ચાલિત સાયકલ પર પરીક્ષા આપો, તો તમારા ડ્રાઇવર્સ લાયસન્સ પર "8" મર્યાદા દેખાશે. આ મર્યાદા તમને મોટરસાઇકલ ચલાવવાથી પ્રતિબંધિત કરે છે. જો તમે બે (2)થી વધુ પૈડાવાળી મોટરસાઇકલ પર પરીક્ષા આપો, તો તમારા ડ્રાઇવર્સ લાયસન્સ પર "9" મર્યાદા દેખાશે. આ મર્યાદા તમને બે પૈડાવાળી મોટરસાઇકલ ચલાવવાથી પ્રતિબંધિત કરે છે. કૃપા કરીને પેન્સિલવેનિયા મોટરસાઇકલ ઓપરેટર મેન્યુઅલ (PUB 147) અથવા મોટરસાઇકલ માહિતી કેન્દ્રમાં PennDOTની ડ્રાઇવર અને વાહન સેવાઓની વેબસાઇટ પરની મોપેડ, મોટર-ડ્રાઇવર સાયકલ અને મોટરસાઇકલ ફેક્ટ શીટનો સંદર્ભ લો.
- **કમર્શિયલ શ્રેણી A, B અથવા C:** જે ડ્રાઇવરોને વાણિજ્ય ડ્રાઇવિંગ લાયસન્સની જરૂર હોય તેમણે પેન્સિલવેનિયા કમર્શિયલ ડ્રાઇવર્સ મેન્યુઅલ (PUB 223) મેળવવું જોઈએ, જેમાં પરીક્ષણોની તૈયારી માટે જરૂરી વિગતવાર માહિતી સામેલ હોય છે. આ પુસ્તિકા PennDOTની ડ્રાઈવર અને વાહન સેવાઓની વેબસાઇટ પર કમર્શિયલ ડ્રાઈવર માહિતી કેન્દ્રમાં ઉપલબ્ધ છે.

પરીક્ષણો

નોલેજ ટેસ્ટ

નોલેજ ટેસ્ટ તમારી ટ્રાફિક સંકેતો તેમજ પેન્સિલવેનિયાના ડ્રાઇવિંગ કાયદા અને સલામત ડ્રાઇવિંગ પ્રથાઓ વિશેની જાળકારીનું મૂલ્યાંકન કરશે. વિનંતી કરવામાં આવ્યે, કોમનવેલ્થના તમામ ડ્રાઇવિંગ લાઇસન્સ કેન્દ્રો પર નોલેજ ટેસ્ટ સ્પેનિશ, અરબી, ચાઇનીઝ (મેન્ડરિન), ફ્રેન્ચ, હિન્દી, કોરિયન, રશિયન, યુક્રેનિયન, વિયેતનામીસ, અંગ્રેજી, બર્મીઝ, ગ્રીક, ઇટાલિયન, જાપાનીઝ, નેપાળી, પોલિશ, સોમાલી અને ઉર્દૂ ભાષાઓમાં લેખિત અને ઑડિઓ બંને સ્વરૂપોમાં આપી શકાય છે. જો તમે નોલેજ ટેસ્ટમાં નાપાસ થાઓ, તો તમને બીજા કાર્યકારી દિવસે ફરીથી પરીક્ષા આપવાની પરવાનગી આપવામાં આવશે. **માન્ય લર્નર્સ પરમિટ મેળવવા માટે તમારે આ પરીક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ કરવું જરૂરી છે.**

નોલેજ ટેસ્ટમાં 18 બહુવિકલ્પીય પ્રશ્નો હોય છે. પરીક્ષા પાસ કરવા માટે તમારે 15 પ્રશ્નોના સાચા જવાબ આપવા જરૂરી છે. સંભવિત ડ્રાઇવિંગ પરિસ્થિતિઓ અમારી વેબસાઇટ (www.dmv.pa.gov/Driver-Services/Teen-Drivers/Pages/default.aspx#.VpAM5aMo670) પર ટીન ડ્રાઇવર ઇન્ફર્મેશન સેન્ટર હેઠળ ઉપલબ્ધ છે અને આ પુસ્તિકાની ઓનલાઇન આવૃત્તિ ટીન ડ્રાઇવર ઇન્ફર્મેશન સેન્ટર હેઠળ ઉપલબ્ધ છે. તમે જમણી બાજુના QR કોડનો ઉપયોગ કરીને PA ડ્રાઇવર્સ લાઇસન્સ પ્રેક્ટિસ ટેસ્ટ એપ્લિકેશન ડાઉનલોડ કરી શકો છો.

તમારા Android™ માટે સીધા Google Play પરથી ડાઉનલોડ કરો:
https://play.google.com/store/apps/details?id=com.nicus a.pdt

PA ડ્રાઇવર્સ લાઇસન્સ પ્રેક્ટિસ ટેસ્ટ એપ્લિકેશન

તમારા iOS Device™ માટે સીધા એપ સ્ટોર પરથી ડાઉનલોડ કરો:
https://itunes.apple.com/us/app/pa-drivers-license- practice/id925842053?mt=8

રોડ ટેસ્ટ

જો તમારી ઉંમર 18 વર્ષથી ઓછી હોય, તો અમે અમારા યુવા ડ્રાઇવરોને છ (6) મહિના અગાઉથી તેમના કુશળતા પરીક્ષણનો સમય નિર્ધારિત કરવાની મંજૂરી આપીએ છીએ. યુવા ડ્રાઇવરોને શક્ય તેટલી વહેલી તકે આગળનું આયોજન કરવા અને સમય નિર્ધારિત કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. અમે ભલામણ કરીએ છીએ કે અમારા યુવા ડ્રાઇવરો આ તકનો લાભ લે.

નોન-કોમર્શિયલ રોડ ટેસ્ટ આપવા માટે એપોઇન્ટમેન્ટ લેવી જરૂરી છે. તમે ડ્રાઇવર અને વાહન સેવાઓની વેબસાઇટ www.dmv.pa.gov દ્વારા તમારી રોડ ટેસ્ટનો સમય નિર્ધારિત કરી શકો છો. જો તમારી પાસે ઇન્ટરનેટની સગવડ ન હોય, તો તમે 1-800-423-5542 પર કૉલ કરીને તમારા ડ્રાઇવર્સ ટેસ્ટનો સમય નિર્ધારિત કરી શકો છો.

વધુમાં, PennDOT એ બજાર-આધારિત ફી લઈને કૌશલ્ય પરીક્ષણ આપવા માટે તૃતીય-પક્ષના વ્યાવસાયિકો પ્રમાણિત કર્યા છે. બધા તૃતીય-પક્ષ પરીક્ષકો PennDOT-પ્રમાણિત છે, અને આ પરીક્ષા PennDOT ડ્રાઇવિંગ લાઇસન્સ સેન્ટરમાં તમે જે પરીક્ષા આપી હોત તેના જેવી જ હોય છે. તમારા વિસ્તારમાં સહભાગી વ્યાવસાયિકોની યાદી માટે, www.dmv.pa.govની મુલાકાત લો.

તમારી રોડ ટેસ્ટ આપતા પહેલાં તમારે નીચેની વસ્તુઓ પરીક્ષક સમક્ષ રજૂ કરવાની રહેશેઃ
(બધા દસ્તાવેજો માન્ય હોવા અને તમારા રોડ ટેસ્ટ માટે તમે જે વાહનનો ઉપયોગ કરી રહ્યા હો તેને સંબંધિત હોવા જરૂરી છે.)

- તમારી માન્ય લર્નર્સ પરમિટ.
- જો તમારી ઉંમર 18 વર્ષથી ઓછી હોય, તો 65 કલાકની સ્ટીઅરિંગ વ્હીલ પાછળની તાલીમ માટે માતાપિતા અથવા વાલીનું સહી કરેલ પ્રમાણપત્ર ફોર્મ (DL-180C).
- રોડ ટેસ્ટ માટે તમે જે વાહન ચલાવવાનું આયોજન કરી રહ્યા છો તેનું માન્ય નોંધણી કાર્ડ.
- વાહનનો હાલમાં વીમો લીધો હોવાનો પુરાવો.
- ડ્રાઇવર લાઇસન્સ સેન્ટરમાં તમારી સાથે આવનાર વ્યક્તિ, જેની ઉંમર ઓછામાં ઓછી 21 વર્ષની હોય અથવા માતાપિતા, વાલી, માતાપિતાની જવાબદારી નિભાવતી વ્યક્તિ અથવા 18 વર્ષ કે તેથી વધુ ઉંમરના જીવનસાથીનું માન્ય ડ્રાઇવર લાઇસન્સ.

જો તમે ઉપર સૂચિબદ્ધ અસલ દસ્તાવેજો (નકલ નહીં) ન લાવો, તો તમને પરીક્ષા આપવા દેવામાં આવશે નહીં.

પરીક્ષણ શરૂ થાય તે પહેલાં, ડ્રાઇવર લાઇસન્સ પરીક્ષક તપાસ કરશે કે તમારા વાહનમાં માન્ય નોંધણી કાર્ડ, તાજેતરનો માન્ય વીમો, માન્ય રાજ્યનું નિરીક્ષણ સ્ટીકર અને, જો જરૂરી હોય તો, માન્ય ઉત્સર્જન સ્ટીકર છે કે નહીં. તમારા વાહનની લાઇટ્સ, હોર્ન, બ્રેક્સ, વિન્ડશિલ્ડ વાઇપર્સ, ટર્ન સિગ્નલ, અરીસાઓ, દરવાજા, સીટ અને ટાયરને પણ તપાસવામાં આવશે જેથી ખાતરી કરી શકાય કે તેઓ યોગ્ય રીતે કાર્ય કરે છે અને સલામતીના ધોરણોને સંતોષે છે. જો તમારા વાહનનો કોઈપણ ભાગ અસુરક્ષિત હોવાનું અથવા રાજ્ય નિરીક્ષણની જરૂરીયાતોને સંતોષતો ન હોવાનું જણાય, તો તમને રોડ ટેસ્ટ આપવા દેવામાં આવશે નહીં. જો તમારા વાહનમાં સીટ બેલ્ટ હોય, તો ખાતરી કરો કે તે સ્વચ્છ અને ઉપયોગ માટે તૈયાર હોય. રોડ ટેસ્ટ દરમિયાન તમારે અને પરીક્ષકે તેને પહેરવા જરૂરી રહેશે.

જો તમારું વાહન આ નિરીક્ષણ પાસ કરે, તો પરીક્ષક તમારી પરીક્ષા લેશે કે તમે સુરક્ષિત રીતે વાહન ચલાવી શકો છો કે કેમ.

જો તમે વાહન ભયજનક રીતે ચલાવશો, કાયદાનું ઉલ્લંઘન કરશો, અકસ્માત સર્જશો, પરીક્ષકની સૂચનાઓનું પાલન નહીં કરો અથવા ડ્રાઇવિંગ સંબંધી ઘણી બધી ભૂલો કરશો તો તમે રોડ ટેસ્ટમાં નાપાસ થશો.

રોડ ટેસ્ટ આપો તે પહેલાં પરીક્ષક તમને નીચે મુજબ કરવા જણાવી શકે છે:

- **વાહનના નિયંત્રણો:** હોર્ન, લાઇટ્સ (પાર્કિંગ લાઇટ્સ, હાઇ અને લો બીમ હેડલાઇટ્સ, ટર્ન સિગ્નલ), વિન્ડશિલ્ડ વાઇપર્સ, પાર્કિંગ (સંકટાવસ્થાની) બ્રેક, 4-વે ફ્લેશર્સ (હેઝાર્ડ લાઇટ્સ), ડિફ્રોસ્ટર, વગેરે ચલાવો. વાહનના નિયંત્રણોમાંથી કોઇપણને યોગ્ય રીતે ચલાવવાની નિષ્ફળતા રોડ ટેસ્ટમાં નાપાસ થવામાં પરિણમશે.
- **સમાંતર પાર્ક:** તમારા વાહનને 24 ફૂટ લાંબી અને આઠ (8) ફૂટ પહોળી હોય તેવી જગ્યામાં બે (2) પટ્ટાઓની વચ્ચે મધ્યમાં પાર્ક કરો. તમારું આખું વાહન તે જગ્યાની અંદર હોવું જરૂરી છે અને તમારા વાહનના પાછળના કે આગળના કોઈપણ ભાગનો સ્પર્શ આ પટ્ટાઓ સાથે થવો જોઈએ નહીં, પેઇન્ટ કરેલી રેખાને પાર કરવું જોઈએ નહીં, કર્બ ઉપર અથવા તેને પાર કરવું જોઈએ નહીં. તમારી પાસે ફક્ત ત્રણ (3) ગોઠવણોનો ઉપયોગ કરીને તમારા વાહનને સફળતાપૂર્વક પાર્ક કરવા માટે એક (1) પ્રયાસ ઉપલબ્ધ હોય છે.

નોંધ: પરીક્ષણ માટે એડવાન્સ્ડ પાર્કિંગ ગાઇડન્સ સિસ્ટમ્સથી સજ્જ વાહનો (આપમેળે પાર્કિંગ કરી લેતાં વાહનો)નો ઉપયોગ કરી શકાય છે; જોકે, સેલ્ફ પાર્કિંગ સુવિધા બંધ હોવી જોઈએ અને રોડ ટેસ્ટ દરમિયાન તેને સક્રિય કરવાની મંજૂરી હોતી નથી.

રોડ ટેસ્ટ દરમિયાન પરીક્ષક તમારા એકમાત્ર પ્રવાસી હશે. જ્યારે રોડ ટેસ્ટ શરૂ થશે, ત્યારે તમને કહેવામાં આવશે કે ક્યાં વાહન ચલાવવું અને કઈ દિશાસ્થિતિ બદલવી. **ચેતવણી ચિહ્નો, થોભવાના સંકેત અને ટ્રાફિક લાઇટની નજીક પહોંચતા તમે શું કરો છો અને તેનું કેવી રીતે પાલન કરો છો તેના પર બારીકાઇપૂર્વક ધ્યાન આપવામાં આવશે.** પરીક્ષક નોંધ કરશે કે તમે તમારા વાહનને કેવી રીતે નિયંત્રિત કરો છો, અન્ય ડ્રાઇવરો સાથે સંચારણ કરવા માટે ટર્ન સિગ્નલનો ઉપયોગ કેવી રીતે કરો છો અથવા પરીક્ષણ દરમિયાન જરૂરી બની શકે તેવા અન્ય કોઇપણ વાહન નિયંત્રણોનો ઉપયોગ કેવી રીતે કરો છો.

જો તમે PENNDOT ડ્રાઇવર્સ લાઇસન્સ સેન્ટર ખાતે રોડ ટેસ્ટ પાસ કરો, તો તમને તે સમયે તમારું ડ્રાઇવિંગ લાઇસન્સ મળી જશે.

તમે રોડ ટેસ્ટમાં આ કારણોસર નાપાસ થઈ શકો:

(રોડ ટેસ્ટમાં નાપાસ થવાના સંભવિત કારણોના આ કેટલાક ઉદાહરણો છે)

- વાહનના કોઇપણ નિયંત્રણો ચલાવવાની અસમર્થતા
- ટ્રાફિકના કોઇ કાયદાઓનું ઉલ્લંઘન કરવું (દા.ત., થોભવાના સંકેતનું પાલન ન કરવું)
- જોખમી રીતે અથવા બેદરકારીપૂર્વક વાહન ચલાવવું
- સલામત ડ્રાઇવિંગ પ્રથાઓમાં ભૂલો કરવી
- પરીક્ષક દ્વારા આપવામાં આવેલી સૂચનાઓનું પાલન કરવામાં નિષ્ફળ જવું
- અકસ્માત સર્જવો
- ટર્ન સિગ્નલનો ઉપયોગ ન કરવો

જો તમારી ઉંમર 18 વર્ષથી ઓછી હોય અને તમે રોડ ટેસ્ટમાં નાપાસ થાઓ, તો પેન્સિલવેનિયાના કાયદા મુજબ તમે ફરી રોડ ટેસ્ટ આપી શકો તે પહેલાં તમારે સાત (7) દિવસ રાહ જોવી જરૂરી છે. ફરી પરીક્ષા આપવાનો આ વિલંબ તમને અભ્યાસ કરવા અને તમારી ડ્રાઇવિંગની કુશળતા સુધારવા માટે સમય આપશે. લર્નર્સ પરમિટની સમયસીમાની સમાપ્તિ તારીખ પહેલાં, તમારી પાસે દરેક લર્નર્સ પરમિટ વડે રોડ ટેસ્ટ પાસ કરવાની ત્રણ (3) તકો હોય છે. ત્રીજી વાર નાપાસ થયા પછી, તમારે તમારી લર્નર્સ પરમિટ લંબાવવા માટે ફરી અરજી કરવી જરૂરી હોય છે.

જો તમે ત્રણ (3) પ્રયાસોની અંદર તમારી રોડ ટેસ્ટ પાસ ન કરો અથવા જો તમારી લર્નર્સ પરમિટની સમયસીમા સમાપ્ત થઈ જાય, તો તમે નોન-કોમર્શિયલ લર્નર્સ પરમિટ (DL-31)માં ઉમેરો કરવા/વધારવા/બદલવા/સુધારવા માટે એક અરજી મેળવી શકો છો. જો તમે તમારી શારીરિક પરીક્ષણની તારીખથી ત્રણ (3) વર્ષની અંદર રોડ ટેસ્ટ આપ્યો ન હોય અથવા સફળતાપૂર્વક પૂર્ણ કરેલ ન હોય, તો તમારે બીજી નોન-કોમર્શિયલ લર્નર્સ પરમિટ એપ્લિકેશન (DL-180)થી શરૂઆત કરવી પડશે અને ફરી નોલેજ ટેસ્ટ આપવી પડશે.

પ્રકરણ 2:
સિગ્નલ, ચિહ્નો અને પેવમેન્ટના નિશાન

આ પ્રકરણ પેન્સિલવેનિયા રોડવેઝ વિશે તમારે જાણવી જરૂરી હોય તેવી માહિતી પૂરી પાડે છે. તે આ બાબતોને આવરી લે છે:

• સિગ્નલ • ચિહ્નો • પેવમેન્ટના નિશાન

સિગ્નલો

વાહનો અને રાહદારીઓની અવરજવરને નિયંત્રિત કરવા માટે આંતરછેદ પર ટ્રાફિક સિગ્નલો મૂકવામાં આવે છે. ટ્રાફિક સિગ્નલો ઊભી અથવા તો આડી હરોળમાં ગોઠવેલા હોય છે. જ્યારે તેને ઊભી રીતે ગોઠવવામાં આવે છે, ત્યારે લાલ રંગ હંમેશા ઉપર હોય છે અને લીલો રંગ સૌથી નીચે હોય છે. જ્યારે તેને આડા ગોઠવવામાં આવે છે, ત્યારે લાલ હંમેશા ડાબી બાજુ અને લીલો જમણી બાજુ હોય છે.



લાલ, પીળી અને લીલી ટ્રાફિક લાઇટ અને તીર

જ્યારે **સ્થિર લાલ લાઈટ** હોય, ત્યારે તમારે અંકિત કરેલી થોભવાની લાઇન અથવા ક્રોસવોક પાર કરતા પહેલા થોભી જવું જોઈએ. જો તમને કોઈ લાઈન ન દેખાય, તો આંતરછેદ પર પ્રવેશતા પહેલા થોભો. તમે શરૂ કરો તે પહેલા લીલી લાઇટ થાય તેની રાહ જુઓ.

જ્યારે લાઈટ લાલ હોય ત્યારે તમે જમણે વળી શકો છો, સિવાય કે આંતરછેદ પર **નો ટર્ન ઓન રેડ** ચિહ્ન લગાવેલું હોય. તમારે પહેલાં થોભવું, રાહદારીઓ અને અન્ય ટ્રાફિક છે કે કેમ એ તપાસવું અને તેમને આવવા-જવા દેવા જરૂરી છે.

જો તમે ડાબી લેનમાં હો અને એક-માર્ગી શેરીમાંથી બીજી એક-માર્ગી શેરીમાં ડાબે વળતા હો તો, લાલ લાઇટ પર રોકાયા પછી પણ તમે ડાબી તરફ વળી શકો છો, સિવાય કે કોઈ ચિહ્ન તમને વળવાની ના પાડતું હોય. તમારે પહેલાં થોભવું તથા રાહદારીઓ અને અન્ય ટ્રાફિકને આવવા-જવા દેવા જરૂરી છે.



એક **સ્થિર પીળી લાઇટ** તમને સૂચવે છે કે ટૂંક સમયમાં એક સ્થિર લાલ લાઇટ થશે. જો તમે કોઈ આંતરછેદ તરફ વાહન ચલાવી રહ્યા હો અને પીળી લાઈટ દેખાય, તો ગાડી ધીમી કરો અને થોભવાની તૈયારી કરો. જો તમે આંતરછેદ વિસ્તારમાં પ્રવેશી ચૂક્યા હો અથવા આંતરછેદમાં પ્રવેશતા પહેલા સુરક્ષિત રીતે રોકાઈ શકો તેમ ન હો, તો કાળજીપૂર્વક આગળ વધો.

સ્થિર લીલી લાઇટનો અર્થ છે કે જો રસ્તો સાફ હોય તો તમે આંતરછેદમાંથી વાહન ચલાવી શકો છો. તમે જમણી કે ડાબી તરફ પણ વળી શકો છો, સિવાય કે કોઈ ચિહ્ન તમને ન વળવાનું કહે; જોકે, વળતી વખતે, તમારે આંતરછેદની અંદર અન્ય વાહનો અને રાહદારીઓને આવવા-જવા દેવા જરૂરી છે.



સ્થિર લાલ તીરનો અર્થ છે કે તમારે તમારે થોભવું જરૂરી છે અને તીર જે દિશામાં નિર્દેશ કરે તે દિશામાં વળી ન શકો. આગળ વધતાં પહેલાં લીલા તીર અથવા ઝબૂકતા પીળા તીરની રાહ જુઓ. જે લાલ સિગ્નલને સ્થિર લાલ સિગ્નલ માટે મંજૂરી આપવામાં આવે છે તે જ લાલ તીર માટે પણ મંજૂરી આપવામાં આવે છે.

સ્થિર પીળા તીરનો અર્થ છે કે લીલા તીર અથવા ઝબૂકતા પીળા તીર દ્વારા આવવા-જવા માટે આપવામાં આવેલી પરવાનગી સમાપ્ત થવામાં છે અને સિગ્નલ ટૂંક સમયમાં લાલ થઈ જશે. આંતરછેદમાં પ્રવેશતા પહેલાં તમારે ગતિ ધીમી કરવી જોઈએ અને સંપૂર્ણપણે થોભવા માટે તૈયાર થવું જોઈએ. જો તમે આંતરછેદની અંદર હો અથવા આંતરછેદમાં પ્રવેશતા પહેલા સુરક્ષિત રીતે થોભી શકો તેમ ન હો, તો તમે અગાઉનું તીર દેખાયે શરૂ કરેલો વળાંક સાવધાનીપૂર્વક પૂર્ણ કરી શકો છો.

સ્થિર લીલા તીરનો અર્થ છે કે તીર જે દિશામાં દર્શાવે છે તે દિશામાં તમે વળાંક લઈ શકો છો. જ્યારે તમે લીલું તીર ચાલુ હોય તે દરમિયાન વળો, ત્યારે તમારો વળાંક "સુરક્ષિત" રહે છે કારણ કે આવનારા ટ્રાફિકને લાલ લાઇટ દ્વારા અટકાવવામાં આવેલો હોય છે. જો લીલું તીર લીલી લાઇટમાં ફેરવાય જાય, તો પણ તમે તે દિશામાં ફરી શકો છો, પરંતુ પહેલાં રાહદારીઓ અને આવતા ટ્રાફિકને માર્ગ આપો.

ઝબૂકતા સિગ્નલો

ઝબૂકતી લાલ લાઈટનો અર્થ **થોભો** ચિહ્ન જેવો જ થાય છે. તમારે પૂરી રીતે થોભી જવું જરૂરી હોય છે. ત્યારબાદ, બંને બાજુ જુઓ અને આંતરછેદમાં વચ્ચે કોઈ ન હોય તે પછી જ આગળ વધો.

ઝબૂકતી પીળી લાઇટનો અર્થ **સાવધાન**. ધીમા પડો, જુઓ અને કાળજીપૂર્વક આગળ વધો.



ઝબૂકતા પીળા તીરનો અર્થ છે કે તમે સાવધાનીપૂર્વક તીરની દિશામાં વળાંક લઈ શકો છો, જો કે, તમારે સામે આવતા ટ્રાફિક અને રાહદારીઓને પહેલા આવવા-જવા દેવા જરૂરી હોય છે. જ્યારે તમે ઝબૂકતા પીળા તીરના તબક્કા દરમિયાન વળો, ત્યારે તમારો વળાંક સુરક્ષિત નથી હોતો; સામે આવતા ટ્રાફિક માટે લીલી લાઇટ ચાલુ હશે.

કામ ન કરતી ટ્રાફિક લાઇટ્સ

કામ ન કરતાં ટ્રાફિક સિગ્નલને ચાર-રસ્તા **પરના થોભો** ના ચિહ્ન તરીકે ગણવું જોઈએ.

રેમ્પ-મીટરિંગ સિગ્નલો

કેટલાક હાઇવે પ્રવેશ રેમ્પ પર રેમ્પના અંતે ટ્રાફિક સિગ્નલ હોય છે જે સ્થિર લીલા અને સ્થિર લાલ વચ્ચે બદલાતાં રહેતા હોય છે. રેમ્પ મીટરિંગ સિગ્નલનો ઉપયોગ ખૂબ જ ભીડભાડવાળા હાઇવે પર ટ્રાફિકના પ્રવાહને નિયંત્રિત કરવા માટે થાય છે અને તે સામાન્ય રીતે અતિવ્યસ્ત કલાકો દરમિયાન કાર્યરત હોય છે. હાઇવે પર પ્રવેશતા પહેલા તમારે લીલા સિગ્નલની રાહ જોવી જરૂરી હોય છે. સિંગલ-લેન રેમ્પ પર, દર વખતે લીલી લાઇટ થાય ત્યારે ફક્ત એક (1) જ કાર હાઇવે પર પ્રવેશી શકે. મલ્ટી-લેન રેમ્પ માટે, દરેક લેન માટે એક રેમ્પ મીટર હશે. **લીલી લાઇટ હાઇવે પર તમારો પ્રવેશ સુરક્ષિત બનાવતી નથી - તમારે હાઇવેમાં પ્રવેશવા માટે હજુ પણ ટ્રાફિકમાં સલામત જગ્યા શોધવી જરૂરી હોય છે.**

લેન ઉપયોગનું નિયંત્રણ સિગ્નલ

ટ્રાફિકને નિયંત્રિત કરવા માટે સીધા લેન પર ખાસ સિગ્નલો પણ મૂકવામાં આવી શકે છે. તેનો ઉપયોગ સામાન્ય રીતે શહેરોમાં ટોલ બૂથ, પુલ, ટનલ અને અનેક લેનવાળા રસ્તાઓ પર થાય છે જ્યાં અતિવ્યસ્ત કલાકો દરમિયાન શહેરમાં આવતા અથવા બહાર નીકળતા ટ્રાફિકના પ્રવાહને સરળ બનાવવા માટે ચોક્કસ લેનની મુસાફરીની દિશા બદલાય છે. નિમ્નલિખિત સિગ્નલ દર્શાવે છે કે શેરીઓ અથવા હાઇવેની ચોક્કસ લેનનો ઉપયોગ કેવી રીતે થવો જોઈએ:

ટ્રાફિક લેન પરના નીચેની તરફના એક સ્થિર લીલા તીરનો અર્થ છે કે તમે તે લેનનો ઉપયોગ કરી શકો.

ટ્રાફિક લેન પરના સ્થિર પીળા "X"નો અર્થ છે કે તમારે લેન બદલવી જરૂરી છે કારણ કે તે લેનની મુસાફરીની દિશા ઊંધી થવાની તૈયારીમાં છે. લેનમાંથી સુરક્ષિત રીતે બહાર નીકળવા માટે તૈયાર થાઓ.

લેન પરના સ્થિર લાલ "X" નો અર્થ છે કે તમને ટ્રાફિક લેનનો ઉપયોગ કરવાની મંજૂરી નથી.

લેન પરનું સફેદ સ્થિર, એક-માર્ગીય ડાબી બાજુના વળાંકને દર્શાવતા તીરનો અર્થ છે કે તમે તે લેનમાં હો તો તમે ફક્ત ડાબી બાજુ જ વળી શકો.

લેન પરનું સફેદ સ્થિર, બે-માર્ગીય ડાબી બાજુ વળાંક લેતાં તીરનો અર્થ છે કે જો તમે તે લેનમાં હો તો તમે ફક્ત ડાબી બાજુ જ વળી શકો છો, પરંતુ તે લેનમાં સામેની બાજુએથી આવતા ડાબી બાજુ વળતા ડ્રાઇવરો પણ દાખલ થતાં હોય છે.

રાહદારીઓ માટેના સિગ્નલો

રાહદારીઓએ ટ્રાફિક અને રાહદારી માટેના સિગ્નલોનું પાલન કરવું જરૂરી છે. તમારે રાહદારીઓના જે સિગ્નલોનું પાલન કરવું જરૂરી છે તે છે ચાલો અને ચાલશો નહીં લાઇટ અથવા ચાલતા વ્યક્તિ (જેનો અર્થ છે ચાલો) અને ઊંચા કરેલા હાથ (જેનો અર્થ છે ચાલશો નહીં)નું પ્રકાશિત ચિત્ર. જો આંતરછેદ પર રાહદારીઓ માટેના સિગ્નલ ન હોય, તો રાહદારીઓએ લાલ, પીળી અને લીલી ટ્રાફિક લાઇટનું પાલન કરવું જરૂરી છે.

ક્યારેક રાહદારીઓ ટ્રાફિક અને રાહદારીના સિગ્નલો પર તેમની જવાબદારીઓ વિશે જાગૃત હોતા નથી. એવા રાહદારીઓથી સાવધ રહો, જે સિગ્નલનું પાલન કરતા ન હોય. હંમેશા રાહદારીઓને આવવા-જવાનો સમય આપો.

જ્યારે કોઈ સ્થિર **ચાલો** ચિહ્ન અથવા ચાલતો વ્યક્તિ દેખાય, ત્યારે રસ્તો ઓળંગવાનું શરૂ કરો, પરંતુ વળાંક લઈ રહેલા એવા વાહનોથી સાવધ રહો જે રસ્તા પર કાનૂની રીતે આવ-જા કરવા માટે માર્ગ આપતા ન હોય.

જ્યારે ઝબૂકતું **ચાલશો નહીં** અથવા ઝબૂકતો ઊંચો કરેલો હાથ દેખાતું સિગ્નલ શરૂ થાય ત્યારે:

a. જો તમે માર્ગ ઉપર હો તો, રસ્તો પસાર કરવાનું પૂર્ણ કરો.

b. **જો તમે કર્બથી આગળ ન વધ્યા હો તો,** ઓળંગવાનું શરૂ કરશો નહીં.

જ્યારે સ્થિર **ચાલશો નહીં** સંદેશ અથવા સ્થિર ઊંચો હાથ દેખાય, ત્યારે ઓળંગશો નહીં.

અંધ રાહદારીઓ

સફેદ લાકડી લઈને ચાલતા અથવા માર્ગદર્શક કૂતરા સાથે ચાલતા કોઈ અંધ રાહદારીની નજીક વાહન ચલાવતી વખતે, તમારે ગતિ ધીમી કરવી જરૂરી છે, હંમેશા આવવા-જવાનો સમય આપવો જોઈએ અને ત્યારબાદ સાવધાની સાથે આગળ વધવું જોઈએ. રાહદારીને ઈજા કે જોખમ ન થાય તે માટે તમારા વાહનને રોકવા માટે તૈયાર રહો.



સ્કૂલ ઝોનના સિગ્નલો

સ્કૂલ ઝોનની ગતિ મર્યાદાના ચિહ્નો પર ઝબૂકતું પીળું સિગ્નલ એ સ્કૂલ ઝોનનું સિગ્નલ હોય છે. જ્યારે પીળું સિગ્નલ ઝબૂકતું હોય અથવા ચિહ્નમાં દર્શાવેલ સમયગાળા દરમિયાન તમારે 15 માઇલ પ્રતિ કલાકથી વધુ ઝડપે મુસાફરી ન કરવી જરૂરી છે. સ્કૂલ ઝોનમાં ગતિ મર્યાદા ઓળંગવાથી તમારા ડ્રાઇવિંગ રેકોર્ડ પર ત્રણ (3) પોઈન્ટ લાગશે અને તમને દંડ પણ ફટકારવામાં આવશે.

રેલરોડ ક્રોસિંગના સિગ્નલો

રેલરોડ ક્રોસિંગ નજીક આવે ત્યારે રેલરોડ ક્રોસિંગના ચિહ્ન દ્વારા ડ્રાઇવરોને સતર્ક કરવામાં આવે છે. રેલરોડ ક્રોસિંગ પર આગળ વધતી વખતે હંમેશા સાવધાની રાખવી જોઈએ. રેલરોડના પાટા ઓળંગવાનું શરૂ કરતાં પહેલા ટ્રેન તે તરફ આવી રહી છે કે કેમ તે જાણવા તમારે હંમેશા બંને તરફ જોવું અને સાંભળવું જોઈએ અથવા સિગ્નલો જોવા જોઈએ.

જ્યારે કોઈ ટ્રેન નજીક આવી રહી હોવાનું સિગ્નલ દેખાય ત્યારે તમારે બધા રેલ્વે ક્રોસિંગ પર રોકાવું જરૂરી હોય છે. આ સિગ્નલોમાં ઝબૂકતી લાલ લાઇટ, નીચે નમાવેલ ક્રોસિંગ ગેટ, ફ્લેગર સિગ્નલિંગ હોય કે ટ્રેનની ચેતવણીના સાંભળવા યોગ્ય સિગ્નલનો સમાવેશ થાય છે. આગળ વધશો નહીં અથવા કોઈપણ ગેટની આસપાસ જવાનો પ્રયાસ કરશો નહીં અથવા તો નજીક આવતી ટ્રેનના કોઈપણ સિગ્નલને અવગણશો નહીં. જો રેલરોડ ક્રોસિંગ પર કોઈ સિગ્નલ ન હોય, તો તમારે ટ્રેન આવતી દેખાય અથવા સંભળાય છે કે કેમ જોવા ધીમા પડવું જોઈએ અને થોભવાની તૈયારી કરવી જોઈએ.

બધા સિગ્નલ પૂર્ણ થયા પછી અને જ્યારે કોઈ ટ્રેન ક્રોસિંગની નજીક આવી રહી ન હોય તેની ખાતરી થયા પછી જ સાવધાનીપૂર્વક આગળ વધો.

જો કોઈ ટ્રેન નજીક આવી રહી હોય અને તેણે પોતાનું સાંભળી શકાય તેવું સિગ્નલ આપ્યું હોય અથવા સ્પષ્ટપણે દેખાતી હોય અને ક્રોસિંગના જોખમી વિસ્તારની નજીક હોય, તો તમારે થોભવું જોઈએ.

ટ્રેન આવતી હોવાનું લાગતું હોય કે નહીં, તમારા વાહનને રેલરોડ ટ્રેક પર રોકશો નહીં. જો ટ્રાફિક સિગ્નલ, થોભવાના ચિહ્ન અથવા અન્ય કોઈ કારણોસર જમા થઈ જાય, તો ખાતરી કરો કે તમે તમારા વાહનને એવી જગ્યાએ રોકો જે કોઈપણ રેલરોડ ટ્રેકથી સંપૂર્ણ રીતે દૂર હોય.

હાઇવે-રેલરોડ આંતરછેદને સુરક્ષિત રીતે કેવી રીતે ઓળંગવો તે વિશે વધુ માહિતી માટે પ્રકરણ 3નો સંદર્ભ લો.



રેલરોડ ક્રોસિંગ ચિહ્નો અને સિગ્નલોનું પાલન કરો

ચિહ્નો

ચિહ્નોને ત્રણ (3) મૂળભૂત શ્રેણીઓમાં વિભાજિત કરવામાં આવ્યા છે: નિયમનકારી, ચેતવણી અને માર્ગદર્શક ચિહ્નો. દરેક શ્રેણીમાંના મોટાભાગના ચિહ્નો એક ખાસ આકાર અને રંગ ધરાવે છે.

નિયમનકારી ચિહ્નો

નિયમનકારી ચિહ્નો તમને એ જણાવે છે કે કાયદા અનુસાર તમારે શું કરવું જોઈએ અથવા શું ન કરવું જોઈએ. આ ચિહ્નો પર દર્શાવેલા નિયમો તમને ગતિ મર્યાદાઓ, ટ્રાફિકની દિશા, વળાંકની મર્યાદાઓ, પાર્કિંગ મર્યાદાઓ, વગેરે વિશે જાણકારી આપે છે. જો તમે નિયમનકારી ચિહ્નો પરના સંદેશાઓનું પાલન ન કરો, તો તમને દંડ થઈ શકે છે અને તમારા ડ્રાઇવિંગ રેકોર્ડ પર પોઇન્ટ મળી શકે છે કારણ કે તમે કાયદો તોડી રહ્યા છો. નિયમનકારી ચિહ્નો પરના સંદેશાઓનું ઉલ્લંઘન કરીને તમે તમારી અને અન્ય લોકોની સલામતીને પણ જોખમમાં મૂકો છો - ઉદાહરણ તરીકે, થોભવાના ચિહ્ન પર થોભવામાં નિષ્ફળ જવું, જ્યાંથી બીજી કારથી આગળ નીકળવું સલામત ન હોય ત્યાંથી તેની આગળ જવું, નિર્ધારિત ગતિ મર્યાદા કરતા વધુ ઝડપથી વાહન ચલાવવું અથવા એક-માર્ગીય રસ્તા પર વાહનને અવળા રસ્તે ચલાવવું.

સામાન્ય રીતે, નિયમનકારી ચિહ્નો કાળા અને સફેદ ઊભા લંબચોરસ અથવા ચોરસ હોય છે, જેમ કે **ગતિ મર્યાદા** ચિહ્ન. કેટલાક નિયમનકારી ચિહ્નો કાળા, સફેદ અને લાલ હોય છે, જેમ કે વર્તુળ અને આડા કાપા સાથે **ડાબે વળવું નહીં** ચિહ્ન. અન્ય નિયમનકારી ચિહ્નો લાલ અને સફેદ હોય છે, જેમ કે **થોભો, આવવા-જવા જગ્યા આપો, પ્રવેશ ન કરો** અને **ખોટા રસ્તાના** ચિહ્નો.

થોભો ચિહ્ન એ એકમાત્ર અષ્ટભુજ આકારનું (8 બાજુવાળું) ચિહ્ન હોય છે જે તમે હાઇવે પર જુઓ છો. થોભો ચિહ્નવાળા આંતરછેદ પર, તમારે ફરી આગળ વધો તે પહેલાં સંપૂર્ણપણે થોભી જવું જોઈએ, રાહદારીઓ છે કે કેમ તે તપાસવું જોઈએ અને આંતરછેદ પાર કરવા માટે ટ્રાફિક ઓળંગવો જોઈએ. સંપૂર્ણપણે થોભ્યા વિના ધીમું પડવું ગેરકાયદેસર છે.

જ્યારે તમે ક્રોસવોક અથવા સ્ટોપ લાઇન (સફેદ ટોપ બાર) જુઓ, ત્યારે તમારા વાહનનો આગળનો ભાગ પહેલી રંગ કરેલી પટ્ટી સુધી પહોંચે તે પહેલાં થોભો. જો તમને ટ્રાફિક દેખાતો ન હોય, તો કોઈપણ રાહદારીઓને માર્ગ આપો અને ત્યારબાદ જ્યાં સુધી તમને સ્પષ્ટપણે દેખાય નહીં ત્યાં સુધી કાળજીપૂર્વક લાઇન પાર કરીને આગળ વધો. ટ્રાફિક અને રાહદારીઓ છે કે કેમ એ તપાસો અને ત્યારબાદ જ્યારે આંતરછેદ ખાલી હોય ત્યારે આગળ વધો.

આ ચિહ્નનો ઉપયોગ થોભો ચિહ્નના સંયોજન સાથે જોડાણમાં પણ થાય છે. આ ચિહ્ન મોટરચાલકોને રોકાયા વિના જમણો વળાંક લેવાની પરવાનગી આપે છે.

ચાર-રસ્તાના સ્ટોપના ચિહ્નનો અર્થ છે કે આ આંતરછેદ પર થોભોના ચાર ચિહ્નો છે. ચારેય દિશાઓમાંથી આવતો ટ્રાફિક થોભવો જરૂરી હોય છે. આંતરછેદ પર પહોંચતા પ્રથમ વાહને પહેલાં આગળ વધવું જોઈએ. જો બે વાહનો એક જ સમયે આંતરછેદ પર પહોંચે, તો ડાબી બાજુનો ડ્રાઇવર જમણી બાજુના ડ્રાઇવરને માર્ગ આપે છે. જો સામસામે હોય તો સંભવિત વળાંકો પર નજર રાખીને, બન્ને સાવચેતીપૂર્વક આગળ વધી શકે છે.

આવવા-જવા માર્ગ આપો ચિહ્નો ત્રિકોણાકાર (3-બાજુવાળા) આકારના હોય છે. જ્યારે તમે આ ચિહ્ન જુઓ, ત્યારે તમારે વાહન ધીમું કરવું અને ટ્રાફિક તપાસવો જરૂરી હોય છે તથા રાહદારીઓ અને સામે આવી રહેલા ક્રોસ ટ્રાફિકને રસ્તો આપવો જરૂરી હોય છે. તમે ફક્ત જ્યારે જરૂરી હોય ત્યારે જ થોભો. જ્યારે તમે સામાન્ય ટ્રાફિક પ્રવાહમાં દખલ કર્યા વિના સુરક્ષિત રીતે આગળ વધી શકો ત્યારે તેમ કરો. યાદ રાખો, તમે કાં તો **થોભો** અથવા તો **આવવા-જવા જગ્યા આપો** ચિહ્નવાળા સ્થાનો પર આગળ વધો તે પહેલા તમારી પાસે ટ્રાફિકમાં પૂરતી ખાલી જગ્યા હોવી જરૂરી છે.

આ ચિહ્નનો ઉપયોગ એક-લેન પુલ અથવા અંડરપાસ સ્થાન પર આવવા-જવા જગ્યા આપોના ચિહ્નના સંયોજન સાથે કરવામાં આવે છે જેથી વાહન ચાલકોને સતર્ક કરી શકાય કે તેમણે સામેથી આવતા ટ્રાફિકને આવવા-જવા જગ્યા આપવી જરૂરી છે.



રેલરોડ ક્રોસબક ચિહ્ન આ ચિહ્ન રેલ્વે ક્રોસિંગ પર મૂકવામાં આવે છે જ્યાં પાટા રસ્તાને ક્રોસ કરે છે. તમારે ક્રોસબક ચિહ્નને **આવવા-જવા જગ્યા આપો** ચિહ્ન તરીકે માનવું જોઈએ; જો તમે કોઈ ટ્રેન નજીક આવતી જુઓ અથવા સાંભળો તો ધીમા પડો અને થોભવાની તૈયારી કરો. રેલરોડ ક્રોસિંગ સલામતી વિશે વધુ માહિતી માટે પ્રકરણ 3નો સંદર્ભ લો.

પ્રવેશ કરશો નહીં અને **ખોટા રસ્તાના** ચિહ્નો એક ટીમ તરીકે કાર્ય કરે છે. **પ્રવેશ કરશો નહીં** ચિહ્ન એક-માર્ગીય રસ્તાઓ અને રેમ્પની શરૂઆતમાં મૂકવામાં આવે છે. જ્યારે તમે આ ચિહ્ન જુઓ, ત્યારે તમે જે દિશામાં જઈ રહ્યા હો તે રસ્તા અથવા રેમ્પ પર વાહન ચલાવશો નહીં.

ખોટો રસ્તો ચિહ્નો એક-માર્ગીય રસ્તા અથવા રેમ્પ પર નીચે મૂકવામાં આવે છે. જો તમે આકસ્મિક રીતે તે રસ્તા અથવા રેમ્પ પર વળો, તો તમારું ધ્યાન ખેંચવા માટે તેમને ત્યાં મૂકવામાં આવે છે.

એક માર્ગીય ચિહ્નનો અર્થ છે કે ટ્રાફિકને ફક્ત તે દિશામાં જ જવાની મંજૂરી હોય છે જે દિશામાં ચિહ્ન નિર્દેશ કરતું હોય. જો તમે વિરુદ્ધ દિશામાં જતા એક-માર્ગીય રસ્તા પર વળો, તો તમે સામસામે ટકરાવ તેવી શક્યતા હોય છે.

વિભાજિત હાઇવે

આ ચિહ્નનો અર્થ છે કે તમે જે રસ્તા પર છો તે વિભાજિત હાઇવેને છેદે છે. વિભાજિત હાઇવે ખરેખર બે (2), એક-માર્ગી રોડવે હોય છે જે મધ્ય અથવા માર્ગદર્શક રેલિંગ દ્વારા અલગ પડે છે. પહેલા રસ્તા પર, તમે ફક્ત જમણી તરફ જ વળી શકો છો અને બીજા રસ્તા પર, તમે ફક્ત ડાબી તરફ જ વળી શકો છો.

કોઈ ટ્રક નહીં

કોઈ સાઇકલ નહીં

રાહદારી માટે નહીં ક્રોસિંગ

ટ્રક માટે નહીં, સાયકલ માટે નહીં અને રાહદારીઓ માટે નહીં તેવું ક્રોસિંગ

જે રસ્તાઓ પર આ ચિહ્નો લગાવેલા હોય તેનો ઉપયોગ ટ્રક, સાયકલ ચાલકો અને રાહદારીઓ કરી શકે નહીં.

નીચે મુજબના ચિહ્નો એવા સ્થળો પર સ્થિત હોય છે જ્યાં અમુક કાર્યો કોઈ સમયે અથવા બધા સમયે પ્રતિબંધિત છે:

યુ-ટર્ન નહીં

આ ચિહ્ન યુ-ટર્ન લેવાને પ્રતિબંધિત કરે છે. વિરુદ્ધ દિશામાં જવા માટે સંપૂર્ણ વળાંક ન લો.

જમણો વળાંક નહીં

આ ચિહ્ન દર્શાવે છે કે જમણે વળવા પર પ્રતિબંધ છે. આ આંતરછેદ પર જમણો વળાંક લેશો નહીં.

ડાબો વળાંક નહીં

આ ચિહ્ન દર્શાવે છે કે ડાબે વળાંક લેવા પર પ્રતિબંધ છે. આ આંતરછેદ પર ડાબે વળાંક લેશો નહીં.

પાર્કિંગ નહીં

આ ચિહ્ન જ્યાં લગાવેલું હોય ત્યાં તમે વાહન પાર્ક કરી શકો નહીં.

આગળ નીકળશો નહીં

આ ચિહ્ન એવી જગ્યા પર લગાવવામાં આવી શકે છે જ્યાં તમે એક જ દિશામાં જતા કોઈપણ વાહનોથી આગળ નીકળી શકો નહીં. તેની સાથે ઘણીવાર પીળા રંગના પેનન્ટ આકારનું ચિહ્ન હોય છે જેમાં લખેલું હોય છે **નો પાસિંગ ઝોન** ("ચેતવણી ચિહ્નો"નો સંદર્ભ લો).

નિમ્નલિખિત **લેન ઉપયોગ નિયંત્રણ ચિહ્નો (દિશાનિર્દેશક)** જે ટ્રાફિક લેનનું તેઓ નિયંત્રણ કરતા હોય તેની ઉપરના આંતરછેદો પર અથવા તેની નજીક મૂકવામાં આવ્યા હોય છે જેથી તે લેનમાંથી કઇ દિશાસ્થિતિમાં ફેરફાર(રો) માટે પરવાનગી છે તે દર્શાવી શકે છે.

આ ચિહ્ન દર્શાવે છે કે આગળના આંતરછેદ પર ડાબી લેનમાં ટ્રાફિકે ડાબે વળવું જરૂરી છે અને બાજુની લેનમાં ટ્રાફિક ડાબે વળી શકે છે અથવા સીધા જવાનું ચાલુ રાખી શકે છે.

મધ્ય લેન ફક્ત ડાબા વળાંક માટે જ

આ ચિહ્ન લેન જે બંને દિશામાં ડાબી બાજુ વળતા વાહનોના જ ઉપયોગ માટે આરક્ષિત છે તે દર્શાવે છે અને તેનો ઉપયોગ સીધા જનારા ટ્રાફિક દ્વારા અથવા આગળ નીકળવા માટે કરી શકાય નહીં.

લેનના ઉપયોગના નિયંત્રણ ચિહ્નો (ચાલુ)



ડાબે કે જમણે વળો



સીધા જાઓ અથવા જમણે વળો

જો તમે આવા ચિહ્નો દ્વારા નિયંત્રિત લેનમાં હો, તો તમે તીર જે દિશામાં દર્શાવે તે દિશામાં મુસાફરી કરી શકો છો.

ફક્ત જમણે વળો

ફક્ત ડાબે વળો

જો તમે એવી લેનમાં હો જે વળાંક લેવા માટે તીર અને "ફક્ત" શબ્દ લખેલા ચિહ્ન દ્વારા નિયંત્રિત હોય, તો જ્યારે તમે આંતરછેદ પર પહોંચો, ત્યારે તમારે વળાંક લેવો જરૂરી રહેશે. તમે ફક્ત તીર દર્શાવે છે તે દિશામાં જ મુસાફરી કરી શકો છો, ભલે તમે ફક્ત વળાંક વાળી લેનમાં ભૂલથી આવી ગયા હો.



જમણે રહો
આ ચિહ્નો ડ્રાઇવરોને ટ્રાફિક આઇલેન્ડ અથવા ડિવાઇડરની જમણી બાજુ રહેવાનો નિર્દેશ આપે છે.



જમણા વળાંકનું સિગ્નલ
આ ચિહ્ન ટ્રાફિક સિગ્નલની નજીક લગાવવામાં આવે છે જેથી દર્શાવી શકાય કે સિગ્નલ જમણા વળાંકની અવરજવરને નિયંત્રિત કરે છે.

ગતિ મર્યાદા ચિહ્ન હાઇવેના જે ભાગમાં તે દર્શાવવામાં આવ્યું હોય તેને માટે આદર્શ પરિસ્થિતિઓમાં મહત્તમ કાયદેસર ગતિ દર્શાવે છે. ખરાબ પરિસ્થિતિઓમાં તમારી સલામતી નિર્દિષ્ટ ગતિ કરતાં ધીમી ગતિએ વાહન ચલાવવા પર આધાર રાખી શકે.

> **કિશોર વયના લોકોના અકસ્માતની હકીકત**
> "પરિસ્થિતિઓના કારણે ખૂબ ઝડપથી વાહન ચલાવવું" એ છે નં. 1 કારણ, જેમાં 16 અને 17 વર્ષના ડ્રાઇવરો અકસ્માતોમાં સંડોવાયેલા હોય છે.



આંતરછેદ પર લાલ લાઇટના ચક્ર દરમિયાન આમાંથી કોઈ એક ચિહ્ન લગાવેલું હોય ત્યારે તમે વળાંક લઇ શકો નહીં. તમારે સિગ્નલ લીલું થાય ત્યાં સુધી રાહ જોવી જરૂરી હોય છે.

ડાબો વળાંક ઝબૂકતું પીળું તીર દેખાય ત્યારે માર્ગ આપો.
આ ચિહ્ન દર્શાવે છે કે જ્યારે પીળું તીર ઝબૂકતું હોય ત્યારે ડાબે વળાંક લેવાની પરવાનગી હોય છે, પરંતુ તમારે આવતા ટ્રાફિકને માર્ગ આપવો જરૂરી હોય છે. આ ચિહ્ન સામાન્ય રીતે આંતરછેદો પર, ડાબા વળાંકવાળા ટ્રાફિક સિગ્નલની નજીક મૂકવામાં આવે છે, જેથી ડ્રાઇવરોને ખબર પડે કે જ્યારે ઝબૂકતું પીળું તીર ચાલુ હોય ત્યારે ડાબો વળાંક સુરક્ષિત હોતો નથી.

ડાબો વળાંક લીલી થાય ત્યારે આવવા-જવા દો
આ નિશાની દર્શાવે છે કે ડાબો વળાંક લેવાની પરવાનગી છે, પરંતુ તમારે સામે આવતા ટ્રાફિકને રસ્તો આપવો જરૂરી હોય છે. તેને સામાન્ય રીતે આંતરછેદો પર, ડાબી બાજુ વળાંક માટેના ટ્રાફિક સિગ્નલની નજીક મૂકવામાં આવે છે, જેથી ડ્રાઇવરોને યાદ અપાવી શકાય કે જ્યારે ગોળાકાર લીલું સિગ્નલ આવે ત્યારે ડાબી બાજુ વળાંક લેવા સુરક્ષિત નથી.

સામેની તરફથી આવતા ટ્રાફિકનો વિસ્તૃત સમય.
આ ચિહ્ન એવી જગ્યા પર લગાવવામાં આવે છે જ્યાં તમારું સિગ્નલ લાલ થઈ ગયા પછી સામેની તરફથી આવતો ટ્રાફિક ચાલુ રહી શકે છે.

આરક્ષિત પાર્કિંગ
આ ચિહ્ન કાળું અને સફેદ હોતું નથી, તેમ છતાં તે એક નિયમનકારી ચિહ્ન છે. તે એવા વિસ્તારોને અંકિત કરે છે જ્યાં વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓ અથવા ગંભીર વિકલાંગતા ધરાવતા પૂર્વ સૈનિકો માટે પાર્કિંગ આરક્ષિત રાખવામાં આવ્યું હોય. આવી જગ્યાઓમાં પાર્ક કરેલા વાહનો પર અધિકૃત નોંધણી પ્લેટો અથવા પાર્કિંગ પ્લેકાર્ડ દર્શાવેલા હોવા જરૂરી હોય છે. આ જગ્યાઓમાં અનધિકૃત રીતે પાર્ક કરેલા વાહનો દંડ અને ટોઇંગનો ખર્ચ ભરવાને પાત્ર હોય છે.

ચેતવણી ચિહ્નો

ચેતવણી ચિહ્નો તમને આગળના રસ્તા પરની અથવા તેની નજીકની પરિસ્થિતિઓ વિશે જણાવે છે. તેઓ તમને સંભવિત જોખમો અથવા રસ્તાની સ્થિતિના ફેરફાર વિશે ચેતવણી આપે છે. તેને સ્થિતિની પહેલા દર્શાવવામાં આવે છે, જેથી તમને આગળ કેવી સ્થિતિ છે તે જોવાનો, તમારે કેવી પ્રતિક્રિયા આપવી જોઈએ તે નક્કી કરવાનો અને જો જરૂરી હોય તો ધીમા પડવાનો અથવા તમારો મુસાફરીનો માર્ગ બદલવાનો સમય મળે. ચેતવણી ચિહ્નો સામાન્ય રીતે હીરા આકારના હોય છે જેમાં પીળી પૃષ્ઠભૂમિ પર કાળા પ્રતીકો અથવા શબ્દો હોય છે.

પાસિંગ ઝોન નથી
આ એકમાત્ર પેનન્ટ આકારનું (ત્રિકોણાકાર) ચેતવણી ચિહ્ન છે. આ ચિહ્ન નો પાસિંગ (આગળ નીકળી ન શકાય તેવા) ઝોનની શરૂઆત દર્શાવે છે અને તેને રસ્તાની ડાબી બાજુએ ડ્રાઇવરની સામે મૂકવામાં આવે છે.



શેવરોન ચિહ્નો
રસ્તાની દિશામાં તીવ્ર બદલાવો આવતા હોય છે, જેમ કે ડાબી કે જમણી બાજુનો વળાંક. રસ્તો શેવરોન દર્શાવતું હોય તે દિશામાં વળતો હોય છે. જ્યારે વળાંકમાં ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે તેની અગાઉ એક વળાંકની ચેતવણીનું ચિહ્ન હશે અને પૂરા વળાંકમાં ઘણા શેવરોન ચિહ્નો મૂકેલા હોઈ શકે છે.

ડાબો વળાંક
રસ્તો આગળ ડાબી બાજુ વળાંક લે છે. તમારે ધીમા પડવું જરૂરી હોય છે, તમારી લેનની મધ્યમાં રહો અને ડાબી બાજુ વળાંક લેવા દિશાસ્થિતિ બદલવા માટે તૈયારી કરો.

જમણો વળાંક
રસ્તો આગળ જમણી બાજુ વળાંક લે છે. જમણી બાજુના વળાંકમાંથી વાહન ચલાવતા આગળ વધતી વખતે, તમારે ધીમા પડવું જરૂરી હોય છે અને તમારા વાહનને તમારી લેનના મધ્યથી સહેજ જમણી બાજુ રાખવું જરૂરી હોય છે.

ડાબી બાજુ તીવ્ર વળાંક
રસ્તો આગળ ડાબી બાજુ તીવ્ર રીતે વળે છે. તમારે ધીમા પડવું જરૂરી હોય છે, તમારી લેનની મધ્યમાં રહો અને ડાબા તીવ્ર વળાંકમાંથી પસાર થવાની તૈયારી કરો. કેટલાક તીવ્ર વળાંક ચિહ્નો પર સલાહરૂપે ગતિ લખેલી હોય છે જે ચિહ્ન પર સ્થિત હોય છે અથવા તેની નીચે લખવામાં આવે છે.

જમણી બાજુ તીવ્ર વળાંક
રસ્તો આગળ જમણી બાજુ તીવ્ર રીતે વળે છે. તમારે નોંધપાત્ર રીતે ધીમા પડવું જરૂરી હોય છે, તમારા વાહનને તમારી લેનની મધ્યની સહેજ જમણી તરફ રાખો અને જમણા તીવ્ર વળાંકમાંથી પસાર થવાની તૈયારી કરો. કેટલાક તીવ્ર વળાંક ચિહ્નો પર સલાહરૂપે ગતિ લખેલી હોય છે જે ચિહ્ન પર સ્થિત હોય છે, અથવા તેની નીચે લખવામાં આવે છે.



વળાંકોનો સમૂહ
રસ્તો આગળ પહેલાં એક દિશામાં વળાંક લે છે અને પછી પાછો બીજી દિશામાં વળાંક લે છે (બે (2) વળાંકોનો સમૂહ). ધીમા પડો અને વળાંકોના સમૂહમાંથી પસાર થવાની તૈયારી કરો.



જમણે અને ડાબે તીવ્ર વળાંક
રસ્તો આગળ પહેલાં એક દિશામાં તીવ્ર રીતે વળે છે અને પછી પાછો બીજી દિશામાં વળે છે. ધીમા પડો અને વળાંકોના સમૂહમાંથી પસાર થવાની તૈયારી કરો.

વાઇન્ડિંગ રોડ (વળાંકોની શ્રેણી)
આ ચિહ્ન દર્શાવે છે કે રસ્તા પર આગળ સળંગ ત્રણ (3) કે તેથી વધુ વળાંકો છે.



એક દિશામાં મોટું તીર
રસ્તો આગળ એક અતિ તીવ્ર ખૂણે દિશા બદલે છે. આવા અતિ તીવ્ર વળાંક પર પહોંચતા પહેલા, આંતરછેદ પર વળાંક લેવા માટે શક્ય તેટલા વધુ ધીમા પડો.

રસ્તામાં પ્રવેશવાનો વળાંક
મુખ્ય રસ્તો ડાબી બાજુ વળાંક લે છે અને જમણી બાજુથી એક બાજુનો માર્ગ પ્રવેશે છે. આંતરછેદ પર જતી વખતે વધુ સાવચેતી રાખો. મુખ્ય રસ્તા પર પ્રવેશવાની તૈયારી કરી રહેલો ડ્રાઇવર વળાંકની આસપાસથી તમને આવતા જોઈ શકશે નહીં અને વાહન તમારી આગળ લાવી શકે, જેના કારણે જો તમે ખૂબ ઝડપથી મુસાફરી કરી રહ્યા હો તો, અકસ્માત ટાળવા માટે તમારી પાસે થોડીક જ જગ્યા બાકી રહે છે.

ટ્રક રોલઓવર
આ ચિહ્ન એવા વળાંકો બતાવે છે જે વધુ પડતી ઝડપે મુસાફરી કરતા ટ્રકો પલટી જવાની સંભાવના ધરાવે છે.

સલાહવાળી ગતિના ચિહ્નો
આ ચિહ્નનો ઉપયોગ કોઈપણ હીરા આકારના ચેતવણી ચિહ્ન સાથે થઈ શકે છે. આગળ ડાબા તીવ્ર વળાંક આસપાસ તમારે જે મહત્તમ ઝડપે મુસાફરી કરવી જોઈએ તે 25 mph છે.

મર્જ થતો ટ્રાફિક
આ ચિહ્નને મુખ્ય રોડવે પર મૂકવામાં આવે છે જેથી તમને ખબર પડે કે ટ્રાફિક બીજા રસ્તા અથવા રેમ્પ પરથી તમારી લેનમાં ભળી રહ્યો છે. આ ઉદાહરણમાં, ટ્રાફિક જમણી બાજુથી તમારી લેનમાં પ્રવેશ કરશે. પ્રવેશી કરતા વાહનોએ મુખ્ય રસ્તા પર પહેલાથી આવતા ટ્રાફિકને આવવા-જવા દેવા જરૂરી હોય છે.

ઉમેરેલી લેન
આ ચિહ્ન એવા બિંદુ અગાઉ મૂકવામાં આવે છે જ્યાં બે રોડવે મળે છે. તેનો અર્થ છે કે એકબીજામાં ભળવું જરૂરી હોતું નથી કારણ કે પ્રવેશતો ટ્રાફિક રસ્તામાં ઉમેરેલી નવી લેનનો ઉપયોગ કરે છે.

વેવ એરીયા
આ ચિહ્નનો ઉપયોગ એવી ચેતવણી આપવા માટે થાય છે કે તમે બીજા રસ્તામાં ભળવા જઈ રહ્યાં છો કારણ કે કેટલોક ટ્રાફિક બહાર નીકળી રહ્યો હોય છે અને તમારો રસ્તો પાર કરી રહ્યો હોય છે.

વિભાજીત હાઇવે શરૂ થાય છે
હાઇવે આગળ જઈને એક વિભાજિત હાઇવે બની જાય છે જેમાં બે એક-માર્ગીય રોડવે અને એક મધ્ય રેખા અથવા વિભાજક હોય છે જે સામસામી દિશામાં જતા ટ્રાફિકને અલગ કરે છે. વિભાજક અથવા મધ્ય રેખાની જમણી બાજુ રહો.



વિભાજિત હાઇવે સમાપ્ત થાય છે
તમે જે વિભાજિત હાઇવે પર મુસાફરી કરી રહ્યા હો તે આગળ સમાપ્ત થાય છે. ત્યારબા તમે દ્વિ-માર્ગીય ટ્રાફિકવાળા રસ્તા પર હશો. મધ્ય રેખાની જમણી બાજુ રહો અને સામેથી આવતા ટ્રાફિક પર નજર રાખો.

આગળ દ્વિ-માર્ગીય ટ્રાફિક છે
એક-માર્ગીય રસ્તો અથવા રોડવે આગળ સમાપ્ત થાય છે. ત્યારબાદ તમે એવા રસ્તા પર મુસાફરી કરી રહ્યા હશો જ્યાં બે (2) લેનનો ટ્રાફિક સામસામી દિશામાં જઈ રહ્યો હશે. મધ્ય રેખાની જમણી બાજુએ તમારી લેનમાં રહો. આ ચિહ્નને દ્વિ-માર્ગીય રસ્તા પર થોડા-થોડા અંતરે પણ મૂકવામાં આવી શકે છે.

લેન સમાપ્ત થાય છે
આ ચિહ્નો તમને જણાવે છે કે અનેક લેનવાળા રસ્તા પર આગળ એક (1) લેન સમાપ્ત થાય છે. આ ઉદાહરણોમાં, જમણી લેનનો ટ્રાફિક ડાબી બાજુ ભળે તે જરૂરી હોય છે.

આંતરછેદના ચિહ્નો
નીચેના ચિહ્નો આંતરછેદના પ્રકારો દર્શાવે છે. રસ્તાઓ એકબીજા સાથે કેવી રીતે જોડાય છે તે અગાઉથી બતાવીને, આ ચિહ્નો તમને જણાવે છે કે તમે જે રસ્તા પર મુસાફરી કરી રહ્યાં છો તે ક્રોસરોડમાંથી સીધો આગળ વધતો નથી. આ ચિહ્નો તમને અન્ય વાહનોની અવરજવરથી થતી સંભવિત સમસ્યાઓ વિશે પણ ચેતવણી આપે છે. આ બધા પ્રકારના આંતરછેદો તરફ આગળ વધતી વખતે અગાઉથી જોતા રહીને, ધીમા પડવાની તૈયારી કરીને વધારે સાવધાની રાખો.

ક્રોસ રોડ

સાઇડ રોડ

“T” આંતરછેદ

“Y” આંતરછેદ

વર્તુળાકાર આંતરછેદ



બે દિશાઓવાળું મોટું તીર
આ ચિહ્નને T-આંતરછેદની દૂરની બાજુએ મૂકવામાં આવે છે જે તમને જણાવે છે કે તમે ફક્ત ડાબે કે જમણે જ જઈ શકો છો. તમે જે રસ્તા પર હો તે આંતરછેદમાંથી સીધો આગળ વધતો નથી.



આગળ સાંકડો પુલ અથવા અંડરપાસ છે
પુલ અથવા અંડરપાસ પરની દરેક લેન સાંકડી થતી જાય છે અને સામાન્ય રીતે કોઈ શોલ્ડર હોતા નથી. તમારે ધીમા પડવું અને તમે તમારી લેનમાં રહો તેની ખાતરી કરવી જરૂરી હોય છે. જો સામેની દિશામાંથી આવતા ડ્રાઇવર પાસે પહોળું વાહન હોય અથવા તે તમારી લેનનો એક ભાગ લઈ રહ્યો હોય, તો તેઓ જગ્યા ખાલી કરે ત્યાં સુધી રાહ જુઓ.

ભીનું હોય ત્યારે લપસણું
જ્યારે ભીનાશ હોય ત્યારે ખાસ કરીને લપસણી સ્થિતિ હોય છે. વરસાદી હવામાનમાં, તમારી ગતિ ઓછી કરો અને વાહનો વચ્ચેનું અંતર વધારો. ગતિ વધારશો નહિ કે ઝડપથી બ્રેક લગાવશો નહિ. વળાંક લેતી વખતે ગતિ ખૂબ જ ધીમી રાખો.

હરણ પસાર થતા હોય તેવી જગ્યા
આ ચિહ્ન એવા વિસ્તારોમાં લગાવવામાં આવે છે જ્યાંથી વારંવાર હરણ પસાર થતા હોય અને હરણ સાથે અકસ્માતના બનાવો બન્યા હોય.

ઓછી ઊંચાઈ
આ ચિહ્નને અંડરપાસ અથવા ટનલ કે પાર્કિંગ ગેરેજના પ્રવેશદ્વાર પર મૂકવામાં આવી શકે છે. જો તમારું વાહન ચિહ્ન પર દર્શાવેલ ઊંચાઈ કરતા વધુ ઊંચું હોય તો પ્રવેશ કરશો નહીં.

શોલ્ડરના ચિહ્નો
આ ચિહ્નો એવા સ્થળોની પહેલાં મૂકવામાં આવે છે જ્યાં શોલ્ડર રસ્તા કરતા નીચા હોય અથવા શોલ્ડર નરમ હોય (પાથરેલા ન હોય). જ્યાં શોલ્ડર રસ્તાના સ્તરથી ત્રણ (3) ઇંચ જેટલા નીચે હોય ત્યાં **નીચા શોલ્ડરના** ચિહ્નનો ઉપયોગ થાય છે. **શોલ્ડર ડ્રૉપ ઑફ** ચિહ્નનો ઉપયોગ વધુ ગંભીર ડ્રૉપ-ઑફ પરિસ્થિતિઓ માટે થાય છે.
જો તમારું વાહન રસ્તા પરથી નીચે ઉતરી જાય અને એક (1) પૈડું નીચા શોલ્ડર અથવા નરમ શોલ્ડરમાં ઉતરી જાય, તો જોરથી બ્રેક લગાવશો નહીં અથવા રસ્તા પર પાછા આવવા માટે ઝડપથી સ્ટીયરિંગ ફેરવશો નહીં — તમે સરળતાપૂર્વક તમારા વાહન પરનો કાબૂ ગુમાવી શકો છો! ફુટપાથ પરથી નીચે ઉતરી ગયા હો તેમાંથી સુરક્ષિત રીતે કેવી રીતે પાછા આવવું તે વિશેની માહિતી માટે પ્રકરણ 3નો સંદર્ભ લો.

ટેકરી/ઉતરતો ઢોળાવ
આગળ એક તીવ્ર ઢાળવાળી ટેકરી છે.
ધીમા પડો અને તમારી ઝડપને નિયંત્રણમાં લાવવા માટે અને તમારી બ્રેક્સનો ઘસારો બચાવવા માટે નીચલા ગીયરમાં બદલવા તૈયાર રહો.

આગળ ટ્રાફિક સિગ્નલ છે
આગળના આંતરછેદ પર ટ્રાફિક સિગ્નલ છે. વળાંક કે ટેકરીને કારણે તમે તેને જોઈ ન શકો તેવું બની શકે છે. જો લાઈટ લાલ હોય (અથવા લાઈટ હમણાં જ લીલી થઈ હોય), તો આગળ વાહનોની કતાર થોભેલી હોઈ શકે. જ્યારે તમે આ ચિહ્ન જુઓ, ત્યારે ધીમા પડો અને જો જરૂરી હોય તો થોભવાની તૈયારી કરો.



આગળ થોભો ચિહ્ન
આગળના આંતરછેદ પર એક **થોભો** ચિહ્ન છે. કોઈ વળાંક, ટેકરી અથવા તમારી દૃષ્ટિને અવરોધતી બીજી કોઈ વસ્તુને કારણે તમે તેને જોઈ ન શકો તેવું બની શકે છે. તમે જોઈ ન શકો તેવા **થોભો** ચિહ્નથી આગળ વાહનોની કતાર પણ થોભેલી હોઈ શકે. જ્યારે તમે આ ચિહ્ન જુઓ, ત્યારે થોભવાની તૈયારી સાથે ધીમા પડો.

આગળ સાયકલ ક્રોસિંગ છે
આગળ સાયકલ સવારો તમારો રસ્તો ઓળંગી રહ્યાં હોય તેવું બની શકે છે. જો જરૂરી હોય તો, ધીમા પડવા માટે તૈયાર રહો. આ ચિહ્નની પૃષ્ઠભૂમિ પીળી (બતાવ્યા પ્રમાણે) અથવા તો ફ્લોરોસન્ટ પીળી-લીલી પૃષ્ઠભૂમિ હોઈ શકે.

આગળ રેલરોડ ક્રોસિંગ છે
તમે રેલરોડ ક્રોસિંગ પાસે પહોંચી રહ્યાં છો. જ્યારે તમે આ ચિહ્ન જુઓ, ત્યારે ટ્રેન માટે જોવાનું અને સાંભળવાનું શરૂ કરો. આ ચિહ્ન એટલું આગળ મૂકવામાં આવે છે કે જો જરૂરી હોય તો, તમે પાટા સુધી પહોંચતા પહેલા થોભી શકો છો. રેલરોડ ક્રોસિંગ સલામતી વિશે વધુ માહિતી માટે પ્રકરણ 3નો સંદર્ભ લો.



આંતરછેદ/રેલરોડ ક્રોસિંગના આગોતરા ચિહ્ન
આંતરછેદ થતા રસ્તા પર આંતરછેદથી ખૂબ જ ટૂંકા અંતરે એક રેલરોડ ક્રોસિંગ છે. જો તમે વળીને આંતરછેદ થતા રસ્તા પર દાખલ થવાનું આયોજન કરી રહ્યા હો અને જો કોઈ ટ્રેન આવી રહી હોય, તો થોભવા માટે તૈયાર રહો.

સાયકલ/મોટર વાહને રસ્તો શેર કરવો.
રોડવે શેર કરવા સાયકલ ચાલકોને પૂરતી જગ્યા પૂરી પાડવા માટે, એક મોટરચાલક તરીકે તમને ચેતવણી આપવા માટે રોડવે પિંચ પોઇન્ટ (કોઇ શોલ્ડર, સાંકડી લેન વિગેરે વિનાની જગ્યા) પર ઉપયોગ કરવામાં આવે છે.

રાહદારીઓ માટે ક્રોસિંગ
અંકિત કરેલા ક્રોસવોક પર અથવા જ્યાં રાહદારીઓ તમારો રસ્તો પાર કરી રહ્યાં હોય તેવા સ્થળોની પહેલાં ઉપયોગ કરવામાં આવે છે. જો જરૂરી હોય તો, ધીમા પડવા અથવા થોભવા માટે તૈયાર રહો. આ ચિહ્ન પીળી પૃષ્ઠભૂમિ (બતાવ્યા પ્રમાણે) અથવા તો ફ્લોરોસન્ટ પીળી-લીલી પૃષ્ઠભૂમિ ધરાવતી હોઈ શકે.

શાળા
આ રસ્તા પર ઉપયોગ કરવામાં આવતું એકમાત્ર પંચકોણ આકારનું ચિહ્ન છે. તેનો અર્થ છે કે તમે શાળા વિસ્તારની નજીક આવી રહ્યા છો. જો આ ચિહ્ન સાથે નીચે તરફ નિર્દેશ કરતું તીર હોય, તો તેનો અર્થ છે કે તમે શાળા વિસ્તારના ક્રોસવોક પર છો. તમારે ધીમા પડવું જોઈએ, બાળકો રસ્તો ક્રોસ કરે છે કે કેમ તે જોવું જોઈએ અને જો જરૂરી હોય તો થોભી જવું જોઈએ. આ ચિહ્ન પીળી પૃષ્ઠભૂમિ (બતાવ્યા પ્રમાણે) અથવા તો ફ્લોરોસન્ટ પીળી-લીલી પૃષ્ઠભૂમિ ધરાવતી હોઈ શકે.

ઘોડાથી ચાલતા વાહનો
આ ચિહ્ન એવા વિસ્તારોમાં લગાવવામાં આવે છે જ્યાં ધીમી ગતિએ ચાલતા, ઘોડાથી ચાલતા વાહનો રસ્તાને ક્રોસ કરે છે અથવા મોટરવાળા વાહનો સાથે રસ્તો શેર કરે છે.

રોડવેની બાજુમાં આવેલી વસ્તુઓ

રસ્તાના કિનારાની નજીક આવેલી વસ્તુઓ માટે સંભવિત જોખમ હોવા વિશે ડ્રાઇવરોને ચેતવણી આપવા માટે ક્યારેક માર્કરની જરૂર પડે છે. તેમાં અંડરપાસ સપોર્ટ, પુલના છેડા, ગાઇડરેઇલ અને અન્ય માળખાંનો સમાવેશ થાય છે. કેટલાક કિસ્સાઓમાં, કોઈ ભૌતિક વસ્તુ સામેલ ન હોઈ શકે, પરંતુ રસ્તાની બાજુની સ્થિતિ સામેલ હોઈ શકે છે જેમ કે ડ્રોપ-ઓફ અથવા રસ્તાની ગોઠવણીમાં ઓચિંતો બદલાવ. રસ્તાની બાજુ પર આવેલી આવી વસ્તુઓ અને પરિસ્થિતિઓને નીચેના માર્કર્સ દ્વારા સૂચિત કરવામાં આવે છે, જેમાં પટ્ટાઓ નીચે તરફ વળેલા હોય છે તે દિશામાં તમારે જોખમ ટાળવા માટે ખસવું જરૂરી હોય છે:



જમણી બાજુ જોખમ છે, ડાબી બાજુ રહો



મધ્યમાં જોખમ છે, ડાબી અથવા જમણી બાજુ રહો



ડાબી બાજુ જોખમ છે, જમણી બાજુ રહો

કાર્યક્ષેત્રના ચિહ્નો (કાર્યક્ષેત્ર અને બાંધકામ ક્ષેત્રના ચિહ્નો)

કાર્યક્ષેત્રના ચિહ્નો સામાન્ય રીતે ચેતવણી ચિહ્નો જેવા હીરા આકારના હોય છે, પરંતુ તે કાળા અક્ષરો સાથે પીળા રંગને બદલે કાળા અક્ષરો સાથે નારંગી રંગના હોય છે. આ ચિહ્નો એવા જાળવણી, બાંધકામ અથવા યુટિલિટી વિસ્તારોની ઓળખ આપે છે જ્યાં કામદારો અથવા સાધનો રસ્તા પર અથવા નજીક હોઈ શકે છે. આ ચિહ્નો દેખાય ત્યારે સાવધ રહો અને ધીમા પડો.

કાર્યક્ષેત્રમાંથી મુસાફરી કરતી વખતે, ભલે દિવસનો કોઈપણ સમય હોય, તમારી હેડલાઇટ ચાલુ કરો. આ ફક્ત સક્રિય કાર્યક્ષેત્રો માટે જ નહીં, પરંતુ **પોસ્ટ** કરેલા બધા કાર્યક્ષેત્રો માટેનો કાયદો છે. હેડલાઇટનો ઉપયોગ કરવાથી તમારું વાહન અન્ય ટ્રાફિક તેમજ હાઇવે કામદારોને સહેલાઇથી નજરે ચડે છે. જો તમને કાર્યક્ષેત્રમાં ટ્રાફિકનું ઉલ્લંઘન કરવા બદલ પોલીસ રોકે અને તમારા વાહનની હેડલાઇટ ચાલુ ન હોય, તો તમને વધારાના $25નો દંડ ફટકારવામાં આવશે.

આ **કાર્યક્ષેત્ર** ચિહ્નો સક્રિય કાર્યક્ષેત્રની શરૂઆત અને અંતમાં મૂકવામાં આવે છે. એક સક્રિય કાર્યક્ષેત્રનો અર્થ છે કાર્યક્ષેત્રનો એક એવો ભાગ જ્યાં બાંધકામ, જાળવણી અથવા યુટિલિટી કામદારો રસ્તા પર હોય અથવા હાઇવેના શોલ્ડર પર ખુલ્લા ટ્રાવેલ લેનની બાજુમાં હોય.

આગળ રસ્તાનું કામ ચાલુ છે
આ ચિહ્ન તમને જણાવે છે કે આગળ રસ્તાનું કામ ચાલી રહ્યું છે અને તમને ધીમા પડવા માટે ચેતવણી પણ આપે છે.

આગળ લેન બંધ છે
આ ચિહ્ન તમને જણાવે છે કે આગળ નિર્દિષ્ટ અંતરે કોઈ ચોક્કસ લેન બંધ હશે.

પૂરને કારણે રસ્તો બંધ છે
આ ચિહ્ન તમને જણાવે છે કે પૂરને કારણે આગળ રસ્તો બંધ છે. તમારે વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવો જરૂરી હોય છે. જો રસ્તો પૂરમાં ડૂબેલો હોય તો શું કરવું, તે વિશે પ્રકરણ 3નો સંદર્ભ લો.

આગળ કામદારો છે
કામદારો રસ્તા ઉપર અથવા તેની ખૂબ નજીક હોઈ શકે છે, તેથી આ વિસ્તારમાંથી મુસાફરી કરતી વખતે ખાસ કાળજી રાખો.

શું તમે જાણો છો?
કાર્યક્ષેત્રમાં વધુ ગતિએ અથવા અસુરક્ષિત રીતે વાહન ચલાવતા વાહનચાલકો વિશે પોલીસને જાણ કરવા માટે હાઇવે કામદારો પાસે ફોર્મ હોય છે, જે પછી ટિકિટ જારી કરી શકે છે, જે દંડ અને પોઈન્ટમાં પરિણમી શકે છે.

આગળ ફ્લેગર છે (આગળ રસ્તાનું બાંધકામ ચાલુ છે)
ડાબી બાજુનું ચિહ્ન બતાવે છે કે આગળ એક ફ્લેગર ટ્રાફિકને નિયંત્રિત કરે છે. જમણી બાજુ બતાવ્યા પ્રમાણે, ઝંડી ધારકો તમને રોકવા અથવા ધીમા પડવાનો સંકેત આપવા માટે થોભો અને ધીમા પડો પેડલ્સ અથવા લાલ ઝંડીનો ઉપયોગ કરે છે. કાર્યક્ષેત્રની નજીક પહોંચતી વખતે અને ત્યાંથી મુસાફરી કરતી વખતે ઝંડી ધારકો પર ખાસ ધ્યાન આપો.

ટ્રાફિકે થોભવું અને રાહ જોવી જરૂરી છે

ટ્રાફિકે ધીમે ચાલવું જરૂરી છે

ઇલેક્ટ્રિક એરો પેનલ્સ

રસ્તામાં મૂકવામાં આવેલા અથવા વાહનો પર લગાવેલા મોટા ઇલેક્ટ્રોનિક ઝબૂકતા એરોની પેનલ્સ (જમણે કે ડાબે ખસો/મર્જ કરો) આવી રહેલા વાહન ચાલકોને લેન બંધ થવા વિશે સૂચના આપે છે. આ ચિહ્નની પહેલાંથી તમારા મર્જની શરૂઆત કરો. આકૃતિમાં જમણી બાજુએ બતાવેલ સંદેશાઓમાંથી કોઈપણ એક દર્શાવતું તીર પેનલ (ચેતવણી) સૂચવે છે કે આગળ મુસાફરીની લેનની બાજુમાં કામ ચાલુ હોય તેવો વિસ્તાર છે. વધારે સાવધાની રાખીને વાહન ચલાવો.



ચેનલિંગ ઉપકરણો

બેરલ, ટ્યુબ, કોન અને વર્ટિકલ પેનલ એ એવા બધા ઉપકરણો છે જેનો ઉપયોગ કાર્યક્ષેત્રમાં બદલતી ટ્રાફિક પેટર્ન વિશે તમને માર્ગદર્શન આપવા અને રસ્તાના કામ સાથે સંકળાયેલા જોખમોથી દૂર રાખવા માટે થાય છે.



માર્ગદર્શક ચિહ્નો

માર્ગદર્શક ચિહ્નો એકબીજાને છેદતા રસ્તાઓ વિશે માહિતી પૂરી પાડે છે, તમને શહેરો અને નગરો તરફ દોરી જાય છે અને હાઇવે પરના રસપ્રદ સ્થળો દર્શાવે છે. માર્ગદર્શક ચિહ્નો તમને હૉસ્પિટલો, સર્વિસ સ્ટેશનો, રેસ્ટોરાં અને મોટેલ શોધવામાં પણ મદદ કરે છે. સામાન્ય રીતે આ ચિહ્નો આડા લંબચોરસ હોય છે.

હાઇવે/એક્સપ્રેસવે માર્ગદર્શક ચિહ્નો

નીચેના ત્રણ ચિહ્નો હાઇવે અને એક્સપ્રેસવેના માર્ગદર્શક ચિહ્નોના ઉદાહરણો છે. તે લીલા રંગના હોય છે જેમાં સફેદ અક્ષરો હોય છે. મોટાભાગના હાઇવે અને એક્સપ્રેસવેના ચિહ્નો સમાન રીતે પોસ્ટ કરેલા હોય છે. ઉદાહરણ તરીકે, સામાન્ય રીતે એક એડવાન્સ ચિહ્ન હોય છે જેના પછી બીજું એડવાન્સ ચિહ્ન આવે છે. ત્યારબાદ બહાર નીકળવાના માર્ગ પર ત્રીજું ચિહ્ન લગાવવામાં આવે છે. હાઇવે પર વધુ ગતિ અને ભારે ટ્રાફિકને કારણે ડ્રાઇવરો એક ચિહ્ન જોવાનું ચૂકી શકે છે, તેથી અનેક ચિહ્નો જરૂરી હોય છે. તે ઉપરાંત, વાહનચાલકોને બહાર નીકળવા માટે એક અથવા વધુ લેન બદલવાની જરૂર પડી શકે છે.

બહાર નીકળવાના માર્ગની સંખ્યાઓ

બહાર નીકળવાના માર્ગની સંખ્યાઓ માઇલ માર્કર્સ સાથે સુસંગત હોય છે. આ ફેરફાર મોટરચાલકોને બહાર નીકળવાના માર્ગો વચ્ચેના અંતરની ઝડપથી ગણતરી કરવા સમર્થ બનાવે છે, દા.ત., બહાર નીકળવાનો માર્ગ 95 અને બહાર નીકળવાનો માર્ગ 20 વચ્ચેનું અંતર 75 માઇલ છે.

જો હાઇવે સાઇન પર **માત્ર બહાર નીકળવા માટે** સંદેશવાળીપીળી પેનલ હોય, તો તે સાઇન નીચેની લેન ઇન્ટરચેન્જમાં આગળ નહીં વધે; તેના બદલે, લેન રસ્તાની બહાર નીકળીને રેમ્પ બનાવશે. જો તમે ફક્ત **બહાર** નીકળવા માટે પોસ્ટ કરેલી લેનમાં હોવ, તો તમે લેન બદલી શકો છો અથવા જો તમે આ લેનમાં રહો તો તમારે હાઇવેમાંથી બહાર નીકળવું જરૂરી હોય છે.



તમે હાઇવેની કઈ બાજુથી બહાર નીકળશો એ તમને જણાવવા માટે અહીં કેટલીક ટિપ્સ આપી છે:

રૂટ 22 માટે બહાર નીકળવાનો માર્ગ 13 હાઇવેની ડાબી બાજુએ હશે.

રૂટ 22 માટે બહાર નીકળવાનો માર્ગ 7 હાઇવેની જમણી બાજુએ હશે.

- જો બહાર નીકળવાનો રસ્તો હાઇવેની **ડાબી** બાજુએ હશે, તો લીલા લંબચોરસ ચિહ્નની ટોચ પર આવેલી નાની લીલી બહાર નીકળવાના માર્ગની સંખ્યાની નિશાની તે ચિહ્નની**ડાબી** બાજુએ હશે.
- જો બહાર નીકળવાનો રસ્તો હાઇવેની **જમણી** બાજુએ હશે, તો લીલા લંબચોરસ ચિહ્નની ટોચ પર આવેલી નાની લીલી **બહાર નીકળવાના** માર્ગની સંખ્યાની નિશાની તે ચિહ્નની **જમણી** બાજુએ હશે.
- જો ચિહ્નમાં સફેદ તીર હોય, તો તે તીર બહાર નીકળવાની દિશામાં નિર્દેશ કરશે.

ઇન્ટરસ્ટેટ નંબરિંગ પ્રણાલી

લાલ, સફેદ અને ભૂરું શિલ્ડ ચિહ્ન દર્શાવે છે કે હાઇવે એક આંતરરાજ્ય માર્ગ છે. આ આંતરરાજ્ય માર્ગો પર ખાસ નંબર આપવામાં આવ્યા હોય છે જેથી વાહન ચાલકોને અજાણ્યા વિસ્તારોમાં રસ્તો શોધવામાં મદદ મળે. રૂટ મુખ્યત્વે પૂર્વ અને પશ્ચિમ જાય છે કે ઉત્તર અને દક્ષિણ તરફ તે બતાવવા માટે અને રૂટ પૂર્વ, મધ્ય કે પશ્ચિમ યુનાઇટેડ સ્ટેટ્સમાં છે તે બતાવવા માટે કોડનો ઉપયોગ કરવામાં આવે છે.

આંતરરાજ્ય નંબરિંગ પ્રણાલી સમજવી. જ્યારે તમે સમજી લો કે તેને કેવી રીતે તૈયાર કરવામાં આવે છે, ત્યારે આંતરરાજ્ય શિલ્ડ પરના નંબરો એક ખૂબ સારી નેવિગેશનલ સહાય બની શકે છે. તેઓ સામાન્ય રીતે આ પેટર્નને અનુસરે છે:

- એક અથવા બે-અંકના, **બેકી**-સંખ્યાવાળા આંતરરાજ્ય માર્ગો સામાન્ય રીતે પૂર્વ-પશ્ચિમ રૂટ હોય છે. રાષ્ટ્રીય સ્તરે, આ સંખ્યા દક્ષિણમાં I-10થી ઉત્તરમાં I-94 સુધી વધે છે. પેન્સિલવેનિયામાં, I-76 રાજ્યના દક્ષિણ ભાગમાં હોય છે અને I-84 અને I-80 ઉત્તર ભાગમાં હોય છે.
- એક અથવા બે અંકના, **એકી**-સંખ્યા આંતરરાજ્ય માર્ગો સામાન્ય રીતે ઉત્તર-દક્ષિણ રૂટ હોય છે. આ સંખ્યા પશ્ચિમ કિનારા I-5થી પૂર્વ કિનારા I-95 સુધી વધે છે. પેન્સિલવેનિયામાં, I-79 રાજ્યના પશ્ચિમ ભાગમાં હોય છે અને I-95 પૂર્વ ભાગમાં હોય છે.
- ત્રણ-અંકના નંબરવાળા આંતરરાજ્ય હાઇવે અન્ય મુખ્ય હાઇવે સાથે જોડાય છે. જો ત્રણ (3) અંકોમાંથી પહેલો અંક બેકી સંખ્યા હોય, તો હાઇવે સામાન્ય રીતે બંને છેડે આંતરરાજ્ય હાઇવે સાથે જોડાય છે, જેમ કે ફિલાડેલ્ફિયામાં I-276. ઘણી વખત આવા રૂટને "લૂપ્સ" અથવા "બેલ્ટવે" તરીકે ઓળખવામાં આવે છે.
- જ્યારે ત્રણ (3) અંકોમાંથી પહેલો અંક એક **એકી સંખ્યા** હોય, ત્યારે હાઇવે સામાન્ય રીતે એક "સ્પર" માર્ગ હોય છે જે ફક્ત એક (1) છેડે અન્ય આંતરરાજ્ય સાથે જોડાય છે, ક્યારેક શહેરના કેન્દ્રમાં જાય છે જેમકે વિલિયમસ્પોર્ટમાં I-180.

માઇલ માર્કર્સ

કેટલાક હાઇવે પર માઇલ માર્કર્સનો ઉપયોગ રાજ્યમાં પ્રવેશવાના બિંદુથી અથવા તેની શરૂઆતથી માઇલની સંખ્યા દર્શાવવા માટે થાય છે, જો તે રાજ્યની સરહદો સુધી વિસ્તરતો ન હોય તો. રાજ્યના પશ્ચિમ ભાગમાં પૂર્વ-પશ્ચિમ રોડવે માટે અને રાજ્યના દક્ષિણ ભાગમાં ઉત્તર-દક્ષિણ રોડવે માટે સંખ્યા શૂન્યથી શરૂ થાય છે. જેમ જેમ તમે પૂર્વ કે ઉત્તર તરફ મુસાફરી કરો તેમ તેમ આંકડો વધે છે અને જેમ જેમ તમે પશ્ચિમ કે દક્ષિણ તરફ મુસાફરી કરો તેમ તેમ આંકડો ઘટે છે. ઉદાહરણ તરીકે, જ્યારે તમે ઇન્ટરસ્ટેટ I-80 પર પશ્ચિમથી પેન્સિલવેનિયામાં પ્રવેશ કરો, ત્યારે માઇલ માર્કર્સ 1 માઇલથી શરૂ થાય છે અને પૂર્વમાં મુસાફરી કરતા વધતા જાય છે. માઇલ માર્કર્સ કેવી રીતે વાંચવા તે જાણવાથી તમે ક્યાં છો તે બરાબર જાણી શકો છો અને જો તમારે રસ્તાની બાજુમાં સહાય મેળવવા માટે ફોન કરવો પડે તો અંદાજિત સ્થાન આપી શકો છો.

રૂટ માર્કર્સ

નીચેના ચિહ્નો તમે જે રૂટ પર મુસાફરી કરી રહ્યા છો તેને દર્શાવે છે.

રૂટ માર્કર તમને બતાવે છે કે રસ્તો **યુ.એસ. ટ્રાફિક** રૂટ 22 છે.

કીસ્ટોન માર્કર તમને બતાવે છે કે રસ્તો **પેન્સિલવેનિયા ટ્રાફિક રૂટ 39 છે.**

આ રૂટ માર્કર પરની **જંક્શન પ્લેટ** બતાવે છે કે તમે યુ.એસ. ટ્રાફિક રૂટ 22ના આંતરછેદની નજીક આવી રહ્યા છો.

આ રૂટ માર્કર પરની **દિશાની પ્લેટ** બતાવે છે કે તમે યુ.એસ. ટ્રાફિક રૂટ 22 પર પશ્ચિમમાં મુસાફરી કરી રહ્યા છો.

આ રૂટ માર્કર એસેમ્બલી પરના **પૂરક તીરનો** અર્થ છે કે તમે યુ.એસ. ટ્રાફિક રૂટ 22 પશ્ચિમ પર આગળ વધવા માટે જમણા વળાંક પર આવી રહ્યા છો.

રૂટ માર્કર સાઇન અને "TO" ટ્રેલબ્લેઝર સાઇન અને પૂરક તીરનો અર્થ છે કે જો તમે યુ.એસ. ટ્રાફિક રૂટ 22માં પ્રવેશ મેળવવા માંગતા હો, તમારે આગળ વધવું જરૂરી છે.

સેવા ચિહ્નો

નિમ્નલિખિત ચિહ્નો સેવા ચિહ્નોના ઉદાહરણો છે. આ ચિહ્નો ચોરસ અથવા લંબચોરસ હોય છે અને સફેદ અક્ષરો અથવા પ્રતીકો સાથે ભૂરા રંગના હોય છે, બહાર નીકળવાના આગળના માર્ગ પર સ્થિત વિવિધ સેવાઓનું સ્થાન દર્શાવે છે.

હૉસ્પિટલ

ટેલિફોન

ખાદ્યવસ્તુ

ગૅસ

ડીઝલ

રહેવાની વ્યવસ્થા

પ્રવાસી-લક્ષી દિશાનિર્દેશ ચિહ્નો

આ ચિહ્નો ચોરસ અથવા લંબચોરસ હોય છે અને સફેદ અક્ષરો સાથે વાદળી અથવા ભૂરા હોઈ શકે છે. આ ચિહ્નો વાહન ચાલકોને સંગ્રહાલયો, ઐતિહાસિક સ્થળો અથવા રાજ્ય કે રાષ્ટ્રીય ઉદ્યાનો જેવા પ્રવાસી સ્થળો તરફ દોરે છે.

પેવમેન્ટના ચિહ્નો

મોટાભાગના રસ્તાઓ પર રસ્તાનો મધ્યભાગ, મુસાફરી માટેની લેન અથવા રસ્તાની ધાર દર્શાવવા માટે કાયમી નિશાનીઓ હોય છે. રસ્તાનો મધ્યભાગ દર્શાવતા નિશાનો સળંગ અથવા તૂટક રેખાઓ હોય છે. પેવમેન્ટની આ નિશાનીઓ ખાસ લેનનો ઉપયોગ પણ દર્શાવે છે. પીળી રેખાઓ સામી દિશાઓમાં જતા ટ્રાફિકને વિભાજીત કરે છે. પીળી રેખાઓનો ઉપયોગ બે-લેનવાળા રસ્તાઓના મધ્યભાગને અંકિત કરવા અને વિભાજિત હાઇવે, એક-માર્ગીય રસ્તાઓ અને રેમ્પની ડાબી ધારને અંકિત કરવા માટે થાય છે. સફેદ રંગની સળંગ રેખાઓ એક જ દિશામાં જતા ટ્રાફિકની લેનને વિભાજીત કરે છે. સફેદ રંગની સળંગ રેખાઓ રસ્તાની જમણી ધારને અંકિત કરવા માટે પણ ઉપયોગમાં લેવાય છે.

એક સામાન્ય નિયમ તરીકે, તૂટક ટ્રાફિક રેખાઓ ઓળંગી શકાય છે અને સળંગ રેખાઓ ઓળંગી શકાતી નથી, સિવાય કે વળાંક લેતી વખતે. વિવિધ પેવમેન્ટ ચિહ્નો અને તેમના અર્થોના કેટલાક ઉદાહરણો નીચે મુજબ છે:



એક તૂટક પીળી મધ્ય રેખા, બે-માર્ગી, બે-લેનના રસ્તાનો મધ્યભાગ દર્શાવે છે. જો સલામત પરિસ્થિતિઓ હોય તો, બંને બાજુથી આગળ નીકળવાની પરવાનગી હોય છે. આગળ નીકળતી વખતે, તમારે સામે આવતા ટ્રાફિકની લેનનો ઉપયોગ કરવો જરૂરી હોય છે.



એક બમણી, સળંગ પીળી મધ્ય રેખા બે-માર્ગી રસ્તાનો મધ્યભાગ દર્શાવે છે. ભલે તેના પર **નો પાસિંગ** ચિહ્ન ન હોય, પરંતુ આ રીતે અંકિત થયેલા રસ્તાઓ પર બંને દિશામાં જતા ટ્રાફિકથી આગળ નીકળવાની પરવાનગી હોતી નથી.



સળંગ પીળા રંગની અને તૂટક પીળી મધ્યરેખાનું મિશ્રણ પણ બે-માર્ગી રસ્તાનો મધ્યભાગ દર્શાવે છે. જો તૂટક રેખા રસ્તા પર તમારી તરફ હોય અને સલામત પરિસ્થિતિઓ હોય તો તમે આગળ નીકળી શકો છો, પરંતુ જ્યારે સળંગ પીળી રેખા રસ્તાની તમારી તરફ હોય ત્યારે તમે આગળ નીકળી શકો નહીં.



આવી માર્કિંગ પેટર્ન ઘણા ત્રણ-લેન અથવા પાંચ-લેનના હાઇવે પર જોવા મળી શકે છે. સળંગ પીળી મધ્ય રેખાનો અર્થ છે કે તમે આગળ નીકળવા માટે મધ્ય લેનનો ઉપયોગ કરી શકો નહીં. અંદરની બાજુએ, તૂટક પીળી અને સળંગ પીળી મધ્ય રેખાઓ દર્શાવે છે કે બંને દિશામાં મુસાફરી કરતા વાહનો મધ્ય લેનનો ઉપયોગ ફક્ત ડાબે વળાંક લેવા માટે જ કરી શકે છે. સેન્ટર ટર્ન લેનનો સુરક્ષિત રીતે ઉપયોગ કરવા વિશે વધુ માહિતી માટે પ્રકરણ 3 જુઓ.



મધ્યભાગ (મધ્ય ડિવાઇડર) વગરના અનેક લેનવાળા હાઇવે ઘણીવાર બતાવ્યા પ્રમાણે ચિહ્નિત કરવામાં આવે છે. તૂટક સફેદ રેખાઓ દર્શાવે છે કે તે જ દિશામાં મુસાફરી કરતા વાહનો કઈ લેનનો ઉપયોગ કરી શકે છે. તમે તૂટક સફેદ રેખાઓ પાર કરી શકો છો (ખાતરી કરો કે પાર કરો તે લેન ખાલી હોય), પરંતુ તમે બેવડી પીળી મધ્ય રેખાઓ પાસ કરીને પાર કરી શકો નહીં. પીળી મધ્ય રેખાની ડાબી બાજુની લેનમાં ટ્રાફિક સામી દિશામાં જઈ રહ્યો હોય છે.



આ પેટર્નનો ઉપયોગ મોટાભાગના મર્યાદિત પ્રવેશ હાઇવે પર મધ્યરેખા (મધ્ય ડિવાઇડર) સાથે થાય છે. રસ્તાની જમણી ધાર એક સળંગ સફેદ રેખાથી અંકિત કરેલી હોય છે. દરેક બાજુની ડાબી ધાર એક સળંગ પીળી રેખાથી અંકિત કરેલી હોય છે. દરેક બાજુ માટેની ટ્રાફિક લેન તૂટક સફેદ રેખાઓથી અંકિત કરેલી હોય છે, જેને ઓળંગી શકાય છે.

પેવમેન્ટ પરના ચિહ્નોમાં પેવમેન્ટ પર દોરેલા શબ્દો અને નિયમનકારી તેમજ ચેતવણી ચિહ્નો પર પોસ્ટ કરેલા સંદેશાઓને પૂરક બનાવતા તીરનો સમાવેશ પણ થાય છે. ઉદાહરણોમાં **થોભો** સાઇન ધરાવતા આંતરછેદ પહેલાં **આગળ થોભો, માર્ગ આપો** અથવા પૂરી લેન પર સફેદ ત્રિકોણ દોરેલા સામેલ હોય છે જે દર્શાવે છે કે તમારે નજીક આવતા ટ્રાફિકને આવવા-જવાની જગ્યા આપવી જરૂરી છે, **શાળા** શાળા ઝોન પહેલાં, **R X R** રેલ્વે ક્રોસિંગ પહેલાં, **બાઇક લેન** સાયકલ ચાલકોની આરક્ષિત લેન માટે, **ફક્ત** ડાબા અથવા જમણા તીર સાથેની લેન ફક્ત વળાંક માટે આરક્ષિત છે તે દર્શાવવા માટે અને મોટા સફેદ તીર સાથે એક-માર્ગીય રસ્તાઓ અને હાઇવે ઓફ-રેમ્પ પર મુસાફરીની દિશા સૂચવવા માટે સામેલ હોય છે.

પ્રકરણ 2 સમીક્ષા પ્રશ્નો



1. જ્યારે તમે આ ચિહ્ન જુઓ, ત્યારે જરૂરી હોય છે કે તમે:
- A. સંપૂર્ણપણે થોભી જાઓ, રાહદારીઓ છે કે નહીં એ તપાસો અને ટ્રાફિક પાર કરો
- B. સંપૂર્ણપણે થોભ્યા વિના ધીમા પડો
- C. સંપૂર્ણપણે થોભી જાઓ અને લીલી લાઇટ થાય તેની રાહ જુઓ
- D. ધીમા પડો અને ટ્રાફિક તપાસો

2. આ __________ ચિહ્નનો આકાર અને રંગ છે.
- A. થોભો
- B. ખોટો રસ્તો
- C. અગ્રતા આપવી.
- D. દાખલ થશો નહીં

3. આ ચિહ્નનો અર્થ છે:
- A. થોભો
- B. કોઇ યુ-ટર્ન નથી
- C. અગ્રતા આપવી.
- D. પ્રવેશ કરશો નહીં

4. આ ચિહ્નનો અર્થ છે:
- A. કોઈ યુ-ટર્ન નથી
- B. વળાંક નથી
- C. ડાબે વળાંક નથી
- D. જમણે વળાંક નથી

5. આ ચિહ્નનો અર્થ છે:
- A. કોઈ યુ-ટર્ન નથી
- B. ડાબે વળાંક નથી
- C. જમણે વળાંક નથી
- D. વળાંક નથી



6. આ સંકેતનો અર્થ છે:
- A. તમારે ડાબે કે જમણે વળવું જરૂરી છે
- B. તમે ટી-ઇન્ટરસેક્શન પાસે આવી રહ્યા છો
- C. તમે જે રસ્તા પર છો તે વિભાજિત હાઇવેને છેદે છે.
- D. વિભાજિત હાઇવે ઉપર એક ઓવરપાસ હોવાનું જણાવે છે

7. સફેદ લાકડીનો ઉપયોગ કરતા રાહદારીની નજીક વાહન ચલાવતી વખતે તમારે વધારાની સાવધાની રાખવી જરૂરી હોય છે કારણ કે:
- A. તેઓ બહેરા છે
- B. તેઓ માનસિક વિકલાંગતા ધરાવે છે
- C. તેઓ અંધ છે
- D. તેમને ચાલવાની સમસ્યા છે

8. જેમના હાથમાં સફેદ લાકડી હોય અથવા માર્ગદર્શક કૂતરાંનો ઉપયોગ કરતાં હોય તેવા અંધ રાહદારી નજીક ડ્રાઇવિંગ કરતી વખતે, તમારે આમ કરવું જોઈએ:
- A. ધીમા પડો અને થોભવા માટે તૈયાર રહો
- B. પહેલા પસાર થવાનો અધિકાર વાપરો
- C. સામાન્ય રીતે આગળ વધો
- D. ઝડપથી વાહન ચલાવો.

9. જો રેલરોડ ક્રોસિંગ પર કોઈ સિગ્નલ ન હોય, તો તમારે આમ કરવું જોઇએ:

A. જો તમને કોઈ ટ્રેન નજીક આવતી દેખાય કે સંભળાય તો ધીમા પડો અને થોભવાની તૈયારી કરો.
B. પાટા પરથી શક્ય તેટલી ઝડપથી આગળ વધો
C. સામાન્ય ઝડપે ક્રોસિંગ પરથી આગળ વધો
D. પાટા પરથી ધીમે ધીમે આગળ વધો

10. તમે રેલરોડ ક્રોસિંગ પર દરવાજાઓની આસપાસ વાહન ચલાવી શકો છો:

A. જ્યારે ટ્રેન પસાર થઈ જાય ત્યારે
B. ક્યારેય નહીં
C. જ્યારે લાઈટો ઝબૂકતી બંધ થઈ જાય ત્યારે
D. જ્યારે અન્ય ડ્રાઇવરો દરવાજાઓની આસપાસ વાહન ચલાવે ત્યારે

11. જો તમે તમારી લેન ઉપર આ નિશાની જુઓ, તો તમે:

A. આ લેનમાં ફ્રીવેમાંથી બહાર નીકળી શકો નહીં
B. ઇન્ટરચેન્જ વડે આગળ વધી શકો છો અથવા આ લેનમાં ફ્રીવેમાંથી બહાર નીકળી શકો છો.
C. આ લેનમાં રહી શકો છો અને ઇન્ટરચેન્જ દ્વારા આગળ વધી શકો છો
D. જો તમે આ લેનમાં રહો, તો ફ્રીવેમાંથી બહાર નીકળવું જરૂરી હોય છે

12. હાઇવે અને એક્સપ્રેસવે માર્ગદર્શક ચિહ્નો આ મુજબના હોય છે:

A. કાળા અક્ષરોવાળુ નારંગી
B. સફેદ અક્ષરોવાળુ લીલું
C. કાળા અક્ષરોવાળુ પીળુ
D. સફેદ અક્ષરોવાળુ લાલ

13. આ ચિહ્નનો ઉપયોગ ડ્રાઇવરોને ચેતવણી આપવા માટે થાય છે:

A. આગામી આંતરછેદો
B. રસ્તાનું બાંધકામ
C. આગળ રસ્તાના વળાંકો છે
D. ટ્રાફિક લેનના બદલાવો

14. આ ચિહ્ન તમને કહે છે કે:

A. આ રસ્તા પર કોઈ વળાંક લેવાની પરવાનગી નથી
B. આગળ રસ્તો સાંકડો છે
C. આગળ શ્રેણીબદ્ધ વળાંકો છે
D. જ્યારે ભીનો હોય ત્યારે રસ્તો લપસણો હોઈ શકે છે

15. આ ચિહ્નનો અર્થ છે:

A. આગળ ડાબો વળાંક છે
B. શ્રેણીબદ્ધ વળાંકો છે
C. આગળ S આકારનો વળાંક છે
D. જ્યારે ભીનો હોય ત્યારે લપસણો હોય છે

16. આ ચિહ્ન સૂચવે છે કે:

A. આગળ એક તીવ્ર ઢાળવાળી ટેકરી છે
B. ટેકરી પર કોઈ ટ્રકને પરવાનગી આપવામાં આવી નથી.
C. આગળ લાકડાંના વહન માટેનો રસ્તો છે.
D. ટેકરી પર ટ્રકો છે

17. પીળા અને કાળા રંગનું હીરા આકારનું ચિહ્ન:

A. તમને રસ્તા પરની અથવા તેની નજીકની પરિસ્થિતિઓ વિશે ચેતવણી આપે છે
B. તમને આગળના શહેરો અને નગરો તરફ દોરી જવામાં મદદ કરે છે
C. તમને ટ્રાફિકના કાયદાઓ અને નિયમો વિશે જણાવે છે
D. તમને આગળના રસ્તાના બાંધકામ વિશે જણાવે છે

18. આ આકાર અને રંગ સાથેનું ચિહ્ન એક __________ ચિહ્ન છે.



A. કોઈ પાસિંગ ઝોન નથી
B. ખોટો રસ્તો
C. રેલરોડ ક્રોસિંગ
D. થોભો

19. વિભાજિત હાઇવેનો છેડો દર્શાવવા માટે આમાંથી કયા ચિહ્નનો ઉપયોગ થાય છે?

1 2 3 4 

A. 2
B. 4
C. 3
D. 1

20. આ ચિહ્નનો ઉપયોગ ડ્રાઇવરોને નીચેની ચેતવણી આપવા માટે થાય છે:

A. લેન સમાપ્ત થાય છે, ડાબી બાજુ મર્જ કરો.
B. આગળ રસ્તાના વળાંકો છે
C. આગામી આંતરછેદ
D. રસ્તાનું બાંધકામ

21. આ ચિહ્ન આનો એક પ્રકાર દર્શાવે છે:

A. આંતરછેદ
B. રસ્તાનો વળાંક
C. જમણી બાજુનો વળાંક
D. લેન બદલો

22. આ ચિહ્ન આનો એક પ્રકાર દર્શાવે છે:

A. જમણી બાજુનો વળાંક
B. આંતરછેદ
C. લેન બદલો
D. રસ્તાનો વળાંક

23. આ ચિહ્ન જોયા પછી તમારે સૌથી વધુ કઇ બાબતની ચિંતા કરવી જોઈએ?

A. તમારી કારની એક બાજુ બીજી બાજુ કરતાં ઊંચી હોવાથી હેડલાઇટ્સ ગોઠવણમાં નથી, તેવી સ્થિતિમાં વાહન ચલાવવું.
B. જો તમે રસ્તા પરથી ઉતરી જાઓ, તો તમારા ટાયરને નુકસાન થઈ શકે છે.
C. હાઈડ્રોપ્લાનીંગ, જો શોલ્ડર પર પાણી હોય તો
D. ઢાળને કારણે જો તમે કિનારી પરથી સરકી જાઓ, તો તમારા વાહન પરનો કાબુ ગુમાવવો.

24. આ ચિહ્નનો અર્થ શું છે?



A. આગળનું ટ્રાફિક સિગ્નલ લાલ છે
B. આગળનું ટ્રાફિક સિગ્નલ તૂટેલું છે
C. આગળનું ટ્રાફિક સિગ્નલ લીલું છે
D. આગળ ટ્રાફિક સિગ્નલ છે

25. આ ચિહ્નનો અર્થ છે:

A. વિભાજિત હાઇવે સમાપ્ત થાય છે
B. એક-માર્ગી રસ્તો શરૂ થાય છે
C. એક-માર્ગી રસ્તો સમાપ્ત થાય છે
D. વિભાજિત હાઇવે શરૂ થાય છે

26. ઉપરથી નીચે સુધી, ટ્રાફિક લાઇટ માટે યોગ્ય ક્રમ નીચે મુજબ હોય છે:



A. લાલ, પીળી, લીલી
B. લાલ, લીલી, પીળી
C. લીલી, લાલ, પીળી
D. લીલી, પીળી, લાલ

27. જો લીલું તીર લીલી લાઇટમાં ફેરવાય, તો તમેઃ

A. હજુ પણ વળાંક લઈ શકાય છે, પરંતુ તમારે આવતા ટ્રાફિકને માર્ગ આપવો જરૂરી હોય છે.
B. હવે વળી શકાય નહીં અને સીધા આગળ વધવું જરૂરી હોય છે
C. હજુ પણ વળવાનો અધિકાર છે
D. હવે તીર સૂચવે તે મુજબ રસ્તો બદલવો જરૂરી નથી

28. ચાર રસ્તા પર સ્થિર પીળી લાઇટ એટલેઃ

A. જાઓ
B. અન્ય કારને માર્ગ આપો
C. ગતિ ધીમી કરો અને થોભવા માટે તૈયાર રહો
D. થોભો

29. ઝબૂકતા પીળા તીરનો અર્થ છે કે તમારેઃ

A. લીલું તીર દેખાય ત્યારે થોભવું જોઈએ અને વળાંક સાથે આગળ વધવું જોઈએ
B. ગતિ ધીમી કરવી જોઈએ અને થોભવાની તૈયારી કરવી જોઈએ
C. વળી શકો છો, પરંતુ પહેલા આવતા ટ્રાફિક અને રાહદારીઓને રસ્તો આપવો જરૂરી હોય છે
D. વળવાનો અધિકાર છે

30. ઝબૂકતી પીળી લાઇટનો અર્થ છે કે તમારે આમ કરવું જોઈએઃ

A. ગતિ ધીમી કરો અને સંભાળીને આગળ વધો
B. જો રસ્તો સાફ હોય તો આગળ વધો
C. થોભો અને લીલી લાઈટ દેખાય ત્યારે આગળ વધો
D. થોભો અને રસ્તો ખાલી થાય ત્યારે આગળ વધો

31. જ્યારે તમે આ જુઓ ત્યારે તમારે થોભવું જોઈએઃ

A. ઝબૂકતી લાલ લાઇટ
B. સ્થિર પીળી લાઇટ
C. પીળું તીર
D. ઝબૂકતી પીળી લાઇટ

32. ચાર રસ્તા પર સ્થિર લીલી લાઇટ હોવાનો અર્થ છે કે તમારેઃ

A. ગતિ ધીમી કરવી જોઈએ અને થોભવા માટે તૈયાર રહેવું જોઈએ
B. થોભવું જોઈએ અને આગળ વધતા પહેલા આવતા ટ્રાફિકનું ધ્યાન રાખવું જોઈએ
C. જો રસ્તો ખાલી હોય તો આંતરછેદ પરથી વાહન ચલાવી શકો છો
D. જમણી બાજુ વળી શકાય નહીં

33. સ્થિર પીળી લાઇટનો અર્થ છે કે _________ લાઇટ ટૂક સમયમાં દેખાશે.

A. ઝબૂકતી પીળી
B. સ્થિર લીલી
C. સ્થિર લાલ
D. ઝબૂકતી લાલ

34. તમે પીળી લાઈટ થાય ત્યારે કાળજીપૂર્વક આગળ વધી શકો છો જોઃ

A. તમારી લેનમાંથી કોઇ ઇમરજન્સી વાહન પસાર થઈ રહ્યું હોય
B. કોઈ રાહદારીઓ ક્રોસ કરતા ન હોય
C. તમે જમણે વળી રહ્યા હો
D. તમે ચાર રસ્તાની અંદર હો

35. લાલ લાઇટમાં તમે ડાબી બાજુ વળી શકો છો જોઃ

A. વિરુદ્ધ દિશામાં કોઈ ટ્રાફિક આવી રહ્યો ન હોય
B. તમે બે-માર્ગી રસ્તાથી એક-માર્ગી રસ્તા પર વળી રહ્યા હો
C. તમે એક-માર્ગી રસ્તાથી બીજા એક-માર્ગી રસ્તા તરફ વળી રહ્યા હો
D. તમારી સામેની કાર ડાબી બાજુ વળતી હોય

36. જો ટ્રાફિક લાઈટ તૂટી ગઈ હોય અથવા કામ ન કરતી હોય તો તમારે:
- A. થોભવું જોઇએ અને તે રિપેર થાય ત્યાં સુધી રાહ જોવી જોઇએ
- B. થોભવું જોઇએ અને પોલિસ અધિકારી આવે તેની રાહ જોવી જોઇએ
- C. ચાર રસ્તા પર થોભોનું ચિહ્ન હોય તેમ આગળ વધવું જોઇએ
- D. તમે સામાન્ય રીતે આગળ વધતા હો તેમ વધવું જોઇએ

37. તમે લાલ લાઇટ થાય ત્યારે જમણી બાજુ વળી શકો છો જો તમે:
- A. પહેલા થોભો અને ટ્રાફિક તેમજ રાહદારીઓને જુઓ.
- B. જમણે વળાંક લેવા માટે લાલ તીર હોય
- C. ડાબી લેનમાં હો
- D. પહેલા ગતિ ધીમી કરો

38. લીલી લાઇટ પર જમણી બાજુ વળતી વખતે, તમારે:
- A. સામાન્ય ડ્રાઇવિંગ ગતિ જાળવી જરૂરી હોય છે
- B. થોભવું અને આવતા ટ્રાફિકનું ધ્યાન રાખવું જરૂરી હોય છે
- C. રાહદારીઓને રસ્તો આપવો જરૂરી હોય છે
- D. તમારી સામાન્ય ડ્રાઇવિંગની ગતિમાં વધારો કરવો જરૂરી હોય છે

39. જ્યારે સ્કૂલ ઝોન સ્પીડના ચિહ્ન પર પીળી લાઇટ ઝબૂકતી હોય ત્યારે ગતિ મર્યાદા પ્રતિ કલાક __________ માઇલ હોય છે.
- A. 25
- B. 15
- C. 20
- D. 35

40. રેલરોડ ક્રોસિંગ પર ઝબૂકતી લાલ લાઇટનો અર્થ છે:
- A. થોભો, સિગ્નલ પૂર્ણ ન થાય ત્યાં સુધી આગળ વધશો નહીં.
- B. ગતિ ધીમી કરો અને રસ્તો ખાલી હોય તો આગળ વધો
- C. સાવધાની સાથે આગળ વધો
- D. પહેલાં જવાનો અધિકાર તમારો છે

41. લેન પરનું આ લીલું તીર નિયંત્રણ ચિહ્નનો ઉપયોગ કરે છે તેનો અર્થ છે કે:

- A. તમે આ લેનનો ઉપયોગ કરી શકો છો
- B. આ લેનમાં કોઈ ટ્રાફિકને મંજૂરી નથી
- C. પહેલાં જવાનો અધિકાર તમારો છે
- D. તમારે આ લેનમાં જોડાવું જરૂરી છે

42. આ ચિહ્નનો અર્થ છે:

- A. આગળ રાહદારીઓ છે
- B. બાંધકામના ઝોનનો અંત
- C. આગળ સ્કૂલ ક્રોસિંગ છે
- D. આગળ ફ્લેગર છે

43. આ ચિહ્નનો અર્થ છે કે:

- A. એક સમુદાય સેવા સમૂહ આગળના હાઇવેની બાજુમાં કચરો ઉપાડી રહ્યું છે
- B. કામદારો આગળના કાર્ય ઝોનમાં રસ્તા પર અથવા તેની ખૂબ જ નજીક છે.
- C. આગળ બાળકો રમે છે.
- D. આગળ રાહદારીઓ માટે એક ક્રોસવોક છે.

44. જ્યારે કાર્ય ઝોનમાં તીર પેનલ નીચેનામાંથી કોઈપણ પેટર્ન બતાવે, ત્યારે તેનો અર્થ થાય છે કે:



- A. ચિહ્ન પરના બલ્બ બળી ગયા છે.
- B. સાવધાનીથી વાહન ચલાવો
- C. તુરત જ લેન બદલો
- D. તમારા રેડિયોને એવા સ્ટેશન પર ટ્યુન કરો જે ટ્રાફિક અપડેટ આપતું હોય.

45. આ દૃષ્ટાંતમાં મધ્ય લેનનો ઉપયોગ આ માટે થાય છે:

A. નિયમિત મુસાફરી
B. ફક્ત ડાબી બાજુના વળાંક
C. ફક્ત પસાર થવા
D. ફક્ત ઇમરજન્સી વાહનો

46. જો બે લેનને વિભાજીત કરતી લાઇન __________ લાઇન હોય તો તમે પસાર થઈ શકો છો.

A. તૂટક સફેદ
B. બે સળંગ પીળી
C. સળંગ પીળી
D. સળંગ સફેદ

47. એક જ દિશામાં ચાલતી ટ્રાફિકની લેન _________ લાઇન દ્વારા વિભાજિત થાય છે.

A. પીળી
B. સફેદ
C. લાલ
D. કાળી

48. તમે _________ સેન્ટરલાઇનની બંને બાજુથી બીજી કાર પસાર કરી શકતા નથી.

A. સળંગ અને તૂટક પીળીનું સંયોજન
B. એક તૂટક પીળી
C. બે સળંગ પીળી
D. એક તૂટક સફેદ

49. તમે સળંગ પીળી રેખાઓ ક્રોસ કરી શકો છો:

A. એક જ દિશામાં જતા ટ્રાફિકને પસાર કરવા માટે
B. ફક્ત દિવસના કલાકો દરમિયાન
C. કોઈપણ સમયે
D. વળાંક લેતી વખતે

50. જમણી બાજુના રસ્તાની ધાર _________ લાઇન દ્વારા ચિહ્નિત કરેલ હોય છે.

A. તૂટક સફેદ
B. સળંગ પીળી
C. સળંગ સફેદ
D. તૂટેલો પીળો ઓડિયો

51. વિરુદ્ધ દિશામાં જતાં ટ્રાફિકની લેન _________ લાઇન દ્વારા વિભાજિત થાય છે.

A. સફેદ
B. લાલ
C. કાળી
D. પીળી

52. જ્યારે તમે આ કાળું અને પીળું ચિહ્ન જુઓ, ત્યારે તેનો અર્થ થાય છે કે:



A. જમણી બાજુનો રસ્તો ફક્ત એકમાર્ગી ટ્રાફિક માટે જ છે.
B. રસ્તાના બાંધકામને કારણે જમણી બાજુ વળો
C. આગળનો રસ્તો એક આત્યંતિક ખૂણા પર દિશા બદલે છે તેથી ગતિ ધીમી કરો
D. તમારી જમણી બાજુ આગળ એક ક્રોસ રોડ છે

53. જ્યારે તમે આ ચિહ્ન જુઓ, ત્યારે તેનો અર્થ થાય છે કે:

A. રસ્તા પર કોઈક વસ્તુ છે
B. જમણી બાજુથી ટ્રાફિક આવી રહ્યો છે
C. રસ્તો અચાનક ડાબી બાજુ વળાંક લઈ રહ્યો છે
D. આગળ એક મર્જ પોઇન્ટ છે

54. "થોભો" ચિહ્ન દ્વારા નિયંત્રિત થતા આંતરછેદ પર, જો તમે પેવમેન્ટ પર પેઇન્ટ કરેલા સફેદ ટોપ બારની પાછળ રોકાઈ જાઓ ત્યારે ક્રોસ-રસ્તાનો ટ્રાફિક બરાબર ન જોઈ શકો, તો તમારે આમ કરવું જોઈએ:

A. 5 સેકન્ડ રાહ જોવી, પછી આગળ વધવું.
B. આગળ વધતા પહેલા હોર્ન વગાડવું
C. તમારી બારીઓ ખુલ્લી રાખવી, ટ્રાફિકનો અવાજ સાંભળવો અને પછી આગળ વધવું
D. ધીમે ધીમે આગળ વધવું, ટ્રાફિક અને રાહદારીઓનું ધ્યાન રાખવું અને જ્યારે રસ્તો ખાલી હોય ત્યારે આગળ વધવું

55. પોસ્ટ કરેલી ગતિ મર્યાદાઓ બતાવે છે:

A. ન્યૂનતમ કાનૂની ગતિ મર્યાદા
B. દંડ ભરવાનું ટાળવા માટે તમારે કેટલી ગતિએ મુસાફરી કરવી પડશે તેની ચોક્કસ ગતિ
C. એક સારા રસ્તા અને હવામાન પરિસ્થિતિઓ હેઠળ મહત્તમ સલામત ગતિ
D. રસ્તાની તમામ પરિસ્થિતિઓમાં મહત્તમ સલામત ગતિ

56. દ્વિમાર્ગી ટ્રાફિક ધરાવતો હાઇવે આમાંથી કયા ચિહ્નો દ્વારા ચિહ્નિત કરેલા હોય છે?

A. 1
B. 2
C. 3
D. 4

1
2
3
4 

57. સેન્ટર લેનથી, તમે શું કરી શકો છો?

A. ડાબી બાજુ વળવું
B. યુ-ટર્ન લેવો
C. ટ્રાફિકમાંથી ધીમી ગતિએ પસાર થવું
D. ઉપરોક્ત બધા વિકલ્પો

58. આમાંથી કયા ચિહ્નનો અર્થ થાય છે કે ડ્રાઇવરોએ જમણી બાજુ રહેવું જોઈએ?

A. 2
B. 1
C. 3
D. 4

1
2

3

4

પ્રકરણ 2 જવાબ કી

1. A
2. C
3. D
4. A
5. C
6. C
7. C
8. A
9. A
10. B
11. D
12. B
13. C
14. C
15. D
16. A
17. A
18. A
19. A
20. A
21. A
22. B
23. D
24. D
25. D
26. A
27. A
28. C
29. C
30. A
31. A
32. C
33. C
34. D
35. C
36. C
37. A
38. C
39. B
40. A
41. A
42. D
43. B
44. B
45. B
46. A
47. B
48. C
49. D
50. C
51. D
52. C
53. C
54. D
55. C
56. C
57. A
58. A

પ્રકરણ 3:
ડ્રાઇવ કરતા શીખવું

આ પ્રકરણ એવી માહિતી પૂરી પાડે છે જે તમને સલામત ડ્રાઇવર બનવામાં મદદ કરશે. તે આ વિષયોને આવરી લે છે:

- સલામતીને પ્રાથમિકતા આપવી
- ડ્રાઇવર સંબંધિત પરિબળો
- રોજિંદા ડ્રાઇવિંગ કૌશલ્યો
- ખાસ સંજોગો અને સંકટાવસ્થાઓ

સલામતીને પ્રાથમિકતા આપવી

તમારે ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવાના હોય છે – ક્યારેક તમે વાહન શરૂ કરો તે પહેલા પણ - જે વાહન ચલાવતી વખતે તમારી સલામતીને અસર કરશે. તમે અને તમારું વાહન "ડ્રાઇવ કરવા યોગ્ય" હો તે સુનિશ્ચિત કરવા દ્વારા શરૂ કરો.

વાહનની તપાસ: ડ્રાઇવ કરવાની તૈયારી કરવી

1. **ટાયરની સલામતી** – ટાયર એ ડ્રાઇવિંગ સલામતીનો એક મહત્વપૂર્ણ ભાગ હોય છે. તમારી કાર ડ્રાઇવ કરતા પહેલા ખાતરી કરો કે કારના ટાયરમાં પર્યાપ્ત ટ્રેડ અને એર પ્રેશર (હવાનું દબાણ) હોય. વાહનમાં પ્રવેશતા પહેલા, વાહન માલિકના મેન્યુઅલ, અથવા વાહનના ડ્રાઇવર સાઇડના દરવાજા પર દર્શાવેલ ભલામણ કરેલ psi (પાઉન્ડ પ્રતિ ચોરસ ઇંચ)નો ઉપયોગ કરીને ટાયરમાં પ્રેશરની તપાસ કરો. તમારું psi તપાસવા માટે ટાયર પ્રેશર ગેજનો ઉપયોગ કરો. તમે વાહન ચલાવો તે પહેલાં અથવા તમે વાહન ચલાવ્યાના ઓછામાં ઓછા ત્રણ કલાક પછી - તમારા ટાયર "ઠંડા" થાય ત્યારે તપાસો. જો તમારું psi તમારા દરવાજા પર સૂચિબદ્ધ અંક કરતા વધુ હોય, તો તેની સાથે મેચ થાય ત્યાં સુધી હવા બહાર કાઢો. જો આ અંક ઓછો હોય તો, જ્યાં સુધી તે યોગ્ય અંક સુધી ન પહોંચે ત્યાં સુધી હવા ભરો (અથવા ટાયર નિષ્ણાતની મદદ લો).

   તમે પેની ટેસ્ટનો ઉપયોગ કરીને ટ્રેડની ઊંડાઈ પણ માપી શકો છો. દર મહિને એકવાર અથવા તમે લાંબી રોડ ટ્રીપ પર નીકળો તે પહેલાં, તમારા ટાયરને ઘસારા અને નુકસાન સંબંધી સમસ્યાઓ તપાસો. પેની ટેસ્ટનો ઉપયોગ કરવો એ ઘસારો તપાસવાની એક સરળ રીત છે.

   1. એક પેની લો અને અબ્રાહમ લિંકનના શરીરને તમારા અંગૂઠા અને તર્જની વચ્ચે પકડો.
   2. તમારા ટાયર પર એક પોઇન્ટ પસંદ કરો જ્યાં ટ્રેડ સૌથી નીચે દેખાતું હોય અને લિંકનનું માથું એક ગ્રૂવ (ખાંચો)માં મૂકો.
   3. જો લિંકનના માથાનો કોઈપણ ભાગ ટ્રેડથી ઢંકાયેલો હોય, તો તમે ટ્રેડની સલામત માત્રા સાથે વાહન ચલાવી રહ્યા છો. જો તમારો ટ્રેડ તેનાથી નીચે જાય, તો પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં તમારી કારની રસ્તા પર ગ્રિપ જાળવી રાખવાની ક્ષમતા ઘણી ઓછી થઈ જાય છે.

   તમારા વાહનમાં હંમેશા ટાયર બદલવા માટેના જરૂરી ટૂલ્સ સાથે રાખો, જેમ કે સ્પેર ટાયર, લગ રેન્ચ, જેક, ફ્લેશલાઇટ, ફ્લેર અને રિફ્લેક્ટિવ ટ્રાયન્ગલ, વ્હીલ વેજ, ફ્લેટ ટાયર રિપેર કીટ અને ગ્લોવ્ઝ વગેરે. ટાયર કેવી રીતે બદલવું તે અંગે વધુ માહિતી માટે, કૃપા કરીને પાનું 63 જુઓ.

2. **પ્રવાહીઓ** – એન્જિન ઓઇલ, વિન્ડશિલ્ડ વોશર અને ફ્યુઅલ જેવા બધા પ્રવાહી સ્તરો તપાસો અને વાહન માલિક માટેની પુસ્તિકા મુજબ જરૂરીયાત અનુસાર ભરો.

3. **ડ્રાઇવરની સીટ એડજસ્ટ કરો** – તમે સરળતાપૂર્વક પેડલ્સ અને અન્ય કંટ્રોલ સુધી પહોંચી શકવામાં સક્ષમ હોવા જોઈએ અને વિન્ડશિલ્ડમાંથી સ્પષ્ટ રીતે દેખાવું જોઈએ. તમારી માલિક માટેની પુસ્તિકા તમારા વાહનના ઈક્વિપમેન્ટને કેવી રીતે એડજસ્ટ કરવા તે વિશેની માહિતી પૂરી પાડે છે.

4. **તમારો સીટ બેલ્ટ બાંધો** – દરેક ટ્રીપમાં તમારા ખોળા અને ખભાના બેલ્ટ બંને બાંધો. પેન્સિલવેનિયાના સીટ બેલ્ટના કાયદા, બાળ નિયંત્રણ કાયદા અને એર બેગ સલામતીની માહિતી વિશે પ્રકરણ 5ની માહિતી પર ધ્યાન આપો.

તમારો સીટ બેલ્ટ પહેરવો
તે એકમાત્ર એવી સૌથી અસરકારક બાબત છે જે તમે મૃત્યુ અથવા ઈજાના જોખમને ઘટાડવા માટે કરી શકો છો.

શું તમે જાણો છો?
2017માં, પેન્સલિવેનિયામાં અકસ્માતોમાં સામેલ 80.2% લોકોએ સીટ બેલ્ટ પહેર્યા નહોતા. 16 થી 24 વર્ષની વયના ડ્રાઇવરોમાં બેલ્ટ ન પહેરવાને કારણે થયેલી ઇજાઓ અને મૃત્યુનો દર કોઈપણ વય જૂથ કરતાં સૌથી વધુ હતો અને તેઓ સીટ બેલ્ટનો ઉપયોગ પણ સૌથી ઓછો કરતા હતા.

5. **પેસેન્જર કમ્પાર્ટમેન્ટમાં છૂટી વસ્તુઓને સુરક્ષિત રાખો** – અકસ્માતમાં, તમારા વાહનમાં રહેલી છૂટી વસ્તુઓ પ્રક્ષેપણોમાં ફેરવાઈ જાય છે, જે અથડામણ પહેલાં તમારું વાહન જે ગતિએ આગળ વધી રહ્યું હોય તે જ ગતિએ આગળ વધે છે. શક્ય હોય ત્યારે, બેકપેક, સામાન અને ટૂલ જેવી ભારે વસ્તુઓને તમારી પેટીમાં મૂકો અથવા તેમને વાહનના સીટ બેલ્ટથી સુરક્ષિત કરો. પાછળની બારીના ડેક પર ક્યારેય વસ્તુઓ ન રાખો.

6. **પાછળ જોવાના અને સાઇડના અરીસાને ગોઠવો** – તમારા વાહનની આસપાસના બ્લાઇન્ડ સ્પોટ દૂર કરવા માટે, દરેક ડ્રાઇવરે પાછળ જોવાનાઅને સાઇડના અરીસાને અલગ-અલગ રીતે ગોઠવવા પડી શકે છે. પાછળ જોવાનો અરીસો એવી રીતે સેટ કરવો જોઈએ કે તમે સીધો તમારા વાહનની પાછળનો ટ્રાફિક જોઈ શકો. સાઇડના અરીસાને એવી રીતે સેટ કરવો જોઈએ કે જ્યારે તમે ડાબે/જમણે ઝૂકો ત્યારે તમને તમારા વાહનની બાજુ ભાગ્યે જ દેખાય. તમે તમારી સીટ ગોઠવ્યા પછી અરીસા સેટ કરો.

   નોંધ: વાહન ચલાવતી વખતે પાછળ જોવાના અરીસા પર કોઈપણ વસ્તુ કે સામગ્રી લટકાવવી એ કાયદા વિરુદ્ધ છે. તમે પાછળ જોવાના અરીસા પર એવી કોઈ પણ વસ્તુ લટકાવી, મૂકી કે જોડી શકો નહીં જે આગળના વિન્ડશિલ્ડની દૃષ્ટિને અવરોધિત કરી શકે અથવા ઝાંખી બનાવી શકે. વાહન પાર્ક કરેલ હોય ત્યારે જ પાછળ જોવાના અરીસા સાથે ટેગ, પરમિટ અને પ્લેકાર્ડ જોડી શકાય છે.

7. **વિન્ડશિલ્ડ** – આગળના વિન્ડશિલ્ડ પર એવું કંઈપણ મૂકવું ગેરકાયદેસર છે જે ડ્રાઇવરની રસ્તાની દૃષ્ટિને અવરોધે છે.
8. **વેન્ટિલેશન ગોઠવો** – તમારે તમારા વાહનમાં તાજી હવાની અવરજવરને સતત જાળવી રાખવી જોઈએ. તે તમને સતર્ક રહેવામાં મદદ કરે છે અને વાહન ચલાવતી વખતે કાર્બન મોનોક્સાઇડ (એક્ઝોસ્ટ ગેસ)ના ઝેર સામે રક્ષણ આપે છે. કાર્બન મોનોક્સાઇડ ઝેર વિશે વધુ માહિતી માટે પ્રકરણ 6 જુઓ.
9. **હેડ રિસ્ટ્રેઇન્ટ્સ એડજસ્ટ કરો** – માથાના પાછળના ભાગને યોગ્ય રીતે ગાદી આપતું હેડ રિસ્ટ્રેઇન્ટ અકસ્માતમાં ગરદનની ઇજાઓની ગંભીરતાને અટકાવી અથવા ઘટાડી શકે છે. તમારા હેડ રિસ્ટ્રેઇન્ટને એવી રીતે ગોઠવો કે હેડ રિસ્ટ્રેઇન્ટનો ઉપરનો ભાગ ઓછામાં ઓછો તમારા કાનના ઉપરના ભાગ જેટલો ઊંચો હોય. સૂચનાઓ માટે તમારા માલિક માટેની પુસ્તિકા તપાસો.
10. **તમારા પ્રિસ્ક્રિપ્શન ચશ્મા/કોન્ટેક્ટ લેન્સ પહેરો** – જો તમે સામાન્ય રીતે કરેક્ટીવ લેન્સ પહેરતા હો, તો વાહન ચલાવતી વખતે તેને હંમેશા પહેરો. રાત્રે સનગ્લાસ કે રંગીન કોન્ટેક્ટ લેન્સ પહેરશો નહીં.
11. **તમારા દરવાજા બંધ કરો** – તમારા દરવાજા બંધ રાખવા અને સીટ બેલ્ટ પહેરવા એ સુનિશ્ચિત કરવામાં મદદરૂપ થશે કે તમે અકસ્માતમાં તમારા વાહનમાંથી ફેંકાઇ ન જાઓ. વાહનમાંથી ફેંકાઈ જવું એ મૃત્યુની સંભાવનામાં 75 ટકા વધારો કરે છે. જ્યારે તમે કોઈ આંતરછેજ પર થોભો અથવા પાર્કિંગ લોટમાં રોકાઓ ત્યારે તે કાર ચોરી થવાની અથવા અન્યથા નુકસાન થવાની સંભાવનામાં પણ ઘટાડો કરશે.

ડ્રાઇવર સંબંધિત પરિબળો

તમારું વાહન ચાલવા માટે તૈયાર હોઈ શકે છે, પરંતુ તમારી સલામતી નીચેના ડ્રાઇવર સંબંધિત પરિબળો પર પણ એટલી જ આધાર રાખે છે.

બેદરકારી

વાહન ચલાવવામાં બેદરકારી અથવા ઊંઘનો અભાવ અકસ્માતનું કારણ બની શકે છે.

શું તમે જાણો છો?

પોલીસ દ્વારા નોંધવામાં આવતા 25 થી 30 ટકા ટ્રાફકિ અકસ્માતો માટે ડ્રાઇવરની રસ્તા અને ટ્રાફકિની સ્થતિ પ્રિત્યેની બેદરકારી જવાબદાર હોય છે. તેનાથી દર વર્ષે આશરે 1.2 મલિયિન અકસ્માતો થાય છે.

ડ્રાઇવિંગ સંબંધિત વિક્ષેપો

એવી કોઈપણ વસ્તુ જે તમને 1) ડ્રાઇવિંગ પરથી ધ્યાન હટાવવા, 2) રસ્તા પરથી નજર હટાવવા અથવા 3) વ્હીલ પરથી હાથ હટાવવા પ્રેરિત કરે છે તે એક વિક્ષેપ હોય છે. તમે વધુ ઝડપથી પ્રતિક્રિયા આપી શકશો નહીં જો તમે:

- ખાઈ, પી અને ધૂમ્રપાન કરી રહ્યાં હો. આ બધી બાબતો સલામતી સંબંધી સમસ્યાઓ ઊભી કરે છે કારણ કે ઘણીવાર તમારે વ્હીલ પરથી તમારા હાથ હટાવવા પડે છે અને રસ્તા પરથી તમારી નજર હટાવવી પડે છે. વાહન ચલાવતી વખતે ખાતા કે પીતા ડ્રાઇવરોને તેમના વાહનને નિયંત્રિત કરવામાં, તેમની લેનમાં રહેવામાં મુશ્કેલી પડે છે અને વધુ વાર બ્રેક મારવી પડે છે.
- રેડિયો, કેસેટ, સીડી, Ipod/Mp3 પ્લેયર જેવા ઓડિયો ડિવાઇસને એડજસ્ટ કરવા. નોંધ: વાતચીત માટે હેડફોન/ઇયર પીસનો ઉપયોગ ફક્ત એક જ કાનમાં કરી શકાય છે.
- સેલ ફોન પર વાત કરવી (ભલે તે હેન્ડ્સ-ફ્રી હોય કે ન હોય). ટેક્સ્ટિંગ વિરોધી કાયદાઓ વિશે વધુ માહિતી માટે કૃપા કરીને પ્રકરણ 5 જુઓ.
- અન્ય મુસાફરો સાથે વાતચીત કરવી. આ પણ એટલી જ મોટી સમસ્યા બની શકે છે, ખાસ કરીને કિશોરવયના ડ્રાઇવરો માટે. **જો તમે કિશોર વયના ડ્રાઇવર હો અને તમારા વાહનમાં કિશોર વયની અન્ય વ્યક્તિઓ પણ સવારી કરી રહ્યા હોય, તો આંકડા દર્શાવે છે કે તમે એકલા વાહન ચલાવો અથવા પુખ્ત વયના મુસાફરો સાથે વાહન ચલાવો તેના કરતાં તમારી અકસ્માત થવાની શક્યતા વધુ હોય છે.**
- વાહનમાં કોઈ વસ્તુ શોધવી અથવા ખસેડવી.
- વાંચન, લેખન અથવા ટેક્સ્ટિંગ.
- વ્યક્તિગત માવજત (વાળમાં કાંસકો ફેરવવો, મેકઅપ લગાવવો).
- અકસ્માત સ્થળ કે કાર્યક્ષેત્રમાંથી પસાર થતી વખતે કૌતૂહલવશ તેને જોવું.
- રસ્તાથી દૂરના લોકો, વસ્તુઓ અથવા બનતી ઘટનાઓ જોવી.

શું તમે જાણો છો?

સંશોધનમાં જાણવા મળ્યું છે કે ત્રણ (3) ટકા કસ્સાિઓમાં એક સામાન્ય, અવચિલતિ ડ્રાઇવર મારગની કોઈ મહત્વપૂરણ ઘટના, જેમ કે બીજો ડ્રાઇવર ભૂલ કરે છે, તેને ધ્યાનમાં લેવામાં નષ્ફિળ જાય છે. મોબાઇલ ફોન પર કૉલ ડાયલ કરનાર પુખ્તવયની વ્યક્ત િ13 ટકા વખત આ જ ઘટના ચૂકી જાય છે. મોબાઇલ ફોન ડાયલ કરનાર કશિોરવયની વ્યક્ત િ53 ટકા વખત ચૂકી જાય છે.

ઊંઘનો અભાવ

જ્યારે તમે થાકેલા હોવ, ત્યારે તમે ધીમી પ્રતિક્રિયા આપો છો, તમારી નિર્ણયશક્તિ અને દ્રષ્ટિ નબળી પડે છે અને તમને વસ્તુઓને સમજવામાં અને યાદ રાખવામાં સમસ્યાઓ થાય છે. થાકેલી હાલતમાં વાહન ચલાવવાથી દારૂ પીને વાહન ચલાવવા જેવી જ અસરો થાય છે. 18 કલાક સુધી જાગતા રહેવાથી તમારા વાહન ચલાવવામાં એવી જ અસર પડે છે જે લોહીમાં આલ્કોહોલનું સ્તર 0.05 ટકા હોય ત્યારે પડે છે. સતત 24 કલાક સુધી જાગતા રહેવાથી તમારા વાહન ચલાવવામાં એવી જ અસર પડે છે જે લોહીમાં આલ્કોહોલનું સ્તર .10 ટકા હોય ત્યારે પડે છે. જો તમે ખૂબ થાકી ગયા હો, તો તમને ઊંઘ આવી શકે છે અને તમને તેની ખબર પણ નથી પડતી. ડ્રાઇવિંગ કરતી વખતે થોડીક સેકન્ડ માટે પણ ઊંઘવું એ તમારો જીવ લેવા માટે પૂરતું છે. કિશોર વયની જે વ્યક્તિઓ રાત્રે આઠ (8) કલાકથી ઓછી ઊંઘ લે છે તેમને વાહન અકસ્માતનું જોખમ વધારે હોય છે. **જો તમને વાહન ચલાવતી વખતે થાક લાગવા લાગે તો સૌથી સારી બાબત એ હોય છે કે વાહન ચલાવવાનું બંધ કરી દો.**

શું તમે જાણો છો?

- દર વર્ષે યુ.એસ.માં, વાહન ચલાવતી વખતે ઊંઘ આવવાથી ઓછામાં ઓછા 100,000 અકસ્માતો થાય છે.
- આ અકસ્માતોમાં 1,500 લોકો મૃત્યુ પામે છે અને 40,000 લોકો ઘાયલ થાય છે.
- **દર વર્ષે ઊંઘમાં વાહન ચલાવવાને કારણે થતા 100,000 વાહન અકસ્માતોમાંથી, લગભગ અડધા અકસ્માતોમાં 15 થી 24 વર્ષની વયના ડ્રાઇવરો સમાવિષ્ટ હોય છે.**

સ્વાસ્થ્ય સંબંધી પરિબળો

દ્રષ્ટિ, શ્રવણશક્તિ અથવા તબીબી સ્થિતિઓવાળી સમસ્યાઓથી તમારી ડ્રાઇવિંગ સલામતી પ્રભાવિત થઈ શકે છે.

- દર એક (1) કે બે (2) વર્ષે તમારી આંખોની તપાસ કરાવો. તમારી પેરિફેરલ (બાજુની) દ્રષ્ટિ, તમારું અંતર નક્કી કરવાની ક્ષમતા અને ઓછા પ્રકાશની સ્થિતિમાં જોવાની તમારી ક્ષમતા રોગને કારણે અને ઉંમર વધવાના સામાન્ય ભાગ તરીકે નબળી પડી શકે છે. જ્યાં સુધી તમારી દ્રષ્ટિની નિયમિત તપાસ ન થાય ત્યાં સુધી તમે હંમેશા તેને જાણી શકશો નહીં અને સુધારાત્મક પગલાં લઈ શકશો નહીં. જો તમારે ચશ્મા કે કોન્ટેક્ટ લેન્સ પહેરવા જરૂરી હોય, તો દર વખતે વાહન ચલાવતા સમયે તેનો ઉપયોગ કરવાની ખાતરી કરો.
- શ્રવણ શક્તિ તમને એવા જોખમો વિશે ચેતવણી આપી શકે છે જેને તમે જોઈ શકતા નથી, જેમ કે બ્લાઇન્ડ સ્પોટમાનું બીજું વાહન. ઇમરજન્સી વાહન (પોલીસ, ફાયર, એમ્બ્યુલન્સ) નજીક આવી રહ્યું છે તે જાણવા અથવા રેલ્વે ક્રોસિંગ પર ટ્રેન આવી રહી છે તે જાણવા માટે પણ શ્રાવણશક્તિ મહત્વપૂર્ણ હોય છે.
- વિવિધ રોગો અને તબીબી પરિસ્થિતિઓ, ગરદન અકડાઈ જવી અથવા ઘૂંટણમાં દુખાવો થવા જેવી નાની સમસ્યાઓ પણ, તમારા વાહનને અસરકારક રીતે નિયંત્રિત કરવાની તમારી ક્ષમતા પર ગંભીર અસર કરી શકે છે. સૌથી ખતરનાક સ્વાસ્થ્ય સમસ્યાઓમાં રક્તાઘાતના વિકારોનો સમાવેશ થાય છે જે બેહોશી, ડાયાબિટીસ અને હૃદયની તકલીફોનું કારણ બને છે. પેન્સિલવેનિયામાં, ચિકિત્સકોએ PennDOTને એવા વ્યક્તિઓની જાણ કરવી જરૂરી હોય છે જેમનું તેમણે એવી સ્થિતિનું નિદાન કર્યું હોય કે જે તેમની સલામત રીતે વાહન ચલાવવાની ક્ષમતાને નબળી પાડી શકે છે.

દારૂ અને ડ્રાઇવિંગ

- પેન્સિલવેનિયા અને સમગ્ર દેશમાં, દારૂ પીનારા ડ્રાઇવરો ટ્રાફિકમાં થતાં હજારો મૃત્યુ અને ઇજાઓ માટે જવાબદાર હોય છે. ટ્રાફિકના કારણે થતા મૃત્યુમાં લગભગ 40 ટકા મૃત્યુ દારૂ પીનારા વાહન ચાલકોના કારણે થતાં હોય છે.
- પેન્સિલવેનિયાના તાજેતરના આંકડા દર્શાવે છે કે મોટર વાહન અકસ્માતમાં મૃત્યુ પામેલા 16 થી 20 વર્ષની વયના 30 ટકા ડ્રાઇવરો દારૂ પીતા હતા. આ એ હકીકત છે કે અહીં પેન્સિલવેનિયામાં તેમજ યુ.એસ.ના અન્ય દરેક રાજ્યમાં શૂન્ય સહિષ્ણુતા કાયદા છે, જેનો અર્થ છે કે જો તમારી ઉંમર 21 વર્ષથી ઓછી હોય તો તમે દારૂ પી શકો નહીં.

શું તમે જાણો છો?

યુ.એસ.માં, દર અડધા કલાકે એક (1) વ્યક્તિનું મૃત્યુ થાય છે અને દર બે (2) મિનિટે એક (1) વ્યક્તિ ઈજાનો ભોગ બને છે, કારણ કે કોઈ વ્યક્તિ દારૂ પીને વાહન ચલાવી રહી હતી.

- જો તમે 21 વર્ષથી ઓછી ઉંમરના ડ્રાઇવર હો અને તમારા લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ (BAC) 0.02 ટકા કે તેથી વધુ હોય, તો તમે નશા હેઠળ વાહન ચલાવતા (DUI) હોવાનું માનવામાં આવશે.
- દારૂની થોડી માત્રા પણ તમારી એકાગ્રતા, દ્રષ્ટિ, નિર્ણય અને યાદશક્તિમાં ઘટાડો કરશે અને તમારી ડ્રાઇવિંગ કુશળતાને પ્રભાવિત કરશે. **કોઈપણ વ્યક્તિ દારૂ પીને સુરક્ષિત રીતે વાહન ચલાવી શકે નહીં.**
- જેમ જેમ તમારા લોહીમાં આલ્કોહોલ ભળશે, તેમ તેમ ડ્રાઇવિંગમાં તમારી ભૂલો વધશે. તમારી દ્રષ્ટિ અને નિર્ણયશક્તિ પ્રભાવિત થશે, તમારી પ્રતિક્રિયાઓ ધીમી પડશે અને તમે તમારા વાહનને સુરક્ષિત અને અસરકારક રીતે નિયંત્રિત કરવાની ક્ષમતા ગુમાવશો. અને તેની સાથે-સાથે, દારૂ તમારી કુશળતા નબળી બનાવે છે, જે તમને અતિશય આત્મવિશ્વાસનો અનુભવ કરાવે છે. તેથી, દારૂ પીધેલા વાહન ચાલકો બેકાબૂ થઈ શકે છે અને તેમને તેની જાણ પણ હોતી નથી.
- ઘણા લોકો માને છે કે માત્ર વધુ પડતો દારૂ પીવો એ જ જોખમી હોય છે. જે સાચું નથી. જે ડ્રાઇવરોના લોહીમાં આલ્કોહોલનું સ્તર .04 (21 વર્ષ કે તેથી વધુ ઉંમરના પુખ્ત વયના લોકો માટે .08ની "કાનૂની મર્યાદા"નું અડધું) હોય તેમનો જેમના લોહીમાં આલ્કોહોલ ન હોય તેવા ડ્રાઇવરોની તુલનામાં અકસ્માત થવાની શક્યતા બે (2) થી સાત (7) ગણી વધુ હોય છે. જો તમારા લોહીમાં આલ્કોહોલનું સ્તર કાનૂની મર્યાદાથી ઘણું ઓછું હોય, તો પણ તમે તમારા અને અન્ય

લોકોના જીવનને જોખમમાં મુકશો. **તમે દારૂ પી શકો અને ત્યારબાદ વાહન ચલાવી શકો તેની એકમાત્ર સલામત માત્રા શૂન્ય છે.**

- દારૂ દરેક વ્યક્તિને અલગ રીતે અસર કરે છે. તમારા લોહીમાં આલ્કોહોલનું સ્તર તમારી ઉંમર, વજન, લિંગ, શારીરિક સ્થિતિ, ખાવામાં આવેલા ખોરાકની માત્રા અને તમારા શરીરમાં રહેલી કોઈપણ દવાઓ અથવા ઔષધીઓથી પ્રભાવિત થાય છે. તે ઉપરાંત, વિવિધ પીણાંમાં આલ્કોહોલની માત્રા પણ અલગ અલગ હોઈ શકે છે. ખાતરી કરો કે તમે જે પીણાં પીઓ તેમાં કેટલું આલ્કોહોલ છે એ તમે જાણતા હો. તમારે એક (1) પીણું 80 પ્રૂફ લિકરનું 1.5 oz., રેગ્યુલર બીયરનું 12 oz. અથવા વાઇનનું 5 oz.નું હોવાનું ધ્યાનમાં લેવું જોઈએ.

શું તમે જાણો છો?
110 પાઉન્ડ વજન ધરાવતી સ્ત્રીને ફક્ત 8 oz.ની હળવી બીયર પીધા પછી BAC .03 થશે - જે એક સંપૂર્ણ બોટલ અથવા કેન કરતાં ઓછું હોય છે. 140 પાઉન્ડ વજનવાળા પુરુષને 12 oz.ની હળવી બીયરની આખી બોટલ કે કેન પીધાં પછી BAC .025 થશે.

- તમારી દારૂ પીવાની બાબતનું જવાબદારીપૂર્વક સંચાલન કરવા માટે, જો તમે દારૂ પીવાની કાનૂની ઉંમર ધરાવતા હો, તો કલાક દીઠ એક (1) થી વધુ પીણું લેશો નહીં. સરેરાશ વજન ધરાવતી વ્યક્તિને દરેક પીણામાંના આલ્કોહોલને પ્રોસેસ કરવા માટે ઓછામાં ઓછો એક (1) કલાક લાગે છે. કલાક દીઠ એક (1) થી વધુ પીણું પીવાથી, તમારા લોહીમાં આલ્કોહોલનું સ્તર કાનૂની મર્યાદા કરતાં વધી જવાની શક્યતા ખૂબ જ વધારે હોય છે.
- જોકે, કલાક દીઠ એક (1) પીણું પીવાનો નિયમ દરેક વ્યક્તિ માટે કામ કરતો નથી. નાની ઉંમરના લોકોમાં આલ્કોહોલ વધુ માત્રામાં કોન્સન્ટ્રેટેડ હોય છે અને આપણા શરીર દ્વારા દારૂને પ્રોસેસ કરવાની રીતના તફાવતને કારણે, સમાન વજન ધરાવતા પુરુષ જેટલા જ સમયગાળામાં સમાન માત્રામાં દારૂ પીતી સ્ત્રીના લોહીમાં આલ્કોહોલનું સ્તર પુરુષ કરતાં વધુ હોઈ શકે છે.
- ફક્ત સમય જ "તમને સ્વસ્થ બનાવશે". તમે કોફી અથવા અન્ય કેફીનયુક્ત પીણાં પીવા દ્વારા અથવા તો ઠંડા પાણીથી સ્નાન કરવા દ્વારા તમારા લોહીમાંના આલ્કોહોલનું પ્રમાણ ઘટાડી શકો નહીં.

સાવચેત રહો.
દારૂ પીધા પછી ગાડી ચલાવશો નહીં અને દારૂ પીનારી વ્યક્તિને ગાડી ચલાવતા અટકાવો!

સગીર વયના લોકો દારૂ પીને વાહન ચલાવવા અને નશામાં વાહન ચલાવવા બદલ થતી સજાઓ વિશેની વધુ માહિતી માટે પ્રકરણ 4 જુઓ.

ડ્રગ્સ અને ડ્રાઇવિંગ

નશામાં વાહન ચલાવવું ગેરકાયદેસર અને જીવલેણ બંને હોય છે. દારૂ ફક્ત સલામત રીતે વાહન ચલાવવાની તમારી ક્ષમતાને જ નુકસાન પહોંચાડતો નથી, પરંતુ ઘણા ગેરકાયદેસર, પ્રિસ્ક્રિપ્શન અને ઓવર-ધ-કાઉન્ટર ડ્રગ્સ પણ સલામત રીતે વાહન ચલાવવાની તમારી ક્ષમતાને નુકસાન પહોંચાડી શકે છે. દર વર્ષે વાહન ચાલકોમાં થતા લગભગ 20 ટકા મૃત્યુમાં દારૂ સિવાયના ડ્રગ્સનો સમાવેશ થાય છે. તે ઉપરાંત, ડ્રગ્સ અને આલ્કોહોલનું મિશ્રણ આડઅસરોમાં વધુ વધારો કરે છે અને અકસ્માત થવાનું જોખમ પણ ઘણું વધારી દે છે.

ડ્રગ્સ તમારા મગજને અસર કરે છે અને સલામત રીતે વાહન ચલાવવાની તમારી ક્ષમતાને ગંભીર રીતે નબળી પાડી શકે છે. ઉદાહરણ તરીકે, ગાંજાના કારણે પ્રતિક્રિયાનો સમય ધીમો પડી શકે છે, સમય અને અંતરની નિર્ણય શક્તિને નબળી બનાવી શકે છે અને સમન્વય ક્ષમતા ઘટાડી શકે છે. કોકેન અથવા મેથામ્ફેટામાઇન વાહન ચલાવતી વખતે ડ્રાઇવરને આક્રમક અને બેદરકાર બનાવી શકે છે અને અમુક પ્રકારની શામક દવાઓ ચક્કર અને સુસ્તીનું કારણ બની શકે છે. ઓપિયોઇડ્સ તમને ઘેન આપી શકે છે અને પ્રતિક્રિયાનો સમય ધીમો કરી શકે છે. ઊંઘની ગોળીઓ, ઉધરસની દવાઓ, એન્ટિહિસ્ટેમાઈન્સ અને ડીકોન્જેસ્ટન્ટ્સ જેવી પ્રિસ્ક્રિપ્શન અને ઓવર-ધ-કાઉન્ટરની દવાઓ તમારી ડ્રાઇવિંગ કુશળતાને વિવિધ રીતે પ્રભાવિત કરી શકે છે. વાહન ચલાવતા પહેલા દવાની આડઅસર વિશેના ચેતવણી લેબલોની સમીક્ષા કરવી હંમેશા મહત્વપૂર્ણ હોય છે. જો તમને દવાની આડઅસરો વિશે કોઈ પ્રશ્નો હોય, તો વાહન ચલાવતા પહેલા તમારા ડૉક્ટર અથવા ફાર્માસિસ્ટની સલાહ લેવી મહત્વપૂર્ણ હોય છે. યાદ રાખોઃ જ્યારે ચેતવણી લેબલ પર લખેલું હોય - ભારે મશીનરી ચલાવશો નહીં - ત્યારે તમારા વાહનને ભારે મશીનરી માનવામાં આવે છે!

વધુ જાણવા માટે લિંક પર ક્લિક કરો. https://youtu.be/c5mNHOhcpwA

જો તમે કોઈ સ્વજન અથવા તમારા પોતાના માટે કોઇ પદાર્થના ઉપયોગ વિશે ચિંતિત હો, તો PA ગેટ હેલ્પ નાવ હેલ્પલાઇન 1-800-662-HELP (4357) પર ઉપલબ્ધ છે. આ ટોલ-ફ્રી રિસોર્સ તમારા પ્રશ્નોના જવાબ આપવા અને તમને સારવાર પ્રદાતાઓ સાથે કનેક્ટ કરવા માટે 24/7 કાર્યરત છે.

શું તમે જાણો છો?

- NHTSA 2013-2014ના રોડસાઇડ સર્વે 'ડ્રાઇવર દ્વારા આલ્કોહોલ અને ડ્રગ્સનો ઉપયોગ' અનુસાર, લગભગ 4માંથી 1 ડ્રાઇવરનું ઓછામાં ઓછા એક એવા ડ્રગનું પોઝિટિવ પરીક્ષણ થયું હતું જે સલામત ડ્રાઇવિંગની કુશળતાને અસર કરી શકે છે.
- અકસ્માતોમાં મૃત્યુ પામેલા 43% ડ્રાઇવરોમાં ડ્રગ્સનું પરીક્ષણ પોઝિટિવ આવ્યું હતું. 37% ડ્રાઇવરોમાં દારૂનું પરીક્ષણ પોઝિટિવ આવ્યું હતું.
- પ્રીસ્ક્રિપ્શનવાળી દવાઓ પણ ડ્રાઇવિંગને અસર કરી શકે છે. કોઈપણ નવી દવા શરૂ કરતી વખતે તમારા ડૉક્ટર સાથે વાત કરો અને ખાતરી કરો કે તમને કોઈપણ સંભવિત આડઅસરોની જાણ હોય.

રોજિંદા ડ્રાઇવિંગ કૌશલ્ય

આ વિભાગ પેન્સિલવેનિયામાં નવા ડ્રાઇવરોમાં થતા અકસ્માતોના ચોક્કસ કારણો અને મુખ્ય અકસ્માતોના પ્રકારોને પ્રકાશિત કરવા દ્વારા શરૂ થાય છે. આ વિભાગમાં નીચે સૂચિબદ્ધ સલામત ડ્રાઇવિંગ કુશળતાઓ વર્ણવેલ છે:

- જગ્યાનું સંચાલન
- આંતરછેદ પર સુરક્ષિત રીતે ચાલવું
- ગતિનું સંચાલન
- વળાંક પર પર સુરક્ષિત રીતે ચાલવું
- વળાંક લેવો, ટ્રાફિકમાં ભળવું અને પસાર થવું
- હાઇવે અને ચાર રસ્તાઓ પર પર સુરક્ષિત રીતે ચાલવું

મોટાભાગના અકસ્માતો માનવ ભૂલને કારણે થાય છે. ડ્રાઇવર વાહન અથવા તો હાઇવે સિસ્ટમનો ઉપયોગ કેવી રીતે કરવો તે સમજી શકતો નથી, અથવા ચિહ્નો, સિગ્નલો, પેવમેન્ટના નિશાનો અથવા અન્ય ડ્રાઇવરોની કાર્યો પર પૂરતું ધ્યાન આપતો નથી અથવા ખરાબ નિર્ણયો લે છે. પાંચ (5) વર્ષથી ઓછો અનુભવ ધરાવતા ડ્રાઇવરો એવી ભૂલો કરવાની સંભાવના વધુ હોય છે જે અકસ્માતો સર્જે છે.

કિશોર વયની વ્યક્તિના અકસ્માતની હકીકત
2017માં, પેન્સિલવેનિયાના 16 વર્ષના તમામ ડ્રાઇવરોમાંથી 7.2% પેન્સિલવેનિયામાં નોંધાયેલા અકસ્માતોમાં સામેલ હતા.

- 2017માં પેન્સિલવેનિયામાં નવા ડ્રાઇવરો (16 અને 17 વર્ષના) કયા કારણોસર અકસ્માતનો ભોગ બન્યા તેના ટોચના 10 કારણોની સમીક્ષા નીચે દર્શાવેલ છે. યુવાન ડ્રાઇવરો અને બધા ડ્રાઇવરોએ આ મહત્વપૂર્ણ પરિબળોથી માહિતગાર રહેવું જોઈએ:

  - **પરિસ્થિતિઓને કારણે ખૂબ ઝડપથી વાહન ચલાવવું**
  - **થોભ્યા પછી મંજૂરી વિના આગળ વધવું**
  - **અયોગ્ય અથવા બેદરકારીપૂર્વક વળાંક લેવો**
  - **અયોગ્ય ડ્રાઇવિંગ**
  - **અનુભવનો અભાવ**
  - **અન્ય વાહનની પાછળ ખૂબ નજીક વાહન ચલાવવું**
  - **ઝડપથી વાહન ચલાવવું**
  - **વળતી વખતે વધારે કે ઓછું નિયંત્રણ જાળવવું**
  - **વિક્ષેપો**
  - **અચાનક ગતિ ધીમી કરવી અથવા થોભવું**

- પેન્સિલવેનિયામાં નવા ડ્રાઇવરો (16 અને 17 વર્ષના) જે મુખ્ય પ્રકારના અકસ્માતોમાં સંડોવાયેલા છે તેમાં નીચેના અકસ્માતો સામેલ છે:

  1) સ્થિર વસ્તુ સાથે અથડાવું; **2)** જ્યાં રસ્તાઓ ભેગા થતાં હોય ત્યાં અકસ્માતો થવા, જેમ કે ડ્રાઇવ વે, પ્રવેશના રસ્તાઓ અને ચાર રસ્તાઓ પર; **3)** પાછળ ભાગ સાથે અથડામણો; અને **4)** સામેની બાજુથી અથડામણો. લગભગ 92 ટકા અકસ્માતો અને અકસ્માતોના કારણે થતા 93 ટકા મૃત્યુ માત્ર આ ચાર (4) પ્રકારના અકસ્માતો સાથે સંકળાયેલા છે. વાહન અકસ્માતો ટાળવા એ આ પ્રકરણના વિષય સલામત ડ્રાઇવિંગ કૌશલ્યો શીખવા અને લાગુ કરવા પર આધાર રાખે છે.

જગ્યાનું સંચાલન

- જો તમારી નજીકનો બીજો ડ્રાઇવર ભૂલ કરે, તો તમારે પરિસ્થિતિનો સામનો કરવા માટે સમયની જરૂર પડશે. પ્રતિક્રિયા આપવા માટે પૂરતો સમય મળે તેની ખાતરી કરવાનો એકમાત્ર માર્ગ એ છે કે તમારી અને તમારી આસપાસના વાહનો વચ્ચે થોડી જગ્યા રાખો.
- જમણી બાજુના ડાયાગ્રામમાં બતાવ્યા પ્રમાણે, તમારા વાહનની આસપાસ **છ (6) જગ્યાઓ** છે તમે સંચાલન કરી શકો એ જરૂરી છે.
- તમારા વાહનની બધી બાજુઓ પર સુરક્ષિત અંતર જાળવી રાખવું એ ઉત્તમ હોય છે.





આગળ સુરક્ષિત અંતર જાળવી રાખો (4-સેકન્ડનો નિયમ)

- આગળના વાહનથી સલામત અંતર કેટલું હોય છે? ઉપર બતાવ્યા પ્રમાણે, **એરીઆ 1** ના જગ્યાના વ્યવસ્થાપનના ડાયાગ્રામમાં, જો પેવમેન્ટ સૂકી હોય તો 4-સેકન્ડનું અંતર, તમને હાઇવે પર જોખમ ટાળવા માટે સ્ટીયરિંગ અથવા બ્રેક લગાવવામાં સક્ષમ બનાવશે.
- જો તમે પાછળ ખૂબ નજીક આવી રહ્યા હો અને તમારી આગળનું વાહન અચાનક થોભી જાય અથવા ધીમું પડી જાય, તો તમે અકસ્માત ટાળી શકશો નહીં.

- સુરક્ષિત અંતર જાળવવાથી જેના કારણે પાછળથી આવતો ડ્રાઇવર તમારા વાહનના પાછળના ભાગમાં અથડાઈ શકે તે રીતે ગભરાટપૂર્વક થોભવાની જરૂરીયાત વિના તમે આવનારી સમસ્યાનો સામનો કરી શકશો.
- તમારું પાછળ રહેવાનું અંતર નક્કી કરવા માટે, તમારી આગળના વાહનના પાછળના બમ્પર પર નજર રાખો. જ્યારે તે બમ્પર રોડ માર્કિંગ અથવા ટેલિફોનના થાંભલા જેવી કોઈ વસ્તુ પાસેથી પસાર થાય છે, ત્યારે રસ્તા પર તે જ જગ્યાએ પહોંચવામાં તમને કેટલી સેકન્ડ લાગે છે તેની ગણતરી શરૂ કરો. જો તમે ચાર (4) સેકન્ડથી ઓછા સમયમાં માર્કિંગ અથવા વસ્તુ પાસેથી પસાર થાઓ, તો તમે પાછળ ખૂબ જ નજીક આવી રહ્યા છો.

ક્યારેક તમારે આગળ વધારાની જગ્યાની જરૂર પડશે.

નીચેની સ્થિતિઓમાં સામાન્ય કરતાં વધુ લાંબુ અંતર જાળવી રાખોઃ

ભીના અને લપસણા અથવા પાકા ન હોય તેવા રસ્તાઓ પર મુસાફરી વખતે - ત્યાં ટ્રેક્શન ઓછું હોય છે, તેથી ત્યાં થોભવા માટે વધુ સમય લાગે છે.

- તમારી પાછળનો ડ્રાઈવર તમને ઓવરટેક કરવા માંગતો હોય - તમારી આગળ જગ્યા હોવી જોઈએ જેથી ડ્રાઈવર તમને ઓવરટેક કરી શકે.
- તમે એવા ડ્રાઇવરની પાછળ ચાલી રહ્યા હો જેની પાછળના ભાગની દ્દષ્ટિ અવરોધિત થતી હોય - ટ્રક, બસ, વેન અથવા કારના એવા ડ્રાઇવરો જે કેમ્પર્સ અથવા ટ્રેલર્સને ખેંચી રહ્યા હોય તેઓ અચાનક ગતિ ધીમી કરી શકે છે અને તમે તેમની પાછળ છો તેનો તેમને ખ્યાલ નથી હોતો.
- તમે એક એવા મોટા વાહનની પાછળ ચાલી રહ્યા હો જે આગળના ભાગની દ્દષ્ટિને અવરોધતી હોય - તો વાહનની આસપાસ જોવા માટે તમારે વધારાની જગ્યાની જરૂર પડે છે.
- તમે વજનદાર ભાર વહન કરતા અથવા ટ્રેલર ખેંચી રહેલા ડ્રાઇવરની પાછળ ચાલી રહ્યા હો - તો વધારાનું વજન તેને થોભવાનું વધુ મુશ્કેલ બનાવશે.
- સાયકલ સહિતના ધીમી ગતિએ ચાલતા વાહનોની નજીક જવું.
- તમે સ્કૂલ બસો, ટેક્સી, જાહેર અને ખાનગી બસો તેમજ જોખમી સામગ્રીનું પરિવહન કરતા ટ્રકોની પાછળ ચાલી રહ્યા હો - તો આ વાહનોને રેલરોડ ક્રોસિંગ પર રોકવું જરૂરી હોય છે અને અન્ય અણધાર્યા સ્ટોપ પણ કરવા પડે છે.
- તમે ઢાળ પરથી નીચે વાહન ચલાવી રહ્યા હો - તમારા બ્રેક્સને તમારા વાહનને ધીમું કરવું મુશ્કેલ બને છે, ખાસ કરીને વધુ ઝડપે ચાલતું હોય ત્યારે.
- તમે ચઢાવ પર અટકી ગયા હો - જ્યારે ટ્રાફિક આગળ વધવાનું શરુ કરે, ત્યારે આગળનું વાહન પાછું લપસી તમારા વાહન સાથે અથડાઈ શકે છે.

બાજુઓ પર સુરક્ષિત અંતર જાળવો

જગ્યાના સંચાલનના ડાયાગ્રામના **એરિયા 2 અને 3** માં બતાવ્યા પ્રમાણે, બાજુઓ પર સુરક્ષિત અંતર જાળવવાથી, જો કોઈ અન્ય વાહન અચાનક તમારી લેનમાં આવે તો તમને પ્રતિક્રિયા આપવા માટે જગ્યા આપશે. આ ક્ષેત્રો તમારા માટે સંભવિત બચાવના માર્ગો હોય છે.



યાદ રાખવાના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છેઃ

- બહુ-માર્ગી રસ્તાઓ પર અન્ય વાહનો સાથે વાહન ચલાવવાનું ટાળો. તેઓ તમારી દ્દષ્ટિને અવરોધે છે અને તમારા નીકળવાના માર્ગને બંધ કરે છે અને તમે કદાચ તેમના બ્લાઇન્ડ સ્પોટમાં હો.
- તમારા વાહનની બાજુમાં અને સામેથી આવતા વાહનો માટે શક્ય તેટલી વધુ જગ્યા રાખો.
- હાઇવેમાં પ્રવેશતા વાહનો માટે જગ્યા ખાલી રાખો, જો સલામત હોય તો સિગ્નલ આપો અને અંદરની લેનમાં જાઓ.
- તમારા વાહન અને પાર્ક કરેલા વાહનો વચ્ચે જગ્યા રાખો. કોઈ વ્યક્તિ વાહનનો દરવાજો ખોલી શકે છે અથવા પાર્ક કરેલા વાહનો વચ્ચેથી બહાર નીકળી શકે છે અથવા કોઈ વાહન અચાનક બહાર નીકળી શકે છે.
- જો તમારી પાસે તમારા વાહનની ઓછામાં ઓછી એક બાજુએ બહાર નીકળવાના માર્ગ તરીકે ઉપયોગ કરવા માટે ઓછામાં ઓછી આઠ (8) ફૂટ જગ્યા ન હોય, તો તમારે તમારા અને તમારી પાછળ ચાલનારાઓ વચ્ચેનું અંતર વધારીને આગળ ચાલનારાઓને વધુ જગ્યા આપવી જરૂરી હોય છે.

તમે સામાન્ય રીતે તમારી લેનની મધ્યમાં વાહન ચલાવશો. પરંતુ ક્યારેક, તમને રસ્તાની બંને બાજુ જોખમો જોવા મળશે. જમણી બાજુના ચિત્રમાં બતાવેલ ઉદાહરણની જેમ, તમારી જમણી બાજુ પાર્ક કરેલા વાહનો અને ડાબી બાજુ સામે આવતા વાહનો હોઈ શકે છે. આ કિસ્સામાં, શ્રેષ્ઠ બાબત એ હોય છે કે ગતિ ધીમી કરવી અને સામે આવતા વાહનો અને પાર્ક કરેલા વાહનો વચ્ચે મધ્યમ માર્ગમાં ચાલવા દ્વારા "તફાવતને વિભાજીત કરવો".



પાછળની બાજુ સુરક્ષિત અંતર રાખો



જગ્યાના સંચાલનના ડાયાગ્રામમાં **એરિયા 6** માં, તમારી પાછળ આવતા ડ્રાઇવરનું તમારી તુલનામાં ખાલી જગ્યા પર વધુ નિયંત્રણ હોય છે, પરંતુ તમે વળાંક માટે વાહનની ગતિ ધીમી કરતા પહેલા સ્થિર ગતિ રાખી અને સંકેત આપીને મદદ કરી શકો છો. જો તમને કોઈ ખૂબ નજીકથી (ટેલગેટિંગ) તમારી પાછળ આવતું દેખાય ત્યારે, શક્ય હોય તો જમણી લેન તરફ જાઓ. જો કોઈ જમણી લેન ન હોય, તો તમે આગળનો રસ્તો ખાલી થાય ત્યાં સુધી રાહ જોઈને પછી ધીમેથી બ્રેક લગાવીને પોતાની ગતિ ધીમી કરીને પાછળ આવતા વાહનને તમારી આસપાસથી નીકળવા માટે પ્રોત્સાહિત કરી શકો છો. તે ઉપરાંત, જ્યારે તમે ધીમી ગતિએ જવાની કે થોભવાની તૈયારી કરી રહ્યા હો, ત્યારે બાજુમાંથી નીકળી જવાનો રસ્તો શોધો.



છેલ્લે, તમારી પાછળ ડાબી તરફ-પાછળ અને જમણી તરફ-પાછળના વિસ્તારમાં શું થઈ રહ્યું છે તેના પર ધ્યાન આપો (જગ્યાના સંચાલનના ડાયાગ્રામનો **એરિયા 4 અને 5**). તમારે એ જાણવું જરૂરી હોય છે કે અન્ય વાહનો તમારા વાહનની કેટલી નજીક છે અને તેઓ કેટલી ઝડપથી આગળ વધી રહ્યા છે. આ વિસ્તારો બ્લાઇન્ડ સ્પોટ્સ છે, લેન બદલતા પહેલા હંમેશા પાછળ જોઇને તેને તપાસો.

તમારા વાહનને દેખાય એવી જગ્યા પર રાખો

બીજા ડ્રાઇવરના બ્લાઇન્ડ સ્પોટ પર તમારું વાહન ચલાવવાનું ટાળો. બ્લાઇન્ડ સ્પોટ એ વાહનની આસપાસની એવી કોઈ પણ જગ્યા હોય છે જે ડ્રાઇવર માથું ફેરવ્યા વિના જોઈ શકતો નથી. આ ભૂલ ટાળવામાં તમને મદદ કરવા માટે અહીં કેટલાક સારા નિયમો આપ્યા છે:

- લાંબા સમય સુધી બીજા વાહનની બંને બાજુ અને થોડું પાછળ ચલાવવાનું ટાળો. બંને સ્થિતિઓ બીજા ડ્રાઇવર માટે બ્લાઇન્ડ સ્પોટ હોય છે. ડ્રાઇવરના બ્લાઇન્ડ સ્પોટમાંથી બહાર નીકળવા માટે કાં તો ગતિ વધારો અથવા ગતિ ઘટાડીને પાછળ જાઓ.
- અન્ય વાહન પસાર થાય ત્યારે, બીજા ડ્રાઇવરના બ્લાઇન્ડ સ્પોટમાંથી શક્ય તેટલી ઝડપથી અને સલામત રીતે નીકળી જાઓ. તમે જેટલા લાંબા સમય સુધી બ્લાઇન્ડ સ્પોટમાં રહેશો, તેટલા લાંબા સમય સુધી તમે બંને જોખમમાં રહેશો.



આગળ જોવું



- ચિત્રમાં ડ્રાઇવર એક એવી લેનમાં છે જે ટૂંક સમયમાં સમાપ્ત થાય છે. જો આ ડ્રાઇવર લેન નહીં બદલે, તો ડ્રાઇવરે ઝડપથી લેન બદલવી પડશે અથવા રોકાઈને ટ્રાફિક ખાલી થાય ત્યાં સુધી રાહ જોવી પડશે.
- છેલ્લી ઘડીએ રસ્તો બદલવાનું ટાળવા માટે, તમારે વસ્તુઓને વહેલી જોવા અને પ્રતિક્રિયા આપવા માટે અગાઉથી દૂર સુધી આગળ જોવું જરૂરી હોય છે. તમે 12 થી 15 સેકન્ડ અગાઉથી સમસ્યાની પરિસ્થિતિઓ ઓળખી શકવા જોઇએ — શહેરમાં લગભગ એક બ્લોક અથવા હાઇવેની ઝડપે એક ક્વાર્ટર માઇલ.

જોખમી ટ્રાફિકવાળી પરિસ્થિતિઓનો સામનો કરવાની તમારી ક્ષમતા મોટાભાગે આગળની સમસ્યાઓ શોધવા અને ઓળખવા પર આધાર રાખે છે. ખૂબ આગળ જોવાનો અર્થ એ નથી કે તમારે ફક્ત રસ્તાના મધ્ય ભાગ તરફ જોવું જોઈએ. તમારે રસ્તાની બાજુઓ સહિત, આખા રસ્તાને સતત સ્કેન કરવો જરૂરી હોય છે.

ડ્રાઇવિંગનું દૃશ્ય સ્કેન કરતી વખતે, આ બાબતો પર ધ્યાન આપો:

- તમારી આગળના રસ્તા પર પ્રવેશતા વાહનો અને લોકો ખૂબ ધીમી ગતિએ આગળ વધી રહ્યા હોઈ શકે છે.

- આગળ ધીમું પડેલું અથવા થોભેલું વાહન, વળાંક લેતા પહેલા અન્ય ટ્રાફિક ખાલી થવાની રાહ જોઈ રહ્યું હોય છે.
- આગળ ભયની ચેતવણી આપતા ચિહ્નો.
- આગળના સ્થળો વિશે જણાવતા અને/અથવા ત્યાં કેવી રીતે પહોંચવું તે વિશે માહિતી આપતા ચિહ્નો.

બાજુઓ તરફ જોવું

આંતરછેદ, ડ્રાઇવ વે, શોપિંગ સેન્ટરના પ્રવેશદ્વાર અને બહાર નીકળવાના રસ્તાઓ અને હાઇવેના પ્રવેશદ્વાર અને બહાર નીકળવાના રસ્તાઓ પર - જ્યાં ટ્રાફિકનો એક પ્રવાહ બીજા પ્રવાહને મળતો હોય - તે બાજુઓ તરફ જોવું ખાસ કરીને મહત્વપૂર્ણ હોય છે.

જ્યારે તમે કોઈ આંતરછેદ પર આવો, ત્યારે "ડાબે-જમણે-ડાબે" નિયમનું પાલન કરો:

- પહેલા ડાબી બાજુ જુઓ, કારણ કે ડાબી બાજુથી આવતા વાહનો તમારી નજીક હોય છે.
- જમણી તરફ જુઓ.
- બહાર નીકળતા પહેલા ફરી ડાબી બાજુ જુઓ. તમને એવું વાહન દેખાઈ શકે છે જે તમે પહેલી વાર જોયું ત્યારે તમને દેખાયું ન હોય.

જ્યારે તમે આંતરછેદમાં પ્રવેશ કરો, ત્યારે ફરીથી ડાબે અને જમણે જુઓ. **'થોભો'નું ચિહ્ન અથવા સિગ્નલ હોવા છતાં, એવું માનશો નહીં કે અન્ય ટ્રાફિક હંમેશા બંધ રહેશે.** જો બિલ્ડીંગ, ઝાડીઓ અથવા પાર્ક કરેલા વાહનો દ્વારા ક્રોસ સ્ટ્રીટની તમારી દૃષ્ટિ અવરોધિત હોય, તો તમે સ્પષ્ટ રીતે જોઇ ન શકો ત્યાં સુધી ધીમે ધીમે આગળ વધો.

પાછળ જોવું

તમારે શક્ય તેટલી વાર તમારી પાછળનો ટ્રાફિક પણ તપાસવો જોઈએ. જ્યારે તમે લેન બદલવાનું કે રિવર્સ લેવાનું વિચારી રહ્યા હો ત્યારે આમ કરવું ખૂબ જ મહત્વપૂર્ણ હોય છે.

લેન બદલવામાં આ બાબતો શામેલ છે:

- રસ્તા પર એક લેનથી બીજી લેન બદલવી.
- પ્રવેશ લેનમાંથી હાઇવેમાં પ્રવેશ કરવો.
- પેવમેન્ટ કે રસ્તાના કિનારેથી રસ્તા પર પ્રવેશ કરવો.

લેન બદલતા પહેલા, ટર્નનું યોગ્ય સિગ્નલ આપવું. તમારા પાછળ જોવાના અને સાઈડના અરીસામાં જુઓ અને ખાતરી કરો કે કોઈ તમારાથી આગળ નીકળી રહ્યું ન હોય. ફક્ત મિરર કે સેન્સર પર આધાર રાખશો નહીં, તમારા વાહનના બ્લાઇન્ડ સ્પોટમાં કોઈ નથી તેની ખાતરી કરવા માટે તમારી ડાબી અને જમણી બાજુ જુઓ. તે જગ્યાઓ ઝડપથી તપાસો. એક સેકન્ડથી વધુ સમય માટે તમારી નજર આગળના રસ્તા પરથી ન હટાવો. ત્રણ (3) કે તેથી વધુ લેનવાળા રસ્તાઓ પર, લેન બદલતા પહેલા બધી લેન તપાસો — બીજી લેનમાં કોઈ વ્યક્તિ પણ તમે જ્યાં જવા માંગો છો તે જ જગ્યાએ જવાની યોજના બનાવતી હોઇ શકે છએ.

વાહન રિવર્સ લેવું:
વાહન રિવર્સ લેતી વખતે, હંમેશા તમારા વાહનની પાછળ તપાસ કરો - તમારા વાહનમાં બેસતા પહેલા તેમ કરો. ડ્રાઇવરની સીટ પરથી બાળકો કે નાની વસ્તુઓને જોવી મુશ્કેલ હોય છે. રિવર્સ લેતા પહેલા, તમારું માથું ફેરવો જેથી તમે પાછળની બારીમાંથી જોઈ શકો. ફક્ત તમારા અરીસા કે સેન્સર પર આધાર રાખશો નહીં.

ગતિનું સંચાલન

સલામત ગતિ કોને કહે છે? કેટલી ઝડપને ખૂબ જ વધારે ઝડપ કહેવામાં આવે છે? આ પ્રશ્નોના કોઈ સરળ જવાબો નથી કારણ કે એવી કોઈ પણ ગતિ નથી જે હંમેશા સલામત હોય. વાહન ચલાવવા માટે સલામત ગતિ પસંદ કરતી વખતે, પોસ્ટ કરેલી ગતિ મર્યાદા ઉપરાંત, તમારે રસ્તાની સ્થિતિ, દૃષ્ટિની સ્થિતિ અને અન્ય ટ્રાફિકના પ્રવાહને ધ્યાનમાં લેવું જરૂરી હોય છે. તે ઉપરાંત, જ્યારે તમે ગતિ બદલવાની યોજના બનાવો, ત્યારે તે અન્ય ડ્રાઇવરોને તમારા ઇરાદા પહોંચાડવા દ્વારા તમને સુરક્ષિત રહેવામાં મદદરૂપ થશે.

પોસ્ટ કરેલી ગતિ મર્યાદા

પોસ્ટ કરેલી ગતિ મર્યાદા આદર્શ રસ્તા, ટ્રાફિક અને હવામાન પરિસ્થિતિઓમાં મહત્તમ સલામત ડ્રાઇવિંગની ગતિ દર્શાવે છે.

- પેન્સિલવેનિયામાં મહત્તમ ગતિ મર્યાદા 70 છે.
- આંતરરાજ્ય હાઇવે પર મહત્તમ ગતિ મર્યાદા દરેક આંતરછેદ પછી પોસ્ટ કરવામાં આવે છે.
- અન્ય હાઇવે પર મહત્તમ ગતિ મર્યાદા આશરે ½ માઇલના અંતરાલ પર પોસ્ટ કરવામાં આવશે.

કિશોર વયની વ્યક્તિના અકસ્માતની હકીકત
"પરિસ્થિતિઓને કારણે ખૂબ ઝડપથી વાહન ચલાવવું" એ નં. 1 કારણ છે, જેમાં 16 અને 17 વર્ષના ડ્રાઇવરો અકસ્માતોમાં સંડોવાયેલા હોય છે.

- સ્કૂલ ઝોનમાં, જ્યારે સ્કૂલ ઝોન ચિહ્ન પરની લાઇટો ઝબકતી હોય અથવા ચિહ્ન પર દર્શાવેલ સમય દરમિયાન ગતિ મર્યાદા 15 mph હોય છે. સ્કૂલ ઝોનની ગતિ મર્યાદા અન્ય ગતિ મર્યાદા કરતા ઓછી હોય છે.

જ્યારે રસ્તો ભીનો હોય કે લપસણો હોય, જ્યારે તમે સ્પષ્ટ રીતે જોઈ શકો નહીં અથવા જ્યારે અન્ય પરિબળો પરિસ્થિતિઓને પ્રતિકૂળ બનાવે ત્યારે વાહનને નિર્ધારિત મર્યાદાથી ઓછી ગતિએ ચલાવો. જો તમે નિર્ધારિત ગતિ મર્યાદામાં વાહન ચલાવી રહ્યા હો તો પણ, પરિસ્થિતિ અનુસાર ખૂબ ઝડપથી વાહન ચલાવવા બદલ તમારે દંડ ભરવો પડી શકે છે.

ઇકો-ડ્રાઇવિંગ

સલામત ડ્રાઇવિંગ ફક્ત તમારું રક્ષણ જ નથી કરતું: તે તમારા નાણા બચાવે છે અને વાયુ પ્રદૂષણ ઘટાડે છે. કાર ચલાવવામાં ગેસ, જાળવણી અને ટાયર સહિતના ઘણા ખર્ચાઓનો સમાવેશ થાય છે. ડ્રાઇવરો અને કાર માલિકો કોઈ વધારાના ખર્ચ વિના આ ખર્ચ ઘટાડવા માટે ઘણા પગલાં લઈ શકે છે.

અપનાવવા જેવી સ્માર્ટ ડ્રાઇવિંગની આદતો

1. ધીમી ગતિએ ચલાવો. 60 માઇલ પ્રતિ કલાકથી વધુની ઝડપે વાહન ચલાવતી વખતે દર પાંચ માઇલ પ્રતિ કલાકે ફ્યુઅલનો વપરાશ લગભગ 5% વધે છે.
2. પેડલ પર દબાણ ઓછું આપો. ઝડપી શરૂઆત અને અચાનક બંધ કરવાથી બળતણનો વપરાશ 40% જેટલો વધી શકે છે, પરંતુ તેનાથી મુસાફરીનો સમય ફક્ત 4% ઓછો થઈ શકે છે.
3. શાંતિથી અને સુરક્ષિત રીતે વાહન ચલાવો દિવસના સૌથી ગરમ સમયમાં વાહન ચલાવવાનું ટાળો. ઠંડી, સારા પ્રમાણમાં હવાની અવરજવર એ પાવર અને માઇલેજમાં વધારો કરી શકે છે.
4. શાંત રહો. 40 માઇલ પ્રતિ કલાકથી વધુની ઝડપે વાહન ચલાવતી વખતે તમારી કારના એર કન્ડીશનરનો ઉપયોગ કરો.
5. કારને યોગ્ય તાપમાને લાવવા માટે ધીમેથી ચલાવો. સૌથી ઠંડા દિવસોમાં પણ, તમારા વાહનને ચલાવવા માટે તૈયાર થવામાં ફક્ત 30 સેકન્ડનો સમય લાગે છે.
6. આગળની મુસાફરી ચાલુ રાખો. સમતલ હાઇવે પર ડ્રાઇવિંગ કરતી વખતે ક્રુઝ કંટ્રોલનો ઉપયોગ કરીને સરેરાશ 7% ફ્યુઅલની બચત કરો.
7. લાઇટને ફોલો કરો. જ્યારે તમારા વાહનની ઓન-બોર્ડ ડાયગ્નોસ્ટિક્સ (OBD) લાઇટ ચાલુ થાય, ત્યારે શક્ય છે કે ઇંધણનો વપરાશ વધી રહ્યો હોય અને ઉત્સર્જન વધી રહ્યું હોય. જો OBD લાઈટ ચાલુ રહે, તો વધુ માહિતી માટે તમારા ઓટો ડીલર સાથે વાત કરો.
8. સુરક્ષિત રીતે ડ્રાઈવ કરો. તમારા અને અન્ય વાહનો વચ્ચે પૂરતું અંતર જાળવો. આમ કરવાથી ફક્ત તમારું રક્ષણ જ થતું નથી, પરંતુ તે તમારા વાહનના ઘસારાને પણ અટકાવે છે.
9. તમારી કારનો ઉપયોગ કરો. જો તમારા વાહનમાં "ECO" સેટિંગ હોય, તો તેનો ઉપયોગ કરો. તે તમારા ગેસ પેડલ ઇનપુટને સુંવાળું બનાવશે, ટ્રાન્સમિશન શિફ્ટ પોઇન્ટને ઑપ્ટિમાઇઝ કરશે અને એન્જિન પર એર કન્ડીશનરની અસર ઘટાડશે.
10. તેને બંધ કરો. નિષ્ક્રિયતાના કારણે ઇંધણનો બગાડ થાય છે અને તે પ્રતિબંધિત હોઈ શકે છે. જો તમારે આરામની જરૂર હોય, તો ન્યુટ્રલ પર શિફ્ટ કરો અથવા પાર્ક કરો જેથી બ્રેક મારતી વખતે એન્જિન સક્રિય ન રહે અને વધુ ઇંધણનો વપરાશ ન કરે.
11. વાહન ઓછું ચલાવો. વાહન ઓછું ચલાવીને ખર્ચ ઘટાડવા અને નાણા બચાવવાના અનેક માર્ગો છે. જાહેર પરિવહન, સાયકલ કે ચાલીને અથવા તો કારપૂલનો ઉપયોગ કરો. તે ઉપરાંત, બધા કામો એકસાથે કરવાથી સમય અને ગેસની બચત થાય છે.
12. તમારી જાતને શિક્ષિત કરો. શ્રેષ્ઠ સલામત ડ્રાઇવિંગ પ્રથાઓ વિશે શિક્ષિત રહેવા અને જાણવા માટે ઘણા સંસાધનો ઉપલબ્ધ છે.

રાત્રે વાહન ચલાવવું

રાત્રિના સમયે સૌથી વધુ અકસ્માત દર જોવા મળે છે. મોટાભાગના ગંભીર અકસ્માતો ઓછા પ્રકાશ અથવા અંધારામાં થાય છે. એકંદરે, ટ્રાફિક મૃત્યુ દર દિવસના પ્રકાશની તુલનામાં રાત્રે ત્રણ (3) થી ચાર (4) ગણો વધારે હોય છે. દિવસે વાહન ચલાવવાની સરખામણીમાં, રાત્રે વાહન ચલાવવાનું વધુ જોખમી હોય છે.

તેના ઘણા કારણો છે:

- રાત્રે તમારી દ્રષ્ટિ ખૂબ જ મર્યાદિત હોય છે.
- અન્ય વાહનોની હેડલાઇટનો પ્રકાશ તમને થોડા સમય માટે અંધ કરી શકે છે.
- મોટાભાગના લોકો જે થાકેલા કે નશામાં વાહન ચલાવતા હોય તેઓ રાત્રે રસ્તા પર હોવાની સંભાવના વધુ હોય છે.

ઓછા પ્રકાશમાં, અંતર નક્કી કરવાની તમારી ક્ષમતા ઓછી થઈ જાય છે, રંગો જોવાની અને બાજુની વસ્તુઓ જોવાની તમારી ક્ષમતા ઓછી થઈ જાય છે. એક ડ્રાઇવર તરીકે, જો તમને અચાનક તમારી સામેના રસ્તા પર કંઈક અણધાર્યું દેખાય — કોઇ રાહદારી, સાયકલ ચાલક, પ્રાણી, વગેરે — તો તમારે પ્રતિક્રિયા આપવા હંમેશા તૈયાર રહેવું જોઈએ. — અને રાત્રે તમારી આશ્ચર્યચકિત થવાની શક્યતા વધુ હોય છે. રસ્તાના કિનારે આવેલા ચિહ્નો અને અન્ય વસ્તુઓની તુલનામાં, રાત્રે રાહદારીઓને જોવાનું સૌથી વધુ મુશ્કેલ હોય છે.

કાયદા દ્વારા જરૂરી હોય તે મુજબ, તમારે રાત્રે અને અન્ય સમયે તમારી હેડલાઇટનો યોગ્ય રીતે ઉપયોગ કરવો જોઈએ. હેડલાઇટના બે હેતુ છેઃ તમને જોવામાં મદદરૂપ થવું અને તમે દેખાવ તેમાં મદદરૂપ થવું. અઠવાડિયામાં ઓછામાં ઓછી એક વાર તમારી હેડલાઇટ સાફ કરો. જ્યારે તમે તમારા વાહન માટે ગેસ ખરીદો ત્યારે તે કરો - ગંદી હેડલાઇટ જોઈએ તેટલા પ્રકાશનો અડધો ભાગ જ આપી શકે છે.

રાજ્યના કાયદા મુજબ ડ્રાઇવરોએ તેમની હેડલાઇટનો ઉપયોગ કરવો જરૂરી છેઃ

- જ્યારે તેઓ ધુમ્મસવાળા દિવસોમાં અપૂરતા પ્રકાશને કારણે અથવા ભારે ટ્રાફિકને કારણે જોઈ શકે નહીં, ત્યારે તેમનું વાહન આસપાસના વાતાવરણમાં ભળી જાય છે.
- જ્યારે પ્રતિકૂળ વાતાવરણવાળી પરિસ્થિતિઓ હોય ત્યારે, જેમાં વરસાદ, બરફ, કરા, ધુમ્મસ, ધુમાડો અથવા ઝાકળનો સમાવેશ થાય છે. ખરાબ હવામાનમાં, ફક્ત લૉ બીમનો ઉપયોગ કરો. આવી પરિસ્થિતિઓમાં હાઇ બીમ ખરેખર દૃષ્ટિમાં ઘટાડો કરે છે.
- જ્યારે તેઓ જે વાહન ચલાવી રહ્યા હોય તેનાથી 1,000 ફૂટ આગળ હાઇવે પર રાહદારીઓ કે વાહનોને જોઈ શકે નહીં ત્યારે.
- સૂર્યાસ્ત અને સૂર્યોદય વચ્ચે.
- કામ ચાલુ હોય તેવા વિસ્તારમાં વાહન ચલાવતી વખતે.
- જ્યારે પણ હવામાન પરિસ્થિતિઓને કારણે તમારા વાહનના વાઇપરનો સતત અથવા સમયાંતરે ઉપયોગ થતો હોય.

નોંધઃ દિવસ દરમિયાન ચાલતી લાઇટ પૂરતી હોતી નથી. તમારી ટેલ લાઇટ પણ પ્રકાશિત હોવી જોઈએ.

જે ડ્રાઇવરો જરૂર પડ્યે હેડલાઇટનો ઉપયોગ કરવામાં નિષ્ફળ જાય છે તેમના માટે રાજ્યના કાયદા મુજબ દંડની શરૂઆત $25થી થાય છે અને તેની સાથે સંકળાયેલા અન્ય ખર્ચ સાથે તે દંડ $100 સુધી પહોંચી શકે છે.

હેડલાઇટ અને રાત્રિના સમયે ડ્રાઇવિંગ વિશે અન્ય મહત્વપૂર્ણ સલામતી સંબંધી માહિતીઃ

- રાત્રે વાહન ચલાવતી વખતે, સામેની લેનમાં બીજા વાહનને આવતા જોતાં જ લૉ બીમનો ઉપયોગ કરો, કારણ કે હાઈ બીમ બીજા વાહન ચાલકને "બ્લાઇન્ડ" કરી શકે છે. પેન્સિલવેનિયાના કાયદા મુજબ જ્યારે પણ તમે કોઈ આવતા વાહનથી 500 ફૂટની અંદર હો અને જ્યારે તમે 300 ફૂટની અંદરના કોઈ વાહનની પાછળ ચાલી રહ્યા હો ત્યારે લૉ બીમનો ઉપયોગ કરવો જરૂરી હોય છે.
- જો હાઈ બીમ વાપરતું વાહન તમારી તરફ આવે, તો તમારા હાઈ બીમને થોડી વખત માટે ઝડપથી ફ્લેશ કરો. જો ડ્રાઇવર પોતાની લાઇટ ડીમ ન કરે, તો રસ્તાની જમણી બાજુ જુઓ. આનાથી તમે બીજા વાહનની હેડલાઇટથી "બ્લાઇન્ડ" થશો નહીં અને વાહન પસાર થાય ત્યાં સુધી તમારા માર્ગ પર રહેવા માટે તમને સારી રીતે જોવાની તક મળશે.
- તમારી તેજ લાઇટ ચાલુ રાખીને બીજા ડ્રાઇવરને સામી સજા કરવાનો પ્રયાસ કરશો નહીં. જો તમે એમ કરશો, તો તમે બંને "બ્લાઇન્ડ" થઈ શકો છો.
- જો તમારા પાછળ જોવાના અરીસામાં દેખાતા સામેથી આવતા વાહનની હેડલાઇટનો પ્રકાશ અનુકૂળ ન લાગે, તો તમે અંદરના પાછળ જોવાના અરીસાને દિવસના સેટિંગથી રાત્રિના સેટિંગમાં બદલી શકો છો.
- તમારી હેડલાઇટથી પ્રકાશિત આગળના રસ્તાની લંબાઈમાં દેખાતા જોખમને ટાળવા માટે, તમે સમયસર રોકી ન શકો તેટલી ઝડપથી વાહન ચલાવવા દ્વારા "તમારી હેડલાઇટને ઓવરડ્રાઇવ" કરશો નહીં. લૉ બીમ હેડલાઇટ ફક્ત 250 ફૂટ આગળ સુધી જ પ્રકાશ ફેંકે છે. સૂકા પેવમેન્ટ પર પણ, જો તમે 55 માઇલ પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહ્યા હો, તો તેને રોકવામાં 250 ફૂટથી વધુ જગ્યા લાગે છે. રાત્રે અંધારાવાળા રસ્તા પર તમારી હેડલાઇટ વધુ પડતી ચાલુ ન રાખવી પડે તે માટે, તમારે 45 માઇલ પ્રતિ કલાકથી વધુ ઝડપે વાહન ચલાવવું જોઈએ નહીં.

રસ્તાની સ્થિતિ

રસ્તાની સ્થિતિ તમારી રોકવાની ક્ષમતાને ખૂબ અસર કરે છે. જ્યારે રસ્તાની સ્થિતિ ખરાબ હોય ત્યારે તમારે તમારી ગતિ ઓછી કરવી જરૂરી હોય છે, જેથી તમે તમારા વાહન પર નિયંત્રણ જાળવી શકો. જો તમે લપસણા રસ્તાઓ પર, ખાસ કરીને વળાંકો પર, ખૂબ ઝડપથી વાહન ચલાવશો તો તમને સૌથી વધુ જોખમ રહેશે. **જ્યારે રસ્તો લપસણો હોય ત્યારે ધીમે વળાંક લો.**

- **ભીના પેવમેન્ટ્સ**

  ભીના હોય ત્યારે બધા રસ્તા લપસણા હોય છે, પરંતુ **ભીના હોય ત્યારે લપસણા હોય છે** લખેલા ચેતવણી ચિહ્નોવાળા રસ્તાઓ પર વધુ કાળજી રાખો. વરસાદી વાવાઝોડાની શરૂઆતની 10 થી 15 મિનિટમાં પેવમેન્ટ ખૂબ જ લપસણા થઈ શકે છે. વરસાદને કારણે ડામરમાં રહેલું ઓઇલ સપાટી પર આવે છે. ગરમીના મોસમમાં આ સમસ્યા વધુ વિકટ બની જાય છે, ખાસ કરીને જ્યારે પાણી સાથે ગરમીના સંયોજનથી રસ્તાની સપાટી પર વધુ ઓઇલ આવે છે ત્યારે. ઠંડા, ભેજવાળા હવામાનમાં, વૃક્ષો અથવા બિલ્ડિંગથી ઢંકાયેલા રસ્તાના ભાગો પર વાહન ચલાવતા વધુ સાવચેત રહો; આ વિસ્તારો વધુ ઝડપથી થીજી જાય છે અને ઘણા લાંબા સમય પછી સુકાય છે.

- **હાઇડ્રોપ્લેનિંગ**

  વધુ પડતી ઝડપને કારણે, તમારું વાહન ભીના રસ્તા પર લપાસવા લાગે છે. લપસવાની સ્થિતિ ત્યારે ઉદ્ભવે છે જ્યારે તમારા ટાયર રસ્તા પર તેમની પકડ ગુમાવે છે અને પાણીવાળી સપાટી પર સ્કીઇંગની જેમ સવારી કરે છે. ભીના રસ્તા પર તમે જેટલી ઝડપથી વાહન ચલાવો છો, તમારા ટાયર રસ્તા પરથી પાણી સાફ કરવામાં તેટલા જ ઓછા અસરકારક બને છે. જ્યારે પાણી ફક્ત 1/10 ઇંચ ઊંડું હોય ત્યારે તમે 35 માઇલ પ્રતિ કલાક જેટલી ઓછી ઝડપે પણ લપસી શકો છો. ઘસાઈ ગયેલા ટાયર આ સમસ્યાને વધુ ગંભીર બનાવે છે. ધીમે વાહન ચલાવીને લપસવાની ઘટનાને ઓછી કરી શકાય છે.

જો તમે તમારી પોતાને લપસવાની સ્થિતિમાં જુઓ, તો નીચે મુજબ કરો:

1. બંને હાથ સ્ટીયરીંગ વ્હીલ પર રાખો.
2. તમારા વાહનની ગતિ ધીમી કરવા માટે ધીમે ધીમે તમારા પગને ગેસ પેડલ પરથી દૂર કરો. અચાનક બ્રેક મારશો નહીં કે વળવાનો પ્રયાસ કરશો નહીં કારણ કે તેનાથી તમારું વાહન લપસી જશે. જેમ જેમ તમારું વાહન ધીમું થશે, તેમ તેમ રસ્તાને સ્પર્શતા ટાયરના ભાગની માત્રા વધશે અને તમને સારી પકડ મળવા લાગશે.
3. તમારા વાહનને રસ્તા પર રાખવા માટે ધીમે ધીમે અને જરૂરી હોય તેટલું જ વાળો.
4. જો તમારે બ્રેકનો ઉપયોગ કરવો પડે, તો ધીમેથી બ્રેક મારો. (ઇમરજન્સી અટકવા માટે પરંપરાગત વિરુદ્ધ એન્ટિ-લોક બ્રેક્સનો ઉપયોગ કરવા વિશે મહત્વપૂર્ણ માહિતી માટે આ પ્રકરણમાં આગળ "જો તમારે અચાનક બ્રેક મારવી પડે તો" વિભાગ જુઓ.)

- **સ્નો અને બરફ**

  સ્નો કે બરફ પર વાહન ચલાવતી વખતે, તમારે કોઈપણ પરિસ્થિતિને અનુરૂપ તમારા ડ્રાઇવિંગને ગોઠવવાની જરૂર પડશે. રસ્તા પર તમારા ટાયરનું ઘર્ષણ ઘણું ઓછું થઈ જશે, જે તમારી સ્ટીયરિંગ અને બ્રેકિંગ ક્ષમતા પર ગંભીર રીતે અસર કરશે. તે ઉપરાંત, જ્યારે વરસાદ અથવા ઝરમર વરસાદ હોય ત્યારે 32° (ફેરનહીટ) નજીક તે અત્યંત ખતરનાક હોય છે - બરફની સપાટી પર પાણીનું પાતળુ આવરણ બરફ કરતાં વધુ લપસણું હોય છે.

  "કાળા બરફ" પર નજર રાખો, તે એક એવી સ્થિતિ હોય છે જે સ્વચ્છ રસ્તાઓ પર ત્યારે ઊભી થાય છે જ્યારે તાપમાન ઘટવાને કારણે બરફનું પાતળું આવરણ બને છે. જ્યારે રસ્તો ભીનો દેખાય,પરંતુ અન્ય વાહનોના ટાયરમાંથી કોઈ સ્પ્રે નીકળતો હોતો નથી, ત્યારે "કાળો બરફ" ઉપસ્થિત હોઈ શકે છે.

  10 જુલાઈ, 2006ના રોજ અમલમાં આવેલા કાયદા હેઠળ, જો વાહનચાલકોના વાહનમાંથી બરફ પડવાથી અન્ય વાહન ચાલકો અથવા રાહદારીઓને ઈજા કે મૃત્યુ થાય તો તેમને ભારે દંડનો સામનો કરવો પડશે. જ્યારે સ્નો અથવા બરફ કોઈ ચાલતા વાહનમાંથી નીકળીને પડે કે ઉખડીને હવામાં ફેંકાય અને બીજા વાહન અથવા રાહદારી સાથે અથડાય, જેના કારણે તેમનું મૃત્યુ થાય અથવા ગંભીર શારીરિક ઈજા થાય, ત્યારે જે વાહનમાંથી સ્નો અથવા બરફ આવ્યો હોયય તેના સંચાલકને દરેક ગુના માટે $200 થી $1,000 સુધીનો દંડ થઈ શકે છે. PennDOT (પેનડોટ) વાહન ચાલકોને મુસાફરી કરતા પહેલા તેમના વાહનોમાંથી બધો સ્નો અને બરફ દૂર કરવા વિનંતી કરે છે.

જ્યારે રસ્તાઓ લપસણા થઈ જાય, ત્યારે તમારે આમ કરવું જોઈએ:

- ભીના રસ્તાઓ પર તમારી ગતિ 5 થી 10 માઇલ પ્રતિ કલાક ઓછી કરો અને પછીનું અંતર પાંચ (5) અથવા છ (6) સેકન્ડ સુધી વધારો.
- સ્નો અથવા બરફથી ઢંકાયેલા રસ્તાઓ પર તમારે વધુ ધીમી ગતિએ વાહન ચલાવવું જરૂરી હોય છે. બરફથી ઢંકાયેલા રસ્તાઓ પર, તમારી ગતિ અડધી કરો; બરફ પર, ધીમી ગતિએ આગળ વધો. તમારી અને આગળના વાહન વચ્ચે સામાન્ય કરતાં લગભગ 10 ગણી વધુ જગ્યા છોડો.
- ધીમેથી બ્રેક લગાવો, જો તમારું લપસવાનું શરૂ થાય તો બ્રેક ઢીલી છોડો અને જ્યારે તમે ફરીથી નિયંત્રણ મેળવો ત્યારે ફરીથી બ્રેક લગાવો. (ઇમરજન્સી અટકવા માટે પરંપરાગત વિરુદ્ધ એન્ટિ-લોક બ્રેક્સનો ઉપયોગ કરવા વિશે મહત્વપૂર્ણ માહિતી માટે આ પ્રકરણમાં આગળ "જો તમારે અચાનક બ્રેક મારવી પડે તો" વિભાગ જુઓ.)
- લપસણા રસ્તાઓ પર વાહન ચલાવતી વખતે તમારા ક્રુઝ કંટ્રોલનો ઉપયોગ કરશો નહીં. સ્નો, બરફ, કાદવ અને વરસાદને કારણે વ્હીલ ફરવા લાગે છે અને નિયંત્રણ ગુમાવી શકાય છે. વ્હીલ ફરતું અટકાવવા અને નિયંત્રણ પાછું મેળવવાનો એકમાત્ર માર્ગ પાવર ઘટાડવો એ હોય છે. પરંતુ, સક્રિય ક્રુઝ કંટ્રોલ સિસ્ટમ પાવરનો ઉપયોગ કરવાનું ચાલુ રાખશે, જેનાથી તમારા વ્હીલ ફરતા રહેશે.
- ઠંડા હવામાન દરમિયાન બરફથી ઢંકાયેલા સ્થળો અને પુલ પર સ્નો હોય તેવા લપસણા વિસ્તારોમાં અન્ય વાહનોને ટક્કર ન લાગે તે માટે તમારી ગતિ ગોઠવો. તેનાથી બીજા વાહન સાથે ટક્કર થવાનું જોખમ ઘટશે.
- બરફીલા અથવા બરફથી ઢંકાયેલા રસ્તાઓ પર જ્યારે તમે આંતરછેદ પર પહોંચો ત્યારે ધ્યાન રાખો, જ્યાં સુધી લાઇટ લીલી ન થાય અને તમારી આગળના વાહનો આગળ વધવાનું શરૂ ન કરે ત્યાં સુધી તમારા વાહનને થોભાવી રાખો. આ રીતે, તમારે થોભવા માટે બ્રેક મારવાની જરૂર નહીં પડે અને પછી ફરી શરૂ કરવા માટે ગતિ પકડવાની જરૂર નહીં પડે. તે ઉપરાંત, ચઢાણ પર જતી વખતે, આગળના વાહનની પાછળ પૂરતું અંતર જાળવો, જેથી તમારે ધીમી ગતિએ વાહન ચલાવવાની કે રોકવાની જરૂર ન પડે. વાહન ઢાળ પરથી નીચે ઉતારતી વખતે, વધુ સારા નિયંત્રણ માટે નીચલા ગિયર પર શિફ્ટ કરો.

દૃષ્ટિ સંબંધી પરિસ્થિતિઓ

રાત્રિના સમય ઉપરાંત, ધુમ્મસ અને બરફ એવી પરિસ્થિતિઓ હોય છે જે દૃષ્ટિમાં ઘટાડો કરે છે અને આગળ જોવાની અને તમારી આસપાસ બનતી ઘટનાઓનો ઝડપથી અને સલામત રીતે પ્રતિક્રિયા આપવાની તમારી ક્ષમતાને નોંધપાત્ર રીતે ઘટાડી શકે છે.

ધુમ્મસ કદાચ સૌથી વધુ જોખમી ડ્રાઇવિંગ વાતાવરણ હોય છે. તમે કોની સાથે અથડાવાના છો એ તમે જોઈ શકતા નથી અને બીજાઓ પણ તમને જોઈ શકતા નથી.

જો ધુમ્મસ એટલું ગાઢ હોય કે તમે જોઈ શકતા ન હો, તો મુસાફરી શરૂ કરશો નહીં. જો તમે ગાઢ ધુમ્મસમાં ફસાઈ જાઓ, તો તમારા વાહનને રસ્તા પરથી સંપૂર્ણપણે દૂર રાખવું વધુ સારું હોય છે, બની શકે તો પાર્કિંગની જગ્યામાં લઈ જાઓ અને ધુમ્મસ દૂર થાય ત્યાં સુધી રાહ જુઓ. પાર્ક કરેલું હોય ત્યારે, તમારૂં વાહન વધુ સારી રીતે દેખાય તે માટે તમારી હેઝાર્ડ લાઇટ ચાલુ કરો અને તમારો સીટ બેલ્ટ બાંધી રાખો.

જ્યારે તમારે ધુમ્મસવાળી સ્થિતિમાં વાહન ચલાવવું જરૂરી હોય, ત્યારે હંમેશા આ બે (2) વસ્તુઓ કરવાનું યાદ રાખો.

1. **તમે જોઈ શકો તેટલા અંતરે સુરક્ષિત રીતે થોભી શકો તેટલી ધીમી ગતિએ વાહન ચલાવો.** તમારે તમારા સ્પીડોમીટરને કાળજીપૂર્વક તપાસવાની જરૂર પડશે કારણ કે ધુમ્મસને કારણે રસ્તા પરની મોટાભાગની એવી વસ્તુઓ દેખાતી નથી જેનાથી તમને ખબર પડે કે તમે કેટલી ઝડપથી જઈ રહ્યા છો; સ્પીડોમીટર તમારા માટે માહિતી વિના ગતિ વધારવાનું સરળ બનાવે છે.
2. **તમારી લૉ બીમ હેડલાઇટ (અને જો તમારા વાહનમાં ફોગ લાઇટ હોય તો) ચાલુ કરો જેથી અન્ય લોકો તમને જોઈ શકે.** આમ કરો પછી ભલે તે દિવસનો સમય હોય કે રાત્રિનો. તમારા હાઈ બીમનો ઉપયોગ કરશો નહીં. તે તેમના પ્રકાશને ઉપરની તરફ અને ધુમ્મસ તરફ વાળે છે, જે પ્રકાશને તમારી આંખોમાં પાછું પ્રતિબિંબિત કરે છે, જેનાથી ઝગમગાટ થાય છે અને તમારા માટે આગળ જોવાનું વધુ મુશ્કેલ બને છે.

બરફ તમારી દૃષ્ટિને પણ ગંભીર રીતે મર્યાદિત કરી શકે છે.

બરફીલા વાતાવરણમાં વાહન ચલાવતી વખતે જોવાની ક્ષમતા વધારવા માટે, આ છ (6) વસ્તુઓ કરો

1. **બરફમાં વાહન ચલાવતા પહેલા તમારા વાહનની બધી બારીઓ, હૂડ, ટ્રંક અને છત સાફ કરો.** જો તમે તેમ નહીં કરો, તો બરફ તમારા વાહન પરથી અને તમારા વિન્ડશિલ્ડ પર ઉડશે, જેનાથી તમારી જોવાની ક્ષમતા અવરોધાઈ જશે અથવા બરફ તમારી પાછળ આવતા ડ્રાઇવરના વિન્ડશિલ્ડ પર પણ ઉડી શકે છે.

   જો કોઈ ચાલતા વાહનમાંથી હિમ કે બરફ બીજા વાહન કે રાહદારીને અથડાય અને તેના કારણે તેનું મૃત્યુ કે ગંભીર શારીરિક ઈજા થાય, તો વાહનના ચાલકને દંડ થઈ શકે છે.
2. **હિમ, બરફ અને ધૂળવાળી તમારી હેડલાઇટ, ટેલલાઇટ અને દિશા બતાવતા સિગ્નલને સાફ કરો.** તેનાથી અન્ય ડ્રાઇવરો તમને જોઈ શકે છે અને આગળ શું છે તે જોવામાં મદદ મળે છે. ગંદી હેડલાઇટ પ્રકાશનું ઉત્પાદન 50 ટકાથી વધુ ઘટાડે છે.
3. **ડ્રાઇવિંગ શરૂ કરતા પહેલા એન્જિનને ગરમ થવા દો.** તે ડિફ્રોસ્ટરને વિન્ડશિલ્ડને ગરમ કરવાની અને તમે દૂર ન કરી શકો તેવા બરફને ઓગાળવાની સંભાવના આપે છે.
4. **તમારા વિન્ડશિલ્ડને શક્ય તેટલું સાફ રાખવા માટે તમારા વિન્ડશિલ્ડ વાઇપરનો ઉપયોગ કરો.** ખાતરી કરો કે તમારું વિન્ડશિલ્ડ વોશર રિઝર્વોયર ભરેલું હોય અને તમે એવું પ્રવાહી વાપરી રહ્યા હો જે જામે નહીં.
5. **બાષ્પથી ઢંકાયેલી બારીઓ સાફ કરવા માટે ડિફ્રોસ્ટર ચાલુ રાખો.** જો તમારી પાસે નવું વાહન હોય, તો તમારું ડિફ્રોસ્ટર તમારી એર કન્ડીશનીંગ સિસ્ટમનો ભાગ હોઈ શકે છે. તમારા વાહનના ડિફ્રોસ્ટર સેટિંગનો ઉપયોગ કેવી રીતે કરવો તે જાણવા માટે તમારા વાહન માલિક માટેની પુસ્તિકા વાંચો.
6. **દિવસના સમયે પણ, તમારા લૉ બીમ ચાલુ કરો.** તેનાથી અન્ય ડ્રાઇવરોને તમને જોવાની ક્ષમતા વધે છે.

બરફના ઝાપટા

શિયાળામાં વાહન ચલાવવા માટે બરફના ઝાપટા એક ખતરનાક જોખમ હોય છે. બરફના ઝાપટા મોટાભાગે સ્વચ્છ અને સુખદ ડ્રાઇવિંગના દિવસોમાં થાય છે, જ્યારે તીવ્ર હીમવર્ષાને કારણે દૃષ્ટિ લગભગ શૂન્ય થઈ જાય છે અને થોડી જ સેકન્ડોમાં રસ્તો લપસણો બનાવી દે છે. એક ડ્રાઇવર તરીકે, તમે સ્વચ્છ અને સૂકા રસ્તાઓથી ક્ષણભરમાં જોખમી સ્થિતિમાં જઈ શકો છો, જેના કારણે હાઇવેના રસ્તાઓ પર 60 માઇલ પ્રતિ કલાકથી વધુની ઝડપે પ્રતિક્રિયા આપવા માટે બહુ ઓછો સમય રહે છે. આ તોફાનની ઘટનાઓનો ઇતિહાસ છે અને પેન્સિલવેનિયાના રસ્તાઓ પર અનેક વાહન અકસ્માતો થયા છે, જેમાં અનેક લોકોને ઇજાઓ પહોંચી છે અને અનેક લોકોના મૃત્યુ થયા છે. બરફના ઝાપટા સંબંધી ડ્રાઇવરો માટે નીચે કેટલીક ટિપ્સ આપેલી છે:

- **મોનિટર કરો:** જો તમે મુસાફરી કરવાની યોજના બનાવી રહ્યા હો, તો હવામાનની આગાહી જુઓ. નેશનલ વેધર સર્વિસ અને બ્રોડકાસ્ટ પાર્ટનર એવા દિવસોમાં ડ્રાઇવરોને અગાઉથી ચેતવણી આપવાનો પ્રયાસ કરશે જ્યાં તોફાન આવવાની સંભાવના હશે. કોઈપણ નિકટવર્તી જોખમ માટે ટ્રાન્સપોર્ટેશન

મેસેજ બોર્ડ અને ચિહ્નોનું નિરીક્ષણ કરો.

- **યોજના બનાવો:** તમારી પ્રવાસ યોજનાને સમય, રૂટ અથવા તો બંને દ્વારા ગોઠવો જેથી આવા તોફાનને ટાળી શકાય. વધુ ગતિવાળી મુસાફરી અને વધતા ટ્રાફિકને કારણે આંતરરાજ્ય માર્ગો ઘણીવાર સૌથી વધુ જોખમી હોય છે.

- **ટાળો:** જો તમે વાહન ચલાવી રહ્યા હો અને તમને વાવાઝોડું આવતું દેખાય અથવા ખબર પડે કે વાવાઝોડું નજીક છે, તો રસ્તા પરથી હટી જાવ અને વાવાઝોડું પસાર થઇ જવાની રાહ જુઓ.

- **સાવધાની:** જો તમારે બરફના તોફાનનો સામનો કરવો પડે, તો જોવાની ક્ષમતા વધારવા માટે તમારી હેઝાર્ડ લાઇટને ધીમી અને સક્રિય કરીને અત્યંત સાવધાની રાખો. જોરથી બ્રેક્સ લગાવશો નહીં. જો તમે કોઈ દુર્ઘટનામાં શામેલ હો, તો શક્ય હોય ત્યાં સુધી તમારા વાહનમાં જ રહો.

નેશનલ વેધર સર્વિસ હવે એવા ચોક્કસ રસ્તાઓ માટે "બરફના તોફાનની ચેતવણી" અંગેના સંદેશાઓ જારી કરે છે જ્યાં આ ખતરનાક તોફાનો ડ્રાઇવરો પર મોટી અસર કરે તેવી સંભાવના હોય, જે સામાન્ય રીતે રસ્તા માટે 45 મિનિટથી ઓછા સમય સુધી ચાલે છે. ડ્રાઇવરો આ ચેતવણીઓ અને હવામાનની અન્ય ચેતવણીઓ મેળવવા માટે ટેક્સ્ટ મેસેજ કરી શકે છે અથવા ઘણા તૃતીય-પક્ષ વિક્રેતાઓની એપ્લિકેશન દ્વારા સાઇન અપ કરી શકે છે. જો તમને તમારા મુસાફરીના માર્ગ પર બરફના તોફાનની ચેતવણી મળે, તો તમારી મુસાફરીની યોજનાઓમાં વિલંબ કરવા અથવા તેમાં ફેરફાર કરવા માટે ઉપરોક્ત પગલાં અનુસરો.

હેડલાઇટ/વિન્ડશીલ્ડ વાઇપરનો કાયદો

આ કાયદો, જે જાન્યુઆરીથી અમલમાં આવ્યો હતો. 28 નવેમ્બર, 2007ના કાયદા અનુસાર, હવામાનની પરિસ્થિતિઓને કારણે જ્યારે પણ તેમના વાહનોના વાઇપરનો સતત અથવા અવારનવાર ઉપયોગ થાય, ત્યારે વાહનચાલકોએ તેમની હેડલાઇટ ચાલુ કરવી જરૂરી હોય છે. દિવસના સમયે ચાલતી લાઇટો પૂરતી હોતી નથી. તમારી ટેલ લાઇટ પણ ચાલુ કરેલી હોવી જરૂરી હોય છે. કાયદાનું પાલન ન કરનારા વાહન ચાલકોને $25 નો દંડ થઈ શકે છે, પરંતુ ફી અને અન્ય સંકળાયેલ ખર્ચ સાથે, આ દંડ $100 સુધી નજીક જઇ શકે છે.

ટ્રાફિકનો પ્રવાહ

- જ્યારે કેટલાક ડ્રાઇવરો રસ્તા પરના અન્ય વાહનો કરતા વધુ ઝડપથી અથવા ધીમું વાહન ચલાવે છે ત્યારે ઘણીવાર અકસ્માતો થાય છે. હંમેશા નિર્ધારિત ગતિ મર્યાદામાં ટ્રાફિકના પ્રવાહ સાથે વાહન ચલાવવાનો પ્રયાસ કરો.

- તમારી આસપાસની ટ્રાફિકની સ્થિતિના આધારે, તમારે તમારી જગ્યા જાળવી રાખવા માટે તમારી ગતિને ગોઠવવાની જરૂર પડી શકે છે. ઉદાહરણ તરીકે, જ્યારે તમે હાઇવે પર વાહનોના જૂથમાં મુસાફરી કરી રહ્યા હો, ત્યારે તમે ઘણીવાર તમને પોતાને સંકટાવસ્થા માટે કોઇ જગ્યા ન હોય તેવા અન્ય વ્યક્તિના બ્લાઇન્ડ સ્પોટમાં મુસાફરી કરતા જોશો. જ્યારે આવું થાય, ત્યારે તમારી ગતિ ફક્ત બે (2) અથવા ત્રણ (3) માઇલ પ્રતિ કલાક ઘટાડવાથી તમારી આસપાસના ટ્રાફિકને બહાર નીકળવા માટે પ્રોત્સાહન મળશે, તેથી તમે ટ્રાફિકમાં ફસાયેલા રહેશો નહીં.

- બીજી વખત તમારે ટ્રાફિક પ્રવાહ સાથે ત્યારે એડજસ્ટ કરવું પડી શકે છે જ્યારે આગળ એવા એક (1) કરતાં વધુ સંભવિત જોખમ હોય, જેનો તમારે એક જ સમયે સામનો કરવો પડે છે. ઉદાહરણ તરીકે, જો તમારી જમણી બાજુ કોઈ સાયકલ ચાલક હોય, તો સલામત બાબત એ હોય છે કે ડાબી બાજુ જવું જેથી ઓવરટેક કરવા માટે પૂરતી જગ્યા રહે. પરંતુ, જો કોઈ વાહન આવી રહ્યું હોય, તો આવી સમસ્યા ઊભી થાય છે કારણ કે સામાન્ય રીતે તમે આ પરિસ્થિતિમાં તમારી લેનમાં જમણી બાજુએ જવા માંગતા હશો. તમારે એક સમયે ફક્ત એક (1) ટ્રાફિક સ્થિતિનો સામનો કરીને આ પરિસ્થિતિને સંભાળવી જોઈએ. સામેથી આવતા વાહનને પસાર થવા દેવા માટે ગતિ ધીમી કરો અને પછી સાઇકલ ચાલકને પસાર કરવા માટે ડાબી બાજુ જાઓ, જેથી સલામતી માટે પૂરતી જગ્યા રહે.

- તે ઉપરાંત, જ્યારે તમે કોઈ સંકટાવસ્થાની સ્થિતિ, પોલીસ સ્ટોપ અથવા કોઈ ટૉ ટ્રક બગડેલા વાહનને ઉપાડતી હોય ત્યારે જે તમારી બાજુ ન હોય તેવી લેનમાં જવું જોઈએ. જો તમે આગળ વધી શકો નહીં, તો તમારે તમારી ગતિ પોસ્ટ કરેલી ગતિ મર્યાદાથી ઓછામાં ઓછી 20 માઇલ પ્રતિ કલાક ઓછી કરવી પડશે.

એક સમયે ફક્ત એક જ ટ્રાફિક સ્થિતિનો સામનો કરો



સાયકલ ચાલકની પાછળ ધીમી ગતિએ વહન ચલાવો, સામેથી આવતા વાહનને પસાર થવા દો અને પછી સાયકલ સવારને પસાર કરવા માટે ડાબી બાજુ ખસો, સલામતી માટે ઓછામાં ઓછી 4 ફૂટ જગ્યા છોડો.

ધીમી ગતિએ ચાલતા ટ્રાફિક પ્રત્યેની પ્રતિક્રિયાઓ

અન્ય ટ્રાફિકના પ્રવાહ સાથે તાલમેલ રાખવામાં મુશ્કેલી પડતી હોય તેવા વાહનોથી અને રસ્તામાં પ્રવેશતી વખતે સાવધ રહો; તેમને ગતિ પકડવામાં વધુ સમય લાગે છે. તેમાં કેટલીક મોટી ટ્રકો, તેમજ ખેતીના સાધનો ભરેલા વાહનો અને ઘોડાથી ચાલતા વાહનોનો સમાવેશ થાય છે. ટ્રકો, ખાસ કરીને લાંબા અથવા સીધા ચઢાણ પર, સામાન્ય રીતે તેમના ફ્લેશર્સનો ઉપયોગ અન્ય ડ્રાઇવરોને ચેતવણી આપવા માટે કરે છે કે તેઓ ધીમા પડી રહ્યા છે.



ગ્રામીણ વિસ્તારોમાં, 25 માઇલ પ્રતિ કલાક કે તેથી ઓછી ઝડપે મુસાફરી કરવા માટે તૈયાર કરેલા કૃષિ ટ્રેક્ટર અને ઘોડાથી ચાલતા વાહનોના પાછળના ભાગમાં નારંગી ત્રિકોણ બતાવવામાં આવે છે; આવા વાહનોની ગતિ ટ્રાફિકની સામાન્ય ગતિ કરતા ઓછી હોય છે. પેન્સિલવેનિયાના અમુક વિસ્તારોમાં, રસ્તા પર ખેતરના ટ્રેક્ટર અને ઘોડાથી ચાલતા વાહનો સાથે ચાલવું બિલકુલ અસામાન્ય નથી. સુરક્ષિત અંતરે પાછળ રહો અને પસાર થવા માટે હોર્ન વગાડશો નહીં.

અન્ય ડ્રાઇવરોને તમારા ઇરાદાઓ જણાવવા

ઘણીવાર અકસ્માતો એટલા માટે થાય છે કે એક (1) ડ્રાઇવર એવું કંઈક કરે છે જેની બીજા ડ્રાઇવરને અપેક્ષા હોતી નથી. અકસ્માતો ટાળવા માટે, રસ્તા પર ચાલકો સાથે માહિતીની આપલે કરો.

તમે ક્યાં છો અને તમે શું કરવા જઇ રહ્યા છો તે અન્ય લોકોને જણાવો:

- **ગતિ ધીમી કરતી વખતે અથવા થોભતી વખતે સિગ્નલ બતાવવું.** તમારી બ્રેક લાઇટ અન્ય ડ્રાઇવરોને જણાવે છે કે તમે ગતિ ધીમી કરી રહ્યા છો અથવા થોભી રહ્યાં છો. જો તમે એવી જગ્યાએ બ્રેક મારવાના હો જ્યાં અન્ય ડ્રાઇવરોને તેની અપેક્ષા ન હોય, તો તમારા બ્રેક પેડલને ઝડપથી ત્રણ (3) અથવા ચાર (4) વાર ટેપ કરો. જો તમારે મર્યાદિત ઍક્સેસ ધરાવતા હાઇવે પર 40 માઇલ પ્રતિ કલાકથી ઓછી ઝડપે વાહન ચલાવવું પડે, તો તમારી પાછળના ડ્રાઇવરોને ચેતવણી આપવા માટે તમારા હેઝાર્ડ (ચાર-માર્ગી) ફ્લેશર્સનો ઉપયોગ કરો.
- **દિશા બદલતી વખતે સિગ્નલ આપવું.** સિગ્નલ આપવું એ બીજા લોકોને જણાવે છે કે તમે વળાંક લેવા માંગો છો, પરંતુ તે તમને વળાંક લેવાનો અધિકાર આપતું નથી. પેન્સિલવેનિયાના કાયદા હેઠળ, જો તમે 35 માઇલ પ્રતિ કલાકથી ઓછી ઝડપે વાહન ચલાવી રહ્યા હો, તો તમારે હંમેશા વળાંક લેવાના ઓછામાં ઓછા **100 ફૂટ** પહેલાં તમારા વળાંકના સિગ્નલનો ઉપયોગ કરવો જોઈએ. જો તમે 35 માઇલ પ્રતિ કલાક કે તેથી વધુની ઝડપે વાહન ચલાવી રહ્યા હો, તો તમારે વળાંક લેવાના ઓછામાં ઓછા **300 ફૂટ** પહેલાં સિગ્નલ બતાવવું જરૂરી હોય છે. જો તમારા વાહનમાં વળાંકનું સિગ્નલ કામ કરતું ન હોય, તો હાથના આ સંકેતોનો ઉપયોગ કરો.



- **ઇમરજન્સી સિગ્નલનો ઉપયોગ કરવો.** જો તમારું વાહન હાઇવે પર બગડે, તો તમારે રસ્તાની બહારની બાજુ વાહનને લઈ જરૂરી હોય છે. સિગ્નલ બતાવો, પછી કાળજીપૂર્વક રસ્તા પરથી બહાર નીકળો અને અન્ય ડ્રાઇવરોને ચેતવણી આપવા માટે તમારા હેઝાર્ડ (ચાર-માર્ગી) ફ્લેશર્સ ચાલુ કરો. શક્ય હોય ત્યાં સુધી રસ્તાથી દૂર જાઓ અને એવી જગ્યાએ પાર્ક કરો જ્યાં અન્ય ડ્રાઇવરો તમને સરળતાથી જોઈ શકે. તમારા વાહનનું હૂડ ઊંચો કરો જેથી અન્ય ડ્રાઇવરોને ખબર પડે કે તમારું વાહન ખરાબ છે.
- **તમારા હોર્નનો ઉપયોગ કરવો.** તમારૂં હોર્ન તરત જ અન્ય ડ્રાઇવરોનું ધ્યાન આકર્ષિત કરે છે. જ્યારે તમને લાગે કે બીજો ડ્રાઇવર કે રાહદારી તમને જોઈ શકતો નથી - ઉદાહરણ તરીકે, જો કોઈ બાળક રસ્તામાં દોડવા લાગ્યું હોય અથવા જો તમને લાગે કે બીજું વાહન તમને ટક્કર મારવાનું છે, તો તેનો ઉપયોગ કરો. તે ઉપરાંત, જો તમે તમારા વાહન પરનો કાબુ ગુમાવો, તો હોર્ન વગાડીને અન્ય ડ્રાઇવરોને ચેતવણી આપો.

વળવું, ભળવું અને પસાર થવું

વળાંક લેતી વખતે તમારે ઘણા પરિબળો પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી હોય છે. ગતિ કદાચ સૌથી મહત્વપૂર્ણ પરિબળ હોય છે. વળાંક લેતી વખતે, ગતિને એ હદે ઓછી કરો કે જેનાથી તમે તમારા વાહન પર નિયંત્રણ જાળવી શકો, વળાંક લેતી વખતે તમારી લેનમાં રહી શકો અને અણધારી પરિસ્થિતિઓમાં પ્રતિક્રિયા આપી શકો. તમે જે રસ્તા તરફ વળતા હો ત્યાં રાહદારીઓ અને અન્ય ટ્રાફિકનું ધ્યાન રાખો. ઘણા રસ્તાઓમાં તમને માર્ગદર્શન આપવા માટે ચિહ્નો, સિગ્નલ અથવા નિશાનીઓ હોય છે. કેટલાક ચિહ્નો દર્શાવે છે કે વળાંક લેવા માટે તમે કયા લેનનો ઉપયોગ કરી શકો છો અથવા કયા લેનનો ઉપયોગ કરવો જરૂરી હોય છે.

વળાંક સુરક્ષિત રીતે પૂર્ણ કરવા માટે

1. **તમારા વળાંકના ત્રણ (3) થી ચાર (4) સેકન્ડ પહેલા સિગ્નલ બતાવો.**
2. **તમારા વાહનને યોગ્ય લેનમાં મૂકો.**
3. **તમારી ગતિને નિયંત્રિત કરો.**
4. **યોગ્ય લેનમાં તમારો વળાંક લો.**

કિશોર વયની વ્યક્તિના અકસ્માતની હકીકત
નવા, યુવાન ડ્રાઇવરોમાં અકસ્માતોનું એક સામાન્ય કારણ અયોગ્ય અથવા બેદરકારીભર્યો વળાંક હોય છે. 2017માં, પેન્સલિવેનિયામાં 17 વર્ષની વયના ડ્રાઇવરો સમાવિષ્ટ હોય તેવા 459 અકસ્માતોમાં અયોગ્ય અથવા બેદરકારીભર્યો વળાંક એક મુખ્ય પરબિળ હતું.

ડાબી અને જમણી તરફના વળાંક

બે-માર્ગી રસ્તાઓ અથવા હાઇવે પર, શક્ય તેટલા મધ્યરેખાની નજીકથી ડાબી બાજુ વળાંક લો.



રસ્તાની જમણી બાજુની કિનારીની શક્ય તેટલી નજીકથી જમણી બાજુ વળાંક લો. બહુ-માર્ગી રસ્તાઓ અને હાઇવે પર ડાબી બાજુ વળવા માટે, ડાબી લેનથી શરૂઆત કરો. જો તમે જમણી બાજુ વળી રહ્યાં હો, તો જમણી લેનથી શરૂઆત કરો. જો તમે એવા હાઇવે પર વળાંક લઈ રહ્યા હો, જ્યાં તમે જે દિશામાં મુસાફરી કરવા માંગતા હો ત્યાં એક (1) કરતાં વધુ લેન હોય, તો તે દિશામાં જતી સૌથી નજીકની લેનમાં વળો. ડાબી બાજુ વળતી વખતે ડાબી લેનમાં વળો અને જમણી બાજુ વળતી વખતે જમણી લેનમાં વળો. જો તમે બીજી લેનમાં જવા માંગતા હો, તો તમારો વળાંક સુરક્ષિત રીતે પૂર્ણ ન થાય ત્યાં સુધી રાહ જુઓ.

મધ્ય વળાંકની લેનમાંથી અથવા લેનમાં વળવું

જો તમને બે-માર્ગી રસ્તાની વચ્ચે એક એવી લેન દેખાય જેની બંને બાજુ બે (2) લાઇન - એક (1) સળંગ બહારની લાઇન અને એક (1) તૂટક આંતરિક લાઇન - દ્વારા ચિહ્નિત થયેલ હોય - તો તેનો અર્થ થાય છે કે આ લેનનો ઉપયોગ ફક્ત ડાબી બાજુ વળવા માટે જ થઈ શકે છે (પ્રકરણ 2માં આપેલ આકૃતિનો સંદર્ભ લો). કોઈપણ દિશામાંથી મુસાફરી કરતા ડ્રાઇવરોએ ડાબી બાજુએ વળવાનું શરૂ કરવા માટે આ લેનનો ઉપયોગ કરવો જરૂરી હોય છે અને રસ્તા પર પ્રવેશતા ડ્રાઇવરો ટ્રાફિક પ્રવાહમાં દાખલ પહેલા ક્રોસ સ્ટ્રીટ પરથી ડાબી બાજુ વળવાનું પૂર્ણ કરવા માટે પણ આ લેનનો ઉપયોગ કરી શકે છે.

આ પરિસ્થિતિમાં ઘણા સંભવિત ટ્રાફિક સંઘર્ષો રહેલા હોય છે:

- જ્યારે તમે ડ્રાઇવવે અથવા ક્રોસ સ્ટ્રીટમાં ડાબી બાજુ વળવા માટે મધ્ય લેનમાં પ્રવેશ કરો, ત્યારે તમારે મધ્યની વળાંકની લેનમાં આવતા વાહનો અને ડ્રાઇવવે અને ક્રોસ સ્ટ્રીટમાંથી (તમારી ડાબી બાજુ) મધ્ય વળાંકની લેનમાંથી વળતા વાહનો બંને પર નજર રાખવી જરૂરી હોય છે.
- જ્યારે તમે ડ્રાઇવવે અથવા ક્રોસ સ્ટ્રીટથી મધ્ય લેનમાં ડાબી બાજુ વળો, ત્યારે તમારે તમારા ડાબી બાજુથી આવતા ટ્રાફિક પર નજર રાખવી જોઈએ, તેમજ એવા ડ્રાઇવરોનું પણ ધ્યાન રાખવું જોઈએ જેઓ પહેલાથી જ મધ્ય લેનમાં કોઈપણ દિશામાંથી વળાંક લેવાની તૈયારી કરી રહ્યા હોય.

મધ્યની વળાંક લેનનો સુરક્ષિત રીતે ઉપયોગ કરવા માટે નીચે આપેલી માર્ગદર્શિકા અનુસરો

1. ડાબી બાજુ વળાંકની લેનમાં પ્રવેશતા પહેલા ઓછામાં ઓછા ત્રણ (3) થી ચાર (4) સેકન્ડ પહેલાં તમારા **ડાબા વળાંક માટેના સિગ્નલને** ચાલુ કરો.
2. **મધ્યની વળાંક લેનમાં જલ્દી ન આવો.** તમે મધ્ય લેનમાં જેટલો લાંબો સમય વાહન ચલાવશો, તેટલી જ બીજી દિશામાંથી કોઈ આવી રહેલ વ્યક્તિ સાથે ટક્કર થવાની સંભાવના વધી જશે.
3. **જ્યારે તમે મધ્યની વળાંક લેનમાં પ્રવેશ કરો, ત્યારે તેમાં સંપૂર્ણપણે પ્રવેશ કરો.** તમારા વાહનનો પાછળનો ભાગ ટ્રાફિક અવરોધાય એ રીતે સામાન્ય મુસાફરીની લેનમાં ન રાખો.
4. **જ્યારે સલામત જણાય ત્યારે જ વળો.** એક જ લેનમાં તમારી તરફ આવતા વાહનો પર ધ્યાન આપો અને સામેથી આવતા વાહનોના પસાર થતાં પહેલા ખાતરી કરો કે ત્યાં પૂરતી જગ્યા હોય. જો તમે ક્રોસ સ્ટ્રીટ પરથી મધ્ય લેનમાં પ્રવેશતા હો, તો વળાંક લેતાં પહેલાં ટ્રાફિક અને મધ્ય લેનના ટ્રાફિક પર નજર રાખો.

યુ-ટર્ન

તેની ફક્ત ત્યારે જ મંજૂરી આપવામાં આવે છે જ્યારે અન્ય ટ્રાફિકને જોખમમાં મૂક્યા વિના તેમ કરી શકાય. યુ-ટર્ન લેવા કોઈ સ્થળ પસંદ કરતી વખતે, ખાતરી કરો કે બધી દિશાઓમાંથી આવતા વાહન ચાલકો તમારાથી ઓછામાં ઓછા 500 ફૂટ દૂર હોય અને તેઓ તમને સ્પષ્ટ રીતે જોઈ શકે. વળાંક પર અથવા જ્યારે તમે ટેકરીની ટોચ પર અથવા તેની નજીક હો ત્યારે યુ-ટર્ન લેવાની પરવાનગી હોતી નથી. આ ચિહ્ન બનાવેલા સ્થળો પર યુ-ટર્ન પણ ગેરકાયદેસર હોય છે.



લાલ લાઇટ હોય ત્યારે જમણી બાજુ વળવું

જો તમે આ ચિહ્ન ન જુઓ, તો ટ્રાફિક ના હોય ત્યારે તમે લાલ લાઇટ પર જમણી બાજુ વળી શકો છો. જમણી બાજુ વળતા પહેલા, તમારે હંમેશા પહેલા થોભવું જોઈએ અને રાહદારીઓ અને ટ્રાફિકને પસાર થવા દેવા જોઈએ. જો તમે એક-માર્ગી રસ્તાથી બીજા એક-માર્ગી રસ્તા તરફ વળી રહ્યાં હો, તો તમે થોભ્યા પછી લાલ સિગ્નલ પર પણ ડાબી બાજુ વળી શકો છો, પરંતુ એ શરતે કે ટ્રાફિક ના હોય અને **લાલ લાઇટ પર વળાંક નથી** ચિહ્ન ન હોય. આ ચિહ્ન સામાન્ય રીતે આંતરછેદની નજીકના રસ્તાની બાજુમાં અને આંતરછેદની દૂરની બાજુએ ટ્રાફિક સિગ્નલની નજીક મૂકવામાં આવે છે.

ટ્રાફિકમાંથી પસાર થવું.

જ્યારે પણ તમે ટ્રાફિકમાંથી પસાર થાઓ, ત્યારે સુરક્ષિત રીતે તેમ કરવા માટે તમને પૂરતી જગ્યાની જરૂર પડે છે. ટ્રાફિકમાંથી પસાર થવા માટે તમને કેટલી જગ્યાની જરૂર પડશે તે રસ્તા, હવામાનની સ્થિતિ અને આવતા ટ્રાફિક પર આધાર રાખે છે.

યાદ રાખો:

- રસ્તાની વચ્ચે રોકવું ત્યારે જ સલામત હોય છે જ્યારે મધ્ય વળાંક માટે લેન ઉપલબ્ધ હોય અને તે તમારા પૂરા વાહનને સમાવી શકે તેટલી મોટી હોય.
- જો તમે રસ્તો ક્રોસ કરી રહ્યા હો અથવા વળાંક લઈ રહ્યા હો, તો ખાતરી કરો કે કોઈ વાહનો કે રાહદારીઓ તમારા રસ્તાને અવરોધતા ન હોય. તમે એવા ચાર રસ્તાની વચ્ચે ફસાઈ જવા માંગતા નથી જેમાં ટ્રાફિક તમારી તરફ આવી રહ્યો હોય.
- ભલે તમે જ્યાં હો ત્યાં લીલી લાઇટ હોય, પરંતુ જો કોઈ વાહનો તમારો રસ્તો રોકી રહ્યા હોય તો કોઈ આંતરછેદમાં પ્રવેશશો નહીં. જ્યાં સુધી તમને ખાતરી ન થાય કે તમે આતરછેદ પસાક કરી શકો તેમ છો ત્યાં સુધી રાહ જુઓ.
- રસ્તામાં પ્રવેશવા અથવા કોઇ શેરી પસાર કરવા માટે તેનું સિગ્નલ ચાલુ હોય તેવા આવી રહેલા વાહનની સામે ઉભા રહોશો નહીં. ડ્રાઇવરે તમારી સામેના રસ્તા અથવા લેન પર વળવાનું આયોજન કર્યું હોઇ શકે છે, કદાચ તેનો વિચાર બદલ્યો હોઇ શકે છે અથવા તો કદાચ તેનું સિગ્નલ બંધ કરવાનું ભૂલી ગયા હોઇ શકે છે. આ બાબત ખાસ કરીને મોટરસાયકલ માટે સાચી હોય છે; તેના સિગ્નલ જાતે બંધ ન થઇ શકે. **તમે જાઓ તે પહેલાં બીજો ડ્રાઇવર ખરેખર વળવાનું શરૂ કરે ત્યાં સુધી રાહ જુઓ.**
- ટેકરી અથવા વળાંકવાળા વિસ્તારોમાં ટ્રાફિક ક્રોસ કરતી વખતે વધુ સાવધાની રાખો, કારણ કે તમે ત્યાં જોઈ શકતા નથી અથવા કોઈને દેખાઈ શકતા નથી.

ટ્રાફિકમાં જવું

ટ્રાફિકમાં જવા માટે ડ્રાઇવરની સારી સમજદારી પણ જરૂરી હોય છે. તમે હાઇવે પર લેન બદલતા હો કે માર્ગો પરથી હાઇવેમાં પ્રવેશતા હો, ટ્રાફિક પ્રવાહમાં સુરક્ષિત રીતે આગળ વધવા માટે તમને પૂરતી જગ્યાની જરૂર પડે છે.

હાઇવે પર જવા માટે પ્રવેશ માર્ગો ઘણીવાર એક્સિલરેશન લેન હોય છે. આ લેન મુખ્ય ટ્રાફિક લેનની બાજુમાં ચાલે છે અને તમે હાઇવે પર પ્રવેશો તે પહેલા ટ્રાફિકની ઝડપ સુધી ગતિ વધારવા દેવા પૂરતી લાંબી હોવી જોઈએ. આ લેન રસ્તા પર પ્રવેશતા પહેલા હાઇવે પરના ડ્રાઇવરોને તમને જોવા પણ દે છે. **એક્સલરેશન લેનમાં તમારી આગળ વાહન પસાર કરવું ગેરકાયદેસર હોય છે.**

એક્સિલરેશન લેનથી ટ્રાફિકમાં જવા માટે આ ત્રણ પગલાં અનુસરો
1. **તમારું વળાંકનું સિગ્નલ ચાલુ કરો અને ટ્રાફિકમાં ખુલ્લો રસ્તો શોધો.**
2. **ટ્રાફિકની ગતિ જેટલી ગતિ વધારો.**
3. **ટ્રાફિકમાં ખુલ્લી જગ્યામાં જાઓ.**

પસાર થવું

પસાર થવું એ ડ્રાઇવિંગનો એક મહત્વપૂર્ણ ભાગ હોય છે; જો યોગ્ય રીતે કરવામાં ન આવે તો પસાર થવું ખૂબ જ ખતરનાક અથવા જીવલેણ પણ બની શકે છે. નીચેની માર્ગદર્શિકાનો ઉપયોગ કરો.

સામાન્ય રીતે, જો તમારી આગળ પસાર થવાનો પ્રયાસ કરવા માટે પૂરતો ખાલી રસ્તો હોય, તો પણ તમારે આમ કરવું જરૂરી હોય છે

1. સામાન્ય ડ્રાઇવિંગ પરિસ્થિતિઓમાં તમે ક્યારે સુરક્ષિત રીતે પસાર થઈ શકો છો અને ક્યારે નહીં તે જણાવતા ચિહ્નો અને પેવમેન્ટના નિશાનો જુઓ. (તેના ઉદાહરણો પ્રકરણ 2માં જોવા મળી શકે છે.)
2. તમે પસાર કરવાનું શરૂ કરો તે પહેલા કાળજીપૂર્વક આગળ જુઓ અને પસાર થતા વિસ્તારમાં કોઈ જોખમો છે કે કેમ એ તપાસો, જેમ કે ડ્રાઇવવે જ્યાંથી તમે પસાર થઈ રહ્યા હો ત્યારે વાહન રસ્તામાં પ્રવેશી શકે છે.
3. જ્યારે તમે ઓવરટેક કરવા માટે વળો, તે જ સમયે કોઈ વાહન પસાર થવાનું નથી તેની ખાતરી કરવા માટે તમારા સાઇડ અને પાછળ જોવાના અરીસામાં જુઓ અને ઝડપથી તમારા બ્લાઇન્ડ સ્પોટને તપાસો.
4. પસાર થતાં પહેલાં, ખાતરી કરો કે પસાર થવાની લેન ખાલી હોય અને વળાંકનું યોગ્ય સિગ્નલ આપો જેથી બતાવી શકો કે તમે લેન બદલવા જઈ રહ્યા છો. વહેલા સિગ્નલ આપો જેથી અન્ય લોકો તમારા પ્લાન વિષે અગાઉથી જાણી શકે.
5. પસાર થયા પછી, તમારી લેન પર પાછા ફરવાની યોજના અંગે સિગ્નલ આપો.
6. તમે પાછા લેનમાં આવો તે પહેલાં, ખાતરી કરો કે તમે જે વાહન પાસેથી પસાર થયા હો તેની બંને આગળની હેડલાઇટ તમારા પાછળ જોવાના અરીસામાં જોઈ શકો છો.

જ્યારે તમે પસાર થાઓ, ત્યારે એવા વિસ્તારોમાં વધુ કાળજી રાખો જ્યાં વાહનો અથવા રાહદારીઓ રસ્તામાં પ્રવેશી શકે અથવા રસ્તો ક્રોસ કરી શકે. આ સ્થળોમાં ક્રોસરોડ અને શોપિંગ સેન્ટરના પ્રવેશદ્વાર અને બહાર નીકળવાના રસ્તાઓનો સમાવેશ થાય છે. ઉપરાંત, જે ડ્રાઇવર રસ્તા પર અને ડાબી લેનમાં વળે છે તે તમે એ લેનમાં હોવાની અપેક્ષા રાખશે નહીં અને કદાચ તમારા માર્ગ પર જોશે પણ નહીં.

કિશોર વયની વ્યક્તિના અકસ્માતની હકીકત
16 અને 17 વર્ષના ડ્રાઇવરોમાં રસ્તાની ખોટી બાજુએ વાહન ચલાવવું એ અકસ્માતોનું એક સામાન્ય કારણ હોય છે. 2013 થી 2017 સુધીમાં, 384 અકસ્માતો થયા હતા અને 15 લોકો મૃત્યુ પામ્યા હતા.

- **બે-લેનવાળા રસ્તા પર**
  બે-લેનવાળા રસ્તા પરથી પસાર થવા માટે સારી સમજદારી જરૂરી હોય છે જેથી સામસામેની અથડામણ ટાળી શકાય કારણ કે તમારે સામેથી આવતા ટ્રાફિક માટેની લેનનો ઉપયોગ કરવો જરૂરી હોય છે. 45 માઇલ પ્રતિ કલાકની ગતિ પર, તેનો અર્થ છે કે ધીમી ગતિથી ચાલનારા વાહનને સુરક્ષિત રીતે પસાર કરવા માટે તમારે 1/4 માઇલના ખાલી રોડની જરૂર પડશે.

  તમે જે વાહન(વાહનો) પસાર કરી રહ્યા હો તેના કરતાં તમારે લગભગ 10 માઇલ પ્રતિ કલાકની ઝડપે જવું પડશે. જો તમે જે વાહનને પસાર કરવા માંગતા હો તેની આગળ બીજા વાહનો હોય, તો તમે તેમને પણ પસાર કરી શકો છો, પરંતુ ખાતરી કરો કે તમારી પાસે પસાર થવાની પ્રક્રિયા શરૂ કરતા પહેલા તે વાહનની સામે પૂરતી મોટી જગ્યા હોય.

  રાત્રે પસાર થવું સૌથી ખતરનાક હોય છે કારણ કે તમે આગળનું બધું જોઈ શકતા નથી અને અંતરનો ચોક્કસ અંદાજ કાઢવો વધુ મુશ્કેલ છે. જો તમે કોઈ આવી રહેલા વાહનની હેડલાઇટ જ જોઈ શકો, તો તમને એવું લાગશે કે તે ખરેખર છે તેના કરતાં ઘણું દૂર છે.

- **જમણી બાજુથી પસાર થવું**
  ચોક્કસ પરિસ્થિતિઓ હેઠળ, તમે જમણી બાજુથી બીજા વાહનને પસાર કરી શકો છો:
  - જ્યારે તમે ઓવરટેક કરી રહ્યા હો તે વાહન ડાબે વળવાનું સિગ્નલ આપી રહ્યું હોય અથવા વળતું હોય, ત્યારે પસાર થતા વાહનના ડ્રાઇવરે રસ્તાની ધાર (બર્મ અથવા ખભા) પર રહેવું જોઈએ.
  - દરેક દિશામાં બે (2) કે તેથી વધુ ચિહ્નિત ટ્રાફિક લેનવાળા રસ્તા પર વાહન ચલાવતી વખતે.

- **જો તમે પસાર ન થઈ શકો, જો:**
  - તમે કોઈઆંતરછેદ અથવા રેલ્વે ક્રોસિંગથી 100 ફૂટની અંદર હો અથવા તેને પસાર કરી રહ્યા હો, સિવાય કે કોઈ ઓફિસિયલ ટ્રાફિક નિયંત્રણ ડિવાઇસ તમને તેમ કરવાનું કહે.
  - તમે કોઈપણ પુલ, ઉંચા બાંધકામ અથવા ટનલથી 100 ફૂટની અંદર હો.
  - તમે કોઈ એવા વળાંક કે ટેકરીની ઢાળ (ટોચ) પર આવી રહ્યા હો અથવા તેના પર હો જે તમારા માટે આવતા ટ્રાફિકને જોવાનું મર્યાદિત કરતો હોય.
  - તમે બહુ-માર્ગી હાઇવેની ધાર પર હો.

આંતરછેદ પર સુરક્ષિત રીતે ચાલવું

કાયદો કોઈને પણ આંતરછેદ પર પ્રાથમિકતા આપવાની પરવાનગી આપતો નથી; તે ફક્ત એ જણાવે છે કે કોને જગ્યા આપવી જોઈએ. જ્યારે ડ્રાઇવરને કાયદેસર રીતે રસ્તો છોડવો જરૂરી હોય, તો પણ જો તે તેમ કરવામાં નિષ્ફળ જાય, તો અકસ્માત ટાળવા માટે અન્ય ડ્રાઇવરોએ પણ રસ્તો છોડવો અથવા જરૂર મુજબ રોકાવું જરૂરી હોય છે. ક્યારેય પણ પ્રાથમિકતા મેળવવાનો આગ્રહ રાખવો **નહીં**; તે અકસ્માતમાં પરિણમી શકે છે.

કિશોર વયની વ્યક્તિના અકસ્માતની હકીકત
આંતરછેદ એવી જગ્યાઓ હોય છે જ્યાં કિશોરવયના ડ્રાઇવરોના અકસ્માતોનું પ્રમાણ વધુ હોય છે. પેન્સલિવેનિયામાં 16 વર્ષના ડ્રાઇવરો સાથે થયેલા એક તૃતીયાંશ (1/3) થી વધુ અકસ્માતોમાં, કિશોર વયના ડ્રાઇવર વાહન થોભો ચિહ્ન પરથી બહાર નીકળી રહ્યાં હતા અથવા ટ્રાફિકમાંથી ડાબી બાજુ વળી રહ્યાં હતા.

વિવિધ ડ્રાઇવિંગ પરિસ્થિતિઓમાં કોણે નમ્રતા દાખવવી જોઈએ તે અંગેના કાયદા નીચે સૂચિબદ્ધ છે. જો આંતરછેદ પર શું કરવું તે જણાવવા માટે કોઈ ચિહ્નો, સંકેતો અથવા પોલિસ હાજર ન હોય, તો તમારે આ કાયદાઓનું પાલન કરવું જરૂરી હોય છે.

1. ડ્રાઇવરોએ રાહદારીઓને રસ્તો આપવો જરૂરી હોય છે જ્યારે તેઓ: **a)** ટ્રાફિક લાઇટ વિના (ક્રોસવોક સાથે અથવા વગર) આંતરછેદ ક્રોસ કરી રહ્યા હોય; **b)** ચિહ્નિત ક્રોસવોક પર રસ્તો ક્રોસ કરતા હોય, પછી ભલે તે આંદર છેદ પર હોય કે ન હોય; **c)** ડ્રાઇવવે અથવા ગલી ક્રોસ કરતી વખતે પેવમેન્ટ પર ચાલતા હોય; અને **d)** જ્યારે ડ્રાઇવર વળાંક લઈ રહ્યો હોય અને રાહદારીઓ લાઇટ સાથે રસ્તો ક્રોસ કરી રહ્યા હોય. વાહન ચાલકોએ હંમેશા સફેદ લાકડી લઈને જતા અથવા માર્ગદર્શક કૂતરા સાથે આવતા અંધ રાહદારીઓને રસ્તો આપવો જોઈએ.
2. ડાબી બાજુ વળતા વાહન ચાલકોએ સીધા આગળ જતા વાહનોને રસ્તો આપવો જરૂરી હોય છે.
3. વર્તુળાકાર આંતરછેદ (અથવા ગોળાકાર રસ્તા)માં પ્રવેશતા ડ્રાઇવરોએ પહેલાથી જ વર્તુળ પરના ડ્રાઇવરોને રસ્તો આપવો જરૂરી હોય છે.
4. જ્યારે બે વાહનો એક જ સમયે અથવા લગભગ એક જ સમયે જુદા જુદા રસ્તાઓ પરથી કોઈ આતરછેદ પર આવે અથવા પ્રવેશ કરે, ત્યારે ડાબી બાજુથી આવતા ડ્રાઇવરોએ જમણી બાજુથી આવતા વાહનોને રસ્તો આપવો જરૂરી હોય છે.
5. શેરી, ખાનગી રસ્તા અથવા ડ્રાઇવ વે પરથી સાર્વજનિક હાઇવે પર પ્રવેશતા વાહને મુખ્ય રસ્તો ખાલી ન થાય ત્યાં સુધી રાહ જોવી જરૂરી હોય છે.
6. ચાર રસ્તાના સ્ટોપ પર, બધા વાહનોએ રોકાવું જરૂરી હોય છે. આંતરછેદ પર પહોંચનાર પ્રથમ વાહને પહેલાં આગળ વધવું જોઈએ. જો બે (2) વાહનો એક જ સમયે આંતરછેદ પર આવે, તો ડાબી બાજુનો ડ્રાઇવર જમણી બાજુના ડ્રાઇવરને રસ્તો આપે છે. જો સામસામે હોય તો સંભવિત વળાંકો પર નજર રાખીને, બન્ને સાવચેતીપૂર્વક આગળ વધી શકે છે.

આંતરછેદ પર પહોંચવું

જ્યારે તમે કોઈ આંતરછેદ પર પહોંચો છો, ત્યારે ચિહ્નો, સિગ્નલો અને પેવમેન્ટ પરના નિશાનો જુઓ જે તમને જણાવે છે કે કઈ લેનમાં કયા પ્રકારની અવજવરની મંજૂરી છે. વળવા અથવા આતરછેદ પરથી મુસાફરી કરવા માટે અગાઉથી યોગ્ય સ્થિતિમાં આવી જાઓ.

લેન નિર્ધારણ માટે ચિહ્નો અને પેવમેન્ટ ચિહ્નો

ઘણા રસ્તાઓ પર કોઈ ચોક્કસ ટ્રાફિક પ્રવૃત્તિ માટે ચોક્કસ લેનનો ઉપયોગ કરવાનો સંકેત આપતા ચિહ્નો અથવા પેવમેન્ટ ચિહ્નો હોય છે. જો તમે સીધા આંતરછેદ પરથી જવા માંગતા હો અને ફક્ત વળાંક માટે ચિહ્નિત કરેલી ગલીમાં આવો, તો તમારે વળાંક લેવો જરૂરી હોય છે. જો તમે વળવા માંગતા હો, પરંતુ ટ્રાફિક માટે ચિહ્નિત લેનમાં જાઓ, તો તમારે સીધું આંતરછેદ પરથી આગળ વધવું જરૂરી હોય છે. જમણી બાજુ બતાવેલા આંતરછેદ પર, ચિહ્નો અને નિશાનો તમને જણાવે છે કે જો તમે જમણી લેનમાં હો, તો તમે ફક્ત જમણી બાજુ વળી શકો છો, અને જો તમે ડાબી લેનમાં હો, તો તમે કાં તો ડાબી બાજુ વળી શકો છો અથવા સીધું આંતરછેદ પરથી જઈ શકો છો.





ડાબી બાજુ બતાવેલ આકૃતિમાં ચિહ્નો અને નિશાનીઓમાં ડાબી બાજુના વળાંકની બે લેનનો સમાવેશ થાય છે. તમે કોઈપણ લેનમાંથી ડાબી બાજુ વળી શકો છો, પરંતુ તમારી બાજુના ડ્રાઇવર તે જ સમયે ડાબી બાજુ વળી શકે છે. વળાંક લેતી વખતે લેન બદલશો નહીં, કારણ કે તેનાથી તમે તમારી બાજુમાં વળતા ડ્રાઇવર સાથે અથડાઈ શકો છો. તે ઉપરાંત, તમારી બાજુના ડ્રાઇવર પર ધ્યાન આપો જેથી તે તમારા વળવાના માર્ગમાં આવે નહીં. અહીં આપેલા ચિહ્નો અને નિશાનો દર્શાવે છે કે જો તમે જમણી લેનમાં હો તો તમારે જમણી બાજુ વળવું જરૂરી હોય છે. જો તમે ડાબી લેનમાં હો, તો તમારે ડાબી બાજુ વળવું જરૂરી હોય છે. જો તમે મધ્ય લેનમાં હો, તો તમે કાં તો ડાબી બાજુ વળી શકો છો અથવા સીધું આંતરછેદ પરથી જઈ શકો છો.

ટ્રાફિક સિગ્નલ અને થોભોના ચિહ્નો

આંતરછેદ પર તમારી સલામતી મોટાભાગે ટ્રાફિક સિગ્નલો અને બે-માર્ગીય અને ચાર-માર્ગીય પરના થોભોના ચિહ્નો પર દેખાતી લીલી, પીળી અને લાલ લાઇટો પ્રત્યે તમારી યોગ્ય પ્રતિક્રિયા પર આધાર રાખે છે.

એકમાર્ગી રસ્તો, ખોટો માર્ગ અને પ્રવેશ નિષેધના ચિહ્નો

શહેરોમાં ઘણા રસ્તાઓ એક-માર્ગી હોય છે. જો તમે ચાર રસ્તા પર **એક માર્ગી** ચિહ્નો જોશો, તો તમને ખબર પડશે કે ચોક્કસ રસ્તા પરનો ટ્રાફિક ફક્ત એક (1) દિશામાં જ આગળ વધે છે. રસ્તો એકમાર્ગી હોવાનો બીજો સંકેત એ હોય છે કે તમે રસ્તાની બંને બાજુ એક જ દિશામાં પાર્ક કરેલા વાહનો જુઓ.

વિભાજિત હાઇવેને છેદે તેવા રસ્તાઓ પર તમને **એક-માર્ગી** રસ્તોના ચિહ્નો, **ખોટો માર્ગના** ચિહ્નો અને **પ્રવેશ કરશો નહીંના** ચિહ્નો બધા એકસાથે જોવા મળશે. તમે વિભાજિત હાઇવેને બે (2), એક-માર્ગી રસ્તા તરીકે વિચારી શકો છો. મોટાભાગના સ્થળોએ બંને દિશામાં જતા ટ્રાફિકને અલગ પાડતો એક ભૌતિક અવરોધ હોય છે. તે કોંક્રિટનો એક સાંકડો અવરોધ હોઈ શકે છે અથવા તે સિમેન્ટ અથવા ઘાસવાળો પહોળો વિસ્તાર હોઈ શકે છે. જ્યારે તમે કોઈ આંતરછેદ પર પહોંચશો ત્યારે તમને સામાન્ય રીતે રસ્તા પર એક **વિભાજિત હાઇવેનું** ચિન્હ દેખાશે.

વિભાજિત હાઇવે પર જમણી બાજુ વળાંક લેવો એ બીજા કોઈપણ આંતરછેદ પર જમણી બાજુ વળાંક લેવાથી અલગ નથી. ખાતરી કરો કે તમારી ડાબી બાજુથી આવતા ટ્રાફિકની સામે જમણી તરફ વળવા માટે તમારી પાસે સલામત અંતર હોય.

જોકે, વિભાજિત હાઇવે પર ડાબી બાજુ વળાંક લેવામાં એક ખાસ જોખમ સમાવિષ્ટ હોય છે. જો તમને ખ્યાલ ન આવે કે તમે વિભાજિત હાઇવે પર વળાંક લઈ રહ્યા છો, તો તમે ભૌતિક ડિવાઈડર પર પહોંચતા પહેલા ડાબી બાજુ વળો અને ડાબી બાજુથી આવતા ટ્રાફિક સાથે સામસામે અથડામણ થઈ શકે છે. તમારે **પ્રવેશ ન કરો** અને **ખોટો માર્ગ** ચિહ્નો પર ધ્યાન આપવું જોઈએ.

વિભાજિત હાઇવે પર યોગ્ય રીતે ડાબી બાજુ વળવા માટે, જ્યારે તમારા ડાબી બાજુથી આવતા ટ્રાફિકમાં સલામત અંતર હોય ત્યારે તમારે "પહેલો" રસ્તો પાર કરવો જોઈએ અને પછી જ્યારે "બીજા" રસ્તા પર જમણી બાજુથી આવતા ટ્રાફિકમાં સલામત અંતર હોય ત્યારે અવરોધની બીજી બાજુ ડાબી બાજુ વળવું જરૂરી હોય છે.

આંતરછેદ પર સુરક્ષિત રીતે પ્રવેશ કરવો અને પસાર થવું

- **બે-માર્ગી 'થોભો' ચિહ્નોવાળા આંતરછેદ પર મુસાફરી કરવી -** 30 માઈલ પ્રતિ કલાકની ઝડપે રસ્તો પાર કરવા માટે, તમને બંને દિશામાં લગભગ 6 સેકન્ડનું અંતર અથવા ડાબી અને જમણી બાજુ લગભગ એક બ્લોક ખાલી જગ્યાની જરૂર પડશે. થોભો ચિહ્ન પર, પહેલા ડાબી બાજુ જુઓ, પછી સુરક્ષિત અંતર માટે જમણી બાજુ જુઓ અને ત્યારબાદ આગળ વધતા પહેલા ફરી ડાબી બાજુ જુઓ.
- **જમણી બાજુ વળવા માટે -** કોઈ ટ્રાફિક ન આવે તેની ખાતરી કરવા માટે ડાબી બાજુ, સીધું આગળ, જમણી બાજુ અને પછી ફરી ડાબી બાજુ જુઓ. તમારી અને ડાબી બાજુથી આવતા કોઈપણ વાહન વચ્ચે લગભગ આઠ (8) સેકન્ડનું અંતર રાખો.
- **ડાબી બાજુ વળવા માટે -** ખાતરી કરો કે તમારી પાસે આવતા ટ્રાફિકની સામે વળવા માટે કોઈ ખાલી જગ્યા હોય અને ચાર રસ્તા પર ટ્રાફિક બંધ હોય. જો તમે નાના રસ્તા પરથી મુખ્ય રસ્તા પર વળાંક લઈ રહ્યા હો, તો તમારી અને જમણી બાજુથી આવતા કોઈપણ વાહન વચ્ચે 9-સેકન્ડનું અંતર રાખો.

ડાબી બાજુ વળતી વખતે વિરુદ્ધ દિશામાંથી ડાબી બાજુ વળતા વાહનો સાથે સંઘર્ષ ટાળવો મહત્વપૂર્ણ હોય છે. જમણી બાજુની આકૃતિમાં, આંતરછેદના કેન્દ્રમાં "X" ની કલ્પના કરો. "X" પર પહોંચતા પહેલા વળાંક લેતા, તમે ડાબી બાજુ વળતા બીજા ડ્રાઇવર સાથે "ગૂંચવણભર્યો વળાંક" ટાળી શકો છો. હંમેશા મધ્ય લાઇનની સૌથી નજીકની લેનમાં વળાંક લઈને, તમે વિરુદ્ધ દિશામાંથી તે જ રસ્તા પર જમણી બાજુ વળતા ટ્રાફિકમાં હસ્તક્ષેપ કરવાનું ટાળી શકો છો.



સૌથી મહત્વપૂર્ણ: જ્યાં સુધી તમારે પાસ થવાની બધી લેન ખાલી ન દેખાય અને તમે સુરક્ષિત રીતે વળાંક લઈ શકો ત્યાં સુધી ક્યારેય ડાબી બાજુ વળાંક લેવાનું શરૂ કરશો નહીં.



- **જુગહેન્ડલ્સ** - વ્યસ્ત, વાણિજ્યિક વિસ્તારોમાં કેટલીક શેરીઓમાં વિરુદ્ધ દિશામાં જતા ટ્રાફિકને વિભાજીત કરતો એક ભૌતિક અવરોધ હોય છે અને સાંકેતિક આંતરછેદો પર ડાબે વળાંક નહીં અથવા યુ-ટર્ન નહીં અને જમણી લેનથી બધા વળાંક લખેલા બોર્ડ હોય છે. આ સ્થિતિમાં, ડાબી બાજુ વળાંક લેવા માટે માર્ગને જુગહેન્ડલ્સથી ડિઝાઇન કરવામાં આવી શકે છે. સામે આવતા ટ્રાફિકને ક્રોસ કરતી વખતે સીધું ડાબે વળવાને બદલે, તમે એવી જમણી લેનનો ઉપયોગ કરશો, જે ટ્રાફિક લાઇટ પર મુખ્ય રસ્તા સાથે જોડાવા માટે પાછળ વળાંક લેશે, પછી ડાબે વળશે.
- **વર્તુળાકાર આંતરછેદ** - ગોળાકાર રસ્તાઓ અને ટ્રાફિક સર્કલો એ વર્તુળાકાર આંતરછેદ હોય છે જ્યાં ટ્રાફિક ઘડિયાળની વિરુદ્ધ દિશામાં ખસે છે, જેથી સર્કલની અંદર અને બહારના બધા વળાંક જમણા વળાંક હોય છે. જે સામસામે, ડાબા વળાંક અને જમણા કોણની ટક્કરનું જોખમ દૂર કરે છે. જોકે, ગોળાકર રસ્તાઓ ચોક્કસ નિયમો અને એક અનોખી રચના ધરાવે છે જે તેને ટ્રાફિક સર્કલથી અલગ પાડે છે.

આપણે ગોળાકાર રસ્તાઓનો ઉપયોગ કેવી રીતે કરવો તેના પર ધ્યાન કેન્દ્રિત કરીશું કારણ કે આ પ્રકારનો વર્તુળાકાર આંતરછેદ મોટા, જૂના જમાનાના હાઇ-સ્પીડ ટ્રાફિક સર્કલનું સ્થાન લઈ રહ્યું છે અથવા ઘણા સમુદાયોમાં મુખ્યત્વે ટ્રાફિક સિગ્નલ-નિયંત્રિત આંતરછેદ પર તેની સલામતી અને ઓપરેશનલ લાભોને કારણે ઇન્સ્ટોલ કરવામાં આવી રહ્યું છે. ગોળાકાર રસ્તા ક્યારેક આતંરછેદના રેમ્પ્સના છેડે ઇન્સ્ટોલ કરવામાં આવે છે.



સર્કલમાં દરેક પ્રવેશ બિંદુ પર **જગ્યા આપો** ના ચિહ્નો હોય છે અને દરેક પ્રવેશ બિંદુએ પેવમેન્ટ પર યીલ્ડ રેખાઓ દોરવામાં આવે છે. મોટાભાગના સર્કલમાં પ્રવેશદ્વાર પર ગંતવ્યની નિશાની પણ હોય છે જેથી તમે જાણી શકો કે બહાર નીકળતો દરેક રસ્તો તમને ક્યાં લઈ જશે.

શું તમે જાણો છો?
સરકલ પર અકસ્માતોનું સૌથી સામાન્ય કારણ એવા ડ્રાઇવરો હોય છે જે ત્યાં પ્રવેશતા પહેલાં માર્ગ આપવામાં નષ્ફિળ જાય છે.

વર્તુળાકાર આંતરછેદનો ઉપયોગ કેવી રીતે કરવો

નજીક આવવું અને પ્રવેશવું:

1. જ્યારે કોઈ આંતરછેદની નજીક પહોંચો ત્યારે ગતિ ધીમી કરો અને ક્રોસવોકમાં રાહદારીઓને જગ્યા આપવા માટે તૈયાર રહો.
2. જગ્યા આપવાની લાઇન સુધી આવો, ડાબે જુઓ અને સર્કલમાં આવતા ટ્રાફિકને તપાસો, સર્કલમાં આવતા ટ્રાફિક પ્રાથમિકતા ધરાવે છે, ટ્રાફિકને રસ્તો આપો.
3. જ્યારે ટ્રાફિકમાં વચ્ચે પૂરતી જગ્યા હોય ત્યારે સર્કલમાં પ્રવેશ કરો.

સર્કલમાંથી બહાર નીકળવું:

1. એક વખત તમે ગોળાકાર રસ્તામાં પ્રવેશ કરો એટલે, તમારા બહાર નીકળવાના બિંદુ તરફ ઘડિયાળના કાંટાની વિરુદ્ધ દિશામાં આગળ વધો. હવે તમે પહેલાં જવાનો અધિકાર ધરાવો છો.
2. જ્યારે તમે બહાર નીકળવાની નજીક પહોંચો, ત્યારે તમે જમણી બાજુ વળવાના સંકેતનો ઉપયોગ કરો.
3. ક્રોસવોક પર રાહદારીઓ માટે જુઓ અને રસ્તો આપવા માટે તૈયાર રહો.
4. સર્કલમાંથી બહાર નીકળો.

આ માટે તૈયાર રહો:

ઇમરજન્સી વાહનો - જ્યારે ઇમરજન્સી વાહનો નજીક આવી રહ્યા હોય ત્યારે સર્કલમાં પ્રવેશ કરશો નહીં, બાજુ પર જાઓ. જો તમે કોઈ સર્કલમાં હો, તો તુરત જ સર્કલમાંથી બહાર નીકળો અને બાજુ પર જાઓ. સર્કલમાં ક્યારેય રોકશો નહીં.

સાયકલ ચાલકો - સાયકલ ચાલકો પાસે સર્કલનો ઉપયોગ કરતી વખતે વાહન અથવા રાહદારી તરીકે કાર્ય કરવાનો વિકલ્પ હોય છે. વાહન તરીકે કામ કરતી વખતે, તેઓ સમાન નિયમોનું પાલન કરશે. ગોળાકાર રસ્તા પર વાહનની જેમ કામ કરતા સાયકલ ચાલકને ક્યારેય ઓવરટેક કરશો નહીં.

રાહદારીઓ - સર્કલમાં પ્રવેશ કરતી વખતે અને બહાર નીકળતી વખતે વાહન ચાલકોએ રાહદારીઓને રસ્તો આપવો જરૂરી હોય છે. રાહદારીઓ ગોળાકાર રસ્તાના દરેક તબક્કાને પાર કરવા માટે ક્રોસવોક અને સ્પ્લિટર આઇલેન્ડનો ઉપયોગ કરશે.

વળાંકમાં સુરક્ષિત રીતે ચાલવું

વળાંકો વિશે સમજવા જેવી સૌથી મહત્વની બાબત એ છે કે તમે ભૌતિકશાસ્ત્રના નિયમોને હરાવી શકો નહીં. વાહનો ભારે હોય છે અને તે ઘણી સ્થિરતા ધરાવતા હોય છે. તેનો અર્થ છે કે જો તમે વળાંકની આસપાસ ખૂબ ઝડપથી વાહન ચલાવી રહ્યા હો, તો તમારું વાહન વળાંકની આસપાસ જવાને બદલે સીધું આગળ જતું રહેશે, પછી ભલે તમે તેને તમારી લેનમાં રાખવા માટે ગમે તેટલો સખત રીતે વાળવાનો અથવા ધીમો કરવાનો પ્રયાસ કરો. તમે કાં તો રસ્તા પરથી ઉતરી જશો (ડાબે વળાંક લેશો) અથવા ટ્રાફિકની બીજી લેનમાં (જમણે વળાંક લેશો) જશો. આમ કરવા માટે તમારે ખૂબ વધુ ઝડપે મુસાફરી કરવાની જરૂર નથી. જો વળાંક તીવ્ર હોય અને રસ્તો ભીનો અથવા બરફવાળો હોય તો ગતિમાં સૌથી વધુ ઘટાડો કરવો જરૂરી હોય છે.

કિશોર વયની વ્યક્તિના અકસ્માતની હકીકત
પેન્સલિવેનિયામાં 16 વર્ષના ડ્રાઇવરો માટે સૌથી સામાન્ય અકસ્માતનો પ્રકાર **એકલ-વાહન, રસ્તા પરથી ઉતરી જવાના કારણે થતા અકસ્માત** છે. 2013 થી 2017 સુધીમાં, 3,291 અકસ્માતો થયા અને 20 લોકો મૃત્યુ પામ્યા હતા.

Photo provided by the Pennsylvania State Police.

વળાંકો પર નિયંત્રણ જાળવવા માટે, તમારે ગતિ ધીમી કરવી જરૂરી હોય છે.

તમે વળાંકમાં પ્રવેશ કરો તે પહેલાં તેમ કરો.

જેમ જેમ તમે વળાંકની નજીક પહોંચશો, તેમ તેમ સામાન્ય રીતે તમને ચેતવણી આપતી પીળા હીરા આકારની નિશાની દેખાશે જે દર્શાવે છે કે રસ્તો કેવી રીતે વળે છે. જો રસ્તો 90 ડિગ્રીના ખૂણા પર વળતો હોય, તો તમે ડાબે અથવા જમણે નિર્દેશિત મોટા તીર સાથે એક લંબચોરસ પીળું ચિહ્ન જોશો. શેવરોન ચેતવણીના ચિહ્નો પણ કેટલાક તીક્ષ્ણ વળાંક પર મૂકવામાં આવ્યા હોય છે; તે રાત્રે અથવા ઓછી દૃષ્ટિવાળી સ્થિતિમાં ખૂબ જ મદદરૂપ થાય છે. પ્રકરણ 2માં દર્શાવવામાં આવેલા વિવિધ પ્રકારના વળાંકના ચેતવણી ચિહ્નોની સમીક્ષા કરો.

તમે વળાંકમાંથી કેવી રીતે સુરક્ષિત રીતે વાહન ચલાવી શકો તે અહીં જણાવ્યું છે:

1. જમણા વળાંક પર લેનની મધ્યમાં થોડું જમણી બાજુએ અને ડાબા વળાંક પર તમારી લેનની મધ્યમાં રાખો.
2. વળાંક જેટલો તીક્ષ્ણ હશે, તેટલી જ તમારે ગતિ ધીમી કરવાની જરૂર પડશે.
3. વિરુદ્ધ દિશામાંથી આવતા ટ્રાફિક પર ધ્યાન આપો. ઝડપી વાહન ચલાવતા વ્યક્તિ સરળતાથી તમારી લેનમાં આવી શકે છે.
4. તમારા વાહનને કેવી રીતે ચલાવવું તે અંગે માર્ગદર્શન માટે આગળ જુઓ અને વળાંકની અંદરની ધાર જુઓ. જો ત્યાં એકથી વધુ વળાંક હોય, તો જ્યાં સુધી તમે જોઈ શકો ત્યાં સુધી દરેક વળાંકની અંદરની ધારને જુઓ.



હાઇવે અને આંતરછેદ પર સુરક્ષિત રીતે ચાલવું

હાઇવે પરના અકસ્માતો સૌથી વધુ ગંભીર હોય છે કારણ કે ટ્રાફિક ખૂબ જ વધુ ઝડપે ચાલતો હોય છે. હાઇવેના આંતરછેદ પર, જ્યારે તમે લેન બદલતા હો અને જ્યારે ટ્રાફિકની ગીચતાને કારણે અણધારી રીતે ધીમો પડી જાય અથવા બંધ થઈ જાય ત્યારે તમને સૌથી વધુ જોખમ હોય છે.

હાઇવેમાં પ્રવેશવું

હાઇવેમાં પ્રવેશતી વખતે તમારો પહેલો મહત્વનો નિર્ણય, એ ખાતરી કરવાનો હોય છે કે તમે આકસ્મિક રીતે બહાર નીકળવાના રસ્તા પર ન જાઓ અને સીધા અન્ય ટ્રાફિકમાં વાહન ચલાવો નહીં. એક્ઝિટ રેમ્પ પર **એક માર્ગ** ચિહ્નો તેમજ **પ્રવેશ કરશો નહીં** અને **ખોટો માર્ગ** ચિહ્નો હશે. હંમેશા નહીં, ક્યારેક પ્રવેશ રસ્તા પર **હાઇવે પ્રવેશ** લખેલું લીલું ચિહ્ન હશે. જો તમને તમારી જમણી બાજુ સફેદ રેખા અને ડાબી બાજુ પીળી રેખા દેખાય, તો તમે સાચી દિશામાં જઈ રહ્યા છો.

કેટલાક હાઇવેમાં પ્રવેશ અને બહાર નીકળવાના રસ્તા એકબીજાની ખૂબ નજીક હોય છે અને તેમની વચ્ચે ફક્ત એક નાની "વીવિંગ લેન" હોય છે. હાઇવેમાં પ્રવેશતા અને બહાર નીકળતા ટ્રાફિકને વિવિંગ લેન શેર કરવી જરૂરી હોય છે. એક જ સમયે એક જ જગ્યાનો ઉપયોગ કરવા માંગતા બે (2) ડ્રાઇવરો દ્વારા સંભવિત જોખમ ઊભું થાય છે. જો તમે હાઇવે પર પ્રવેશતા ડ્રાઇવર હો, તો તમારે હાઇવેમાંથી બહાર નીકળતા ડ્રાઇવરને રસ્તો આપવો જરૂરી હોય છે. હાઇવે પર જવા માટેના પ્રવેશ માર્ગો ઘણીવાર એક્સિલરેશન લેન હોય છે. આ લેન મુખ્ય ટ્રાફિક લેનની બાજુમાં ચાલે છે અને તમે હાઇવેમાં પ્રવેશો તે પહેલા તમને ટ્રાફિકની ઝડપ વધારવા દેવા પૂરતી લાંબી હોવી જોઈએ. હાઇવેના પ્રવેશદ્વાર પર વાહન ચલાવતી વખતે ખાલી જગ્યા શોધતી વખતે, તમારા ખભા ઉપરના અને તમારા બાજુના અરીસામાં જુઓ.

હાઇવે પરથી બહાર નીકળવું

બહાર નીકળવા માટે અગાઉથી યોગ્ય લેનમાં જાઓ. જ્યાં સુધી તમે બહાર નીકળવાની લેનમાં ન પહોંચો, ત્યાં સુધી ગતિ ધીમી કરશો નહીં. જો તમે તમારો બહાર નીકળવાનો માર્ગ ચૂકી જાઓ, તો આગળના માર્ગથી બહાર નીકળો. હાઇવે પર થોભશો અથવા પાછા જશો નહીં. છેલ્લી ઘડીએ બહાર નીકળવાનો પ્રયાસ કરવા અનેક લેનમાં ફરશો નહીં. પાછા વળવાનો પ્રયાસ કરવા માટે મધ્ય રેખાને ઓળંગશો નહીં. આવી પ્રવૃત્તિઓ ગેરકાયદેસર હોય છે અને તમારા સ્વાસ્થ્ય અને સલામતી માટે અત્યંત જોખમી હોઈ શકે છે. એક્ઝિટ રેમ્પ પર એક ચેતવણી ચિહ્ન હોય છે જે તમને મહત્તમ સલામત ગતિ જણાવે છે.

હાઇવે પર મુસાફરી કરતી વખતે

હાઇવે પર થતા જીવલેણ અકસ્માતોમાં અડધા એવા વાહનોનો સમાવેશ થાય છે જે ઝડપથી વાહન ચલાવવા અને/અથવા ડ્રાઇવરના થાકને કારણે રસ્તા પરથી ખસી ગયા હોય છે - **65 mph એટલે કે લગભગ 100 ફૂટ પ્રતિ સેકન્ડ - રસ્તા પરથી ખસી જવા માટે એક (1) સેકન્ડથી પણ ઓછો સમય લાગે છે.**

જ્યારે તમે હાઇવે પર ધીમી ગતિએ ચાલતા વાહનને પસાર કરવા માટે લેન બદલો, ત્યારે એક સમયે માત્ર એક (1) લેન બદલો, જ્યારે પણ તમે લેન બદલો ત્યારે તમે વળાંક લો છો તેવા સંકેતનો ઉપયોગ કરો અને અન્ય ડ્રાઇવરો તેને જોઈ શકે તેટલા સમય પુરતું તેને ચાલુ રાખો.

જો તમે રસ્તા પરથી હાઇવેમાં પ્રવેશતા વાહન જુઓ, તો ડ્રાઇવરને હાઇવે પર વધુ સરળતાથી પ્રવેશવાની મંજૂરી આપવા માટે લેન બદલવી એ સામાન્ય શિષ્ટાચાર હોય છે. જો કે પ્રવેશતા ડ્રાઇવરે તમને રસ્તો આપવો જરૂરી હોય છે, તમારો આવો શિષ્ટાચાર ટ્રાફિકના પ્રવાહને સરળ બનાવવામાં મદદ કરે છે. પરંતુ, પહેલાં એ ખાતરી કરો કે તમારા વાહનની આસપાસ સુરક્ષિત ખાલી જગ્યા હોય.

હાઇવે પર વાહન ચલાવતી વખતે બીજું જોખમ "હાઇવે હિપ્નોસિસ"ના કારણે થતી ગફલત હોય છે. આવું ત્યારે બને છે જ્યારે તમે લાંબા સમય સુધી સીધા રસ્તા પર જોતા રહો છો અને તમારા વાહનની આગળ, પાછળ અને આસપાસ સક્રિય રીતે જોવાનું બંધ કરો છો. જો તમે આ રીતે તમને પોતાને "વિચલિત" કરો, તો તમારી આગળ ધીમી ગતિએ ચાલતા અથવા અટકી ગયેલા ટ્રાફિક સાથે અથડાવાની સંભાવના વધુ હોય છે. હાઇવે પર જીવલેણ અકસ્માતોમાંથી, 20 ટકામાં પાછળથી થતી અથડામણોનો સમાવેશ થાય છે. તેમાંના મોટાભાગના અકસ્માતો ડ્રાઇવરની ગફલત અને ખૂબ નજીક વાહન ચલાવવાને કારણે થાય છે.

પાર્કિંગ

જો તમે જે શેરીમાં હો ત્યાં કોઈ કિનારી હોય, તો શક્ય તેટલું તેની નજીક પાર્ક કરો, પરંતુ 12 ઇંચથી વધુ દૂર નહીં. જો ત્યાં કોઈ કિનારી ન હોય, તો શક્ય તેટલું રસ્તાથી દૂર રાખો.

જ્યારે તમારે શેરીમાં પાર્ક કરવું જરૂરી હોય, ત્યારે તમારા ચાર-માર્ગીય ફ્લેશર્સનો ઉપયોગ કરો અને પસાર થતા વાહનોને પૂરતી જગ્યા આપો. ખાતરી કરો કે તમારા વાહનને બંને દિશામાં ઓછામાં ઓછા 500 ફૂટ સુધી જોઇ શકાય.

હંમેશા જે દિશામાં ટ્રાફિક ચાલતો હોય તે દિશામાં પાર્ક કરો. ખાતરી કરો કે તમારું વાહન ખસી શકે નહીં. તમારી પાર્કિંગ બ્રેક સેટ કરો અને જો તમારા વાહનમાં ઓટોમેટિક શિફ્ટ હોય તો "પાર્ક" પર શિફ્ટ કરો અથવા જો તમારા વાહનમાં મેન્યુઅલ શિફ્ટ હોય તો "રિવર્સ" અથવા "ફર્સ્ટ" પર રાખો. જો તમે ટેકરી પર પાર્ક કરેલ હોય, તો આકૃતિમાં બતાવ્યા પ્રમાણે તમારા પૈડાં ફેરવો. તમારા વાહનને કિનારી સાથે અથવા વિનાના ઢોળાવ પર પાર્ક કરતી વખતે, તમારે તમારૂં સ્ટીયરીંગ ફેરવવું જોઇએ જેથી તમારા વ્હીલ સંપૂર્ણ રીતે જમણી તરફ રહે.

ટેકરી પર તમારું વાહન કેવી રીતે પાર્ક કરવું



સંકટાવસ્થા સિવાય અથવા પોલીસ અધિકારી તમને એમ કરવાનું કહે નહીં ત્યાં સુધી, નીચે મુજબના સ્થળોએ ક્યારેય તમારા વાહનને રોકશો નહીં, ઉભા કરશો નહીં અથવા પાર્ક કરશો નહીં:

- રસ્તાની બાજુમાં, રસ્તાના કિનારે અથવા કર્બ પર પહેલેથી જ રોકાયેલા અથવા પાર્ક કરેલા વાહન (ડબલ પાર્કિંગ).
- ફૂટપાથ પર.
- આંતરછેદમાં.
- ક્રોસવોક પર.
- કોઈપણ શેરીના ખોદકામ અથવા કાર્યક્ષેત્રની બાજુમાં અથવા તેની સામે.
- કોઈપણ પુલ અથવા અન્ય ઊંચા માળખા પર અથવા કોઈપણ હાઇવે ટનલમાં.
- કોઈપણ રેલ્વે ટ્રેક પર.
- ક્રોસઓવર સહિત, વિભાજિત હાઇવેના રસ્તાઓ વચ્ચે.
- રેલ્વે ક્રોસિંગ પર નજીકની રેલ લાઇનના 50 ફૂટની અંદર.
- કોઈપણ એવી જગ્યા જ્યાં સત્તાવાર સંકેતો પાર્કિંગ પર પ્રતિબંધ મૂકતા હોય.
- એવી કોઇપણ જગ્યા જ્યાં થોભવા પર પ્રતિબંધ હોવાના સત્તાવાર સંકેતો હોય.
- કોઈપણ જાહેર અથવા ખાનગી રસ્તાની સામે.
- ફાયર હાઇડ્રેન્ટના 15 ફૂટની અંદર.
- આંતરછેદ પર ક્રોસવોકના 20 ફૂટની અંદર.
- રસ્તાની બાજુમાં હોય તેવા કોઈપણ ફ્લેશિંગ સિગ્નલ, સ્ટોપ સાઈન, યીલ્ડ સાઈન અથવા ટ્રાફિક કંટ્રોલ ડિવાઈસના 30 ફૂટની અંદર.
- ફાયર સ્ટેશનના પ્રવેશદ્વારના 20 ફૂટની અંદર.
- જ્યાં તમારું વાહન સ્ટ્રીટકારને મુક્તપણે આગળ વધતા અટકાવે.
- મર્યાદિત-પ્રવેશવાળા હાઇવે પર, જ્યાં સુધી સત્તાવાર ટ્રાફિક નિયંત્રણ ઉપકરણો તમને મંજૂરી આપે નહીં ત્યાં સુધી.

સમાંતર પાર્કિંગ ટીપ્સ

જમણી બાજુના વળાંક પર પાર્કિંગની પદ્ધતિ નીચેના આકૃતિમાં બતાવવામાં આવી છે



1. આગળનું વાહન તમારાથી બે (2) ફૂટના અંતરે હોય ત્યારે રોકો.
2. પૈડાંને ઝડપથી જમણી તરફ અને ધીમેથી પાછળના વાહન તરફ ધીમેથી ફેરવો.
3. તમારો આગળનો દરવાજો પાછળના બમ્પરથી આગળ જાય ત્યારે, તુરત જ પૈડાંને સીધા કરો અને સીધા પાછળ જતા રહો.
4. જયારે આગળના વાહનથી દૂર નીકળી જાવ ત્યારે, પૈડાંને ડાબી તરફ ઝડપથી ફેરવો અને પાછળના વાહન તરફ ધીમે ધીમે પાછા જાવ.
5. પૈંડાને ઝડપથી જમણી તરફ ફેરવો અને પાર્કિંગની જગ્યાના મધ્ય ભાગ તરફ ખેંચો.

જો તમે જે શેરીમાં હો ત્યાં કર્બ હોય, તો તમારે શક્ય તેટલું નજીક પાર્ક કરવું જોઈએ, પરંતુ 12 ઈંચથી વધુ દૂર નહીં. જો કોઈ કર્બ ન હોય, તો તમારે રસ્તાથી શક્ય તેટલું દૂર રાખવું જોઈએ.

તમારું વાહન છોડતા પહેલાં એન્જિન બંધ કરો, ચાવી કાઢી લો અને બધા દરવાજા લોક કરો. તમે બહાર નીકળો તે પહેલાં તમારી પાછળનો ટ્રાફિક તપાસો.

અમારો PennDOT સમાંતર પાર્કિંગની તાલીમનો વિડિયો જોવા માટે નીચેની લિંક પર ક્લિક કરો.

https://www.youtube.com/watch?v=iZs-q6PmC7E

ખાસ સંજોગો અને સંકટાવસ્થાઓ

નીચેના પેજ તમને આ વિશિષ્ટ સંજોગોમાં– હાઇવે પર કામ ચાલુ હોય તેવા ક્ષેત્રમાં, રેલરોડ ક્રોસિંગ પર અને જ્યારે તમે રાહદારીઓ, સાઇકલ ચાલકો, ટ્રકો, બસો અથવા સંકટાવસ્થાના વાહનોનો સામનો કરો– અને જ્યારે તમારે રોડ રેજ અને ડ્રાઇવિંગની વિવિધ સંકટાવસ્થાઓનો સામનો કરવો જરૂરી હોય ત્યારે સુરક્ષિત રીતે વાહન કેવી રીતે ચલાવવું અને તમારા અકસ્માતનું જોખમ ઘટાડવું તે વિશેની માહિતી આપે છે.

ખાસ પ્રસંગો અને સંકટાવસ્થા વિશેની માહિતી વાહન ચાલકોને તેમની મુસાફરીનું આયોજન કરવામાં ઉપયોગી હોય છે. તેઓ નીકળે તે પહેલા તેમની મુસાફરીનો માર્ગ સાફ છે કે કેમ તે જોવા માટે મીડિયા તપાસવા દ્વારા મોટર ચાલક અનિશ્ચિત વિલંબો અથવા તો રસ્તાની સંભવિત અસુરક્ષિત સ્થિતિઓને ટાળવાનું પસંદ કરી શકે છે, જેમ કે www.511PA.com.

કામ ચાલુ હોય તેવા ક્ષેત્રો

કાર્યક્ષેત્રો એવા વિસ્તારો હોય છે જ્યાં બાંધકામ, જાળવણી અથવા ઉપયોગિતા કાર્ય પ્રવૃત્તિઓ થતી હોય છે અને તેને નારંગી ચેનલાઇઝિંગ ઉપકરણો, જેમ કે કોન, અથવા અન્ય કામચલાઉ ટ્રાફિક નિયંત્રણ ઉપકરણોથી ઓળખવામાં આવે છે. તમને ટ્રાફિકને દિશામાન કરતા અને પ્રતિબિંબીત કપડાં પહેરેલા ફ્લેગર જોવા મળી શકે છે. ચેતવણીના ચિહ્નો, આગોતરી ચેતવણીના વાહનો અથવા ફેરફાર કરી શકાય તેવા સંદેશ બોર્ડ કાર્યક્ષેત્રથી ઓછામાં ઓછા 200 ફૂટના અંતરે મૂકવામાં આવી શકે છે. જ્યારે તમે પ્રથમ સંકેત જુઓ, ત્યારે રસ્તા, વાહનો, સાધનસામગ્રી અને તમને જોવા મળી શકે તેવા લોકો પર વિશેષ ધ્યાન આપો. કેટલાક કાર્યક્ષેત્રોમાં પેન્સિલવેનિયા રાજ્ય પોલીસની ઉપસ્થિત હોય છે.

લાઇન પેઇન્ટિંગ, ક્રેક સીલિંગ અને ઘાસ કાપવા જેવા સ્થળાંતરના કાર્યોમાં ક્યારેક પાછળની બાજુના વાહનોનો ઉપયોગ પસાર થતા વાહન ચાલકોને ચેતવણી આપવા માટે કરવામાં આવે છે કે આગળ કાર્યક્ષેત્ર છે અને ક્રૂ માટે સલામતી પણ પૂરી પાડવામાં આવે છે. જ્યાં સુધી સૂચના ન મળે ત્યાં સુધી ચાલુ કામની બાજુમાથી પસાર થશો નહીં.

સક્રિય કાર્યક્ષેત્ર એ એવી જગ્યા હોય છે જ્યાં કામદારો રસ્તા પર અથવા તેની નજીક હોય છે. **બાંધકામ કામદારોથી હંમેશાં સાવચેત રહો** અને સાંકડી ગલીઓ, ખાડાટેકરાવાળી ફૂટપાથો, અસમાન શેરીઓ અને અચાનક લેનમાં ફેરફાર થવા જેવી અસામાન્ય પરિસ્થિતિઓ માટે તૈયાર રહો.

શું તમે જાણો છો?

યુ.એસ.માં દર વર્ષે, કાર્યક્ષેત્રોમાં વાહન અકસ્માતોને કારણે હાઇવે કામદારો અને વાહન ચાલકો સહિત આશરે 40,000 લોકો ઇજાગ્રસ્ત થાય છે અથવા મૃત્યુ પામે છે. કામ કરવાના સ્થળમાં ટ્રાફિક અકસ્માતોના મુખ્ય કારણો બેદરકારી અને ગતિ હોય છે.

ડ્રાઇવરોને કામના વિસ્તારમાં શ્રમિકો અને બાંધકામના વાહનોને માર્ગ આપવો જરૂરી હોય છે. કાયદા મુજબ આ વિસ્તારોમાંથી વાહન ચલાવતી વખતે તમારે ડે લાઇટ તેમજ તમારા વાહનની હેડલાઇટ પણ ચાલુ કરવી જરૂરી હોય છે. ચાલુ કાર્યક્ષેત્રમાં તમારી હેડલાઇટનો ઉપયોગ ન કરવા બદલ તમને દંડ થઈ શકે છે. તે ઉપરાંત, ચાલુ કાર્યક્ષેત્રમાં વધુ ગતિ સહિતના અમુક ઉલ્લંઘનો માટેના દંડ બમણો કરવામાં આવ્યો છે. વધુમાં, અમુક ઉલ્લંઘનો ડ્રાઇવરનું લાઇસન્સ સસ્પેન્ડ થવામાં પરિણમશે.

કાર્યક્ષેત્રમાં અને તેની નજીક સલામત રીતે વાહન ચલાવવા વિશેનો એક નવો વીડિયો અહીં ઉપલબ્ધ છે:

https://www.penndot.gov/TravelInPA/Safety/TrafficSafetyAndDriverTopics/WorkZone.

આ વીડિયો શાળા આધારિત ડ્રાઈવર શિક્ષણના અભ્યાસક્રમો માટે પણ ઉપલબ્ધ છે.

જ્યારે તમે કાર્યક્ષેત્રની નજીક જાઓ ત્યારે ધીમા અથવા બંધ ટ્રાફિક માટે તૈયાર રહો અને આ સલામતીના નિયમોનું પાલન કરો:

- તમારી મુસાફરીનું આયોજન કરો. જો તમે કાર્યક્ષેત્રની આસપાસ વૈકલ્પિક માર્ગો પસંદ કરો તો તમે મુસાફરીમાં વિલંબ થતો ટાળી શકો છો.
- કાર્યક્ષેત્રમાં તમારા ક્રુઝ કંટ્રોલનો ઉપયોગ કરશો નહીં.
- તમારૂં પાછળ ચાલવાનું અંતર બમણું કરો; કાર્યક્ષેત્રમાં સૌથી સામાન્ય અકસ્માતનો પ્રકાર પાછળથી થતી અથડામણ હોય છે.
- તમારી આગળની લેન બંધ છે જ્યારે તમને તેવો મેસેજ દેખાય ત્યારે જ લેન બદલવા માટે તૈયાર થઈ જાઓ.
- કાર્યક્ષેત્રમાં સફેદ રંગની સળંગ લાઇન ઓળંગશો નહીં; તમારી લેનમાં રહો.
- જ્યારે તમે કાર્યક્ષેત્રમાંથી પસાર થાઓ ત્યારે સાવધાની સાથે આગળ વધો અને સલામત ગતિએ આગળ વધવાનું ચાલુ રાખો; રસ્તાના કામને જોવા માટે વાહન ધીમું કરશો નહીં અથવા રોકશો નહીં.
- શ્રમિકો પાસેથી દિશા-નિર્દેશો પૂછવા માટે કાર્યક્ષેત્રમાં રોકશો નહીં.
- ફ્લેગરોનું પાલન કરો - તેમની સત્તા પરંપરાગત ટ્રાફિક નિયંત્રણ ઉપકરણોને ઉપરવટ હોય છે.

યાદ રાખો: કાર્યક્ષેત્રના ફ્લેગર્સ પોલીસ અરેસ્ટ ફોર્મનો ઉપયોગ કરીને અસુરક્ષિત વાહન ચાલકો, ઝડપી અને આક્રમક ડ્રાઈવરોની પોલીસને જાણ કરી શકે છે!

રેલ્વે ક્રોસિંગ

મોટાભાગના રેલ્વે ક્રોસિંગ ફક્ત અદ્યતન ચેતવણી સંકેત અને ક્રોસબક દ્વારા જ સુરક્ષિત હોય છે. મોટાભાગના ક્રોસિંગ પર ટ્રાફિકને રોકવા માટે દરવાજા હોતા નથી. બધા રેલ્વે ક્રોસિંગની નજીક પહોંચતી વખતે તમારે ખાસ કરીને સાવચેત રહેવું જોઈએ.

વધુ રેલ ટ્રાફિક ન હોય તેવા પરિચિત ક્રોસિંગ સૌથી ખતરનાક હોઈ શકે છે. જો તમે વારંવાર આવા ક્રોસિંગનો ઉપયોગ કરતા હો અને સામાન્ય રીતે ટ્રેન દેખાતી ન હોય, તો તમે એવું માનવા લાગશો કે ટ્રેનો ક્યારેય પસાર થતી નથી; આમ માનવું જોખમી બની શકે છે.

રેલ્વે ક્રોસિંગ પર આ બાબતોનું ધ્યાન રાખો:

- જ્યારે પણ તમે રેલ્વે ક્રોસિંગ નજીક જાઓ ત્યારે હંમેશા ડાબે, જમણે અને પછી ફરી ડાબે જુઓ. જો ક્રોસિંગ ચાલુ હોય અને સિગ્નલો ઝબકતા ન હોય તો પણ આમ કરો - તે કદાચ કામ કરી રહ્યા ન હોય.
- જો તમે એક કરતાં વધુ ટ્રેક સાથે રેલ્વે ક્રોસિંગ પર ઊભા હોય તો, ટ્રેન પસાર થાય કે તુરત જ શરૂ કરશો નહીં. આગળ વધતા પહેલા બંને ટ્રેક સ્પષ્ટ દેખાય ત્યાં સુધી રાહ જુઓ. જો એક (1) ટ્રેક હોય તો પણ, ટ્રેન પસાર થયા પછી તુરત જ બીજો ટ્રેક ક્રોસ કરવાનું શરૂ કરશો નહીં - બીજી કોઈ ટ્રેન આવી રહી હોય શકે છે તેથી ફરી તપાસો.
- જ્યારે તમે રેલ્વે ક્રોસિંગ પાસે જાઓ અથવા તેમાં પ્રવેશ કરો ત્યારે ક્યારેય અન્ય કોઈથી આગળ નીકળવાનો પ્રયાસ કરશો નહીં.
- ટ્રેક ઓળંગતી વખતે અન્ય કોઈ વાહનનું આંધળું અનુકરણ કરશો નહીં. જો તમે બીજા વાહનની પાછળ ચાલી રહ્યાં હો, તો ખાતરી કરો કે ટ્રેક પર વાહન ચલાવતા પહેલા તમારી પાસે પસાર થવા માટે પૂરતી જગ્યા હોય. જો તમારી આગળનો ટ્રાફિક ધીમો હોય, તો ક્રોસ કરતા પહેલા તે ખાલી થવાની રાહ જુઓ. પાટા પર ક્યારેય અટકશો નહીં.
- જો તમે રેલ્વે ક્રોસિંગ પર અટવાઈ જવાની ભૂલ કરો અને કોઈ ટ્રેન નજીક આવી રહી હોય, તો તુરત જ વાહન છોડી દો અને તમે ટ્રેકથી શક્ય તેટલા દૂર જાઓ.

શું તમે જાણો છો?

યુ.એસ.માં, દર દોઢ કલાકે એક ટ્રેન વાહન અથવા રાહદારી સાથે અથડાય છે. બીજા વાહન સાથે થતા અકસ્માત કરતાં ટ્રેન સાથે અકસ્માતમાં મૃત્યુ થવાની શક્યતા 40 ગણી વધારે હોય છે.

રાહદારીઓ, સાઇકલ ચાલકો અને મોટરસાઇકલ ચાલકો અને મોપેડ ડ્રાઇવરો સાથે રસ્તો શેર કરવો

રાહદારીઓ અને સાયકલ ચાલકો વાહન ચાલક તરીકે તમારા આદરને પાત્ર હોય છે. આ તમામ જૂથો અકસ્માતમાં ઈજા થવા માટે વધુ સંવેદનશીલ હોય છે, તેમ છતાં તમારી જેમ તમને પણ જાહેર રસ્તાઓનો ઉપયોગ કરવાનો અધિકાર હોય છે. નીચેની સલામતી સંબંધી ટિપ્સ યાદ રાખો.

રાહદારીઓ

- આંતરછેદ અથવા ક્રોસવોક પર રસ્તો ઓળંગતા રાહદારીઓને રસ્તો આપો.
- લાલ રંગ પર જમણે વળવાનો અર્થ છે થોભવું, બધી દિશામાં જુઓ અને પછી જ્યારે સલામત હોય ત્યારે વળો. રાહદારીઓ પર ધ્યાન આપો અને તેમને ક્રોસવોક ઓળંગવા માટે પૂરતો સમય આપો.
- હંમેશા ગતિ ઓછી કરો અને જ્યારે બાળકો નજીકમાં હોય ત્યારે વધારે સાવધાની રાખો. તેઓ જોખમને સમજવામાં નિષ્ફળ થઈ શકે છે અને જોયા વિના તમારી સામે આવી શકે છે.
- તમારે સ્કૂલ ઝોનની ગતિ મર્યાદાનું પાલન કરવું જરૂરી હોય છે અને લાલ સિગ્નલ હોય ત્યારે સ્કૂલ બસો માટે રોકાઈ જવું જરૂરી હોય છે. સ્કૂલ ઝોન અને સ્કૂલ બસ સ્ટોપ એવી જગ્યાઓ હોય છે જ્યાં બાળકો મોટી સંખ્યામાં હોય છે.
- વૃદ્ધ રાહદારીઓ અને વિકલાંગ રાહદારીઓ માટે ધીરજ રાખો. તેમને રસ્તો ઓળંગવા માટે વધારે સમયની જરૂર પડે છે.
- પાછળ જતા પહેલા, હંમેશા તમારા રસ્તામાં રાહદારીઓ છે કે નહીં એ તપાસો.
- અંધ રાહદારીઓને રસ્તો આપો (ધીમે ચાલો અને રોકવા માટે તૈયાર રહો), પછી ભલે તેમની પાસે સફેદ લાકડી હોય કે માર્ગદર્શક કૂતરો હોય અથવા તો બીજી કોઈ વ્યક્તિ તેમને દોરી રહી હોય.
- જ્યારે ઊભેલા વાહનની પાછળથી નજીક પહોંચો, ત્યારે ગતિ ધીમી કરો અને જ્યાં સુધી તમને ખાતરી ન થાય કે સામેથી કોઈ રાહદારી પસાર થઈ રહ્યા નથી, ત્યાં સુધી પસાર થશો નહીં.
- જ્યારે રાહદારીઓ તમને જુએ ત્યારે કોઈપણ સમયે, ખાસ કરીને અજાણ્યા અથવા મધ્ય-બ્લોક સ્થળોએ તેમને સંકેત આપવો સલામત હોતો નથી.

સાઇકલ ચાલકો

સલામતી સંબંધી ટિપ્સ (વધુ માહિતી માટે પ્રકરણ 5 જુઓ)

- જ્યારે તમે સાયકલની નજીક જાઓ અથવા તેને પસાર કરો, ત્યારે સલામત ગતિ સુધી વાહનને ધીમું કરો.
- સાયકલ ચાલકને ઓળંગ્યા પછી, ગતિ અચાનક ધીમી કરશો નહી કે રોકશો નહીં. અચાનક થોભવાથી સાયકલ ચાલક તમારા વાહન સાથે અથડાઈ શકે છે.
- અકસ્માત ટાળવા માટે સાયકલ ચાલકોની નજીક હોર્ન વગાડશો નહીં, સિવાય કે અત્યંત જરૂરી હોય.

વધુ માહિતી માટે, પેન્સિલવેનિયા સાયકલ ડ્રાઇવર્સ મેન્યુઅલ (PUB 380) અહીં મેળવી શકાય છે:
http://www.dot.state.pa.us/public/pubsforms/Publications/Pub%20380.pdf

મોટરસાઇકલ અને મોપેડ ડ્રાઇવરો

- કાયદા મુજબ, તમારે મોટરસાઇકલ/મોપેડ ચાલકને એક (1) સંપૂર્ણ લેનનો ઉપયોગ કરવા દેવો જરૂરી હોય છે.
- મોટાભાગના મોટરસાઇકલ/વાહન અથવા મોપેડ/વાહન અકસ્માતો આંતરછેદ પર થાય છે. સામાન્ય રીતે, જ્યારે વાહનના ડ્રાઇવર મોટરસાઇકલ/વાહનને રસ્તો આપે છે ત્યારે વાહન ચાલતી મોટરસાઇકલ/મોપેડની સામે ડાબી બાજુ વળે છે.
- જ્યારે તમે મોટરસાઇકલ/મોપેડનું વળવાનું સિગ્નલ ઝબકતું જુઓ ત્યારે એવું માની લેશો નહીં કે તે વળાંક લઈ રહી છે. મોટરસાઇકલ/મોપેડના વળાંકના સિગ્નલ મોટરકારની જેમ આપમેળે બંધ થઈ શકતા નથી. જ્યાં સુધી તમે તેને વાસ્તવમાં વળતા ન જુઓ ત્યાં સુધી મોટરસાઇકલ/મોપેડની આગળ જશો નહીં.
- એવા અવરોધો જે મોટરકાર માટે નાના સાબિત થઈ શકે છે તે મોટરસાયકલ ચાલક/મોપેડ ચાલક માટે જીવલેણ હોઈ શકે છે. રસ્તા પર જોખમો ટાળવાનો પ્રયાસ કરતી વખતે મોટરસાઇકલ/મોપેડ ચાલકો લેન અથવા ગતિમાં અચાનક ફેરફાર કરે તે માટે તૈયાર રહો.
- તમે અન્ય વાહનોની જેમ જ પાછળ ચાલવા માટે 4-સેકન્ડ કે તેથી વધુ સમયનું અંતર રાખો. જ્યારે રસ્તા અથવા હવામાનની સ્થિતિ નબળી હોય ત્યારે મોટરસાઇકલ/મોપેડ પાછળનું તમારું અંતર વધારો.

અમારા PennDOT મોટરસાઇકલ સેફ્ટી વીડિયો જોવા માટે નીચેની લિંક પર ક્લિક કરો.

https://www.youtube.com/watch?v=SZjHD9iIz-o

ટ્રકો અને બસો સાથે રસ્તો શેર કરવો

ભલે તમે મોટરકાર, ટ્રક, બસ કે અન્ય મોટા વાહન સાથે રસ્તો શેર કરી રહ્યા હો, સલામતી માટે ટ્રાફિકના કાયદાઓનું પાલન કરવું, રસ્તાના નિયમોનું પાલન કરવું અને રક્ષણાત્મક રીતે વાહન ચલાવવું મહત્વપૂર્ણ હોય છે. ટ્રકો અને બસો સાથે રસ્તો શેર કરવા માટે ખાસ નિયમો છે અને નીચે કેટલીક ટિપ્સ આપેલી છે જેનો ઉપયોગ તમે તમારી મુસાફરીને વધુ સુરક્ષિત બનાવવા માટે કરી શકો છો. ટ્રક અથવા બસના બ્લાઇન્ડ સ્પોટ્સ (નો-ઝોન)ને જાણવા એ હાઇવેને વધુ સુરક્ષિત બનાવવાની ચાવી છે. નો-ઝોન ટ્રકો અને બસોની આસપાસના એવા જોખમી વિસ્તારોને દર્શાવે છે જ્યાં અકસ્માતો થવાની શક્યતાઓ વધુ હોય.

ટ્રકને ઓળંગવો

સમતલ હાઇવે પર, મોટરકાર કરતાં ટ્રકને ઓળંગવામાં માત્ર ત્રણ (3) થી પાંચ (5) સેકન્ડનો વધુ સમય લાગે છે. ચઢાણ કરવામાં, ટ્રકો ઘણીવાર ગતિ ગુમાવે છે, જેના કારણે અન્ય વાહનોની તુલનામાં તેને ઓળંગવું સરળ હોય છે. ઢોળાવ પર ટ્રકની ગતિ ઝડપી બનશે, તેથી તમારે તમારી ગતિ વધારવી પડી શકે છે.

જ્યારે વાહનો ઓળંગ્યા પછી અચાનક બંધ થઈ જાય અને પછી અચાનક ધીમા પડી જાય, ત્યારે ટ્રક ચાલકોને ઓછો સમય અથવા જગ્યામાં સંચાલન કરવાની ફરજ પડે છે.

ખાતરી કરો કે તમારા વાહન અને ઓવરટેકિંગ લેનમાં તમારી આગળના કોઈપણ વાહનો વચ્ચે પૂરતી જગ્યા હોય જેથી જો ટ્રક તમારી લેનમાં આવવા લાગે તો તમે ફસાઈ ન જાઓ. ટ્રકના બ્લાઈન્ડ સ્પોટ પર રોકાયા વિના ઝડપથી પસાર થાઓ. થડકાનો સામનો કરવા માટે બંને હાથને વ્હીલ પર રાખો. તમે પસાર થતી લેનની ડાબી બાજુ રહેવાનું પસંદ કરી શકો છો. શક્ય તેટલી ઝડપથી ઓળંગો અને બીજા વાહનની બાજુમાં રહેશો નહીં. ધ્યાન રાખો કે જ્યારે તમે પાછળ જોવાના અરીસામાં ટ્રકનો આગળનો ભાગ જોઈ શકો ત્યારે જ તમારે પાછળ જવું જોઈએ. ટ્રકને ઓળંગ્યા પછી, તમારી ગતિ જાળવી રાખો. જ્યાં ભૂલનું જોખમ વધારે હોય અને અથડામણની શક્યતા વધારે હોય ત્યારે વળાંકોમાંથી ઓળંગતા પહેલાં બે વખત વિચારો.

હકીકત: ટ્રકને ઓળંગતી વખતે પોતાને પૂરો સમય આપો. હાઇવેની ઝડપે, ટ્રકને સુરક્ષિત રીતે ઓળંગવામાં 30 સેકન્ડ જેટલો સમય લાગી શકે છે. જ્યારે તમે ઓળંગો, ત્યારે ઝડપથી ઓળંગો. ટ્રકની બાજુમાં સતત વાહન ચલાવશો નહીં - તમે ટ્રક ડ્રાઇવરના બ્લાઇન્ડસ્પોટમાં હો છો. ઓળંગ્યા પછી, જ્યારે તમે તમારા પાછળ જોવાના અરીસામાં ટ્રકની હેડલાઇટ અથવા ફ્રન્ટ ગ્રીલ જોઈ શકો ત્યારે જ લેન બદલો.

ટ્રક પસાર થઈ રહ્યો છે.



ટ્રકના બ્લાઇન્ડ સ્પોટ (નો-ઝોન)નું ઉદાહરણ.

જ્યારે કોઈ ટ્રક તમારા વાહન પાસેથી પસાર થાય, ત્યારે તમે તમારી લેનની દૂરની બાજુએ રહીને ટ્રક ડ્રાઈવરને મદદ કરી શકો છો. જો તમે તમારી ગતિ થોડી ઓછી કરો અને પછી તમારી ગતિ સ્થિર રાખો તો ટ્રક ડ્રાઈવર માટે તે સરળ બનશે. કોઈ પણ સંજોગોમાં, જ્યારે કોઈ ટ્રક તમારી પાસેથી પસાર થઈ રહ્યો હોય ત્યારે તમારી ગતિ વધારશો નહીં. ટ્રકોમાં મુસાફરીના વાહનો કરતાં વાહનની બંને બાજુ ઘણા વધુ નો-ઝોન હોય છે. જ્યારે તમે આ નો-ઝોનમાં વાહન ચલાવો, ત્યારે ટ્રક ડ્રાઇવરો તમને જોઈ શકતા નથી. જો તમે ટ્રકના બ્લાઇન્ડ સ્પોટમાં હો અને તે તમારી લેનમાં જવા લાગે, તો શાંત રહો અને ટ્રકના આગળના ભાગની તુલનામાં તમારા વાહનની સ્થિતિ પર ધ્યાન આપો. અથડામણ ટાળવા માટે ઝડપ વધારવી કે ધીમી કરવી એ નક્કી કરો. આગળ નીકળવાના માર્ગ રૂપે રોડની ધારને ધ્યાનમાં લો.

જ્યારે તમે વિરુદ્ધ દિશામાંથી આવતા ટ્રક સાથે અથડાવ, ત્યારે બાજુની અથડામણને ટાળવા અને તમારા વાહન અને ટ્રક વચ્ચે પવનના આંચકાને ઘટાડવા માટે શક્ય તેટલા બાજુ પર રહો. યાદ રાખો, હવાની લહેર વાહનોને એકબીજાથી દૂર ધકેલે છે. તે તેમને એકસાથે ખેંચતું નથી. તમારા વાહન અને તમારી આગળ આવતા કોઈપણ વાહનો વચ્ચે પૂરતું અંતર રાખો.

ટ્રકની પાછળ ચાલવું

તેમના કદને લીધે, ટ્રકોને રોકાવા માટે લાંબા અંતરની જરૂર પડે છે. જો કે, ટ્રકની પાછળ ખૂબ નજીકથી આવી રહેલું વાહન એટલી ઝડપથી અટકી શકતું નથી કે જેથી ટ્રક સાથે ટક્કર ન થાય. જો તમે ટ્રકની પાછળ હો, તો તેના નો-ઝોનથી દૂર રહો. પાછળ ખૂબ નજીક રહેવાનું ટાળો અને તમારા વાહનને એવી રીતે રાખો કે ટ્રક ડ્રાઈવર તેને તેના સાઇડના અરીસામાં જોઈ શકે. ત્યારપછી તમને આગળના રસ્તાનુ પૂરું દશ્ય જોવા મળશે અને ટ્રક ડ્રાઈવર તમને રોકવા કે વળવા માટે પૂરતી ચેતવણી આપી શકે છે. તમારી પાસે પ્રતિક્રિયા આપવા અને સલામત રીતે રોકવા માટે વધુ સમય રહેશે. ટ્રક કે બસની પાછળ ચાલતી વખતે, જો તમને તમારી સામેના વાહનના સાઇડ મિરર દેખાતા ન હોય, તો મોટા વાહનનો ડ્રાઇવર પણ તમને જોઈ શકતો નથી.

જ્યારે ટેકરી પર રોકો ત્યારે તમારી અને ટ્રક વચ્ચે પુષ્કળ જગ્યા છોડો. જેમ જેમ ડ્રાઈવર બ્રેક પરથી તેનો પગ ઉઠાવે છે, તેમ ટ્રક પાછળની તરફ જાય છે.

જ્યારે તમે રાત્રે ટ્રક અથવા કોઈપણ વાહનની પાછળ હો ત્યારે હંમેશા તમારી હેડલાઈટ નીચી રાખો. પાછળના વાહનમાંથી આવતો તેજસ્વી પ્રકાશ ટ્રકના મોટા સાઇડ મિરરમાંથી પ્રતિબિંબિત થાય ત્યારે ટ્રક ડ્રાઇવરને દેખાતું બંધ થઈ જશે.

હકીકત: ટ્રકના પાછળના બ્લાઇન્ડ સ્પોટથી દૂર રહેવા માટે તમને ઓછામાં ઓછા ચાર (4) સેકન્ડની જરૂર પડે છે અને સાચા અંતરની ગણતરી કરવાની અહીં એક સરળ રીત છેઃ જ્યારે ટ્રક રસ્તાની બાજુમાં કોઈ સ્થિર વસ્તુ પાસેથી પસાર થાય, ત્યારે ગણતરી શરૂ કરો, એક હજાર એક, એક હજાર બે, વગેરે. તમારું આગળનું બમ્પર સમાન વસ્તુ પર પહોંચે કે તુરત જ તમારે એક હજાર ચાર સુધી પહોંચવું જોઈએ. જો તમે એક હજાર ચાર પહેલાં પહોંચો, તો તમે ટ્રકના પાછળના ભાગની ખૂબ નજીક મુસાફરી કરી રહ્યા છો.

વળાંકો

ટ્રકના વળાંક સિગ્નલ પર ખાસ ધ્યાન આપો ટ્રક ડ્રાઇવરોએ પહોળા વળાંક લેવા જરૂરી હોય છે જેથી ટ્રકનો પાછળનો ભાગ અથવા ટ્રેક્ટર ટ્રેલરનો પાછળનો ભાગ ખૂણા અથવા અન્ય સ્થિર અવરોધોને પસાર કરી શકે. કેટલીકવાર અન્ય લેનમાંથી જગ્યાનો ઉપયોગ ખૂણા પસાર કરવા માટે થાય છે. અકસ્માત ટાળવા માટે, વળાંક લેવાનું કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી આગળ વધશો નહીં. ફરી, વળાંકના સિગ્નલો પર ધ્યાન આપો. (નીચેનું ઉદાહરણ જુઓ.)


લાંબા જમણા વળાંકનું ઉદાહરણ.

હકીકત: ટ્રકો લાંબા વળાંક લે છે. જ્યારે ટ્રકો વાસ્તવમાં જમણી તરફ વળે છે ત્યારે તે સીધા જઈ રહ્યા હોય અથવા ડાબે વળી રહ્યાં હોય એવું લાગે છે. આ તકનીક - ટ્રેલરની બાજુમાં બ્લાઇન્ડ સ્પોટ સાથે જોડાયેલી - વળતા ટ્રકને પસાર કરવાનો પ્રયાસ કરવો એક ખતરનાક દાવપેચ બનાવે છે. ટ્રક ડ્રાઇવરો કર્બ અને તેની વચ્ચે દબાયેલા વાહનો જોઈ શકતા નથી. તમારી જગ્યાએ ઊભા રહો અને ટ્રક ડ્રાઇવરોને વળવા માટે પૂરતી જગ્યા આપો.

મોટા કદના ભાર

મોટા ભાર સાથે પાઇલટ વાહનો હોય છે મોટા કદના હલનચલનોનું સંચાલન ટ્રેક્ટર ટ્રેલરોની જેમ જ થાય છે અને ટ્રક જેવા જ નિયમો લાગુ પાડવા જોઈએ. મોટા ભાગના મોટા કદના ભારનું સંચાલન નિયુક્ત લેનમાં જ કરવામાં આવે છે; જો કે, તેમની અતિ પહોળાઈને કારણે, બર્મ પરના અવરોધો તેમને પીળી અથવા સફેદ લાઇન ઓળંગવા માટે કારણભૂત બની શકે છે.

મોટર ચાલકોને મોટા ભાર અને/અથવા ધીમી ગતિએ ચાલતા વાહનો અંગે ચેતવણી આપવામાં મદદરૂપ થવા માટે કાયદા દ્વારા પાયલોટ વાહનોની જરૂર પડે છે. પાયલોટ વાહનોને ઓળખવામાં મદદ કરવા માટે ખાસ ચિહ્નો અને લાઇટની જરૂર પડે છે અને જ્યારે તે દેખાય ત્યારે ડ્રાઇવરોએ જાણવું જોઈએ કે તેઓ મોટા વાહનની નજીક આવી રહ્યા છે. જ્યારે તમે આ વાહનો જુઓ ત્યારે કૃપા કરીને વધારે સાવચેતી રાખો.

પાછળથી થતી અથડામણો

પાછળ આવવાની તૈયારી કરી રહેલા ટ્રકની પાછળથી ક્યારેય પસાર થવાનો પ્રયાસ કરશો નહીં. મોટેભાગે, જ્યારે ટ્રક ડ્રાઈવર ટ્રકને રોડ પરથી પાછો લોડિંગ વિસ્તારમાં ખસેડવાની તૈયારી કરતો હોય, ત્યારે અસ્થાયી રૂપે રસ્તો બ્લોક કરવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી. આ એવી સ્થિતિ હોય છે જ્યાં કેટલાક ડ્રાઇવરો અને રાહદારીઓ ટ્રક નીકળી જાય તેના માટે થોડી સેકંડ રાહ જોવાને બદલે ટ્રકને ઓળંગવાનો પ્રયાસ કરે છે. જ્યારે ટ્રક પાછળ નજીકથી પસાર થતી વખતે, ડ્રાઇવર અથવા રાહદારી ટ્રકના નો-ઝોનમાં પ્રવેશ કરે છે અને અકસ્માત થઈ શકે છે.

બ્રેક મારવી

વાહનોમાંની હાઇડ્રોલિક બ્રેકથી વિપરીત, ટ્રક અને બસમાં એર બ્રેક હોઈ શકે છે અને તેને રોકાવામાં વધુ અંતર લાગી શકે છે. સારા ટાયર અને યોગ્ય રીતે ગોઠવેલી બ્રેક સાથે ભરેલા ટ્રક સ્વચ્છ, સૂકા રસ્તા પર 65 mphની ઝડપે મુસાફરી કરે છે, તેને સંપૂર્ણ રીતે રોકાવા માટે ઓછામાં ઓછા 600 ફૂટની જરૂર પડે છે (પ્રવાસી વાહન રોકાવાના 400 ફૂટના અંતરની સરખામણીમાં). રસ્તામાં પ્રવેશવાનું ટાળવું મહત્વપૂર્ણ હોય છે અને જો તમે રસ્તામાંથી વળતા હો, તો મોટા વાહનની સામે લેન બદલવાનું ટાળો.

એસ્કેપ રેમ્પ્સ

લાંબા ઢોળાવ પર, ટ્રક માટે ખાસ "એસ્કેપ" અથવા "રનવે" રેમ્પ હોઈ શકે છે. આ રેમ્પસનો ઉપયોગ ફક્ત એવા મોટા વાહનો દ્વારા જ કરવો જોઈએ જે નિયંત્રણની બહાર હોય અથવા બ્રેક ફેલ થવાને કારણે રોકી શકાય તેમ ન હોય. આવા રેમ્પ્સની નજીક ક્યારેય રોકશો નહીં અથવા પાર્ક કરશો નહીં.

બસો

બસો એવા વાહનો હોય છે જે સામાન્ય વાહન કરતા રસ્તા પર વધુ જગ્યા રોકે છે. બસ અથવા ટ્રક સાથે રસ્તો શેર કરતી વખતે સમાન પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવવું જોઈએ.

સ્કૂલ બસો

પેનસિલ્વેનિયામાં ખાસ નિયમો છે, જેનું તમારે સ્કૂલ બસની નજીક ડ્રાઇવિંગ કરતી વખતે પાલન કરવું જરૂરી હોય છે. આ નિયમો બાળકો અને ડ્રાઇવરોની સલામતીનું રક્ષણ કરે છે.

જ્યારે સ્કૂલ બસ થોભવાની તૈયારી કરી રહી હોય, ત્યારે તેની સાવધાનીસૂચક (પીળી) લાઇટો ઝબકવા લાગે છે. જ્યારે બસ તેની લાલ લાઇટ ઝબકતી રાખી અને સ્ટોપ આર્મ લંબાવીને ઉભી રહે, ત્યારે તમારે બસથી ઓછામાં ઓછા 10 ફૂટ દૂર રોકાવું જોઈએ, પછી ભલે તમે બસની પાછળ હોવ કે તે જ શેરીમાં તેની નજીક હોવ અથવા એવા ચાર રસ્તા પર હો જ્યાં સ્કૂલ બસ ઉભી રહી હોય. લાલ લાઇટો ઝબકવાનું બંધ થાય, સ્ટોપ આર્મ દૂર થાય અને બાળકો સલામત જગ્યાએ પહોંચે ત્યાં સુધી ત્યાં જ રહો (નીચેનું ચિત્ર જુઓ).



બધા વાહનો રોકાવા જોઈએ

ચમકતી લાલ લાઇટ અને લાંબા સ્ટોપ આર્મવાળી સ્કૂલ બસ માટે રોકાવાની નિષ્ફળતાના પરિણામે તમારા ડ્રાઇવિંગ લાઇસન્સને 60 દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવશે, તમારા ડ્રાઇવિંગ રેકોર્ડ પર પાંચ (5) પોઇન્ટ અને દંડ થશે.

સ્કૂલ બસ રોકવાની જરૂરિયાતમાં ફક્ત એક જ અપવાદ હોય છે. જો તમે એવી સ્કૂલ બસની નજીક આવી રહ્યા હો જે ઝબૂકતી લાલ બત્તી સાથે ઉભી હોય અને સ્ટોપ આર્મ લંબાવીને ઉભી હોય અને તમે વિભાજિત હાઈવેની વિરુદ્ધ દિશામાં ડ્રાઈવ કરી રહ્યાં હો, (એટલેકે કોંક્રિટ/મેટલ અવરોધો, માર્ગદર્શક રેલ અથવા વૃક્ષો/ખડકો/સ્ટ્રીમ્સ/ઘાસ વચ્ચે), તો તમારે રોકાવાની જરૂર હોતી નથી. તમારી ગતિ ઓછી કરો અને કાળજીપૂર્વક વાહન ચલાવતા રહો.

પેન્સિલવેનિયાના સ્કૂલ બસ રોકવાના કાયદાને સમજાવવામાં મદદ કરતું આ ગ્રાફિક તપાસો.

https://www.penndot.gov/TravelInPA/Safety/TrafficSafetyAndDriverTopics/Pages/School-Bus-Safety.aspx

સંકટાવસ્થાના વાહનો અને પરિસ્થિતિઓ

કેટલાક વાહનોમાં સાયરન અને ઝબૂકતી લાલ લાઇટ અથવા ઝબૂકતી લાલ અને વાદળી લાઇટનું મિશ્રણ હોય છે. આ લાઈટો ઈમરજન્સી વાહનોને ટ્રાફિકમાંથી ઝડપથી આગળ વધવામાં અને સંકટાવસ્થાના કોલની પ્રતિક્રિયા આપવામાં મદદ કરે છે. સંકટાવસ્થાના વાહનોમાં ફાયર વિભાગના વાહનો, પોલીસના વાહનો, એમ્બ્યુલન્સ, રક્ત વિતરણ વાહનો અને બચાવ સંસ્થાઓના ખાસ સજ્જ વાહનોનો સમાવેશ થાય છે. તેમના પર ધ્યાન આપો.

જ્યારે તમે સાયરન સાંભળો અથવા કોઈ વાહનને કોઈપણ દિશામાંથી ઝળહળતી લાલ લાઈટો અથવા લાલ અને વાદળી લાઈટોના સંયોજન સાથે આવતું જુઓ, ત્યારે તમારે:

- રસ્તાની બાજુમાં અથવા કર્બ પર જવું અને રોકાવું જરૂરી હોય છે.
- શક્ય તેટલું સમાંતર અને કર્બની નજીક વાહન ચલાવવું જરૂરી હોય છે. એક-માર્ગી રસ્તાઓ પર, નજીકના રસ્તાની બાજુ પર વાહન ચલાવવું અને રોકાવું જરૂરી હોય છે.
- આંતરછેદોથી દૂર રહો.
- સંકટાવસ્થાનું વાહન તમારી પાસેથી પસાર થઈ જાય પછી, ઓછામાં ઓછું 500 ફૂટનું અંતર રાખીને વાહન ચલાવવાનું શરૂ કરવું જરૂરી હોય છે.
- એ ખાતરી કરવી જરૂરી હોય છે કે સંકટાવસ્થાનું બીજું કોઇ વાહન આવતું નથી.

સંકટાવસ્થા દરમિયાન, બધા ડ્રાઇવરોએ યોગ્ય પોશાક પહેરેલા કોઈપણ વ્યક્તિની સૂચનાઓનું પાલન કરવું જરૂરી હોય છે, જેમાં કોઈપણ ગણવેશધારી પોલીસ અધિકારી, શેરિફ, કોન્સ્ટેબલ અથવા ફાયર પોલીસનો સમાવેશ થાય છે.

સાયરનને ગંભીરતાથી લો અને એમ્બ્યુલન્સ, ફાયર ટ્રક અથવા પોલીસ વાહન માટે રસ્તો બનાવો. કોઈ દિવસ તમે મદદ માટે ફોન કરતા હોઇ શકો છો અથવા કોઈ મિત્ર અથવા કુટુંબના સભ્યનો જીવ જોખમમાં હોઈ શકે છે.

મુવ ઓવર કાયદો

મુવ ઓવર કાયદા મુજબ, મોટરચાલકોને એવી લેનમાં જવું જરૂરી હોય છે જે સંકટાવસ્થાની પ્રતિક્રિયાના વિસ્તાર અથવા અક્ષમ વાહનની બાજુમાં ન હોય. સંકટાવસ્થાની પ્રતિક્રિયાનું ક્ષેત્ર એ રસ્તા પર અથવા તેની બાજુમાં આવેલો વિસ્તાર હોય છે જ્યાં પોલીસ, શેરિફ, કોરોનર, તબીબી તપાસકર્તાઓ, અગ્નિશામકો, ફાયર પોલીસ, ફાયર માર્શલ, બચાવ કર્મચારીઓ, સંકટાવસ્થાની તબીબી સેવાઓના કર્મચારીઓ, ખેંચાણ અને વસૂલાતના કર્મચારીઓ, જોખમી સામગ્રીની પ્રતિક્રિયા ટીમના સભ્યો અને/અથવા હાઇવે બાંધકામ અને જાળવણી કર્મચારીઓ દ્વારા સેવાઓ પૂરી પાડવામાં આવતી હોય છે. અસક્ષમ વાહન ટ્રાફિક લેનમાં અથવા ટ્રાફિક લેનની ધાર પરનું એક વાહન હોય છે જેને ઓછામાં ઓછા બે સિગ્નલ લેમ્પ્સ, રોડ ફ્લેર, સાવચેતીના સંકેતો અને/અથવા અન્ય કોઈપણ ટ્રાફિક નિયંત્રણ ઉપકરણ સાથે સ્પષ્ટપણે અંકિત કરેલ હોય છે. જો વાહનચાલકો ટ્રાફિક અથવા અન્ય પરિસ્થિતિઓને કારણે આગળ વધી શકે નહીં, તો તેમણે તેમની ગતિ ઓછામાં ઓછી 20 માઇલ પ્રતિ કલાકની નિર્ધારિત ગતિ મર્યાદાથી ઓછી કરવી જરૂરી હોય છે. કાયદા અમલીકરણના અધિકારીઓ હાજર ન હોય તેવા કિસ્સાઓમાં, કાયદો રોડ શ્રમિકો અને કટોકટી પ્રતિસાદકર્તાઓને વાહનચાલકો દ્વારા કરવામાં આવતા ઉલ્લંઘનની જાણ કરવાની મંજૂરી આપે છે. આ રિપોર્ટના આધારે કાયદા અમલીકરણની એજન્સીઓ નોટિસ જારી કરી શકે છે. બાજુ પર જવામાં અથવા ધીમું કરવામાં નિષ્ફળ જવાના પરિણામે પ્રથમ ગુના માટે $500 સુધીનો દંડ, બીજા ગુના માટે $1,000 અને ત્રીજા અને પછીના ગુના માટે $2,000 સુધીનો દંડ થઈ શકે છે. તે ઉપરાંત, કાર્યક્ષેત્ર વિસ્તારોમાં થતા ટ્રાફિક ઉલ્લંઘન માટે દંડ બમણો કરવામાં આવશે. આ કાયદાનું ઉલ્લંઘન કરવા બદલ દોષિત કોઈપણ વ્યક્તિના ડ્રાઈવિંગ રેકોર્ડમાં 2 પોઈન્ટ ઉમેરવામાં આવશે. જો આ કાયદાના ઉલ્લંઘનથી અન્ય વ્યક્તિને ગંભીર શારીરિક ઈજા થાય અથવા મૃત્યુ થાય, તો 90 દિવસ માટે લાઇસન્સ રદ કરવામાં આવશે અને $1,000 સુધીનો દંડ લાદવામાં આવી શકે છે. જો આ કાયદાના ઉલ્લંઘનથી સંકટાવસ્થામાં પ્રતિક્રિયા આપનાર અથવા ક્ષતિગ્રસ્ત વાહનમાં અથવા તેની નજીક રહેલા કોઈપણ વ્યક્તિને ગંભીર શારીરિક ઈજા થાય, તો લાઇસન્સને 6 મહિના માટે રદ કરવામાં આવશે અને $5,000 સુધીનો દંડ લાદવામાં આવી શકે છે. જો આ કાયદાના ઉલ્લંઘનથી સંકટાવસ્થામાં પ્રતિક્રિયા આપનાર અથવા અક્ષમ વાહનમાં અથવા તેની નજીક કોઈ વ્યક્તિનું મૃત્યુ થાય છે, તો 1 વર્ષનું સસ્પેન્શન લાદવામાં આવશે અને $10,000 સુધીનો દંડ લાદવામાં આવી શકે છે.

ઘોડાગાડી અને ઘોડેસવારો

જ્યાં તમારે ઘોડાગાડી અથવા ઘોડેસવારોનો સામનો કરવો પડી શકે તેવા વિસ્તારોમાં ધ્યાનમાં રાખવા જેવી કેટલીક મહત્વપૂર્ણ બાબતો હોય છે. ઘોડા દ્વારા ચાલતા ઘણાં વાહનો ઘેરા રંગના હોય છે અને તેથી તેમને પરોઢે, સાંજે કે રાત્રે જોવા મુશ્કેલ હોય છે. ઘોડા દ્વારા ચાલતા વાહનની પાછળ આવતી વખતે અથવા પાછળ રોકાતી વખતે, બે (2) વાહનો વચ્ચે પૂરતી જગ્યા છોડવાની ખાતરી કરો. રોકાયા પછી, ઘોડા દ્વારા ચાલતું વાહન ઘણીવાર પાછળની તરફ આવે છે અને જો તમે ખૂબ નજીક હશો તો ઘોડા દ્વારા ચાલતા વાહનના ચાલકની તમને જોવાની ક્ષમતા મર્યાદિત થઈ જશે. જ્યારે તમે પસાર થવાની તૈયારી કરો ત્યારે આ તે માટે પર્યાપ્ત જગ્યા પણ પૂરી પાડશે. જ્યારે તમે ઘોડા દ્વારા ચાલતા વાહન કે ઘોડેસવાર પાસેથી પસાર થાઓ, ત્યારે ખૂબ ઝડપથી વાહન ચલાવશો નહીં કે હોર્ન વગાડશો નહીં, કારણ કે તેનાથી ઘોડાને ડર લાગી શકે છે. તે ઉપરાંત, પસાર થયા પછી ઘોડાને ડરાવવાથી બચવા માટે, જમણી લેનમાં પાછા ફરતા પહેલા તમારા વાહન અને ઘોડા વચ્ચે પૂરતી જગ્યા છોડવાની ખાતરી કરો. હંમેશા યાદ રાખો કે જ્યારે રસ્તા પર હોય ત્યારે દરેક વ્યક્તિને સમાન અધિકારો હોય છે.

ખુલ્લા ટ્રકમાંના પ્રવાસીઓ

જો કોઈ વ્યક્તિ ટ્રકના બેડ પર બેઠેલી હોય, તો ઓપન-બેડ પિકઅપ ટ્રક અથવા ઓપન ફ્લેટબેડ ટ્રકને 35 માઇલ પ્રતિ કલાકથી વધુની ઝડપે ચલાવી શકાતી નથી. જ્યારે 18 વર્ષથી નાની ઉંમરનું બાળક ટ્રકમાં બેઠું હોય ત્યારે આવા ટ્રકો ચલાવી શકાય નહીં.

આ કાયદામાંના અપવાદો નીચે મુજબ છે:

- ખેડૂતનું બાળક, જેને ખેતર અથવા ખેડૂતની માલિકીના અથવા સંચાલિત ખેતરો વચ્ચે કામ પર લઈ જવામાં આવે.

- ખેત મજૂરી કરવા માટે કાર્યરત બાળક, જેને બાળકના માલિક અથવા નોકરીદાતાઓ દ્વારા સંચાલિત ખેતરો અથવા ખેતરના ભાગો વચ્ચે પરિવહન કરવામાં આવી રહ્યું હોય.
- એક માન્ય શિકારનું લાઇસન્સ ધરાવતું બાળક કે જેને શિકાર શિબિર અને શિકાર સ્થળ વચ્ચે અથવા શિકારની મોસમ દરમિયાન શિકારની જગ્યાઓ વચ્ચે લઈ જવામાં આવે.
- એક બાળક જે પરેડ દરમિયાન ફક્ત સત્તાવાર રીતે મંજૂર કરેલી પરેડમાં ભાગ લે.

બરફ દૂર કરવાના હળ

શિયાળામાં, બરફ દૂર કરવાના હળના ડ્રાઇવરોના અરીસાઓમાં દૃષ્ટિ ખૂબ જ મર્યાદિત હોય છે. હળ ચાલકોને વારંવાર ફરવું પડે છે અને તેના ડ્રાઇવરો તમને તેમની પાછળ જોઈ શકતા નથી. સલામત અંતર જાળવવાની ખાતરી કરો. આ તમારા વાહનને બરફ દૂર કરવાના હળમાંથ ફેંકવામાં આવતા મીઠાં, બરફ દૂર કરવાના પ્રવાહીઓ અને લપસે નહિ તેવા પેલેટથી થતા નુકસાનથી બચાવવામાં મદદ કરશે.

તે ઉપરાંત, આ વાહનોમાં પાંખવાળા હળ હોઈ શકે છે જે બંને બાજુએ કેટલાંક ફૂટ સુધી ચોંટી રહે છે. ખરાબ હવામાનમાં કે રાત્રે ડ્રાઇવરો માટે તેને જોવા મુશ્કેલ હોય છે અને તે ઘણા સાઇડ-સ્વાઇપ અકસ્માતો સામેલ થયા છે. સલામતી માટે તમારે હળને ઓળંગવાનો પ્રયાસ કરવો જોઈએ નહીં, પછી ભલે તે ડાબી બાજુ હોય કે જમણી બાજુ.

રોડ રેજનો સામનો કરવો

તમારો ગુસ્સો ક્યારેય રસ્તા પર બીજા કોઈ વ્યક્તિ પર કાઢશો નહીં. કેટલીકવાર ડ્રાઇવરો વચ્ચેની સામાન્ય ગેરસમજને કારણે રોડ રેજની ઘટનાઓ બને છે. એક ડ્રાઇવર નિર્ણય લેવામાં ક્ષણિક ભૂલ કરી શકે છે, તે ઇરાદાપૂર્વક ન હોવા છતાં બીજો ડ્રાઇવર તેનું આક્રમક કૃત્ય તરીકે અર્થઘટન કરી શકે છે.

જ્યારે કોઈ તમારો રસ્તો ઓળંગે અથવા તમારી પાસેથી પસાર થાય ત્યારે તેને **ક્યારેય** વ્યક્તિગત ન લો. બસ તેને જવા દો અને તે ડ્રાઇવરને અવગણો.

શું તમે જાણો છો?
PAમાં દર વર્ષે હાઇવે પર થતા આશરે 1,500 મૃત્યુમાંથી, લગભગ 60 ટકા અથવા આશરે 900 મૃત્યુ આક્રમક ડ્રાઇવિંગને કારણે થાય છે.

જો કંઈ થાય, તો **બદલો લેશો નહીં**. બીજા ડ્રાઇવર સાથે "સ્પર્ધા" કરવા પર તમારું ધ્યાન કેન્દ્રિત કરવું એ એક ગંભીર વિક્ષેપ છે. અકસ્માત ટાળવા માટે જરૂરી ટ્રાફિક ચિહ્નો, સિગ્નલો અને અન્ય વાહનો અથવા રાહદારીઓની અવરજવર પર તમે ઓછી પ્રતિક્રિયા આપી શકો છો.

અન્ય ડ્રાઇવરને પાઠ શીખવવાનો પ્રયાસ કરશો નહીં. જો તમે સાચા હો તો પણ સાચા હોવાનો આગ્રહ ન રાખો. તમે સંપૂર્ણપણે સાચા હોઈ શકો છો!

જો તમને કોઈ આક્રમક ડ્રાઇવર મળે, તો તમને સુરક્ષિત રહેવામાં મદદ કરવા માટે અહીં કેટલીક ટીપ્સ આપી છે:

- આક્રમક ડ્રાઇવરના માર્ગમાંથી બહાર જવા માટેના તમામ પ્રયાસો કરો.
- પસાર થવાની લેનને અવરોધિત કરશો નહીં. જો કોઈ પસાર થવા દેવાનું કહે, તો તેને પસાર થવા દો.
- વધુ ઝડપે વાહન ચલાવીને આક્રમક ડ્રાઇવરને પડકારશો નહીં. તે ડ્રાઇવરને ગુસ્સે કરશે અને તમને જોખમમાં મૂકશે.
- પ્રતિકૂળ ડ્રાઇવર સાથે આંખનો સંપર્ક ટાળો.
- હાવભાવને અવગણો અને વળતો હાવભાવ ન આપો.
- જો તમારી પાસે હેન્ડ્સ ફ્રી ડિવાઇસ અથવા પ્રવાસી કૉલ હોય અને તમે તે સુરક્ષિત રીતે કરી શકો, તો પોલીસ અથવા 911 પર કૉલ કરો.

જો કોઈ આક્રમક ડ્રાઇવર તમારો પીછો કરે, તો ઘરે જશો નહીં. તેના બદલે, પોલીસ સ્ટેશન, સુવિધા સ્ટોર અથવા અન્ય જગ્યાએ જાઓ જ્યાં તમને મદદ મળી શકે અને ત્યાં સાક્ષીઓ હશે.

ડ્રાઇવિંગ સંબંધી સકટાવસ્થાનો સામનો કરવો

જો તમે મોટાભાગના ડ્રાઇવરો જેવા હો, તો તમને સંકટાવસ્થામાં કેવી રીતે વર્તવું તે અભ્યાસ કરવાની તક મળશે નહીં. પરંતુ, કેટલીક ગંભીર ડ્રાઇવિંગ પરિસ્થિતિઓમાં શું કરવું તે જાણવાથી પણ ફરક પડી શકે છે. કંઈક ખોટું થાય ત્યારે ખોટું પગલું ભરવાથી અથવા પગલાં ન લેવાથી તમારા વાહનનું અકસ્માત થવાની શક્યતા સ્પષ્ટપણે વધી જશે.

શું તમે જાણો છો?
12,000 અકસ્માતોની સમીક્ષામાં, 37 ટકા ડ્રાઇવરોએ અકસ્માત ટાળવા માટે કોઈ પગલાં લીધાં નહોતા.

સંકટાવસ્થાની પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો માર્ગ કાઢવો

જ્યારે તમારી પાસે અથડામણ ટાળવા માટે બ્રેકિંગ અથવા સ્ટિયરિંગનો વિકલ્પ હોય, ત્યારે સામાન્ય રીતે બ્રેક મારવાને બદલે જોખમને ટાળવા માટે સ્ટિયરિંગનો ઉપયોગ કરવો વધુ સારું હોય છે, ખાસ કરીને 25 માઇલ પ્રતિ કલાકની ઝડપે. તેનું કારણ એ હોય છે કે તમારો વળવાની પ્રતિક્રિયાનો સમય બ્રેક મારવાની તમારી પ્રતિક્રિયાના સમય કરતાં વધુ ઝડપી હોય છે. પરંતુ, કટોકટીની સ્થિતિમાં તમારા વાહનને નિયંત્રણમાં રાખવા માટે તમારી પાસે સારી સ્ટીયરિંગ કુશળતા હોવી જરૂરી હોય છે.

સામાન્ય નિયમ મુજબ, તમારે સ્ટીયરીંગ વ્હીલને બંને હાથ વડે પકડવું જોઈએ. તે ખાસ કરીને સંકટાવસ્થાની પરિસ્થિતિઓમાં મહત્વપૂર્ણ હોય છે કારણ કે ટાળવા યોગ્ય સ્ટીયરીંગ માટે તમારે સ્ટીયરીંગ વ્હીલને ઓછામાં ઓછા અડધા વળાંકને એક (1) દિશામાં ઝડપથી ફેરવવાની જરૂર પડે છે અને પછી, ઑબ્જેક્ટને સાફ કર્યા

પછી, વ્હીલને લગભગ એક સંપૂર્ણ વર્તુળ વિરુદ્ધ દિશામાં ફેરવવું જરૂરી હોય છે. પછી તમે તમારી મૂળ મુસાફરીની દિશામાં આગળ વધવા માટે મધ્ય સ્ટીયરિંગ પર પાછા ફરો છો. વધુ ઝડપે, તમારા વાહનને ડાબે કે જમણે ખસેડવા માટે ઓછા સ્ટીયરીંગ ઇનપુટની જરૂર પડે છે.



જમણી બાજુએ બતાવ્યા પ્રમાણે સ્ટીયરીંગ વ્હીલ પકડવાની ટેવ પાડો. જો તમે સ્ટીયરીંગ વ્હીલને ઘડિયાળના કાંટા જેવું વિચારો, તો તમારા હાથે વ્હીલને 9 અને 3 વાગ્યાની સ્થિતિમાં અથવા 8 અને 4 વાગ્યાની સ્થિતિમાં, જે પણ સૌથી આરામદાયક હોય તે રીતે પકડવું જોઈએ. તમારા અંગૂઠાને સ્ટીયરીંગ વ્હીલના અંદરના ભાગને પકડવાને બદલે તેના ઉપર રાખો.

સ્ટીયરીંગ વ્હીલ પર તમારા હાથને આ સ્થિતિમાં રાખવા દ્વારા:

- ઇમરજન્સી સ્ટીયરિંગના દાવપેચ દરમિયાન તમને વધુ પડતો સુધારો થવાની શક્યતા ઓછી હશે, જેના કારણે તમે નિયંત્રણ બહાર જઈ શકો છો અથવા રસ્તાથી દૂર જશો.
- જો તમે કોઈ અકસ્માતમાં સંડોવાયેલા હો, તો એવી શક્યતા ઓછી હોય છે કે એર બેગ તમારા હાથ અને ભુજાઓને પાછા તમારા ચહેરા પર ફેંકી દેશે, કદાચ તેમને તોડી નાખશે.
- લાંબા અંતરની મુસાફરી દરમિયાન તમારા હાથ વધુ આરામદાયક રહેશે અને થાક ઓછો લાગશે.

દસ (10) અને બે (2) વાગ્યાની સ્થિતિ સ્વીકાર્ય હોય છે; જોકે, જો તમારી એર બેગ બહાર નીકળી જાય, તો તમને ઈજા થવાનું જોખમ હોય છે. વળાંક લેવા માટે સ્ટીયરીંગ વ્હીલનો ઉપયોગ કરવાની બે (2) રીતો હોય છે. "હેન્ડ-ઓવર-હેન્ડ" પદ્ધતિમાં, ડ્રાઇવર સામેની બાજુને પકડવા અને વ્હીલને ઉપર ખેંચવા માટે સ્ટીયરિંગ વ્હીલની આજુબાજુ પહોંચે છે, જરૂર મુજબ પુનરાવર્તન કરે છે. "પુશ-પુલ" પદ્ધતિમાં, એક (1) હાથ સ્ટીયરિંગ વ્હીલને ઉપર ધકેલે છે જ્યારે બીજો હાથ ઉપર સ્લાઇડ કરે છે અને પછી વ્હીલને નીચે ખેંચે છે, જ્યાં સુધી વળાંક પૂર્ણ ન થાય ત્યાં સુધી આ ક્રિયાનું પુનરાવર્તન કરો.

જો તમે ટક્કર ટાળવામાં અસમર્થ હો, તો આ યાદ રાખો: અકસ્માતમાં ઇજા થતી રોકવી એ યોગ્ય રીતે તમારો સીટ બેલ્ટ પહેરવામાં, તમારા વિશેષ રીતે સુયોજિત માથાને સંરક્ષણ આપવામાં, તમારી વાહનમાં એર બેગ હોવાથી અને તમારા એર બેગથી ઓછામાં ઓછી દસ (10) ઇંચ દૂર રહેવા પર આધાર રાખે છે.

જો તમારે અચાનક બ્રેક મારવી પડે તો

જો તમારે ઉતાવળમાં બ્રેક લગાવવી જરૂરી હોય, તો તમારી સલામતી એ જાણવા પર આધાર રાખે છે કે તમારા વાહનમાં પરંપરાગત બ્રેક છે કે એન્ટી-લોક બ્રેક્સ (ABS) અને તેનો ઉપયોગ કેવી રીતે કરવો.

- **ABS વગર,** બ્રેક વારંવાર દબાવો અને છોડો. બ્રેકને પમ્પ કરવાથી તમારા વાહનની ગતિ ધીમી થઈ જશે અને તે નિયંત્રણમાં રહેશે. જોરથી બ્રેક દબાવવાથી તમારા વ્હીલ લોક થઈ શકે છે, જેના કારણે તમારું વાહન લપસી શકે છે.
- **ABS સાથે,** બ્રેક પર મજબૂત અને સતત દબાણ જાળવી રાખો - તમારું વાહન લપસસે નહીં. **બ્રેક પેડલને પમ્પ કરશો નહીં.** યાંત્રિક અવાજો અને/અથવા સહેજ કંપનોની ચિંતા કરશો નહીં.

તમારા વાહનમાં કયા પ્રકારની બ્રેકીંગ સિસ્ટમ છે તે નિર્ધારિત કરવા માટે તમારે તમારા માલિક માટેની પુસ્તિકા તપાસવી જોઈએ. તમે સંકટાવસ્થાની સ્થિતિમાં આવો તે પહેલાં આમ કરો. **સકટાવસ્થાની સ્થિતિમાં બ્રેક કેવી રીતે મારવી તે જાણવું એ તમારું જીવન બચાવી શકે છે.**

જો તમારું વાહન લપસવા લાગે તો

જો તમારું વાહન ભીના અથવા બર્ફીલા રસ્તા પર સરકવાનું શરૂ કરે, તો તમે જે દિશામાં જવા માગો છો તે દિશામાં જુઓ અને આગળ વધો. જો તમારા વાહનનો પાછળનો ભાગ ડાબી તરફ સરકી રહ્યો હોય, તો વ્હીલને ડાબી બાજુ ફેરવો. જો તમારા વાહનનો પાછળનો ભાગ જમણી તરફ સરકી રહ્યો હોય, તો વ્હીલને જમણી બાજુ ફેરવો. જ્યારે તમે લપસવાનું ઠીક કરવા માટે વળો છો, ત્યારે બીજીવાર વિરુદ્ધ દિશામાં લપસી શકો છો, પરંતુ બીજીવાર પ્રથમવાર જેટલું ખરાબ નહીં હોય. એ જ રીતે બીજીવાર લપસવાનું રોકવા માટે તૈયાર રહો - તમારા વાહનનો પાછળનો ભાગ જે દિશામાં લપસી રહ્યો હોય તે દિશામાં સ્ટિયરિંગ ફેરવો. તમે તમારા વાહન પર સંપૂર્ણ નિયંત્રણ મેળવો તે પહેલાં તેને કેટલાક "સુધારા"ની જરૂર પડી શકે છે.

લપસતી વખતે બ્રેકનો ઉપયોગ કરશો નહીં. જો તમે બ્રેક મારશો, તો લપસવાનું વધુ ખરાબ થશે. તમે તમારા વ્હીલને લોક કરવાનું અને સ્ટીયરિંગ પરનો તમામ નિયંત્રણ ગુમાવવાનું જોખમ લો છો.



વાહનનો પાછળનો ભાગ ડાબી બાજુ સરકે છે | **વાહનનો પાછળનો ભાગ જમણી બાજુ સરકે છે**

પૂરવાળા રસ્તાઓ

પૂરવાળા રસ્તાઓ પર ઓછી ઝડપે પણ, માત્ર છ (6) ઇંચ પાણીને કારણે તમે તમારા વાહન અથવા ટ્રક પરનો કાબૂ ગુમાવી શકો છો અને કેટલાક નાના વાહનો તરી શકે છે. બે (2) ફૂટ પાણી મોટાભાગના વાહનોને તરતા રાખશે, જેમાં સ્પોર્ટ યુટિલિટી વાહનો (SUV)નો પણ સમાવેશ થાય છે. એકવાર વાહન રસ્તા પરથી ઉતરી જાય અને ઊંડા પાણીમાં જાય, તો તે ઉપર જઈને પાણીથી ભરાઈ જાય છે, જે ડ્રાઈવર અને મુસાફરોને ફસાવી શકે છે. **જો રસ્તા પર પાણી વહેતું હોય, તો સૌથી સલામત માર્ગ એ હોય છે કે બીજો રસ્તો શોધવો.**

નોંધ: જોખમી પરિસ્થિતિઓને કારણે રોડ કે હાઇવે બંધ કરતા ચિહ્નો અથવા ટ્રાફિક કંટ્રોલ ઉપકરણોની આસપાસ અથવા તેના પર વાહન ચલાવવું કાયદાની વિરુદ્ધ છે. કાયદો અને તેના દંડ વિશે વધુ માહિતી માટે પ્રકરણ 5 જુઓ.

પૂર:

પૂર એ પેન્સિલવેનિયાના ટોચના જોખમો પૈકીનું એક છે. રોગ નિયંત્રણ અને નિવારણ કેન્દ્રો અનુસાર, 2006થી પેન્સિલવેનિયામાં પૂર સંબંધિત તમામ મૃત્યુમાંથી લગભગ અડધા મૃત્યુ વાહનોને કારણે થયા હતા. જો તમે વાહન ચલાવી રહ્યા હો અને રસ્તા પર પાણી ભરાઈ ગયું હોય, તો આ સરળ વાક્ય યાદ રાખો: "Turn, Don't Drown®". મુસાફરી માટે બીજો રસ્તો શોધો અને પાણી ભરેલા કોઇપણ રસ્તાઓ પાર કરવાનો પ્રયાસ કરશો નહીં. પૂર નિયંત્રણના કોઈપણ અવરોધને ઓળંગવું તે કાયદાની વિરુદ્ધ હોય છે. આ યાદીમાં પૂરનું પાણી આટલું ખતરનાક કેમ હોય છે તેના અનેક કારણો આપવામાં આવ્યા છે:

- એક ડોલર બિલ જેટલી લંબાઇવાળુ છ ઇંચ પાણી કેટલીક કારનું નિયંત્રણ ગુમાવવાનું છે અથવાઅટકવાનું કારણ બની શકે છે.
- બાર ઇંચ વહેતું પાણી અનેક કારને તરતી કરી શકે છે.
- બે ફૂટ વહેતું પાણી મોટાભાગની SUV અને પીકઅપ ટ્રકને ખસેડી શકે છે.
- કોઈપણ રસ્તા પર પાણી ભરાઈ જવાથી પેવમેન્ટ અને પુલ તૂટી પડવા સહિત અનેક જોખમો ઉભા થઈ શકે છે. વહેતું પાણી રસ્તાને પણ નબળા પાડી શકે છે.
- રાત્રિની મુસાફરી દરમિયાન પાણી ભરાયેલા રસ્તાઓ દેખાતા નથી.

જ્યારે તમે પાણી ભરેલા રસ્તા પર પહોંચો, ત્યારે તમારા માટે શ્રેષ્ઠ વિકલ્પ એ હોય છે કે તમે તમારા ગંતવ્ય માટે નવો રસ્તો શોધો. જો તમે પૂરના પાણીમાં ફસાઈ જાઓ, તો તુરત જ તમારા વાહનમાંથી બહાર નીકળો અને ઊંચા સ્થાન પર જાઓ. પૂર સંબંધી વધુ માહિતી રાષ્ટ્રીય હવામાન સેવા પરથી ઓનલાઇન મેળવી શકાય છે: www.weather.gov/safety/flood-turn-around-dont-drown

---

જો તમારું એક્સિલરેટર ચોંટી જાય તો

જો એક્સિલરેટર (ગેસ પેડલ) ચોંટી જાય, તો તમારું વાહન વેગ પકડતું રહેશે.

જો આમ થાય તો:

1. તમારી નજર રસ્તા પર રાખો. તમે પેડલને થોડી વાર ટેપ કરીને જોઈ શકો છો કે તે પાછું સામાન્ય સ્થિતિમાં ફરે છે કે નહીં અથવા તમે તેને તમારા અંગૂઠાથી ઉંચુ કરી શકો છો, પરંતુ તમારા હાથથી પેડલને મુક્ત કરવાનો પ્રયાસ કરવા માટે નીચે નમશો નહીં.
2. જો પેડલ ચોંટેલું રહે, તો તુરત જ ન્યુટ્રલ પર જાઓ અને બ્રેકનો ઉપયોગ કરો. તેનાથી તમારું એન્જિન ઝડપી ચાલશે, પરંતુ તમારા પૈડાંમાંથી પાવર જતો રહેશે.
3. સ્ટિયરિંગ પર ધ્યાન કેન્દ્રિત કરો અને જ્યારે તમે સુરક્ષિત ગતિએ ધીમા થાવ ત્યારે રસ્તા પરથી ખસી જાઓ. થોભો, એન્જિન બંધ કરો અને તમારા સંકટસમયના ફ્લેશર્સ ચાલુ કરો.

નોંધ: જો તમારે ધીમું અથવા ઝડપથી બંધ કરવાની જરૂર પડે, તો તમારા ઇગ્નીશનને "બંધ" પર ફેરવો. તેને "લોક" પર ન ફેરવો કારણ કે તેનાથી તમે સ્ટીયરિંગ ક્ષમતા ગુમાવી શકો છો. પછી, તમારી બ્રેક લગાવો. જ્યારે તમારું ઇગ્નીશન બંધ હોય ત્યારે સ્ટીયરીંગ અને બ્રેકીંગ માટે વધુ પ્રયત્નોની જરૂર પડશે.

જો તમારી ગાડીના બ્રેક ફેલ થઈ જાય તો

નવા વાહનોમાં, સ્પ્લિટ બ્રેકિંગ સિસ્ટમ સંપૂર્ણ બ્રેક ફેલ થવાની શક્યતા ઘટાડે છે. જો તમારી બ્રેક સિસ્ટમ ચેતવણી લાઇટ બતાવે, તો તમારે ચાર (4) વ્હીલમાંથી બે (2) પર બ્રેક લગાવવાની જરૂર પડી શકે છે, કદાચ એક (1) આગળનું વ્હીલ અને એક (1) પાછળનું વ્હીલ. તેનાથી તમે તમારા વાહનને રસ્તાની બાજુમાં અથવા આગામી સર્વિસ સ્ટેશન પર રોકી શકશો. વાહન ધીમું પડે તે પહેલાં તમને બ્રેક પેડલ સામાન્ય કરતાં વધુ નીચે જતું અનુભવાશે અને તમારે પેડલને વધુ જોરથી દબાવવાની જરૂર પડશે. તમારું થોભવાનું અંતર વધી ગયું હોય છે, તેથી તમારું વાહન ક્યાં જઈ રહ્યું છે તેની કાળજી રાખો. નીચા ગિયર પર જવાથી તમને ધીમું કરવામાં મદદ મળશે.

જો તમારી પાસે જૂની ગાડી હોય અને તમારા બ્રેક અચાનક ફેલ થઈ જાય, તો તમારે આમ કરવું જોઈએ

1. નીચા ગિયર પર શિફ્ટ કરો અને થોભવાની જગ્યા શોધવા માટે ધીમું કરો.
2. બ્રેક પેડલને અનેક વખત ઝડપથી દબાવો અને ઉપાડો. આ વારંવાર વાહનને રોકવા માટે પર્યાપ્ત બ્રેક પ્રેશર બનાવશે.
3. જો બ્રેક પેડલ દબાવવાથી અને ઉપાડવાથી કામ ન બને, તો પાર્કિંગ (ઇમરજન્સી) બ્રેકનો ઉપયોગ કરો. બ્રેક રીલીઝને દબાવી રાખો જેથી જો પાછળના પૈડા લૉક થઈ જાય અને તમે લપસવાનું શરૂ કરો તો તમે પાર્કિંગ બ્રેકને છોડી શકો.
4. તમે ક્યાં જઈ રહ્યા છો તેના પર તમારી નજર કેન્દ્રિત રાખો અને રસ્તા પરથી ઉતરવા માટે સલામત સ્થળ શોધો. વાહન ચલાવવા માટે ખુલ્લી જગ્યા શોધો અથવા ચઢાણ પર વાહન ચલાવો.
5. જો વાહન હજુ પણ બંધ ન થાય અને અકસ્માત થવાનું જોખમ હોય, તો અંતિમ ઉપાય તરીકે ઇગ્નીશન "બંધ" કરો. તેને "લોક" સ્થિતિમાં ફેરવશો નહીં કારણ કે તે તમારા સ્ટીયરિંગને પણ લોક કરી દેશે. પછી, તમારા સૌથી નીચા ગિયર પર શિફ્ટ કરો. તે તમારા ટ્રાન્સમિશનને નુકસાન પહોંચાડી શકે છે, તેથી ક્રેશ થવાથી બચવા માટે તેનો ફક્ત છેલ્લા પ્રયાસ તરીકે ઉપયોગ કરો.

તમારું વાહન રોક્યા પછી, મદદ માટે કૉલ કરો. વાહન ચલાવવાનો પ્રયાસ કરશો નહીં.

જો તમારું ટાયર ફાટી જાય તો

ક્યારેક ટાયર ફાટતા પહેલા પોપિંગનો અવાજ આવી શકે છે, પરંતુ સામાન્ય રીતે તમને અગાઉથી ખબર હોતી નથી કે ટાયર ક્યારે ફાટશે. તમારે તમારા ટાયરને સારી સ્થિતિમાં રાખીને અને યોગ્ય રીતે હવા ભરી રાખીને ફાટતા અટકાવવા જોઈએ.

જ્યારે આગળનું ટાયર ફાટે છે, ત્યારે તમારું સ્ટીયરિંગ વ્હીલ વાઇબ્રેટ થશે અને તમે વાહન અચાનક એક તરફ ખેંચાતું હોવાનું અનુભવાશે. જ્યારે પાછળનું ટાયર ફાટે છે, ત્યારે વાહનનો એક ખૂણો અચાનક નીચે પડી જાય છે અને તમને વાહનના પાછળના ભાગમાં આગળ-પાછળ ધ્રુજારીનો અનુભવ થશે.

જો તમારું કોઈ એક ટાયર ફાટી જાય, તો નીચે મુજબ કરો:

1. સ્ટીયરીંગ વ્હીલને મજબૂત રીતે પકડી રાખો.
2. બ્રેક લગાવશો નહીં! ટાયર ફાટ્યા પછી બ્રેક લગાવવાથી તમે લપસી શકો છો અને તમારા વાહન પરનો કાબુ ગુમાવી શકો છો.
3. ધીમે ધીમે તમારા પગને ગેસ પેડલથી દૂર કરો.
4. તમે જ્યાં જવા માંગતા હો ત્યાં વાહન ચલાવો, પરંતુ સરળતાથી વાહન ચલાવો - મોટા કે આંચકાજનક વળાંક લેવાના પગલાં ન લો.

જ્યાં સુધી તમને જરૂર હોય ત્યાં સુધી તમે સપાટ ટાયર પર સવારી કરી શકો છો, જેથી તમે તેને કાઢવા અને બદલવા માટે સુરક્ષિત સ્થાન પર પહોંચી શકો. જો તમારે બ્રેક્સનો ઉપયોગ કરવો પડે, તો તેને હળવેથી દબાવો. વાહનને ધીમી ગતિએ રોકાવા દો. ટાયર બદલતા પહેલા ખાતરી કરો કે તે રસ્તાથી દૂર હોય.

સપાટ ટાયર કેવી રીતે બદલવું

તમારા વાહનમાં હંમેશા ટાયર બદલવા માટેના જરૂરી સાધનો રાખો, જેમ કે સ્પેર ટાયર, લગ રેન્ચ, જેક, સ્ક્રુડ્રાઈવર, ફ્લેશલાઇટ, ફ્લેર અને રિફ્લેક્ટિવ ત્રિકોણ, વ્હીલ વેજ, ફ્લેટ ટાયર રિપેર કીટ, મોજા વગેરે.

ટાયર બદલવા માટેની મુખ્ય સૂચનાઓ. **નોંધ:** આ પ્રક્રિયા વાહન અનુસાર અલગ અલગ હોઈ શકે છે, તેથી કૃપા કરીને વાહનના માલિક માટેની પુસ્તિકા વાંચો.

1. વાહનને એવી સપાટ સપાટી પર પાર્ક કરો જે ટ્રાફિકથી દૂર હોય અને શક્ય તેટલું રસ્તાથી દૂર હોય.
2. પાર્કિંગ બ્રેક સેટ કરો અને બાકીના બધા ટાયરોની આગળ અને પાછળ ઈંટો, લાકડાની ફાચર અથવા વ્હીલ ચૉક્સ મૂકીને વાહનને સુરક્ષિત કરો.
3. જો વાહનમાં વ્હીલ કવર અથવા હબકેપ હોય, તો તેને સ્ક્રુડ્રાઈવર અથવા લગ રેંચના સપાટ છેડાનો ઉપયોગ કરીને કાળજીપૂર્વક દૂર કરો.
4. જ્યારે વાહન જમીન પર હોય, ત્યારે વાહનના લગ નટ્સ સાથે બંધબેસતા લગ રેન્ચના છેડાનો ઉપયોગ કરીને લગ નટ્સ ઢીલાં કરો. આ તબક્કા દરમિયાન, લગ બોલ્ટમાંથી લગ નટને સંપૂર્ણપણે દૂર કરશો નહીં.
5. જેકને વાહનની ફ્રેમ અથવા સસ્પેન્શનની નીચે નક્કર જમીન પર સુરક્ષિત રીતે મૂકો અને/અથવા જેકના યોગ્ય સ્થાન માટે વાહનના માલિક માટેની પુસ્તિકા વાંચો. જ્યાં સુધી ટાયર જમીનથી આશરે 6 ઇંચ ઉપર ન હોય ત્યાં સુધી વાહનને જેક વડે ઊંચું કરો.
6. લગ નટ્સને સંપૂર્ણપણે દૂર કરો અને તેને સુરક્ષિત વિસ્તારમાં મૂકો (વ્હીલ કવર અથવા હબ કેપની અંદરની બાજુ સારું રહે છે). ખરાબ ટાયરને બંને હાથથી પકડીને અને તેને લગ બોલ્ટથી સીધા અને સમાનરૂપે ખેંચીને દૂર કરો.
7. સ્પેર વ્હીલ/ટાયરને વ્હીલ લગ બોલ્ટ્સ પર લગાવો અને તમામ લગ નટ્સ હાથથી લગાવો. જ્યારે નટને લગ્સ પર યોગ્ય રીતે થ્રેડ કરવામાં આવે, ત્યારે નટને ફીટ કરવા માટે લગ રેન્ચનો ઉપયોગ કરી શકાય છે; પરંતુ માત્ર ન્યૂનતમ દબાણનો ઉપયોગ કરો (આ સમયે નટને સંપૂર્ણપણે ટોર્ક આપશો નહીં).
8. વાહનને ધીમે-ધીમે જમીન પર નીચે કરો, પરંતુ આ તબક્કે વાહનની નીચેથી જેકને દૂર કરશો નહીં.
9. યોગ્ય ટોર્ક ક્રમ અને ટોર્ક સ્પેક્સ માટે વાહન ઓપરેટરની પુસ્તિકાનો સંદર્ભ લીધા પછી, લગ રેન્ચનો ઉપયોગ કરીને લગ નટ્સને ફીટ કરો.
10. વાહનની ડિકીમાં જેક, ટાયર/ચક્ર, સાધનો અને રક્ષણાત્મક સાધનો સુરક્ષિત રાખો.

જો વાહનમાં વ્હીલ કવર અથવા હબ કેપ્સ હોય, તો માલિક માટેની પુસ્તિકામાં ઇન્સ્ટોલેશન માટેની સૂચનાઓ પૂરી પાડેલી જોઈએ. જો વાહનમાં સેન્ટર કેપ્સ હોય, તો સેન્ટર કેપને વ્હીલની સામે મૂકો અને હથેળી ઉપયોગ કરીને તેને સમાન રીતે તેના સ્થાન પર ટેપ કરો. વાહન ચલાવતા પહેલા વ્હીલ કવર અથવા સેન્ટર કેપની સુરક્ષાની ચકાસણી કરો.

જો તમારૂં વાહન મુખ્ય રસ્તા પરથી ખસીને બાજુમાં વધારાની જગ્યામાં આવી જાય તો

જો તમને રસ્તાની બાજુમાં, જ્યાં જગ્યા રસ્તાની નીચે હોય, ત્યાં "ડ્રોપ-ઓફ" અનુભવ્યા પછી સ્ટીયરિંગ નિયંત્રણ કેવી રીતે પાછું મેળવવું તે ખબર ન હોય, તો ગંભીર અકસ્માત થઈ શકે છે. જો તમે રસ્તાના કિનારે ખૂબ નજીક વાહન ચલાવી રહ્યા હોવ અથવા જો તમે વળાંક પરથી ખૂબ ઝડપથી વાહન ચલાવતા હો અને તમારા આગળના ટાયરને રસ્તા પરથી છોડી દો છો, તો "ડ્રો-ઓફ" થઈ શકે છે.

"ડ્રોપ-ઓફ" થવું ખૂબ સામાન્ય બાબત હોય છે, ખાસ કરીને ગ્રામીણ રસ્તાઓ પર. જ્યાં રસ્તાઓનું પુનઃનિર્માણ કરવામાં આવી રહ્યું હોય અને બાજુમાં કિનારી હોય ત્યાં પણ તેતેવું બની શકે છે.

જો તમને તેમાંથી કેવી રીતે ફરી કેવી રીતે નિયંત્રણ મેળવવું એ ખબર ન હોય તો "ડ્રોપ-ઓફ" ઝડપથી સંકટાવસ્થા બની શકે છે. યાદ રાખવા જેવી સૌથી મહત્વપૂર્ણ બાબતો છેઃ ઝડપથી ચલાવશો નહીં અને અચાનક બ્રેક મારશો નહીં. જો તમે રસ્તા પર પાછા આવવા માટે પૈડાંને ઝડપથી ફેરવો, તો તેનાથી વાહન બાજુ તરફ વળી શકે છે અને આવતા ટ્રાફિકમાં ફસાઈ શકે છે. જો તમે રસ્તા પર બે (2) પૈડાં અને સોફ્ટ શોલ્ડર પર બે (2) પૈડાં રાખીને જોરથી બ્રેક લગાવો, તો વાહન નિયંત્રણ બહાર જવાની શક્યતા હોય છે.

જો તમે રસ્તા પરથી ઊતરી જાવ તો તમારે શું કરવું જોઈએ

1. જ્યારે તમારા જમણી બાજુના બંને પૈડાં રસ્તા પરથી ઉતરી જાય ત્યારે ગેસ પેડલ ધીમેથી છોડો. **અચાનક બ્રેક મારશો નહીં.** જો તમારે રસ્તા પરના જોખમને ટાળવા માટે બ્રેક લગાવવી જરૂરી હોય, તો પૈડાં લોક ન થાય તે માટે ધીમે ધીમે, નિયંત્રિત બ્રેકિંગનો ઉપયોગ કરો.
2. સ્ટીયરીંગ વ્હીલ પર ચુસ્ત પકડ રાખો અને રસ્તાની સમાંતર વાહન ચલાવો, બે (2) પૈડાં રસ્તા પર અને બે (2) પૈડાં દૂર (ડ્રોપ ઓફ એજ પર ફેલાવો). ટાયરને રસ્તાની ધાર પર ઘસાવાથી બચાવો. શાંત રહો અને સ્ટીયરીંગ વ્હીલ પર મજબૂત પકડ રાખો. નરમ અથવા ભીનો રસ્તો તમારા વાહનને જમણી તરફ ખેંચશે. **રસ્તા પર પાછા ફરવાનો પ્રયાસ કરતી વખતે વાહન ઝડપથી ચલાવશો નહીં.**
3. જ્યાં સુધી તમે ખૂબ જ ધીમી - 25 mphથી ઓછી અને શક્ય તો 10 mphની નજીકની - ગતિએ મુસાફરી ન કરો અને તમારું વાહન તમારા નિયંત્રણમાં ન આવે ત્યાં સુધી ધીમે ધીમે ગતિ ઓછી કરતા રહો.
4. તમે જે લેનમાં ફરી પ્રવેશ કરવાના હો ત્યાં આવતા ટ્રાફિકને તપાસો. તમારા ડાબા વળાંકના સિગ્નલ ચાલુ કરો.
5. જ્યારે વાતાવરણ સ્પષ્ટ હોય, ત્યારે જમણા પૈડાંને પેવમેન્ટ પર સરળતાથી ફરવા માટે ડાબી બાજુ ધીમે ધીમે વાહન ચલાવો. જેવું તમને લાગે કે તમારા પૈડાં રસ્તા પર પાછા આવી ગયા છે, ત્યારે ધીમે ધીમે સીધા થવા માટે જમણી તરફ જાઓ.
6. એકવાર તમે સુરક્ષિત રીતે પેવમેન્ટ પર પાછા આવી જાઓ અને તમારા વાહન પર સંપૂર્ણ નિયંત્રણ મેળવી લો, પછી ટ્રાફિકના પ્રવાહ સાથે તાલમેલ રાખવા માટે ગતિ વધારો.

જો બીજું વાહન તમારી લેનમાં સામે આવી રહ્યું હોય તો

સૌ પ્રથમ, ધ્યાન ખેંચવા માટે હોર્ન વગાડો. જો બીજો ડ્રાઇવર આગળ ન વધે, તો શક્ય હોય તો જમણી બાજુ જવાનો પ્રયાસ કરો. જો તમે ડાબે વળો અને બીજો ડ્રાઈવર છેલ્લી ઘડીએ સુધારો કરે, તો પણ તમે અથડાશો. જો અથડામણ ટાળી શકાય નહીં, તો મજબૂત અને સ્થિર રીતે બ્રેક લગાવો. દરેક માઇલ પ્રતિ કલાકની જે ગતિએ તમે ધીમાં થાઓ તે અસર ઘટાડશે.

સ્મશાનયાત્રા

જો તમને રસ્તા પર કોઈ અંતિમયાત્રા દેખાય, અંતિમયાત્રામાં રહેલા વાહનોને રસ્તો આપો. એકવાર મુખ્ય વાહન આંતરછેદને ઓળંગી જાય, પછી બાકીની અંતિમયાત્રા અન્ય ટ્રાફિકને માર્ગ આપીને આંતરછેદમાંથી આગળ વધી શકે છે. અંતિમયાત્રાને પસાર થવા દો અને સ્મશાનયાત્રા દરમિયાન જ્યાં સુધી પોલીસ અધિકારી અથવા એજન્ટ અથવા ફ્યુનરલ ડાયરેક્ટરના કર્મચારી દ્વારા તમને અન્યથા નિર્દેશિત કરવામાં ન આવે ત્યાં સુધી અંતિમયાત્રાની અંદર કે બહાર જશો નહીં.

સ્મશાનયાત્રામાં તમામ વાહનોની હેડલાઇટ અને ઇમરજન્સી ફ્લેશર ચાલુ હોવા જોઈએ અને તેમને સ્મશાનયાત્રાના ભાગ તરીકે નિયુક્ત કરતો ધ્વજ અથવા અન્ય ચિહ્ન હોવું જરૂરી હોય છે. સ્મશાનયાત્રાના વાહનો પણ શોભાયાત્રા દરમિયાન ઝબકતી અથવા ફરતી જાંબલી લાઇટો પ્રદર્શિત કરી શકે છે.

જો લાઇટ લીલી હોય ત્યારે આગળનું વાહન આંતરછેદ પરથી પસાર થઈ રહ્યું હોય, તો અંતિમયાત્રાના ડ્રાઇવરો લાલ લાઇટ અથવા સ્ટોપ સિગ્નલ હોવા છતાં આગળ વધી શકે છે. સ્ટોપ સિગ્નલના કિસ્સામાં, મુખ્ય વાહન આંતરછેદમાંથી આગળ વધતા પહેલાં સંપૂર્ણ સ્ટોપ પર આવવું જોઈએ. સ્મશાનયાત્રાએ ઇમરજન્સી વાહનોને રસ્તો આપવો જરૂરી હોય છે.

પ્રકરણ 3 સમીક્ષા પ્રશ્નો

1. કિશોર વયના ડ્રાઇવરો અકસ્માતમાં સંડોવાયેલા હોવાની શક્યતા વધુ હોય છે જ્યારે:
- A. તેઓ પ્રવાસી રૂપે તેમના પાલતુ પ્રાણી સાથે ડ્રાઇવિંગ કરી રહ્યા હોય
- B. તેઓ પુખ્ત વયના પ્રવાસીઓ સાથે ડ્રાઇવિંગ કરી રહ્યા હોય
- C. તેઓ કિશોરવયના પ્રવાસીઓ સાથે ડ્રાઇવિંગ કરી રહ્યા હોય
- D. તેઓ પ્રવાસીઓ વગર વાહન ચલાવી રહ્યા હોય

2. વાહન ચલાવતી વખતે ખાઈ અથવા પી રહ્યાં હોય તેવા ડ્રાઇવરો:
- A. વાહન ચલાવવામાં કોઈ ભૂલ કરતા નથી
- B. ધીમી ગતિએ વાહન ચલાવવામાં મુશ્કેલી અનુભવે છે
- C. ભૂખ્યા ન હોવાથી તેઓ વધુ સારા ડ્રાઇવર સાબિત થાય છે
- D. તેમને તેમના વાહનોને નિયંત્રિત કરવામાં મુશ્કેલી પડે છે

3. ડ્રાઇવિંગ કરતી વખતે ધૂમ્રપાન કરવું અને ધૂમ્રપાન કરવાની તૈયારી કરવી એ:
- A. વાહન ચલાવવાની ક્ષમતાને અસર કરતું નથી
- B. ડ્રાઇવરને સતર્કતા જાળવવામાં મદદ કરે છે
- C. વિચલિત કરતી પ્રવૃતિઓ છે
- D. વિચલિત કરતી કોઇ પ્રવૃત્તિઓ નથી

4. પેન્સિલવેનિયામાં 16 વર્ષના ડ્રાઇવરો માટે સૌથી મોટા અકસ્માતો નીચે મુજબ છે:
- A. એક વાહન/રોડ પરથી ઉતરી જવું
- B. આંતરરાજ્ય હાઇવે પર બાજુની અથડામણ
- C. બાજુના રસ્તા પર વિરુદ્ધ દિશામાં વાહન ચલાવવું
- D. હાઇવેની બાજુમાં વાહન ચલાવવું

5. સાયકલને ઓળંગતી વખતે, તમારે આમ કરવું જોઈએ:
- A. સાયકલ ચાલકને ચેતવણી આપવા માટે તમારૂં હોર્ન વગાડો
- B. શક્ય હોય ત્યાં સુધી ડાબી બાજુ ખસો
- C. લેનની મધ્યમાં રહો
- D. તમારા ચાર-માર્ગી ફ્લેશર્સ પર મૂકો

6. જ્યારે તમે એવા વિસ્તારમાંથી પસાર થતા હો જ્યાં બાળકો રમતા હોય, ત્યારે તમારે તેમની પાસેથી આ અપેક્ષા રાખવી જોઈએ:
- A. ક્યારે ઓળંગવું સલામત છે તે જાણવું
- B. રસ્તો ઓળંગતા પહેલાં વળાંક પર રોકાવું
- C. જોયા વિના તમારી સામે દોડી આવવું
- D. કોઈ પુખ્ત વયના વ્યક્તિ સાથે ન હોય ત્યારે ઓળંગવું નહીં

7. જો તમે મોટરસાઇકલની પાછળ વાહન ચલાવી રહ્યા હો, તો તમારે:
- A. મોટરસાઇકલને આખી લેનનો ઉપયોગ કરવા દેવો જરૂરી હોય છે
- B. મોટરસાયકલની બાજુમાં રસ્તાની બાજુએ વાહન ચલાવવું જરૂરી હોય છે
- C. મોટરસાઇકલને માત્ર અડધી લેનનો ઉપયોગ કરવા દેવો જરૂરી હોય છે
- D. મોટરસાઇકલ ચાલી રહી હોય તે જ લેનમાંથી પસાર થવું જરૂરી હોય છે

8. મોટરસાઇકલની પાછળ ચલાવતી વખતે:
- A. ઓછામાં ઓછી 2 કારની લંબાઈ જેટલું અંતર રાખો
- B. ઓછામાં ઓછી 2 સેકન્ડનું અંતર રાખો
- C. ઓછામાં ઓછી 4 સેકન્ડનું અંતર રાખો
- D. ઓછામાં ઓછી 4 મોટરસાઇકલની લંબાઈ જેટલું અંતર રાખો

9. સફેદ લાકડીનો ઉપયોગ કરતા રાહદારીની નજીક વાહન ચલાવતી વખતે તમારે વધારાની સાવધાની રાખવી જરૂરી હોય છે કારણ કે:

A. તેઓ બહેરા છે
B. તેઓ માનસિક વિકલાંગતા ધરાવે છે
C. તેઓ અંધ છે
D. તેમને ચાલવાની સમસ્યા છે

10. જેમના હાથમાં સફેદ લાકડી હોય અથવા માર્ગદર્શક કૂતરાંનો ઉપયોગ કરતાં હોય તેવા અંધ રાહદારીની નજીક વાહન ચલાવતી વખતે, તમારે આમ કરવું જોઈએ:

A. ધીમા પડો અને રોકાવા માટે તૈયાર રહો
B. પહેલા જવાનો અધિકાર વાપરો
C. સામાન્ય રીતે આગળ વધો
D. ઝડપથી વાહન ચલાવો

11. જ્યારે કોઈ વાહન ચાલક વળાંક લઈ રહ્યો હોય અને કોઈ રાહદારી ટ્રાફિક લાઇટ વગર રસ્તો ઓળંગી રહ્યો હોય, ત્યારે કોણે રસ્તો આપવો જોઈએ ?

A. જેણે છેલ્લે શરૂઆત કરી હોય
B. ડ્રાઇવર
C. જે ધીમી ગતિએ ચાલતું હોય
D. રાહદારી

12. વાહનની પાછળનો નારંગી ત્રિકોણ સૂચવે છે કે વાહન:

A. રેડિયોએક્ટિવ સામગ્રીઓ લઇ જાય છે
B. પહોળા વળાંક લે છે
C. સામાન્ય ટ્રાફિક કરતાં ધીમી ગતિએ મુસાફરી કરે છે
D. વારંવાર થોભે છે

13. રાત્રિના સમયે, શું જોવું સૌથી મુશ્કેલ હોય છે:

A. રસ્તાના ચિહ્નો
B. રાહદારીઓ
C. અન્ય વાહન ચાલકો
D. સ્ટ્રીટ લાઇટો

14. જ્યારે તમારી પાછળ આવતા ટ્રક ચાલક તમારા વાહનને ઓવરટેક કરવા માંગે, ત્યારે તમારી ગતિ:

A. સ્થિર રાખવી જોઇએ અથવા ઓછી કરવી જોઇએ
B. લેન બદલવી જોઇએ
C. બદલવી જોઇએ
D. વધારવી જોઇએ

15. ટ્રક સાથે રસ્તો શેર કરતી વખતે, એ યાદ રાખવું અગત્યનું છે કે સામાન્ય રીતે ટ્રક:

A. થોભવા માટે ગાડી કરતા વધુ અંતર લે છે.
B. કારની સરખામણીમાં ઢાળ પરથી પસાર થવામાં ઓછો સમય લાગે છે
C. ગાડીની સરખામણીમાં નાના વળાંકની જરૂર પડે છે
D. ગાડીની સરખામણીમાં ચઢાણ પરથી પસાર થવામાં ઓછો સમય લાગે છે

16. જો તમે એક કરતાં વધુ ટ્રેકવાળા રેલ્વે ક્રોસિંગ પર રોકાઓ તો:

A. જ્યાં સુધી તમને બંને ટ્રેક સ્પષ્ટ રીતે દેખાય નહીં ત્યાં સુધી રાહ જુઓ
B. રેલરોડ ટ્રેક પર રોકાઓ અને બીજી ટ્રેન આવે છે કે કેમ તે જુઓ
C. જેવી ટ્રેન પસાર થયે તુરત જ આગળ વધો
D. જ્યારે કોઈ એક ટ્રેક ખાલી હોય, ત્યારે આગળ વધો

17. જો તમે કોઈ એવા ટ્રકની પાછળ ચલાવી રહ્યા હો જે આંતરછેદ પર જમણે વળતા પહેલા ડાબી તરફ વળે, તો તમારે યાદ રાખવું જોઈએ કે આમ કરવું ખૂબ જોખમી હોય છેઃ

A. ટ્રક અને કર્બ વચ્ચેથી પસાર થઈને જમણો વળાંક લેવાનો પ્રયાસ કરવો
B. જ્યાં સુધી ટ્રક વળાંક પૂરો ન કરે ત્યાં સુધી તમારી બ્રેક લગાવવી
C. "4-સેકન્ડ"ના અંતરના નિયમનું ઉલ્લંઘન કરવું
D. ટ્રક ડ્રાઇવર માટે હોર્ન વગાડો

18. લાલ લાઇટ ઝબકતી હોય અને સ્ટોપ આર્મ લંબાવેલી સ્કૂલ બસ માટે તમારે ફક્ત ત્યારે જ રોકાવાની જરૂર નથી જ્યારે તમેઃ

A. વિભાજિત હાઇવેની વિરુદ્ધ બાજુએ વાહન ચલાવી રહ્યા હો
B. બસની પાછળ હો
C. કોઈ બાળક હાજર ન હોય
D. તમે સુરક્ષિત રીતે ડાબી બાજુથી પસાર થઈ શકો છો

19. જ્યારે સ્કૂલ બસની લાઇટ ઝબકતી હોય અને તેનો સ્ટોપ આર્મ લંબાયેલો હોય, ત્યારે તમારેઃ

A. બસથી ઓછામાં ઓછા 10 ફૂટ દૂર રોકાવું જરૂરી હોય છે
B. જો બાળકો બસમાંથી ઉતરી ગયા હોય તો પસાર થવું જરૂરી હોય છે
C. જો બસ બેરિયરની વિરુદ્ધ બાજુએ હોય, તો રોકાવું જરૂરી હોય છે
D. બસની નજીક ધીમેથી વાહન ચલાવવું જરૂરી હોય છે

20. ટ્રેન પસાર થઈ ગયા પછી, તમારે આમ કરવું જોઈએઃ

A. આવનારી ટ્રેનો માટે બે વાર તપાસ કરો અને સાવધાની સાથે આગળ વધો
B. લીલી લાઇટ થાય તેની રાહ જુઓ
C. ટ્રેક પર આગળ વધો
D. હોર્ન વગાડો અને આગળ વધો

21. જ્યારે અન્ય ડ્રાઇવરોને તેની અપેક્ષા ન હોય ત્યારે તમારે ધીમી ગતિએ વાહન ચલાવવું અથવા રોકવું જરૂરી હોય, તો તમારેઃ

A. થોડી વાર તમારા બ્રેક પેડલને ઝડપથી દબાવવું
B. તમારી ઇમરજન્સી બ્રેકનો ઉપયોગ કરવો
C. તમારા બ્લાઇન્ડ સ્પોટ પર ટ્રાફિક માટે તમારી બાજુમાં જોવું
D. તમારું હોર્ન વગાડવા માટે તૈયાર થઈ થવું

22. જ્યારે તમે વળાંક લેવાની યોજના બનાવો, ત્યારે તમારે તમારા વળાંકના સંકેતોને સક્રિય કરવા જોઈએઃ

A. જો અન્ય ડ્રાઇવરો તમારી પાછળ આવતા હોય તો જ
B. તમારી કારનો આગળનો ભાગ આંતરછેદ પર પહોંચવાની સાથે જ
C. તમે આંતરછેદ પર પહોંચો તેની 3 થી 4 સેકન્ડ પહેલાં
D. આંતરછેદ પર પહોંચતા 2 કારની લંબાઈ પહેલા.

23. અન્ય વાહનને ઓળંગતા પહેલાં તમારે આમ કરવું જોઈએઃ

A. ડ્રાઇવરને ચેતવણી આપવા માટે તમારી હેડલાઇટ ચાલુ કરવી
B. ડ્રાઇવરોને ચેતવણી આપવા માટે તમારા ચાર-માર્ગી ફ્લેશર્સ ચાલુ કરવા
C. તમે લેન બદલી રહ્યા હો તે દર્શાવવા માટે યોગ્ય વળાંક સિગ્નલ આપવું
D. ડ્રાઇવરનું ધ્યાન ખેંચવા માટે હોર્ન વગાડવું

24. તમારું બ્લાઇન્ડ સ્પોટ રસ્તાનો એવો વિસ્તાર હોય છે જ્યાંઃ

A. તમે માથું ફેરવ્યા વિના જોઈ શકો નહીં
B. તમારા વાહનની બરાબર પાછળ
C. તમે તમારા પાછળ જોવાના અરીસામાં જુઓ તે
D. તમે તમારા સાઇડના અરીસામાં જુઓ તે

25. બીજા વાહનને ઓળંગતા પહેલાં, તમારે ક્યારે સિગ્નલ આપવું જરૂરી હોય છે:
- A. લેન બદલતા પહેલાં
- B. કોઈપણ સમયે
- C. લેન બદલ્યા પછી
- D. એટલું વહેલું કે અન્ય લોકો તમારી યોજનાઓ જાણી શકે

26. મલ્ટિ-લેન હાઇવે પર લેન બદલતા પહેલા તમારે આમ કરવું જોઈએ:
- A. હોર્ન વગાડવું
- B. તમારી હેડલાઇટ ચાલુ કરવી
- C. તમારી ગતિ ઓછી કરવી
- D. તમારા અરીસાઓ અને બ્લાઇન્ડ સ્પોટ તપાસવા

27. જ્યારે તમે રસ્તા પર વાહન પાર્ક કરો, ત્યારે તમારે:
- A. તમારા ચાર-માર્ગી ફ્લેશર્સનો ઉપયોગ કરવો જોઇએ
- B. ખૂણા પર પાર્ક કરવું જોઇએ
- C. તમારું વળાંકનું સિગ્નલ ચાલુ રાખવું જોઇએ
- D. તમારી લાઇટ ચાલુ કરવી જોઇએ

28. પાછળ લેતા પહેલાં, તમારે આમ કરવું જોઈએ:
- A. આગળ વધવું યોગ્ય છે કે નહીં તે જોવા માટે તમારા અરીસાઓ પર આધાર રાખવો
- B. તમારી લાઇટ ચાલુ કરવી
- C. આગળ વધવું યોગ્ય છે કે કેમ તે જોવા માટે તમારો દરવાજો ખોલવો
- D. તમારું માથું ફેરવવું અને પાછળની બારીમાંથી જોવું

29. અકસ્માતોને ટાળવા માટે, તમારે આમ કરવું જોઈએ:
- A. રસ્તા પર અન્ય વાહનચાલકોને સંકેત આપવા
- B. રસ્તા પર ચાલતા અન્ય વાહનચાલકોને અવગણવા
- C. બાજુના રસ્તાઓ અને પાછળ જવાના રસ્તાઓ પર વાહન ચલાવવું
- D. ભીડના સમયે વાહન ચલાવવાનું ટાળવું

30. ડ્રાઇવર:

- A. ગતિ ધીમી કરે છે અથવા બંધ કરે છે.
- B. ડાબે વળે છે
- C. જમણે વળે છે
- D. તેમનો દરવાજો ખોલે છે

31. જો તમારું વળાંકનું સિગ્નલ નિષ્ફળ જાય, તો તમે વળી રહ્યાં હો તેનો સંકેત આપવા માટે તમારે __________ નો ઉપયોગ કરવો જોઈએ.
- A. તમારું હોર્ન
- B. તમારી હેડલાઇટ
- C. હાથના સંકેતો
- D. તમારા ઇમરજન્સી ફ્લેશર્સ

32. મર્યાદિત ઍક્સેસ હાઇવે પર 40 માઇલ પ્રતિ કલાકથી ઓછી ઝડપે મુસાફરી કરતી વખતે, તમારે:
- A. વાહન રસ્તાની બાજુમાં ચલાવવું જોઇએ
- B. તમારા હાઇ બીમનો ઉપયોગ કરવો જોઇએ
- C. અન્યને ચેતવણી આપવા માટે તમારા હોર્નનો ઉપયોગ કરવો જોઇએ
- D. તમારા ચાર-માર્ગી ફ્લેશર્સનો ઉપયોગ કરવો જોઇએ

33. તમારે તમારું હોર્ન ત્યારે વગાડવું જોઈએ જ્યારે તમે:
- A. એક આંતરછેદ પરથી પસાર થઈ રહ્યા હો
- B. એક સાયકલ ચાલક પાસેથી પસાર થઈ રહ્યા હો
- C. એવા બાળકને જુઓ જે શેરીમાં દોડવા જઈ રહ્યું હોય
- D. સમાંતર પાર્કિંગ કરી રહ્યા હો

34. જ્યારે અન્ય વાહનો __________ ફૂટના અંતરેથી દેખાય નહીં ત્યારે તમારે તમારી હેડલાઇટનો ઉપયોગ કરવો જરૂરી હોય છે.
- A. 1000
- B. 1500
- C. 1800
- D. 1200

35. જો હાઇ બીમ વાપરતું વાહન તમારી તરફ આવે, તો તમારેઃ
- A. તમારું હાઇ બીમ ચાલુ કરવું જોઇએ
- B. તમારું હાઇ બીમ બંધ કરવું જોઇએ
- C. હોર્ન વગાડવું જોઇએ
- D. તમારા હાઇ બીમનો ઉપયોગ કરવો જોઇએ.

36. જો હાઇ બીમનો ઉપયોગ કરતું વાહન તમારી તરફ આવે, તો તમારે રસ્તાની __________ તરફ જોવું જોઈએ.
- A. કોઈપણ બાજુ
- B. મધ્યમાં
- C. જમણી બાજુ
- D. ડાબી બાજુ

37. તમે તમારૂં હોર્ન વગાડી શકો છો જ્યારેઃ
- A. તમારે ઝડપથી થોભો જરૂરી હોય
- B. તમે અન્ય કારને ઓળંગી રહ્યા હો
- C. તમે તમારી કારનું નિયંત્રણ ગુમાવ્યું હોય
- D. તમે સાયકલ ચાલક પાસેથી પસાર થઈ રહ્યા હો

38. તમારી બ્રેક લાઇટ અન્ય ડ્રાઇવરોને જણાવે છે કે તમેઃ
- A. વળાંક લઈ રહ્યા છો
- B. તમારા ઇમરજન્સી બ્રેક ચાલુ છે
- C. લેન બદલી રહ્યા છો
- D. ધીમા પડી રહ્યા છો અથવા રોકાઈ રહ્યા છો

39. વળતા પહેલાં, તમારે આમ કરવું જોઈએઃ
- A. તમારા સિગ્નલનો ઉપયોગ કરવો
- B. પૈડું ફેરવવું
- C. તમારી ગતિ વધારવી
- D. લેન બદલવી

40. ડ્રાઇવરઃ
- A. ડાબે વળે છે
- B. ધીમા પડે છે
- C. થોભે છે
- D. જમણે વળે છે



41. ડ્રાઇવરઃ
- A. ડાબે વળે છે
- B. ધીમા પડે છે
- C. થોભે છે
- D. જમણે વળે છે

42. જો તમારી સાથે બીજી કાર અથડાવાનો ભય હોય, તો તમારેઃ
- A. હોર્ન વગાડવું જોઇએ
- B. તમારો હાથ લહેરાવવો જોઇએ
- C. તમારી ઇમરજન્સી લાઇટનો ઉપયોગ કરવો જોઇએ
- D. તમારી હેડલાઇટને ફ્લેશ કરવી જોઇએ

43. જો તમને વાહન ચલાવતી વખતે થાક લાગવા લાગે, તો તેનો શ્રેષ્ઠ ઉકેલ એ છે કે:
- A. થોડી કોફી પીવો
- B. તમારી બારી ખોલો
- C. ગાડી ચલાવવાનું બંધ કરો
- D. રેડિયો ચાલુ કરો

44. ઊંઘના અભાવની તમારી સલામત ડ્રાઇવિંગની ક્ષમતા પર નીચે મુજબ અસરો થાય છે:
- A. આલ્કોહોલ જેવી અસર થાય છે
- B. એમ્ફેટામાઇનની જેવી અસર થાય છે
- C. ગુસ્સા જેવી અસર થાય છે
- D. કિશોરો સાથે વાહન ચલાવવાની જે અસર થાય છે

45. ઘેનમાં વાહન ચલાવવાથી થતા અકસ્માતોના જોખમને ટાળવા માટે, કિશોર વયની વ્યક્તિઓએ દરરોજ રાત્રે ઓછામાં ઓછા __________ કલાકની ઊંઘ લેવાનો પ્રયાસ કરવો જોઈએ.
- A. 7 કલાક
- B. 6 કલાક
- C. 8 કલાક
- D. 9 કલાક

46. જો બીજા ડ્રાઇવર ટ્રાફિકમાં તમારો રસ્તો ઓળંગે, તો તમારે:
- A. ડ્રાઇવરની બાજુમાં ઊભા રહીને તેના પર બૂમ પાડવી જોઇએ
- B. બીજા ડ્રાઇવરને અવગણવો જોઇએ
- C. ડ્રાઇવર પર તમારું હાઇ બીમ મારવું જોઇએ
- D. તેનો અથવા તેણીનો રસ્તો ઓળંગીને બીજા ડ્રાઇવરને રોકીને બદલો લેવો જોઇએ

47. જો કોઈ તમારી પાછળ આક્રમક રીતે ગાડી ચલાવી રહ્યું હોય, તો તમારે આમ કરવું જોઈએ:
- A. આક્રમક ડ્રાઇવરના માર્ગમાંથી બહાર જવાનો પ્રયાસ કરવો
- B. જ્યારે ડ્રાઇવર તમને ઓળંગે ત્યારે તેની તરફ તાકીને જોવું
- C. જેમ જેમ તેઓ તમારી પાસેથી પસાર થાય તેમ તેમ તમારી ગતિ વધારવી
- D. પસાર થતી લેન બ્લોક કરવી

48. એક સામાન્ય વ્યક્તિ માટે, પીણામાંના આલ્કોહોલ પર પ્રક્રિયા કરવા માટે શરીરને કેટલી મિનિટ લાગે છે?
- A. 15
- B. 60
- C. 90
- D. 30

49. __________ તમારી એકાગ્રતા, ધારણા, નિર્ણય અને યાદશક્તિને મર્યાદિત કરે છે.
- A. જો લોહીમાંનું આલ્કોહોલનું સ્તર કાનૂની મર્યાદાથી વધુ હોય તો
- B. આલ્કોહોલ ન હોય
- C. આલ્કોહોલની મામૂલી માત્રા પણ
- D. જો લોહીમાં આલ્કોહોલનું સ્તર .05 કરતા વધારે હોય તો

50. આલ્કોહોલ સાથે ડ્રગનું સેવન કરવું:
- A. અકસ્માત થવાના જોખમમાં વધારો કરે છે
- B. આલ્કોહોલ કરતાં વધુ જોખમી નથી
- C. તમારી વાહન ચલાવવાની ક્ષમતા પર આલ્કોહોલની અસરમાં ઘટાડો કરે છે
- D. તમારી સામાન્ય વાહન ચલાવવાની ક્ષમતા પર કોઈ અસર કરતું નથી

51. જેમ જેમ તમારા લોહીમાં આલ્કોહોલ જમા થાય, તેમ તેમ:
- A. તમારી પ્રતિક્રિયાઓ ધીમી પડે છે
- B. તમારો આત્મવિશ્વાસ ઓછો કરે છે
- C. વધુ ઝડપથી પાચન શરૂ કરે છે
- D. તમારી ડ્રાઇવિંગ ભૂલોની ભૂલોમાં ઘટાડો કરે છે

52. જો તમારા લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ .04 હોય, તો:
- A. જે વ્યક્તિએ કંઇ ખાધું ન હોય તેના કરતાં તમારો અકસ્માત થવાની સંભાવના 2-7 ગણી વધારે હોય છે
- B. તમારા લોહીમાં આલ્કોહોલની મર્યાદા કાયદેસર કરતાં વધુ હોય છે, પરંતુ વાહન ચલાવવા માટે યોગ્ય છે
- C. તમે સંપૂર્ણપણે ખાતરી કરી શકો છો કે તમે સલામત રીતે વાહન ચલાવશો
- D. ગાડી ચલાવતા પહેલાં તમારે પુષ્કળ કોફી પીવી જોઈએ

53. જ્યારે તમે ફાયર એન્જિનનું સાયરન સાંભળો, ત્યારે તમારે આમ કરવું જોઈએ:
- A. જ્યાં સુધી તે તમને પસાર ન કરે ત્યાં સુધી ધીમે ધીમે ચાલો
- B. તમારા ફ્લેશર્સ ચાલુ રાખીને વાહન ચલાવો
- C. રસ્તાની બાજુમાં ગાડી ઊભી રાખીને થોભો
- D. ઝડપ વધારો અને સૌથી નજીકનો એક્ઝિટ લો

54. જો તમારું ટાયર ફાટી જાય, તો તમારે:
- A. સ્ટીયરીંગ વ્હીલને મુક્તપણે ફરવા દેવું જોઇએ
- B. થોભવા માટે કારને ધીમી થવા દેવી જોઇએ
- C. જ્યાં સુધી તમે ગેરેજ સુધી ન પહોંચો ત્યાં સુધી વાહન ચલાવતા રહેવું જોઇએ
- D. ગાડીને તાત્કાલિક રોકવા માટે જોરથી બ્રેક લગાવવી જોઇએ

55. જો તમારી કાર હાઇવે પર બગડી જાય, તો તમારે:
- A. તમારી કારમાં બેસીને મદદની રાહ જોવી જોઇએ
- B. અન્ય ડ્રાઇવરોને ચેતવણી આપવા માટે તમારા ચાર-માર્ગી ફ્લેશર્સનો ઉપયોગ કરવો જોઇએ
- C. પસાર થતા વાહનચાલકો સામે હોર્ન વગાડવું જોઇએ
- D. આવતા ટ્રાફિક પર તમારી હેડલાઇટ કરવી જોઇએ

56. જ્યારે તમે ફ્લેશિંગ લાઇટ સાથેનું ઇમરજન્સી વાહન જુઓ, ત્યારે તમારે:
- A. ધીમા થવું અને તમારી લેનમાં રહેવું જરૂરી હોય છે
- B. તમારી લેનમાં વાહન ચલાવતા રહેવું જરૂરી હોય છે
- C. કર્બ તરફ લેવું અને થોભવું જરૂરી હોય છે
- D. તમે જ્યાં હો ત્યાં જ રહેવું જરૂરી હોય છે

57. જ્યારે એક માર્ગી શેરીમાં ડ્રાઇવિંગ કરી રહ્યાં હો અને ફ્લેશિંગ લાઇટ્સ સાથેનું ઇમરજન્સી વાહન તમારી ગાડીની પાછળ હોય, ત્યારે તમે:
- A. તમારા ફ્લેશર્સ ચાલુ રાખીને વાહન ચલાવો
- B. રસ્તાની સૌથી નજીકની બાજુએ વાહન લઇ જાવ અને થોભો
- C. ઝડપ વધારો અને સૌથી નજીકનો એક્ઝિટ લો
- D. જ્યાં સુધી વાહન તમારી પાસેથી પસાર ન થાય ત્યાં સુધી ધીમે ચલાવો.

58. જ્યારે કોઈ ઇમરજન્સી વાહન સાયરન વગાડીને તમારી પાસેથી પસાર થાય, ત્યારે તમારે:
- A. પોલીસની ગાડીની નજીક ચાલવું જરૂરી હોય છે
- B. પોલીસની ગાડી જેટલી ઝડપથી ગાડી ચલાવવી જરૂરી હોય છે
- C. ઇમરજન્સી વાહનની પાછળ 500 ફૂટથી વધુ નજીક વાહન ચલાવવાનું ટાળવું જરૂરી હોય છે
- D. કર્બની નજીક ખૂબ ધીમેથી વાહન ચલાવવું જરૂરી હોય છે

59. કામના વિસ્તારોમાં અકસ્માતો સામાન્ય રીતે નીચેના કારણોસર થાય છે:
- A. ટાયર ફાટવું
- B. રસ્તા પર પાણીના છંટકાવને કારણે હાઇડ્રોપ્લાનિંગ
- C. ભીના પેઇન્ટ પર ગાડી ચલાવ્યા પછી સ્ટીયરિંગ પરનું નિયંત્રણ ગુમાવવું
- D. બેદરકારી અને ઝડપી ગતિ

60. કાર્યક્ષેત્રમાંથી વાહન ચલાવતી વખતે, સલામતીનો સારો માર્ગ એ હોય છે કે:
- A. ટ્રાફિકને સરળતાથી વહેતો રાખવા માટે તમારી સામેના વાહનની નજીક ચાલવું
- B. તમારા સામાન્ય રીતે પાછળ ચાલવાના અંતરને લગભગ અડધું કરવું
- C. તમારું ક્રુઝ કંટ્રોલ ચાલુ કરવું
- D. તમારા સામાન્ય રીતે પાછળ ચાલવાના અંતરને બમણું કરવું

61. બે-લેન, બે-માર્ગી રસ્તાઓ અથવા હાઇવે પર, તમારે ડાબી બાજુ વળવાનું ત્યારે શરૂ કરવું જોઈએ જ્યારે:
- A. મધ્ય રેખાની નજીક હો
- B. બહારની લાઇનની નજીક હો
- C. લેનની મધ્યમાં હો
- D. ગલીમાં ગમે ત્યાં હો

62. બહુ-માર્ગી રસ્તાઓ અને હાઇવે પર ડાબે વળવા માટે, તમારે અહીંથી શરૂઆત કરવી જોઈએ:
- A. આંતરછેદની વચ્ચેથી
- B. જમણી લેનથી
- C. ડાબી લેનથી
- D. કોઈપણ લેનથી

63. બે-લેનવાળા રસ્તા પર, તમે જમણી બાજુથી બીજા વાહનને ત્યારે જ પસાર કરી શકો છો જ્યારે:
- A. એકલ-લેનવાળા પ્રવેશ રેમ્પ પર વાહન ચલાવતા હો
- B. તમે જે ડ્રાઇવર પાસેથી પસાર થઈ રહ્યા હો તે નિર્ધારિત ગતિ મર્યાદા કરતા ધીમી ગતિએ મુસાફરી કરી રહ્યો હોય
- C. ક્યારેય નહીં
- D. તમે જે ડ્રાઇવર પાસેથી પસાર થઈ રહ્યા હો તે ડાબી બાજુ વળી રહ્યા હોય

64. બે-લેનવાળા રસ્તા પર ધીમી ગતિએ ચાલતા વાહનને પસાર કરવા માટે તમારે:
- A. મધ્ય રેખાને પાર કરવી જોઇએ નહીં
- B. આવનારા ટ્રાફિક પર તમારી લાઇટો ફ્લેશ કરવી જોઇએ
- C. બાજુના રસ્તાનો ઉપયોગ કરવો જોઇએ
- D. આવનારા ટ્રાફિકની લેનનો ઉપયોગ કરવો જોઇએ

65. આ પેવમેન્ટના નિશાનો તમને જણાવે છે કે આગળના આંતરછેદ પર:
- A. મધ્ય લેનનો ટ્રાફિક સીધો જઈ શકે છે અથવા ડાબી બાજુ વળી શકે છે
- B. તમે ફક્ત મધ્ય લેનમાંથી જ જમણી તરફ વળી શકો છો
- C. મધ્ય લેન એક લેનમાં ભળી જાય છે
- D. મધ્ય લેનનો ટ્રાફિક ડાબી બાજુ વળવો જરૂરી હોય છે



66. ગતિના વ્યવસ્થાપન અને વળાંકો વિશે યાદ રાખવા જેવી સૌથી મહત્વપૂર્ણ બાબત આ મુજબ છે:
- A. વળાંકમાં પ્રવેશતાની સાથે જ નિર્ધારિત ગતિ મર્યાદા પર વાહન ચલાવો, પછી વળાંકના સૌથી તીવ્ર ભાગમાં ગતિ ધીમી કરો
- B. તમે વળાંકમાં પ્રવેશો તે પહેલા ગતિ ધીમી કરો
- C. તમે વળાંકમાં પ્રવેશો તે પહેલા ધીમે ધીમે ઝડપ વધારો
- D. વળાંક પહેલાં, દરમિયાન અને પછી રસ્તા પર નિર્ધારિત ગતિ મર્યાદા પર વાહન ચલાવો

67. ગોળાકાર રસ્તા અથવા ટ્રાફિક સર્કલમાં પ્રવેશતા ડ્રાઇવરો એ:
- A. પ્રવેશતા પહેલા થોભવું જોઈએ
- B. ગોળાકાર રસ્તા અથવા ટ્રાફિક સર્કલ પર ડ્રાઇવરોને રસ્તો આપવો જરૂરી હોય છે
- C. જો તેઓ પહેલા આવે તો તેમને રસ્તો આપવાનો અધિકાર છે
- D. જો બે લેન હોય, તો તમને રસ્તો આપવાનો અધિકાર છે

68. કાયદો _________ ને આંતરછેદો પર માર્ગનો અધિકાર આપે છે.
- A. કોઈ નહીં
- B. ડાબી બાજુ વળતા ડ્રાઇવરોને
- C. સીધા જતા ડ્રાઇવરોને
- D. જમણી બાજુ વળતા ડ્રાઇવરોને

69. થોભોના ચિહ્નવાળા આંતરછેદ પર, તમારે થોભવું જોઇએ અને:
- A. પાછળ આવતી ગાડી માટે તમારા પાછળ જોવાના અરીસામાં જુઓ
- B. જ્યારે તમારી આગળનું વાહન ગયા પછી આગળ વધો
- C. પહેલાં જમણી તરફ, પછી ડાબી તરફ, પછી ફરી જમણી તરફ જુઓ
- D. પહેલાં ડાબી તરફ, પછી જમણી તરફ, પછી ફરી ડાબી તરફ જુઓ

70. એન્ટ્રી રેમ્પથી હાઇવેમાં પ્રવેશતી વખતે, તમારે સામાન્ય રીતે:
- A. ઓવરટેક કરવા માટે ટ્રાફિકની ગતિ કરતાં વધુ ઝડપે પ્રવેશ કરવો જોઇએ
- B. અન્ય વાહનોથી બચવા માટે ધીમે ધીમે પ્રવેશ કરવો જોઇએ
- C. પહેલા થોભવું જોઇએ, પછી ધીમે ધીમે ટ્રાફિકમાં પ્રવેશ કરવો જોઇએ
- D. ટ્રાફિક જેટલી ગતિ વધારવી જોઇએ

71. હાઇવે પરથી બહાર નીકળતી વખતે, તમારે અહીં ગતિ ધીમી કરવી જોઈએ:
- A. મુખ્ય માર્ગ પર, એક્ઝિટ લેન પહેલાં
- B. એકવાર ટોલ બૂથ જુઓ ત્યારે
- C. તમે એક્ઝિટ લેનમાં પ્રવેશ કરી લીધા પછી
- D. જ્યારે તમે પ્રથમ વખત બહાર નીકળવાની નિશાની જુઓ ત્યારે

72. ફ્રીવે પ્રવેશ રેમ્પ પર વાહન ચલાવતી વખતે, તમારે ફ્રીવે ટ્રાફિકમાં નીચેના દ્વારા જગ્યા શોધવી જોઈએ:
- A. ફક્ત અંદરના પાછળ જોવાના અરીસામાં જોવા દ્વારા
- B. ફક્ત બાજુના અરીસામાં જોવા દ્વારા
- C. પાછળના અને બાજુના અરીસાઓમાં જોવા દ્વારા
- D. તમારા અરીસામાં જોવા દ્વારા અને તમારા બાજુના રસ્તા પર નજર નાખવા દ્વારા

73. જો તમે ફ્રીવેમાંથી બહાર નીકળવા માંગતા હો, પરંતુ તમે બહાર નીકળવાનો માર્ગ ચૂકી ગયા હો, તો તમારે:
- A. આગલા એક્ઝિટ પર જઇને ત્યાં ફ્રીવે પરથી બહાર નીકળી જવું જોઇએ
- B. મધ્યમાં યુ-ટર્ન લેવો જોઇએ
- C. કર્બ પર રોકાઇને તમારી કારને બહાર નીકળવા તરફ પાછળ લઇ જવી જોઇએ
- D. તમારા બહાર નીકળવાના માર્ગ પર પાછા જવા માટે પોલીસ અધિકારીને બોલાવવા જોઇએ

74. તમે મલ્ટિલેન આંતરછેદ પર ડાબે વળવાની રાહ જોઈ રહ્યાં હો અને આવનારો ટ્રાફિક તમારી દૃષ્ટિને અવરોધિત કરી રહ્યો હોય, તો તમારે આમ કરવું જોઈએ:
- A. જ્યારે તમારે જે પહેલી લેન પાર કરવાની જરૂર હોય તે ખાલી હોય ત્યારે ઝડપથી ગતિ વધારવી
- B. તમારો વળાંક લેતા પહેલા તમારે ઓળંગવી જરૂરી હોય તે બધી લેન દેખાય ત્યાં સુધી રાહ જોવી
- C. ચાર રસ્તા પર વિરુદ્ધ દિશામાંથી આવતા ડ્રાઇવર તમને સંકેત આપે તેની રાહ જોવી
- D. ટ્રાફિક ખાલી થાય એટલે, તમારી કારને વિરુદ્ધ ટ્રાફિકની દરેક લેનમાં ખસેડવી

75. જ્યારે કોઈ ચિહ્નો, સંકેતો અથવા પોલીસ તમને જણાવે નહીં કે આંતરછેદ પર શું કરવું, ત્યારે કાયદો જણાવે છે કે:
- A. જમણી બાજુના ડ્રાઇવરોએ ડાબી બાજુના ડ્રાઇવરોને રસ્તો આપવો જરૂરી હોય છે
- B. કોણે રસ્તો આપવો જરૂરી હોય છે એવું દર્શાવતો કોઈ કાયદો નથી
- C. સીધા જતા ડ્રાઇવરોએ આંતરછેદ પર ડાબે વળતા ડ્રાઇવરોને રસ્તો આપવો જરૂરી હોય છે
- D. ડાબે વળતા ડ્રાઇવરોએ આંતરછેદ પરથી સીધા જતા ડ્રાઇવરોને રસ્તો આપવો જરૂરી હોય છે.

76. "હાઇવે હિપ્નોસિસ" એ ડ્રાઇવરની એવી સ્થિતિ હોય છે જે આના પરિણામે થઇ શકે છે:
- A. લાંબા સમય સુધી રસ્તા પર સીધું જોવું
- B. વારંવાર આરામ માટે થોભવું
- C. તમારી સફરની આગલી રાતે ખૂબ જ વધારે સૂવું
- D. એક્સપ્રેસવે પર ટૂંકી મુસાફરીઓ કરવી

77. મલ્ટી-લેનવાળા હાઇવે પરથી પસાર થતી વખતે:
- A. ખાતરી કરો કે પસાર થવાની લેન ખાલી હોય
- B. ફક્ત જમણી બાજુથી આગળ વધો
- C. આવતા ટ્રાફિક પર નજર રાખો
- D. કોઈ સંકેત આપવો જરૂરી નથી

78. "ચાર-સેકન્ડનો નિયમ" એક વ્યક્તિએ કેવી રીતે આ કરવું જોઈએ તેનો સંદર્ભ આપે છે:
- A. અન્ય કારને માર્ગ આપવો
- B. થોભોના ચિહ્નો હોય ત્યાં વળાંક લેવો.
- C. બીજી કારની પાછળ ચાલવું
- D. આંતરછેદ પાર કરવો

79. ક્યાં જગ્યા રાખવી શ્રેષ્ઠ હોય છે:
- A. ફક્ત તમારા વાહનની પાછળ
- B. ફક્ત તમારા વાહનની ડાબી અને જમણી બાજુ
- C. ફક્ત વાહનની સામે
- D. વાહનની બધી બાજુઓ પર

80. જગ્યા રાખવી મહત્વપૂર્ણ હોય છે કારણ કે તે:
- A. અન્ય વાહનોથી વિચલિત થવાથી બચાવે છે
- B. તમને પરિસ્થિતિઓ પર પ્રતિક્રિયા આપવાનો સમય આપે છે
- C. ટ્રાફિકને સુરક્ષિત ગતિએ આગળ ધપાવે છે
- D. અન્ય ડ્રાઇવરોને સતર્ક રાખે છે

81. થોભો ત્યારે વધુ જગ્યા રાખો:
- A. ટેકરી પર
- B. આંતરછેદ પર
- C. થોભોના ચિહ્ન પર
- D. ટોલ પ્લાઝા પર

82. વળાંક લેતી વખતે, તમારે તમારી ગતિ __________ જરૂરી હોય છે.
- A. વધારવી
- B. જાળવી રાખવી
- C. ફેરફાર કરવો
- D. ઓછી કરવી

83. ટ્રાફિકમાં વાહન ચલાવતી વખતે, આ સૌથી સલામત હોય છે:
- A. સતર્ક રહેવા માટે તમારી ગતિમાં વધઘટ કરવી
- B. ટ્રાફિકની ગતિ કરતા વધુ ઝડપથી વાહન ચલાવવું
- C. ટ્રાફિકની ગતિ કરતા ધીમી ગતિએ વાહન ચલાવવું
- D. ટ્રાફિકની ગતિ સાથે વાહન ચલાવવું

84. આ રાજ્યમાં મહત્તમ ગતિ મર્યાદા __________ માઇલ પ્રતિ કલાક હોય છે.
- A. 55
- B. 50
- C. 60
- D. 70

85. પોસ્ટ કરેલી ગતિ મર્યાદાથી નીચે વાહન ચલાવો, જ્યારે:
- A. કોઇપણ બાબત પરિસ્થિતિઓને ખરાબ બનાવે ત્યારે
- B. અન્ય લોકો ગતિ મર્યાદાથી ધીમું વાહન ચલાવે ત્યારે
- C. બીજી કાર હોય ત્યારે હાઇવે પર પ્રવેશ કરતી વખતે
- D. તમે ચાર લેનના રસ્તા પર હો ત્યારે

86. ટ્રાફિકને પાર કરવા માટે તમને કેટલી જગ્યાની જરૂર છે તે આના પર આધાર રાખે છે:
- A. રસ્તા અને હવામાનની સ્થિતિ અને આવનારો ટ્રાફિક
- B. થોભોનું ચિહ્ન હોવું
- C. તમારા વળાંકના સિગ્નલના વપરાશ
- D. તમારી પાછળની કાર

87. તમારી થોભવાની ક્ષમતા આનાથી પ્રભાવિત થાય છે:
- A. સિગ્નલ લાઇટ્સ
- B. રસ્તા પરની અન્ય કાર
- C. દિવસનો સમય
- D. રસ્તાની પરિસ્થિતિ

88. તમે જે ગતિએ મુસાફરી કરો, તેના વિશે નીચેનામાંથી શું સાચું છે?
- A. વાહન ચલાવવાની સલામત ગતિ ઘણી પરિસ્થિતિઓ પર આધાર રાખે છે.
- B. વાહન ધીમે ચલાવવું હંમેશા સલામત હોય છે
- C. ગતિ મર્યાદા હંમેશા સલામત ગતિ હોય છે.
- D. ગતિ વધારવી હંમેશા જોખમી હોય છે.

89. રસ્તામાં આગળ આવનારી કોઈપણ ઘટના માટે તૈયાર રહેવા માટે, તમારે:
- A. પૂરા રસ્તા અને રસ્તાની બાજુઓ પર સતત દેખરેખ રાખવી જોઇએ.
- B. હંમેશા સીધું આગળ જોવું જોઇએ
- C. તમારા ડાબા પગને હળવો બ્રેક પેડલ પર રાખીને વાહન ચલાવવું જોઇએ
- D. રસ્તાની વચ્ચે ધ્યાન કેન્દ્રિત કરી રાખવું જોઇએ

90. હાઇવેની ગતિ પર, સૂકા રસ્તા પર, પાછળ ચાલવા માટેનું સલામત અંતર ઓછામાં ઓછું:
- A. તમારી આગળની કારથી 3 સેકન્ડનું અંતર હોય છે
- B. તમારી આગળની કારથી 2 સેકન્ડનું અંતર હોય છે
- C. તમારી આગળની કારથી 4 સેકન્ડનું અંતર હોય છે
- D. તમારી આગળની કારથી 2 કાર જેટલી લંબાઈનું અંતર હોય છે

91. ટ્રાફિકમાં વાહન ચલાવતી વખતે સંકટાવસ્થા (અથવા "ગભરાટ")માં થોભવાની જરૂરિયાતને ટાળવા માટે તમે શું કરી શકો છો?
- A. બીજા લોકોને તમારી હાજરીની જાણ થાય તે માટે હોર્ન વગાડવું
- B. આગળ જોવું અને સુરક્ષિત અંતર જાળવી રાખવું
- C. ફક્ત જમણી લેનમાં જ વાહન ચલાવવું
- D. ટ્રાફિક કરતા ધીમી ગતિએ વાહન ચલાવવું

92. જ્યારે ડાબી બાજુ એક કાર અને જમણી બાજુ એક સાયકલ ચાલક સામે આવે, ત્યારે તમારે:
- A. સલામતી માટે ટ્રાફિકમાંથી બહાર નીકળીને બાજુમાં ખસી જવું જોઇએ
- B. જગ્યાના તફાવતને વિભાજીત કરવો જોઇએ
- C. પહેલા કારને પસાર થવા દેવી અને પછી બાઇકને પસાર થવા દેવી જોઇએ
- D. બાઇકને ઝડપથી પસાર કરવી જોઇએ

93. જો કોઈ આવનાર ડ્રાઈવર તમારી લેનમાં તમારી તરફ આવી રહ્યો હોય, તો તમારે:
- A. જમણી તરફ જવું, હોર્ન વગાડવું અને ગતિ વધારવી જોઇએ.
- B. ડાબી તરફ જવું, હોર્ન વગાડવું અને બ્રેક લગાવવી જોઇએ
- C. જમણી તરફ જવું, હોર્ન વગાડવું અને બ્રેક લગાવવી જોઇએ.
- D. તમારી લેનની મધ્યમાં રહેવું, હોર્ન વગાડવું અને બ્રેક લગાવવી જોઇએ.

94. જો તમારા વાહનનો પાછળનો ભાગ ડાબી બાજુ સરકવા લાગે, તો તમારે:
- A. ડાબી બાજુ જવું જોઇએ
- B. બ્રેક મારવી જોઇએ
- C. ગતિ વધારવી જોઇએ
- D. જમણી તરફ જવું જોઇએ

95. ટ્રાફિક અકસ્માતમાં ઘાયલ થવાના કે મૃત્યુ થવાના જોખમને ઘટાડવા માટે તમે સૌથી અસરકારક રીતે જે બાબત કરી શકો તે છેઃ

A. તમારો સીટ બેલ્ટ પહેરવો
B. તમારા ડ્રાઇવિંગને અઠવાડિયાના દિવસો સુધી મર્યાદિત રાખવું
C. અનેક-લેનવાળા હાઇવે પર જમણી લેનમાં રહેવું
D. તમારા વાહન ચલાવવાનો સમય બપોરે 3:00 થી સાંજે 6:00 વાગ્યા સુધી મર્યાદિત રાખવો.

96. પલળેલા ચીકણાં રસ્તાઓ પર વાહન ચલાવતી વખતે, તમારે આમ કરવું જોઈએઃ

A. ધીમે ધીમે વળાંક લેવો
B. ઝડપથી લેન બદલવી
C. ઝડપથી ગતિ વધારવી
D. જોરથી બ્રેક લગાવવી

97. ભીના રસ્તા પર વાહન ચલાવવા વિશે નીચેનામાંથી શું સાચું છે?

A. તમે જેમ જેમ ઝડપથી વાહન ચલાવો, તેમ તેમ તમારા ટાયરની અસરકારકતા ઓછી થાય છે
B. સારા ટાયરવાળી કારને પાણી અસર કરતું નથી
C. ઊંડુ પાણી ઓછું ખતરનાક હોય છે.
D. તમે જેમ જેમ તમારી ગતિ ઓછી કરો, તેમ તેમ રસ્તો વધુ લપસણો થતો જાય છે.

98. લપસણા રસ્તાઓ પર વાહન ચલાવતી વખતે, તમારે આમ કરવું જોઈએઃ

A. વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવો
B. સૂકા રસ્તાઓની જેમ જ વાહન ચલાવવું
C. પાછળ ચાલવાના તમારા અંતરમાં વધારો કરવો
D. પુલ અથવા ક્રોસિંગ પાર કરવાનું ટાળવું

99. ભીના રસ્તાઓ પર વાહન ચલાવતી વખતે, તમારે આમ કરવું જોઈએઃ

A. ગતિ મર્યાદામાં વાહન ચલાવવું
B. ગતિ મર્યાદા કરતા થોડી વધુ ઝડપે વાહન ચલાવવું
C. ગતિ મર્યાદાથી 5 થી 10 માઇલ ઓછીગતિએ વાહન ચલાવવું
D. આગળના વાહનની નજીક રહેવું

100. ભીના રસ્તાઓ પર વાહન ચલાવતી વખતે, તમારે આમ કરવું જોઈએઃ

A. પાછળ ચાલવાનું અંતર 5 કે 6 સેકન્ડ સુધી વધારવું
B. પાછળ ચાલવાનું અંતર 2 સેકન્ડ સુધી ઘટાડવું
C. પાછળ ચાલવાના અંતર વિશે ચિંતા ન કરવી
D. પાછળ ચાલવાનો 4-સેકન્ડના અંતરનો નિયમ જાળવી રાખવો

101. રસ્તાઓ વધુ ઝડપથી થીજી જાય છે, જ્યારે તેઃ

A. સપાટ હોય
B. વળાંકવાળો હોય
C. તડકામાં
D. છાંયડામાં

102. રસ્તાઓ ખૂબ જ લપસણા થઈ જાય છે:

A. જ્યારે એક કલાક કે તેથી વધુ સમય સુધી વરસાદ પડી રહ્યો હોય ત્યારે
B. વરસાદ પડે તે પછીના દિવસે
C. વરસાદી તોફાનની પહેલી 10 થી 15 મિનિટમાં
D. વરસાદ બંધ થયા પછી તુરત જ

103. હાઇડ્રોપ્લાનિંગ સામાન્ય રીતે આના કારણે થાય છેઃ

A. અતિશય થોભવું
B. અચાનક થોભી જવું
C. અચાનક વળાંક લેવા
D. અતિશય ગતિ હોવી

104. હાઇડ્રોપ્લાનિંગમાં ડ્રાઇવિંગ દ્વારા મદદ મળી શકે છેઃ
- A. છીછરા પાણીમાં પસાર થઈને
- B. ઝડથી ચલાવીને
- C. ધીમે ચલાવીને
- D. ઊંડા પાણીમાં પસાર થઈને

105. ધુમ્મસમાં વાહન ચલાવતી વખતે, તમારે તમારા _________ નો ઉપયોગ કરવો જોઈએ.
- A. લો બીમ હેડલાઇટ્સ
- B. હાઇ બીમ હેડલાઇટ્સ
- C. પાર્કિંગ લાઇટ
- D. હેઝાર્ડ ફ્લેશર્સ

106. દિવસ દરમિયાન વાહન ચલાવવાની સરખામણીમાં, રાત્રે વાહન ચલાવવું:
- A. ઓછું જોખમી હોય છે
- B. ઓછું જોખમી હોતું નથી
- C. વધુ જોખમી હોય છે
- D. તમારી આંખો માટે સારૂં હોય છે

107. એવી કોઈપણ વસ્તુ જેના માટે તમારે _________ જરૂર પડે તે તમને ક્રેશ કરી શકે છે.
- A. રસ્તા પરથી નજર હટાવવાની
- B. વ્હીલ પરથી તમારા હાથ દૂર કરવાની
- C. ડ્રાઇવિંગ પરથી તમારું ધ્યાન હટાવવાની
- D. ઉપરોક્ત બધા વિકલ્પો

108. વિચલિત ડ્રાઇવરો નીચેનામાંથી શાનો ઉપયોગ કરે ત્યારે તમારૂં અકસ્માત થવાનું જોખમ વધારે હોય છેઃ
- A. સીડી પ્લેયર
- B. રેડિયો
- C. સેલ ફોન
- D. ઉપરોક્ત બધા વિકલ્પો

109. જ્યારે તમે કોઈ સંકેતો કે દરવાજા વગરના રેલરોડ ટ્રેકને પાર કરતી ટ્રાફિકની લાઇનમાં હો ત્યારેઃ
- A. તમને પહેલા જવાનો અધિકાર હોય છે અને તમારે ટ્રેન આવે છે કે નહીં એ તપાસવાની જરૂર હોતી નથી.
- B. તમે ટ્રેક ઓળંગતા ધીમા ચાલકોને પસાર કરી શકો છો
- C. તમે પાટા ક્રોસ કરવાનું શરૂ કરો, તે પહેલાં તમારે એ ખાતરી કરવી જરૂરી હોય છે કે રોકાયા વિના ટ્રેક પસાર કરવા માટે ત્યાં જગ્યા હોય
- D. ઉપરોક્ત બધા વિકલ્પો

110. જ્યારે તમે લાલ લાઇટો ઝબૂકતી અને તેનો સ્ટોપ આર્મ લંબાવેલો હોય, તેવી રોકાયેલી સ્કૂલ બસની નજીક જાઓ, ત્યારે તમારેઃ
- A. બસથી 5 ફૂટ દૂર થોભવું જરૂરી હોય છે
- B. બાળકો હાજર હોય તો જ થોભવું જરૂરી હોય છે
- C. આગળ વધવાનું સલામત ન લાગે ત્યાં સુધી થોભો અને રાહ જુઓ
- D. લાલ લાઇટો ઝબકવાનું બંધ થાય નહીં અને સ્ટોપ આર્મ પાછો ખેંચી લેવામાં આવે નહીં, ત્યાં સુધી થોભો અને રાહ જુઓ.

પ્રકરણ 3 જવાબ ચાવી

1. C
2. D
3. C
4. A
5. B
6. C
7. A
8. C
9. C
10. A
11. B
12. C
13. B
14. A
15. A
16. A
17. A
18. A
19. A
20. A
21. A
22. C
23. C
24. A
25. D
26. D
27. A
28. D
29. A
30. A
31. C
32. D
33. C
34. A
35. D
36. C
37. C
38. D
39. A
40. D
41. A
42. A
43. C
44. A
45. C
46. B
47. A
48. B
49. C
50. A
51. A
52. A
53. C
54. B
55. B
56. C
57. B
58. C
59. D
60. D
61. A
62. C
63. D
64. D
65. A
66. B
67. B
68. A
69. D
70. D
71. C
72. D
73. A
74. B
75. D
76. A
77. A
78. C
79. D
80. B
81. A
82. D
83. D
84. D
85. A
86. A
87. D
88. A
89. A
90. C
91. B
92. C
93. C
94. A
95. A
96. A
97. A
98. C
99. C
100. A
101. D
102. C
103. D
104. C
105. A
106. C
107. D
108. D
109. C
110. D

પ્રકરણ 4: ડ્રાઇવિંગ રેકોર્ડની માહિતી

આ પ્રકરણ તમારા ડ્રાઇવિંગ રેકોર્ડ વિશેની મહત્વપૂર્ણ માહિતી પૂરી પાડે છે. PennDOT પેન્સિલવેનિયાના દરેક લાઇસન્સ ધારક ડ્રાઇવર માટે ડ્રાઇવિંગ રેકોર્ડ જાળવી રાખે છે. બ્યુરો ઓફ ડ્રાઈવર લાઇસન્સિંગ પોલીસ અને કોર્ટ તરફથી મળેલા દરેક ડ્રાઈવર પરના વિવિધ ગુનાઓ અને સજાના અહેવાલો રાખે છે. તમે અમારી વેબસાઇટ www.dmv.pa.gov પરથી તમારા ડ્રાઇવિંગ રેકોર્ડની નકલ મેળવી શકો છો. તમને તમારા ડ્રાઇવિંગ લાઇસન્સ નંબર, જન્મ તારીખ, તમારા સામાજિક સુરક્ષા નંબરના છેલ્લા ચાર અંકો અને તમારા ક્રેડિટ કાર્ડની માહિતીની જરૂર પડશે.

પેન્સિલવેનિયા પોઈન્ટ સિસ્ટમ

આ પોઈન્ટ સિસ્ટમનો હેતુ ડ્રાઇવિંગની આદતો સુધારવા અને સલામત ડ્રાઇવિંગ સુનિશ્ચિત કરવાનો છે. જ્યારે કોઈ ડ્રાઇવર ડ્રાઇવિંગના ચોક્કસ ઉલ્લંઘન માટે દોષિત ઠરે, ત્યારે ડ્રાઇવિંગ રેકોર્ડમાં પોઈન્ટ ઉમેરવામાં આવે છે. જ્યારે ડ્રાઇવિંગ રેકોર્ડ છ (6) કે વધુ પોઈન્ટ સુધી પહોંચે ત્યારે PennDOT સુધારાત્મક પગલાં લેવાનું શરૂ કરે છે.

જ્યારે ડ્રાઇવિંગ રેકોર્ડ પહેલી વાર છ (6) કે વધુ પોઈન્ટ સુધી પહોંચે, ત્યારે ડ્રાઇવરને લેખિત ખાસ પોઈન્ટ પરીક્ષા આપવા માટે લેખિત સૂચના પ્રાપ્ત થશે. જ્યારે ડ્રાઇવિંગ રેકોર્ડ છ (6) પોઇન્ટથી નીચે જાય અને બીજી વખત છ (6) કે તેથી વધુ પોઈન્ટ સુધી પહોંચે, ત્યારે ડ્રાઇવરે વિભાગીય સુનાવણીમાં હાજરી આપવી પડશે. આગળ ફરી છ (6) કે વધુ પોઈન્ટ સંચય થવો એ વધારાની વિભાગીય સુનાવણીઓ અને/અથવા તમારા ડ્રાઇવિંગ વિશેષાધિકારના સસ્પેન્સન્સમાં પરિણમશે.

આ જરૂરીયાચો ઉપરાંત, 18 વર્ષથી ઓછી ઉંમરના વ્યક્તિનો ડ્રાઇવિંગનો વિશેષાધિકાર સસ્પેન્ડ કરવામાં આવશે, જો તે વ્યક્તિ છ (6) કે તેથી વધુ પોઈન્ટ મેળવે અથવા પોસ્ટ કરેલી ગતિ મર્યાદા કરતાં 26 માઇલ પ્રતિ કલાક કે તેથી વધુ ઝડપે વાહન ચલાવવા બદલ તેને દોષિત ઠેરવવામાં આવે તો. પહેલું સસ્પેન્શન 90 દિવસના સમયગાળાનું હશે. કોઈપણ વધારાની ઘટનાઓ 120 દિવસના સસ્પેન્શનમાંપરિણમશે.

ચોક્કસ ટ્રાફિક ઉલ્લંઘન માટે આપવામાં આવેલા પોઈન્ટની સંખ્યા દર્શાવતું કોષ્ટક www.dmv.pa.gov પર "ધ પેન્સિલવેનિયા પોઈન્ટ સિસ્ટમ" ફેક્ટ શીટમાં જોવા મળી શકે છે.

સલામત ડ્રાઇવિંગ માટે પોઇન્ટ દૂર કરવા

જો કોઈ વ્યક્તિ જેના પરિણામે પોઈન્ટ આપવામાં આવે છે અથવા ડ્રાઇવિંગના વિશેષાધિકાર સસ્પેન્શડ અથવા રદ કરવામાં આવે તેવા સસ્પેન્શન અથવા રિવોકેશન હેઠળ ન હોય અથવા તેણે કોઇ ઉલ્લંઘન કર્યું ન હોય તો, દર 12 મહિના દરમિયાન ડ્રાઇવિંગ રેકોર્ડમાંથી ત્રણ (3) પોઈન્ટ દૂર કરવામાં આવે છે. એકવાર ડ્રાઇવિંગ રેકોર્ડ શૂન્ય થઈ જાય અને સતત 12 મહિના સુધી શૂન્ય પોઈન્ટ પર રહે, તો આગળના પોઈન્ટના કોઈપણ સંચયને પોઈન્ટના પ્રથમ સંચય તરીકે ગણવામાં આવે છે.

સસ્પેન્શન્સ અને રિવોકેશન્સ

જો તમે નીચેના ટ્રાફિક ઉલ્લંઘનોમાંથી કોઈપણ એક માટે દોષિત ઠરશો, તો તમારા ડ્રાઇવિંગ વિશેષાધિકારને સસ્પેન્ડ અથવા રિવોક કરવામાં આવશે (આ ફક્ત આંશિક સૂચિ છે):

- ડ્રગ્સ કે આલ્કોહોલના પ્રભાવ હેઠળ વાહન ચલાવવું.
- વાહનની સંડોવણી હોય તેવો ગુનો કરવો.
- વાહન દ્વારા હત્યા કરવી.
- બેદરકારીપૂર્વક વાહન ચલાવવું.
- હાઇવે પર રેસ લગાવવો.
- પોલીસ અધિકારીથી ભાગવું.
- તમારું ડ્રાઇવિંગ લાઇસન્સ પહેલાથી જ સસ્પેન્ડ અથવા રિવોક થયેલ હોવા છતાં વાહન ચલાવવું.
- ઓળખ ટાળવા માટે લાઇટ વગર વાહન ચલાવવું.
- જ્યારે તમે અકસ્માત (હિટ એન્ડ રનનો ગુનો)માં સંડોવાયેલા વાહન ચલાવતા હો ત્યારે રોકવામાં નિષ્ફળ જવું.
- 5 વર્ષના સમયગાળામાં માન્ય ડ્રાઇવિંગ લાઇસન્સ વિના વાહન ચલાવવાનો બીજો અથવા કોઈ વધારાનો ગુનો કરવો.
- લાલ લાઇટ ઝબૂકતી અને સ્ટોપ આર્મ લંબાવેલ સ્કૂલ બસ માટે રોકવામાં નિષ્ફળ જવું (60 દિવસનું સસ્પેન્શન).
- રેલ્વે ક્રોસિંગ ગેટ અથવા અવરોધનું પાલન કરવામાં નિષ્ફળ જવું (30-દિવસનું સસ્પેન્શન).
- મુવ ઓવર કાયદાનું પાલન કરવામાં નિષ્ફળ જવું (વધુ માહિતી માટે પાનું 59 જુઓ)

જો તમારા ડ્રાઇવિંગના વિશેષાધિકારને સસ્પેન્ડ, રિવોક અને/અથવા ગેરલાયક (પ્રતિબંધ) ઠેરવવામાં આવે, તો તમને એક લેખિત સૂચના મેઇલ દ્વારા મોકલવામાં આવશે જેમાં પ્રતિબંધ ક્યારે શરૂ થશે તેની તારીખ દર્શાવવામાં આવશે. આ સૂચનામાં દર્શાવેલ પ્રતિબંધની તારીખ સુધીમાં તમારું ડ્રાઇવિંગ લાઇસન્સ અને/અથવા લર્નર પરમિટ અથવા કેમેરા કાર્ડને બ્યુરો ઓફ ડ્રાઇવર લાઇસન્સિંગને પરત કરવું જરૂરી છે અથવા તો રાજ્ય પોલીસ અને સ્થાનિક પોલીસને ડ્રાઇવિંગ લાઇસન્સ લેવા માટે સૂચિત કરવામાં આવશે.

ડ્રાઇવિંગ લાઇસન્સ અથવા સ્વીકૃતિ ફોર્મ ક્યારે સોંપવામાં આવે છે તે ધ્યાનમાં લીધા વિના, બધા સસ્પેન્શન, રિવોકેશન્સ અને ગેરલાયકાતો (પ્રતિબંધો) પ્રતિબંધની સૂચનામાં સૂચિબદ્ધ અસરકારક તારીખથી શરૂ થશે. આમાંના કોઈપણ દસ્તાવેજો પ્રતિબંધની અસરકારક તારીખ પહેલાં સોંપવાથી પ્રતિબંધ વહેલો શરૂ થશે નહીં.

કાયદા મુજબ, ડ્રાઇવિંગ લાઇસન્સ અથવા સ્વીકૃતિ ફોર્મ જમા કરાવવું જરૂરી છે. તમે તમારા રહેઠાણના કાઉન્ટીમાં કોર્ટ ઓફ કોમન પ્લીઝ (સિવિલ ડિવિઝન)માં પ્રતિબંધ સામે અપીલ કરી શકો છો. વિભાગની સૂચના મોકલવાની તારીખથી 30 દિવસની અંદર આ અપીલ દાખલ કરવી જરૂરી છે. આ પ્રતિબંધની સજા ભોગવવા ઉપરાંત, તમારા ડ્રાઇવિંગના વિશેષાધિકારને પુનઃસ્થાપિત કરવામાં આવે તે પહેલાં, પુનઃસ્થાપનની બધી જરૂરીયાતો પૂર્ણ કરવી જરૂરી છે.

તમારા ડ્રાઇવિંગના વિશેષાધિકારને પુનઃસ્થાપિત કર્યા પછી, તમારા ડ્રાઇવિંગ રેકોર્ડમાં પાંચ (5) પોઈન્ટ દેખાશે, તમારા ડ્રાઇવિંગ વિશેષાધિકારને સસ્પેન્ડ કરવામાં આવે તે પહેલાં તમારા રેકોર્ડ પર કેટલા પોઈન્ટ હતા તે ધ્યાનમાં લીધા વિના, નીચેના કિસ્સાઓ સિવાયઃ

- છ (6) પોઈન્ટના બીજા સંચય માટે સુનાવણીના પરિણામે 15 દિવસનું સસ્પેન્શન થવું.
- હુકમપત્રનો જવાબ આપવામાં નિષ્ફળ રહેવા બદલ સસ્પેન્શન થવું.

વીમા વિના વાહન ચલાવવું

- પેન્સિલવેનિયા રાજ્યના કાયદા અનુસાર, તમારે તમારા નોંધેલા વાહન પર હંમેશા ઓટોમોબાઈલ લાયબિલિટી વીમો જાળવી રાખવો જરૂરી હોય છે.
- જો PennDOTને ખબર પડે કે તમારું વાહન 31 દિવસ કે તેથી વધુ સમય માટે વીમા દ્વારા આવરી લેવામાં આવ્યું નથી, તો તમારી નોંધણીને ત્રણ (3) મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવશે. તે ઉપરાંત, જો તમે વીમા વિના તમારા વાહનનો ઉપયોગ કર્યો હોય અથવા તેને ચલાવવાની પરવાનગી આપી હોય, તો તમારા ડ્રાઇવિંગ વિશેષાધિકારને પણ ત્રણ (3) મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવશે.
- તમારા ડ્રાઇવિંગના વિશેષાધિકાર અને નોંધણી પુનઃસ્થાપિત કરવા માટે, તમારે નીચે મુજબના દસ્તાવેજો રજૂ કરવા જરૂરી છેઃ
  - ✦ તમારા વાહનનો વીમો હાલમાં લેવામાં આવ્યો હોવાનો પુરાવો.
  - ✦ જરૂરી પુનઃસ્થાપન ફી.

જો તમને પોલીસ દ્વારા રોકવામાં આવે તો શું કરવું

કાયદા અમલીકરણના અધિકારીઓ પેન્સિલવેનિયા મોટર વાહન કાયદાનું ઉલ્લંઘન કરવાનો આરોપ ધરાવતા વ્યક્તિઓને લેખિત ટ્રાફિક હુકમપત્રો જારી કરે છે. રોકતા સમયે તમારે અધિકારીના નિર્દેશોનું પાલન કરવું જરૂરી છે, અન્યથા તમારી ધરપકડ થઈ શકે છે. જ્યારે પોલીસ વાહનની ઉપર લાલ અને વાદળી લાઇટો ચમકતી હોય ત્યારે તમને ખબર પડશે કે પોલીસ અધિકારી તમને રોકવા માંગે છે. કેટલાક કિસ્સાઓમાં, નિશાન વગરના પોલીસ વાહનમાં ફક્ત ઝબકતી લાલ લાઇટ જ હોય શકે છે.

જ્યારે પણ પોલીસનું વાહન તમારી પાછળ રોકાય, ત્યારે તમારી અને અન્ય લોકોની સલામતી માટે, પોલીસ તમને નીચે મુજબ કરવાની ભલામણ કરે છે:

- તમારા ટર્ન સિગ્નલને સક્રિય કરો અને રસ્તાના જમણી બાજુ શક્ય તેટલું સુરક્ષિત રીતે વાહન ચલાવો, રોકો અને ટ્રાફિકથી દૂર તમારા વાહનને સુરક્ષિત રીતે પાર્ક કરો.
- તમારું એન્જિન અને રેડિયો બંધ કરો અને તમારી બારીનો કાચ નીચે કરો જેથી તમે અધિકારી સાથે વાતચીત કરી શકો.
- જો રાત્રિનો સમય હોય, તો વાહન રોકવા સાથે જ અને અધિકારી આવે તે પહેલાં, તમારા વાહનની અંદરની લાઈટ ચાલુ કરો.
- તમારી અને તમારા પ્રવાસીઓના હલનચલનને મર્યાદિત કરો - વાહનમાં કંઈપણ વસ્તુને અડશો નહીં.
- જો તમે કોઈપણ પ્રકારના હથિયાર સાથે પરિવહન કરી રહ્યા હો તો અધિકારીને તાત્કાલિક તેની જાણ કરો.
- તમારા હાથ સ્ટીયરીંગ વ્હીલ પર રાખો અને પ્રવાસીઓને તેમના હાથ નજર સામે રાખવા કહો.
- અધિકારી નજીક આવે ત્યારે તમારા વાહનના દરવાજા બંધ રાખો અને જ્યાં સુધી અધિકારી તમને બહાર નીકળવાનું ન કહે ત્યાં સુધી તમારા વાહનની અંદર જ રહો.
- જ્યાં સુધી અધિકારી તમને યોગ્ય રીતે રોકી ન લે ત્યાં સુધી તમારા સીટ બેલ્ટ બાંધી રાખો.
- અધિકારી તમને તમારા ડ્રાઇવિંગ લાઇસન્સ, નોંધણી અને વીમા કાર્ડ પાછા લેવાનું ન કહે ત્યાં સુધી રાહ જુઓ. અધિકારીને તમારું પાકીટ આપશો નહીં - ફક્ત વિનંતી કરેલા દસ્તાવેજો જ આપો.
- હંમેશા નમ્ર બનો. અધિકારી તમને કહેશે કે તમે શું ખોટું કર્યું છે. તમને ફક્ત ચેતવણી આપવામાં આવી શકે છે અથવા ટ્રાફિક ઉલ્લંઘન માટે તમારો ઉલ્લેખ થઈ શકે છે. જો તમે હુકમ સાથે અસંમત હો, તો તમને કોર્ટ સુનાવણીનો અધિકાર છે જ્યાં તમે તમારી દલીલો રજૂ કરી શકો છો. ઘટનાસ્થળે હાજર અધિકારી સાથે દલીલ કરવી તમારા હિતમાં નથી. જો તમને લાગે કે તમારી સાથે વ્યાવસાયિક રીતે વર્તન કરવામાં આવ્યું નથી, તો તમારે ટ્રાફિક સ્ટોપ પછીના સમયે યોગ્ય પોલીસ વિભાગનો સંપર્ક કરવો જોઈએ અને સુપરવાઇઝરની માંગણી કરવી જોઈએ.

યાદ રાખો, પોલીસની લાઇટ લાલ અને વાદળી હોઈ શકે છે અથવા ફક્ત નિશાન વગરના પોલીસ વાહનો પર ફક્ત લાલ લાઇટ જ હોઈ શકે છે. આ લાઇટ્સ ઉપરાંત, તમે ચમકતી સફેદ લાઇટ્સનો ઉપયોગ થતો પણ જોઈ શકો છો. **જો વાહનમાં ફક્ત વાદળી લાઇટો જ ઝબકતી હોય, તો તે પોલીસ અધિકારી નથી.** જો તમને લાલ અને વાદળી લાઇટો ઝબકતી દેખાય અથવા ફક્ત લાલ લાઇટો ઝબકતી દેખાય અને તમને હજુ પણ ખાતરી ન હોય કે તમને રોકનાર વ્યક્તિ ખરેખર પોલીસ અધિકારી છે કે કેમ, તો તમે નજીકમાં સારા પ્રકાશવાળા, વસ્તીવાળા વિસ્તારમાં વાહન ચલાવી શકો છો, પરંતુ ખાતરી કરો કે તમે તમારા ફ્લેશર્સ ચાલુ

કરીને અને ઓછી ગતિએ વાહન ચલાવીને રોકવાની વિનંતીને સમજો છો. તમે અધિકારી પાસે ઓળખપત્ર માંગી શકો છો અને જો તમને રોકનાર વ્યક્તિ ગણવેશમાં ન હોય અથવા તેની પાસે નિશાન વગરનું વાહન હોય તો તમારે તે માંગવું જોઈએ. નિશાન વગરના વાહનોમાં મોટાભાગના અધિકારીઓ પોલીસ ગણવેશ પહેરે છે અને પોલીસ અધિકારીઓ હંમેશા ફોટાવાળુ ઓળખ કાર્ડ અને બેજ ધરાવતા હોય છે.

અકસ્માતો

અકસ્માતમાં તમે સંડોવાયેલા ન હો અથવા સંકટાવસ્થાની મદદ હજી આવી ન હોય તો, અકસ્માતના સ્થળ પર રોકાશો નહીં. તમારા વાહન ચલાવવા પર ધ્યાન આપો અને આગળ વધતા રહો, રસ્તા પર અથવા તેની નજીક હોઈ શકે તેવા લોકો પર નજર રાખો. પોલીસ, અગ્નિશામકો, એમ્બ્યુલન્સ, ટો ટ્રક અને અન્ય બચાવ વાહનોનો રસ્તો રોકશો નહીં.

જો તમે અકસ્માતમાં સામેલ હો, તો તમારે નીચે મુજબ કરવું જોઈએ:

1. અકસ્માતના સ્થળ પર અથવા તેની નજીક તમારૂં વાહન રોકો. જો શક્ય હોય તો, તમારા વાહનને રસ્તા પરથી ખસેડો જેથી ટ્રાફિક અવરોધિત ન થાય. શરૂઆતમાં ટ્રાફિક અટકી જાય અથવા ધીમો પડી જાય ત્યારે ઘણા અકસ્માતો થાય છે.
2. જો કોઈ વ્યક્તિ ઘાયલ થાય કે મૃત્યુ પામે તો પોલીસને ફોન કરો. જો વાહનોના ડ્રાઇવરો ઘાયલ થયા હોય અને પોલીસને ફોન કરી શકે નહીં, તો અકસ્માતના સ્થળ પર અથવા તેની નજીકના સાક્ષીઓએ મદદ માટે ફોન કરવો જોઈએ.
3. જો કોઈ વાહનને ખેંચવાની જરૂર હોય તો પોલીસને ફોન કરો.
4. અકસ્માતમાં સંડોવાયેલા અન્ય ડ્રાઇવરો પાસેથી નીચે સૂચિબદ્ધ માહિતી મેળવો:
   - નામ અને સરનામાં
   - નોંધણી નંબરો
   - ટેલિફોન નંબરો
   - વીમા કંપનીના નામ અને પોલિસી નંબર
5. અકસ્માતમાં સામેલ અન્ય વ્યક્તિઓ અને અકસ્માતના સાક્ષીઓના નામ અને સરનામાં મેળવો.
6. જો અકસ્માતમાં પાર્ક કરેલા વાહનનો સમાવિષ્ટ હોય અથવા મિલકતને નુકસાન થાય, તો તાત્કાલિક વાહન રોકો અને માલિકને શોધવાનો પ્રયાસ કરો. જો તમને માલિક મળે નહીં, તો એવી જગ્યાએ એક નોંધ મૂકો જ્યાં તેને જોઈ શકાય અને પોલીસને ફોન કરો. નોંધમાં અકસ્માતની તારીખ અને સમય, તમારું નામ અને તમારો સંપર્ક કરી શકાય તેવો ટેલિફોન નંબર હોવો જોઈએ.
7. જો પોલીસ અકસ્માતની તપાસ કરે નહીં અને કોઈનું મૃત્યુ થયું હોય અથવા કોઈ ઘાયલ થયું હોય અથવા વાહનને ખેંચવાની જરૂર હોય, તો પાંચ (5) દિવસની અંદર ડ્રાઇવરનું અકસ્માત રિપોર્ટ ફોર્મ (AA-600) નીચેના સરનામાં પર મોકલો:

   પીએ ડિપાર્ટમેન્ટ ઓફ ટ્રાન્સપોર્ટેશન
   બ્યુરો ઓફ હાઇવે સેફ્ટી & ટ્રાફિક એન્જિનિયરિંગ
   પી.ઓ. બોક્સ 2047
   હેરિસબર્ગ, પીએ 17150-2047

> કૃપા કરીને નોંધ કરો: ડ્રાઇવરનું અકસ્માત રિપોર્ટ ફોર્મ (AA-600) મેળવવા માટે, અમારી વેબસાઇટ www.dmv.pa.gov, ની મુલાકાત લો અથવા તમારા સ્થાનિક અથવા રાજ્ય પોલીસનો સંપર્ક કરો.

પોલીસથી ભાગી જવું કે છટકી જવું

દર વર્ષે, જ્યારે ડ્રાઇવર પોલીસથી ભાગી જવાનો અથવા છટકી જવાનો પ્રયાસ કરે છે, ત્યારે લગભગ 450 અકસ્માતો થાય છે, જેના પરિણામે પેન્સિલવેનિયા રોડવેઝ પર 40 થી 50 મોટી ઇજાઓ અથવા મૃત્યુ થાય છે.

જો કોઈ ડ્રાઈવર પોલીસથી ભાગી જવાનો કે છટકી જવાનો પ્રયાસ કરવામાં દોષિત ઠરે છે, તો દંડ તરીકે એક વર્ષ માટે ડ્રાઈવિંગના વિશેષાધિકારનું સસ્પેન્શન, $500 નો દંડ, કોર્ટ ખર્ચ અને અન્ય ફીનો સમાવેશ થાય છે અને તેમાં કેદનો સમાવેશ પણ થઈ શકે છે.

દારૂ અથવા નિયંત્રિત પદાર્થના પ્રભાવ હેઠળ વાહન ચલાવવું

DUI (ડ્રાઇવિંગ અંડર ધ ઇન્ફ્લુઅન્સ) શું સમાવિષ્ટ હોય છે?

દારૂ કે ડ્રગ્સના પ્રભાવ હેઠળ વાહન ચલાવવાની સજાઓ ખૂબ જ ગંભીર હોય છે. પેન્સિલવેનિયામાં, જો તમારી ઉંમર કાયદેસર રીતે દારૂ પીવાની હોય (21 કે તેથી વધુ), તો **જો તમારા લોહીમાં દારૂનું સ્તર .08 કે તેથી વધુ હોય** તો તમને "નશા હેઠળ" વાહન ચલાવતા માનવામાં આવે છે. પરંતુ, જો તમને પોલીસ દ્વારા અનિયમિત રીતે વાહન ચલાવવા (ખૂબ ધીમી, ખૂબ ઝડપી, તમારી લેનમાંથી બીજી લેનમાં જવું, પહોળા વળાંક લેવા, કોઈ કારણ વગર રોકવું, ટ્રાફિક સંકેતો અને સિગ્નલોનું પાલન ન કરવું વગેરે) માટે રોકવામાં આવે તો, તમને નીચલા BAC સ્તર પર DUI માટે પણ દોષિત ઠેરવવામાં આવી શકે છે.

જો તમારી ઉંમર 21 વર્ષથી ઓછી હોય, તો પેન્સિલવેનિયાના કાયદા તમને તમારા શરીરમાં માપી શકાય તેવા આલ્કોહોલ સાથે વાહન ચલાવવાની પરવાનગી આપતા નથી. જો તમારી ઉંમર 21 વર્ષથી ઓછી હોય અને જો તમારા લોહીમાં આલ્કોહોલનું સ્તર 0.02 કે તેથી વધુ હોય, તો તમે નશામાં વાહન ચલાવી રહ્યા હોવાનું માનવામાં આવે છે.

પેન્સિલવેનિયાનો સૂચિત સંમતિ કાયદો (દારૂ અથવા ડ્રગ્સ માટે રાસાયણિક પરીક્ષણ)

ડ્રાઇવર તરીકે સૂચિત સંમતિ કાયદો તમારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. રાસાયણિક પરીક્ષણને આવરી લેતો કાયદો કહે છે કે તમે આવી પરીક્ષા આપવા માટે સંમત થયા છો - ફક્ત પેન્સિલવેનિયામાં વાહન ચલાવવાનું લાઇસન્સ મેળવવા દ્વારા. જો પોલીસ તમારી દારૂ કે ડ્રગ્સના નશામાં વાહન ચલાવવા બદલ ધરપકડ કરે અને તમે શ્વાસ કે લોહીના એક (1) કે તેથી વધુ રાસાયણિક પરીક્ષણો કરાવવાનું નકારો, તો તમારા ડ્રાઇવિંગના અધિકારને આપમેળે એક (1) વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવશે. આ સસ્પેન્શન નશામાં વાહન ચલાવવા બદલ દોષિત ઠેરવવા અથવા એક્સિલરેટેડ રિહેબિલિટિવ ડિસ્પોઝિશન (ARD) માટે લાદવામાં આવેલા સસ્પેન્શન ઉપરાંતનું હોય છે.

જો તમે નશામાં વાહન ચલાવવા બદલ દોષિત સાબિત થાઓ નહીં, તો પણ પહેલી વાર શ્વાસ લેવાનો કે લોહીની તપાસ કરાવવાનું નકારવા કરવા બદલ તમારા ડ્રાઇવિંગના અધિકારને એક (1) વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવશે. જો તમે ટેસ્ટ આપવાનું નકારો અને તમને DUI માટે દોષિત ઠેરવવામાં આવે, તો ધરપકડ સમયે તમારા BAC સ્તરના આધારે, તમારા ડ્રાઇવિંગ વિશેષાધિકારને અઢી (2 1/2) વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવી શકે છે. જો તમે રાસાયણિક પરીક્ષણ કરવાનું નકારો અને અગાઉ DUI દોષિત ઠેરવવામાં આવ્યા હોય અથવા રાસાયણિક પરીક્ષણ કરવા માટે અગાઉ નકાર કરવામાં આવ્યો, તો તમને નકાર કરવા માટે 18 મહિનાના સસ્પેન્શનનો સામનો કરવો પડશે, તે ઉપરાંત DUI દોષિત ઠેરવવા માટે વધુ 18 મહિના, કુલ ત્રણ (3) વર્ષ માટે સસ્પેન્શનનો સામનો કરવો પડશે.

કેમિકલ ટેસ્ટ રિફ્યુઝલ રિસ્ટોરેશન ફી

જે ડ્રાઇવરો રાસાયણિક પરીક્ષણ કરાવવાનું નકારે છે, તેમણે રાસાયણિક પરીક્ષણના નકારની પુનઃસ્થાપન ફી ચૂકવવાની રહેશે. પ્રથમ ગુના માટે $500, બીજા ગુના માટે $1,000 અને ત્રીજા કે તે પછીના ગુના માટે $2,000 દંડ છે. રાસાયણિક પરીક્ષણના નકારની પુનઃસ્થાપન ફી પેન્સિલવેનિયા વાહન સંહિતા, શીર્ષક 75, કલમ 1960 હેઠળ જરૂરી પુનઃસ્થાપન ફી ઉપરાંતની હોય છે. રાસાયણિક પરીક્ષણના નકારની પુનઃસ્થાપન ફી પ્રમાણિત ચેક અથવા મની ઓર્ડર દ્વારા ચૂકવવી જરૂરી છે.

ગંભીર દંડ

આ ત્રણ (3) બાબતો માટે દંડ વધુ ગંભીર બને છેઃ તમારા લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ જેટલું વધારે હશે, નશામાં વાહન ચલાવતી વખતે અકસ્માતથી થતી ઇજાઓ અને નુકસાન તેટલું જ વધુ ગંભીર હશે અને તમને DUI માટે તેટલી વધુ વાર દોષિત ઠેરવવામાં આવશે.

નીચેના ત્રણ (3) કોષ્ટકો વિવિધ સ્તરે નશામાં વાહન ચલાવવા માટેના દંડનો સારાંશ આપે છે. આ કોષ્ટકોમાંના સૂચિબદ્ધ દંડ ઉપરાંત, કોઈપણ સ્તરના ઉલ્લંઘન પર પ્રથમ અથવા બીજા ગુના માટે આલ્કોહોલ હાઇવે સેફ્ટી સ્કૂલ જરૂરી રહેશે. પ્રથમ વખત અને વારંવારના એવા DUI ગુનેગારો જેમના લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ વધુ હોય અને રાસાયણિક પરીક્ષણના નકારના ઉલ્લંઘનના પરિણામે ઓપરેટિંગ વિશેષાધિકાર સસ્પેન્શન મેળવનારા વ્યક્તિઓને ચલાવવા માટે કોઈપણ મોટર વાહનમાં ઇગ્નીશન ઇન્ટરલોક સિસ્ટમ ઇન્સ્ટોલ કરવાની જરૂર પડશે. ઇગ્નીશન ઇન્ટરલોક આવશ્યકતા ધરાવતી વ્યક્તિ, જે તેમના સંચાલન વિશેષાધિકારને પુનઃસ્થાપિત કરવા માંગતા હોય, તેને પ્રતિબંધિત લાઇસન્સ આપવાની શરત તરીકે, ઇગ્નીશન ઇન્ટરલોક સિસ્ટમથી સજ્જ કોઈપણ મોટર વાહન ચલાવવાની જરૂર પડે છે અને પ્રતિબંધિત લાઇસન્સ સમયગાળા માટે તેમ જ રહે છે અથવા જો કોઈ મોટર વાહનો માલિકીના, નોંધણી કરેલ અથવા ચલાવવાના ન હોય, તો PennDOTના નિયમો અનુસાર પ્રમાણિત કરવા જરૂરી હોય છે. પહેલા અને પછીના ગુનાઓ માટે કોર્ટ દ્વારા તમને કોઈપણ સ્તરે દારૂના દુરૂપયોગની તપાસ અને સારવાર કરાવવાની પણ જરૂર પડી શકે છે. વધુમાં, ન્યાયાધીશ 150 કલાક સુધીની સમુદાય સેવા લાદી શકે છે.

જો તમારી ઉંમર 21 વર્ષથી ઓછી હોય અને તમે નશામાં વાહન ચલાવવા બદલ દોષિત ઠર્યા હો (તમારું BAC .02 કે તેથી વધુ હોય), તો તમને કોષ્ટક 2, "ઉચ્ચ દર"માં સૂચિબદ્ધ દંડ કરવામાં આવશે, ભલે તમારું BAC તે દંડ માટે ઉલ્લેખિત સ્તર કરતા ઓછું હોય.

જો તમે કોઈ એવા અકસ્માતમાં સામેલ થયા હો જેના પરિણામે શારીરિક ઈજા, મૃત્યુ અથવા મિલકતને નુકસાન થયું હોય, તો તમે કોષ્ટક 1, "સામાન્ય ક્ષતિ"માં સૂચિબદ્ધ દંડને બદલે કોષ્ટક 2, "ઉચ્ચ દર"માં સૂચિબદ્ધ દંડને પાત્ર હો છો, ભલે તમારું BAC કોષ્ટક 2, "ઉચ્ચ દર"માં સૂચિબદ્ધ સ્તર કરતા ઓછું હોય.

નિયંત્રિત પદાર્થોના પ્રભાવ હેઠળ વાહન ચલાવતી કોઇપણ વ્યક્તિ અને રાસાયણિક પરીક્ષણને નકારતા ડ્રાઇવરો કોષ્ટક 3, "સૌથી વધુ દર"માં સૂચિબદ્ધ દંડને પાત્ર છે.

ક્ષતિના ઉચ્ચ અને ઉચ્ચતમ દરે પ્રથમ ગુના માટે, તમને એક્સિલરેટેડ રિહેબિલિટિવ ડિસપોઝિશન (ARD) પ્રોગ્રામમાં સ્વીકારવામાં આવી શકે છે.

કોષ્ટક 1 - સામાન્ય ક્ષતીઃ .08 થી .099 રક્તમાં દારૂની સાંદ્રતા (નોંધઃ આ દંડ દારૂ પીવાની કાયદેસર ઉંમરના ડ્રાઇવરોને લાગુ પડે છે.)			
દંડ	**પ્રથમ ગુનો**	**બીજો ગુનો**	**ત્રીજો ગુનો**
સજા	6 મહિનાનું પ્રોબેશન	5 દિવસથી 6 મહિના સુધીની જેલ	10 દિવસથી 2 વર્ષ સુધીની જેલ
દંડ	$300	$300 - $2,500	$500 - $5,000
લાઇસન્સ	કોઈ કાર્યવાહી નથી	12 મહિનાનું સસ્પેન્શન અને 1 વર્ષની ઇગ્નીશન ઇન્ટરલોકની જરૂરીયાત	12 મહિનાનું સસ્પેન્શન અને 1 વર્ષની ઇગ્નીશન ઇન્ટરલોકની જરૂરીયાત

કોષ્ટક 2 - ઉચ્ચ દરઃ .10 થી .159 રક્તમાં દારૂની સાંદ્રતા (નોંધઃ આ કોષ્ટક જેમનું BAC .02 કે તેથી વધુ હોય તેવા 21 વર્ષથી ઓછી ઉંમરના ડ્રાઇવરોને; BAC .04 કે તેથી વધુ હોય તેવા વાણિજ્યિક વાહન ડ્રાઇવરોને; BAC .02 કે તેથી વધુ હોય તેવા સ્કૂલ બસ ડ્રાઇવરોને; અને .08 થી .099 હોય અને જેઓ ગંભીર શારીરિક ઇજા, મૃત્યુ અથવા વાહન અથવા મિલકતને નુકસાન પહોંચાડતા અકસ્માતમાં સામેલ હોય તેવા ડ્રાઇવરોને પણ લાગુ પડે છે.)			
દંડ	**પ્રથમ ગુનો**	**બીજો ગુનો**	**ત્રીજો ગુનો**
સજા	2 દિવસથી 6 મહિના સુધીની જેલ	30 દિવસથી ૬ મહિના સુધીની જેલ	90 દિવસથી 5 વર્ષ સુધીની જેલ
દંડ	$500 - $5,000	$750 - $5,000	$1,500 - $10,000
લાઇસન્સ	12 મહિનાનું સસ્પેન્શન અને 1 વર્ષની ઇગ્નીશન ઇન્ટરલોકની જરૂરીયાત	12 મહિનાનું સસ્પેન્શન અને 1 વર્ષની ઇગ્નીશન ઇન્ટરલોકની જરૂરીયાત	18 મહિનાનું સસ્પેન્શન અને 1 વર્ષની ઇગ્નીશન ઇન્ટરલોકની જરૂરીયાત

કોષ્ટક 3 - સૌથી વધુ દરઃ .16 અને તેનાથી વધુ રક્તમાં આલ્કોહોલની સાંદ્રતા (નોંધઃ આ કોષ્ટક એવા ડ્રાઇવરોને પણ લાગુ પડે છે, જેઓ કોઈપણ BAC સ્તરે રાસાયણિક પરીક્ષણને નકારે છે અને જેને તબીબી રીતે સૂચવવામાં આવ્યા ન હોય તેવા શેડ્યૂલ I, II અથવા IIIના પદાર્થો, અન્ય ડ્રગ અને આલ્કોહોલનું મિશ્રણ અથવા ઇન્હેલન્ટ્સ જેવા પદાર્થોના પ્રભાવ હેઠળ વાહન ચલાવવા બદલ દોષિત ઠરે.)			
દંડ	**પ્રથમ ગુનો**	**બીજો ગુનો**	**ત્રીજો ગુનો**
સજા	3 દિવસથી 6 મહિના સુધીની જેલ	90 દિવસથી 5 વર્ષ સુધીની જેલ	1 વર્ષથી 5 વર્ષ સુધીની જેલ
દંડ	$1,000 - $5,000	$1,500	ઓછામાં ઓછા $2,500
લાઇસન્સ	12 મહિનાનું સસ્પેન્શન અને 1 વર્ષની ઇગ્નીશન ઇન્ટરલોકની જરૂરીયાત	18 મહિનાનું સસ્પેન્શન અને 1 વર્ષની ઇગ્નીશન ઇન્ટરલોકની જરૂરીયાત	18 મહિનાનું સસ્પેન્શન અને 1 વર્ષની ઇગ્નીશન ઇન્ટરલોકની જરૂરીયાત

જો તમારા દંડમાં મહત્તમ છ (6) મહિનાનું પ્રોબેશન અથવા જેલની સજાનો સમાવેશ થાય (તમે કોઈપણ સ્તરે પ્રથમ વખત ગુનેગાર હો અથવા "સામાન્ય ક્ષતિ" અથવા "ઉચ્ચ દર"માં બીજી વખત ગુનેગાર હો), તો તમારા DUI ગુના પર અનગ્રેડેડ દુષ્કર્મ તરીકે આરોપ મૂકવામાં આવે છે. અનગ્રેડેડ દુષ્કર્મના આરોપનો અર્થ છે કે જો તમે કેસ લડો, તો તમે જ્યુરી ટ્રાયલના હકદાર નથી.

ક્ષતિના ઉચ્ચ અને ઉચ્ચતમ દરે પ્રથમ ગુના માટે, તમને એક્સિલરેટેડ રિહેબિલિટિવ ડિસપોઝિશન (ARD) પ્રોગ્રામમાં સ્વીકારવામાં આવી શકે છે.

જો તમને ARD પ્રોગ્રામમાં સ્વીકારવામાં આવે તો તમેઃ

- ARD માટે 90 દિવસ સુધી તમારું લાઇસન્સ ગુમાવશો.
- છ (6) મહિના સુધી કોર્ટની દેખરેખ હેઠળ રહેશો.
- સંબંધિત ફી અને અન્ય ખર્ચ ઉપરાંત $300 થી $5,000 સુધીનો દંડ ચૂકવશો.
- દારૂ અને ડ્રગ્સનું મૂલ્યાંકન કરાવશો.
- જો જરૂરી હોય તો, દારૂ અને ડ્રગના વ્યસનથી પુનર્વસનની સારવાર કરાવશો.
- આલ્કોહોલ હાઇવે સેફ્ટી સ્કૂલના 12 1/2 કલાકમાં ભાગ લેશો.

ઝીરો ટોલરન્સ કાયદો (21 DUI હેઠળ)

ઝીરો ટોલરન્સ કાયદો 21 વર્ષથી ઓછી ઉંમરના એવા લોકો માટે ગંભીર પરિણામો સ્થાપિત કરે છે જેઓ તેમના લોહીમાં માપી શકાય તેવી કોઇપણ માત્રામાં આલ્કોહોલ સાથે વાહન ચલાવે છે. આ કાયદાએ નશામાં વાહન ચલાવવાના આરોપ હેઠળ સગીરો (21 વર્ષથી ઓછી ઉંમરના લોકો) માટે લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ (BAC) .08થી ઘટાડીને .02 કર્યું છે.

ઝીરો ટોલરન્સ શા માટે?

યુનાઇટેડ સ્ટેટ્સમાં કિશોર વયની વ્યક્તિ માટે ટ્રાફિક અકસ્માતો મૃત્યુનું પ્રથમ (1) કારણ છે.

વાહન ચલાવવામાં અનેક કાર્યોનો સમાવેશ થાય છે, જેની માંગ સતત બદલાતી રહે છે. સલામત રીતે વાહન ચલાવવા માટે, તમારે સતર્ક રહેવું જરૂરી હોય છે, પર્યાવરણમાં રહેલી સતત બદલાતી માહિતીના આધારે નિર્ણયો લેવા જરૂરી હોય છે અને આ નિર્ણયોના આધારે દાવપેચ કરી શકતા હોવા જરૂરી હોય છે. દારૂ પીવાથી આ કાર્યો કરવા માટેની જરૂરી એવી વિવિધ પ્રકારની કુશળતા નબળી પડે છે.

જો તમારી ઉંમર 21 વર્ષથી ઓછી હોય અને તમને પહેલી વાર DUI માટે દોષિત ઠેરવવામાં આવે, તો તમને બે (2) દિવસથી છ (6) મહિના સુધીની જેલ થશે, તમારું લાઇસન્સ આખા વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવશે અને તમારે $500 થી $5,000 સુધીનો દંડ ચૂકવવો પડશે.

ઓછી ઉંમરે દારૂ પીવો

જો તમારી ઉંમર 21 વર્ષથી ઓછી હોય, તો દારૂ ખરીદવો, દારૂનું સેવન કરવું, તમારી પાસે દારૂ રાખવો અથવા તમે જે વાહન ચલાવી રહ્યા છો તેમાં દારૂ રાખવો એ કાયદાની વિરુદ્ધ છે. તે ઉપરાંત, જો તમે સગીર હો અને લોહી, શ્વાસ અને/અથવા પેશાબના પરીક્ષણ માટે ધરપકડ અને અટક કરવામાં આવે, તો આ પરીક્ષણો કરવા માટે માતાપિતાની સંમતિ લેવી જરૂરી નથી, પરંતુ પોલીસ તમારા માતાપિતાને ધરપકડની જાણ કરશે. સગીર વયે દારૂ પીવા બદલ લઘુત્તમ $500 સુધીનો દંડ અને કોર્ટ ખર્ચ ચૂકવવો પડે છે.

દારૂ સાથે તમારી સંડોવણી કેટલી હદ સુધી છે તે નક્કી કરવા માટે કોર્ટ તમારું મૂલ્યાંકન કરાવવાની માંગ કરી શકે છે અને દારૂ સંબંધી શિક્ષણ, હસ્તક્ષેપ અથવા કાઉન્સેલિંગનો કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કરવાની પણ માંગ કરી શકે છે.

એક હકીકત બાકી રહે છે: 21 વર્ષથી ઓછી ઉંમરના કોઈપણ વ્યક્તિ માટે દારૂનું સેવન કરવું, રાખવું અથવા તેનું પરિવહન કરવું કાયદાની વિરુદ્ધ છે.

પરિણામોનું જોખમ ન લો.

પુખ્ત વયના લોકો, માતા-પિતા પણ, જેઓ જાણી જોઈને અને ઇરાદાપૂર્વક સગીરોને દારૂ પૂરો પાડવા બદલ દોષિત ઠરે છે, તેમને પહેલા ગુના માટે ઓછામાં ઓછા $1,000 અને વધારાના દરેક ગુના માટે $2,500 દંડ અને એક વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. પુખ્ત વયના લોકો પણ એવા મહેમાનો માટે જવાબદાર હોય છે જે તેમના ઘરે દારૂ પીવે છે. ઉદાહરણ તરીકે, જો તમારા ઘરની પાર્ટીમાં 17 કિશોર વયની વ્યક્તિઓ હોય અને તેઓ દારૂ પીતા હોય, તો પાર્ટીનો ખર્ચ તમને $41,000 થઈ શકે છે. જે દારૂ પીનાર પહેલી કિશોર વયની વ્યક્તિ માટે $1,000 અને બાકીના દારૂ પીનારાઓ 16 વ્યક્તિઓ માટે $2,500 હોય છે.

ડ્રાઇવર લાઇસન્સ કોમ્પેક્ટ (DLC)

DLC એ સભ્ય દેશો અને કોલંબિયા ડિસ્ટ્રિક્ટ વચ્ચેનો એક કોમ્પેક્ટ છે જે દેશભરમાં કાયદા અમલીકરણના પ્રયાસોને મહત્તમ બનાવે છે. DLCની મુખ્ય જોગવાઈઓ, જેને સભ્ય દેશો સમર્થન આપવા અને લાગુ કરવા માટે પ્રતિબદ્ધ છે, તે છે:

- "એક ડ્રાઇવિંગ લાઇસન્સ"ની વિભાવના, જેમાં બીજા રાજ્યમાં ડ્રાઇવિંગ લાઇસન્સ માટે અરજી કરતી વખતે રાજ્યની બહારના ડ્રાઇવિંગ લાઇસન્સની શરણાગતિ જરૂરી છે.
- "એક ડ્રાઇવર રેકોર્ડ"ની વિભવના, જેમાં ગૃહ રાજ્યમાં ડ્રાઇવિંગની યોગ્યતા નક્કી કરવા માટે, તેમજ અન્ય અધિકારક્ષેત્રોમાં તેમના બિન-નિવાસી ઓપરેટરના વિશેષાધિકાર માટે ડ્રાઇવરના રહેઠાણના રાજ્યમાં સંપૂર્ણ ડ્રાઇવર રેકોર્ડ જાળવવાની જરૂર પડે છે.
- રાજ્યની બહારના ડ્રાઇવરોના ટ્રાફિક બધા ગુનાઓ અને ડ્રાઇવિંગ લાઇસન્સ સસ્પેન્શન્સ/રિવોકેશન્સ અંગેની જાણ ગૃહ રાજ્ય લાઇસન્સિંગ એજન્સીને કરવી, તેમજ અન્ય યોગ્ય માહિતી રાખવી.
- અન્ય રાજ્યોમાં કરવામાં આવેલા ગુનાઓને ગૃહ રાજ્યમાં કરવામાં આવેલા ગુનાઓ તરીકે ગણીને ડ્રાઇવરો સાથે સમાન અને અનુમાનિત વ્યવહાર કરવાની ખાતરી કરવી.

જો નીચેના ગુનાઓ સભ્ય રાજ્યમાં કરવામાં આવે, તો તેને પેન્સિલવેનિયામાં ગુનો થયો હોય તેમ ગણવામાં આવશે અને અમારા વાહન સંહિતાની જોગવાઈઓ હેઠળ યોગ્ય દંડ લાદવામાં આવશે:

- વાહન ચલાવવાના પરિણામે માનવવધ અથવા બેદરકારીપૂર્વક થયેલ હત્યા (કલમ 3732).
- દારૂવાળા પીણાં અથવા માદક દ્રવ્યોના પ્રભાવ હેઠળ એ હદ સુધી વાહન ચલાવવું કે જેનાથી ડ્રાઇવર સુરક્ષિત રીતે વાહન ચલાવવામાં અસમર્થ બને (કલમ 3802).
- વાહન અકસ્માતમાં બીજા વ્યક્તિનું મૃત્યુ અથવા વ્યક્તિગત ઈજા થાય ત્યારે તેને રોકવામાં અને મદદ કરવામાં નિષ્ફળ જવું (કલમ 3742).
- કોઈપણ ગુનો જેમાં વાહનનો ઉપયોગ કરવામાં આવ્યો હોય (ગુના સંહિતા અને જોખમી ડ્રગ અધિનિયમના ગુનાઓ).

રાજ્ય બહારના હુકમપત્રનો જવાબ ન આપવાથી તમારા પેન્સિલવેનિયા ડ્રાઇવિંગ વિશેષાધિકારને અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવશે, જ્યાં સુધી હુકમપત્ર પર દર્શાવેલ સ્થાન પર જવાબ આપવામાં આવે નહીં.

પ્રકરણ 4 સમીક્ષા પ્રશ્નો

1. આ રાજ્યમાં દારૂ પીવાની લઘુત્તમ ઉંમર __________ વર્ષ છે.

A. 9
B. 20
C. 21
D. 18

2. 16 વર્ષથી ઓછી ઉંમરના એવા લોકો જે દારૂ ખરીદવા માટે ખોટા ઓળખ કાર્ડનો ઉપયોગ કરે છે તેઓ:

A. તેમના 16મા જન્મદિવસથી શરૂ થતું ડ્રાઇવિંગ સસ્પેન્શન પ્રાપ્ત કરશે
B. તેમના 21મા જન્મદિવસ સુધી ડ્રાઇવરની પરીક્ષા આપી શકશે નહીં
C. તેમના 21મા જન્મદિવસથી શરૂ થતું ડ્રાઇવિંગ સસ્પેન્શન પ્રાપ્ત કરશે
D. આલ્કોહોલ સેફ્ટી એજ્યુકેશનના વર્ગમાં મોકલવામાં આવશે

3. જો 21 વર્ષથી ઓછી ઉંમરનો વ્યક્તિ દારૂ પીતો હોય, પરંતુ મોટર વાહન ચલાવતો ન હોય, તો પ્રથમ ગુના માટે નીચે મુજબનો દંડ ફટકારવામાં આવે છે:

A. 90 દિવસ માટે ડ્રાઇવિંગ લાઇસન્સ સસ્પેન્શન અને $500 સુધીનો દંડ
B. 6 મહિનાનું પ્રોબેશન
C. સુધારણા સંસ્થાની સજા
D. ડ્રાઇવિંગ રેકોર્ડ પર પોઈન્ટ્સ

4. શ્વાસ, લોહી અને પેશાબના પરીક્ષણો કરાવવા માટે માતાપિતાની સંમતિ:

A. જરૂરી નથી
B. ફક્ત માતા કે પિતા એકની જ જરૂરી હોય છે
C. 16 વર્ષથી ઓછી ઉંમરના લોકો માટે જરૂરી હોય છે
D. માતાપિતા બંને તરફથી જરૂરી હોય છે

5. 21 વર્ષથી ઓછી ઉંમરના કોઈપણ વ્યક્તિ માટે __________ કાયદાની વિરુદ્ધ છે.

A. દારૂની જાહેરાત કરતા કપડા પહેરવા
B. દારૂવાળી જગ્યા પર હાજર રહેવું.
C. દારૂનું સેવન કરવું
D. દારૂ આપવો

6. 21 વર્ષથી ઓછી ઉંમરના કોઈપણ વ્યક્તિ માટે __________ કાયદાની વિરુદ્ધ છે.

A. દારૂની જાહેરાત કરતા કપડા પહેરવા
B. દારૂ રાખવો
C. દારૂ આપવો
D. દારૂવાળી જગ્યા પર હાજર રહેવું

7. 21 વર્ષથી ઓછી ઉંમરના કોઈપણ વ્યક્તિ માટે __________ કાયદાની વિરુદ્ધ છે.

A. દારૂ આપવો
B. દારૂની જાહેરાત કરતા કપડા પહેરવા
C. દારૂવાળી જગ્યા પર હાજર રહેવું
D. દારૂ લઇ જવો

8. દારૂના પ્રભાવ હેઠળ વાહન ચલાવવા માટે એક દંડ A(N) હોય છે:

A. 5 વર્ષ માટે ડ્રાઇવિંગ લાઇસન્સનું સસ્પેન્શન
B. $100.00 દંડ
C. આલ્કોહોલ હાઇવે સેફ્ટી સ્કૂલમાં જવું
D. 12 કલાકની જેલની સજા

9. જો તમારી દારૂના પ્રભાવ હેઠળ વાહન ચલાવવા બદલ ધરપકડ કરવામાં આવે અને તમે બ્લડ ટેસ્ટ કરાવવાનું નકારો, તો તમનેઃ

A. ડ્રગ કાઉન્સેલિંગ સારવાર આપવામાં આવશે
B. એક દિવસની જેલની સજા આપવામાં આવશે
C. ડ્રાઇવિંગ લાઇસન્સ સસ્પેન્શન કરવામાં આવશે
D. $300.00 દંડ ફટકારવામાં આવશે

10. જો કોઈ પોલીસ અધિકારી તમને લોહી, શ્વાસ અથવા પેશાબની તપાસ કરાવવા માટે કહે, તો તમેઃ

A. તમારી પસંદગીનો ટેસ્ટ પસંદ કરી શકો છો
B. સંમતિ ફોર્મ પર સહી કરવી જરૂરી હોય છે
C. સગીર હોય તો ના પાડી શકો છો
D. ટેસ્ટ કરાવવો પડશે, અન્યથા તમારું લાઇસન્સ સસ્પેન્ડ કરવામાં આવશે

11. બ્લડ આલ્કોહોલ સાંદ્રતાના કોઈપણ સ્તરના પ્રભાવ હેઠળ વાહન ચલાવવા બદલ પ્રથમ દોષિત ઠેરવવા માટે, તમેઃ

A. 5 વર્ષ સુધી તમારું લાઇસન્સ ગુમાવી શકો છો
B. દારૂ પીને વાહન ચલાવવાના જોખમો પર જાહેર શિક્ષણ વર્ગ હાથ ધરવાની જરૂર પડી શકે છે.
C. પ્રતિબંધિત વ્યવસાયિક લાઇસન્સ સાથે વાહન ચલાવવાની જરૂર પડી શકે છે
D. ઓછામાં ઓછા $300 નો દંડ ભરવો ભડી શકે છે

12. જો તમે 21 વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિ હો તો તમારા બ્લડ આલ્કોહોલનું સ્તર નીચે મુજબ હોય તો, તમને પ્રભાવ હેઠળ વાહન ચલાવતા હોવાનું માનવામાં આવે છેઃ

A. .08% કે તેથી વધુ
B. .10% કે તેથી વધુ
C. .05% કે તેથી વધુ
D. .02% કે તેથી વધુ

13. જો તમારી ઉંમર 21 વર્ષથી ઓછી હોય અને દારૂ પીને વાહન ચલાવવાનાનો દોષિત ઠેરવવામાં આવે, તો તમને પ્રથમ ગુના માટે __________ નું લાઇસન્સ સસ્પેન્શન પ્રાપ્ત કરશો.

A. 60-દિવસ
B. 30-દિવસ
C. 6-મહિના
D. 1-વર્ષ

14. જો તમારી ઉંમર 21 વર્ષથી ઓછી હોય અને તમને ખોટા ઓળખ કાર્ડ ધરાવવાના દોષિત ઠેરવવામાં આવે, તો તમારે $500નો દંડ ભરવો પડશે અને તમારું લાઇસન્સ 90 દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવશે.

A. જો તમારા લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ (BAC) .02% કે તેથી વધુ હોય તો જ
B. તમે વાહન ચલાવતા ન હો તો પણ
C. જો તમે ધરપકડ સમયે વાહન ચલાવતા હો તો જ
D. જો તમારા લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ (BAC) .02% કે તેથી વધુ હોય અને ધરપકડ સમયે તમે વાહન ચલાવી રહ્યા હો તો જ

15. ઝીરો ટોલરન્સ કાયદાને કારણે 21 વર્ષથી ઓછી ઉંમરના ડ્રાઇવરો માટે પ્રભાવ હેઠળ વાહન ચલાવવાના આરોપ માટે બ્લડ આલ્કોહોલ કન્ટેન્ટ (BAC) 0.08% થી ઘટાડીને __________ નું કરવામાં આવ્યું છે.

A. .02%
B. .05%
C. .07%
D. .00%

16. જો તમને કોઈ પોલીસ અધિકારી દ્વારા રોકવામાં આવે, તો તમારેઃ

A. તમારો સીટ બેલ્ટ ખોલવો અને તમારી બારીનો કાચ નીચે કરવો જોઇએ
B. અધિકારી તમારી કાર સુધી પહોંચે તે પહેલાં તમારા દસ્તાવેજો તૈયાર રાખવા જોઇએ
C. તમારા વાહનમાં સ્ટીયરીંગ વ્હીલ પર હાથ રાખીને અધિકારી તમારી પાસે આવે તેની રાહ જોવી જોઇએ.
D. તમારી કારમાંથી બહાર નીકળીને પેટ્રોલિંગ કાર તરફ ચાલવું જોઇએ.

પ્રકરણ 4 જવાબ ચાવી

1. C
2. A
3. A
4. A
5. C
6. B
7. D
8. C
9. C
10. D
11. D
12. D
13. D
14. B
15. A
16. C

પ્રકરણ 5:
કાયદા અને સંબંધિત મુદ્દાઓ

આ પ્રકરણ તમને તાજેતરના પેન્સિલવેનિયાના કાયદાઓ અથવા અન્ય સંબંધિત ડ્રાઇવર સંબંધી કાયદાઓ વિશે જાણવા જેવી જરૂરી માહિતી પૂરી પાડશે. પેન્સિલવેનિયાના કાયદાઓ વિશે વધુ માહિતી માટે કૃપા કરીને www.dmv.pa.govની મુલાકાત લો, માહિતી કેન્દ્રો હેઠળ સૂચિબદ્ધ કાયદા અને નિયમો પસંદ કરો.

નામ અથવા સરનામાના ફેરફાર માટેની જરૂરી સૂચના

પેન્સિલવેનિયા વાહન સંહિતાની કલમ 1515 અનુસાર, જો તમારા નામ અથવા સરનામાંમા બદલાવ થયો હોય તો તમારે, રાજ્યની બહાર જતા હો તો પણ, તે ફેરફારના 15 દિવસની અંદર PennDOTને જાણ કરવી જરૂરી છે. તમે અમારી વેબસાઇટ www.dmv.pa.govની મુલાકાત લઈને અથવા અમારા ગ્રાહક કૉલ સેન્ટરને 717-412-5300 પર કૉલ કરીને તમારા સરનામાંના ફેરફારની જાણ કરી શકો છો. પેન્સિલવેનિયા વાહન સંહિતા પેન્સિલવેનિયાના રહેવાસી ન હોય તેવા કોઈપણ વ્યક્તિને ડ્રાઇવિંગ લાઇસન્સ ઉત્પાદનો આપવા પર પ્રતિબંધ મૂકે છે. કાયદા દ્વારા, જો તમે પેન્સિલવેનિયામાં નોંધણી કરેલા મતદાતા હો, તો આ અરજી અમને તમારા સરનામાંના ફેરફારની જાણ તમારા કાઉન્ટી મતદાર નોંધણી કાર્યાલયને કરવાની મંજૂરી આપશે. તમે વેબસાઇટ પર ઉપલબ્ધ ફેરફાર/સુધારણા/દબલાવ માટેની નોન-કોમર્શિયલ ડ્રાઇવર્સ લાયસન્સ અરજી (ફોર્મ DL-80) ભરીને તમારું નામ બદલી શકો છો. તમને નવી માહિતી ધરાવતું ડ્રાઇવર્સ લાઇસન્સ અપડેટ કાર્ડ આપવામાં આવશે. આ કાર્ડ તમારા ડ્રાઇવર્સ લાયસન્સ સાથે રાખવું જરૂરી છે. નોન-કોમર્શિયલ ડ્રાઇવરો માટે આ સેવાની કોઈ ફી નથી.

સીટ બેલ્ટનો કાયદો

પેન્સિલવેનિયા વાહન સંહિતાની કલમ 4581 અનુસાર, પેન્સિલવેનિયામાં એ કાયદો છે કે:

- વાહનો, હળવા ટ્રક અને મોટર હોમના બધા ડ્રાઇવરો અને આગળની સીટ પર બેઠેલા પ્રવાસીઓએ સીટ બેલ્ટ પહેરવો જરૂરી છે.
- જો તમે આઠ (8) વર્ષ કે તેથી વધુ ઉંમરના, પરંતુ 18 વર્ષથી ઓછી ઉંમરના પ્રવાસીઓને લઈ જઈ રહ્યા હો, પછી ભલે તેઓ વાહનમાં ગમે ત્યાં સવારી કરી રહ્યા હોય, તો તેમણે સીટ બેલ્ટ પહેરવો જરૂરી છે.
- જો તમે 18 વર્ષથી ઓછી ઉંમરના ડ્રાઇવર હો, તો પ્રવાસીઓની સંખ્યા વાહનમાં સીટ બેલ્ટની સંખ્યા કરતાં વધુ હોવી જોઈએ નહીં.

કાયદા મુજબ તમારે સીટ બેલ્ટ બાંધવો જરૂરી છે. તમારો સીટ બેલ્ટ પહેરવો એ સમજદારીની બાબત છે.

ઘણા લોકો માને છે કે અકસ્માતમાં વાહનની સપાટી પર અથડાતા અટકાવવા માટે તેઓ પોતાના હાથ અને પગનો ઉપયોગ કરી શકશે, પરંતુ તેમનું માનવું છે. અથડામણમાં તમારું વાહન અટકી જાય છે, પરંતુ જ્યાં સુધી તે ઇન્સ્ટ્રુમેન્ટ પેનલ અથવા વિન્ડશિલ્ડ સાથે અથડાય નહીં ત્યાં સુધી તમારું શરીર તમે જે ગતિએ મુસાફરી કરી રહ્યા હો તે જ ગતિએ આગળ વધતું રહે છે. મોટાભાગના અકસ્માતોમાં, પ્રવાસીઓ અને ડ્રાઇવરોના શરીર વાહનની આંતરિક સપાટી પર અનેક ટન બળથી અથડાય છે. તેનાથી સૌથી મજબૂત હાથ અને પગ પણ તૂટી જશે. 30 માઇલ પ્રતિ કલાકની ઝડપે, જે ત્રણ માળની ઇમારતની ટોચ પરથી જમીન પર પટકાવવા જેવું છે. આ કારણસર તમે તમારા હાથ વડે તમે પોતાને સંભાળી શકતા નથી. જ્યારે વાહન 12 માઇલ પ્રતિ કલાકની ધીમી ગતિએ ચાલતું હોય ત્યારે પણ, સીટ બેલ્ટ પહેર્યા વિનાના ડ્રાઇવર કે મુસાફરનું અથડાવાથી મૃત્યુ થઇ શકે છે.

ફક્ત સીટ બેલ્ટ જ તમારા શરીરને સુરક્ષિત રીતે ધીમું કરી શકે છે. વાહન અથડાયા પછી તમારા શરીરને રોકવા માટે તમારી પાસે સેકન્ડનો માત્ર 1/50મો ભાગ હોય છે. હાથ અને પગ એટલી ઝડપથી કામ કરતા નથી, પરંતુ સીટ બેલ્ટ કરે છે. સીટ બેલ્ટ તમારા શરીરને સખત ઇન્સ્ટ્રુમેન્ટ પેનલ, સ્ટીયરીંગ વ્હીલ અથવા વિન્ડશિલ્ડ કરતાં ઘણી હળવી રીતે ધીમું કરે છે. અકસ્માત દરમિયાન, બાંધેલા સીટ બેલ્ટ તમારા શરીરના મોટા અને મજબૂત ભાગો જેમ કે છાતી, હિપ્સ અને ખભા પર ઝડપથી ધીમી ગતિના બળનું વિતરણ કરે છે. એર બેગ્સ "ફેંકાવા" સામે વધુ મોટો લાભ પૂરો પાડે છે. જોકે, એર બેગ હોવા છતાં સીટ બેલ્ટ પહેરવો જરૂરી હોય છે.

સીટ બેલ્ટ તમને તમારા વાહનની અંદર પણ રાખે છે. જો તમે તમારા વાહનમાંથી ફેંકાઇ જાઓ તો તમારૂં મૃત્યુ થવાની શક્યતા લગભગ 25 ગણી વધી જાય છે. સામાન્ય રીતે બહાર ફેંકાઈ જવાનો અર્થ થાય છે વિન્ડશિલ્ડ પાર કરીને પછી ક્યાંક સખત જગ્યા પર પડવું. અથડામણમાં લાગતું બળ તમને 150 ફૂટ (લગભગ 15 વાહનોની લંબાઈ) સુધી ફેંકી શકે છે. જો તમે રસ્તા પર પડો, તો તમે ત્યાં પડો ત્યારે કચડાવાની શક્યતા હંમેશા રહે છે. વાહનમાંથી બહાર ફેંકાઈ જવાથી મૃત્યુ પામેલા પ્રત્યેક પાંચ (5) લોકોમાંથી ચાર (4) લોકો જો વાહનની અંદર રહી શક્યા હોત તો તેઓ જીવિત રહ્યા હોત.

સીટ બેલ્ટ અને એર બેગ જીવન બચાવે છે. જ્યારે બધાને બેલ્ટ પહેરાવવામાં આવે અને બાળકોને પાછળની સીટ પર યોગ્ય રીતે અંકુશમાં બેસાડવામાં આવે ત્યારે તે શ્રેષ્ઠ રીતે કામ કરે છે.

બાળ નિયંત્રણ કાયદો

યુનાઇટેડ સ્ટેટ્સમાં બાળકોના મૃત્યુ અને ઇજાઓનું મુખ્ય કારણ વાહન અકસ્માતો હોય છે. પેન્સિલવેનિયામાં દર વર્ષે, પાંચ (5) વર્ષથી ઓછી ઉંમરના આશરે 7,000 બાળકો અકસ્માતોનો ભોગ બને છે.

બાળ પ્રવાસી સુરક્ષા અધિનિયમ 229 અનુસાર જરૂરી છે કે

- ચાર વર્ષથી ઓછી ઉંમરના (4) બાળકોને ફેડરલ-મંજૂર બાળ પેસેન્જર રિસ્ટ્રેન્ટ સિસ્ટમ (બાળ સુરક્ષા સીટ)માં બકલ કરવા આવશ્યક છે, જે સીટ બેલ્ટ સિસ્ટમ દ્વારા વાહન સાથે (અથવા નવા વાહનોમાં ઉપલબ્ધ વાહનની LATCH સિસ્ટમનો ઉપયોગ કરીને) સુરક્ષિત હોવી જોઈએ, પછી ભલે તેઓ વાહનમાં કોઇપણ સીટ પર સવારી કરતા હોય (આગળની કે પાછળની સીટ પર).
- ચાર (4) અને તેથી વધુ ઉંમરના, પરંતુ આઠ (8) વર્ષથી ઓછી ઉંમરના બાળકોને ફેડરલ-મંજૂર ચાઇલ્ડ બૂસ્ટર સીટમાં બકલ કરવા આવશ્યક છે, જે સીટ બેલ્ટ સિસ્ટમ દ્વારા વાહનમાં સુરક્ષિત હોવી આવશ્યક છે, પછી ભલે તેઓ વાહનમાં કોઇપણ સીટ પર સવારી કરે (આગળની કે પાછળની સીટ પર). બૂસ્ટર સીટનો ઉપયોગ લેપ અને શોલ્ડર બેલ્ટ સાથે કરવો જરૂરી હોય છે.
- આઠ (8) અને તેથી વધુ ઉંમરના, પરંતુ 18 વર્ષથી ઓછી ઉંમરના બાળકોએ વાહનમાં ગમે તે સીટ પર (આગળની કે પાછળની સીટ પર) સવારી કરતા હોય તો પણ સીટ બેલ્ટ બાંધવો જરૂરી હોય છે.
- બાળકોને માન્ય બાળ પેસેન્જર નિયંત્રણ પ્રણાલીમાં સુરક્ષિત રાખવા અને 18 વર્ષથી ઓછી ઉંમરના બાળકોને બકલ કરવામાં આવે તેની ખાતરી કરવા માટે ડ્રાઇવરો જવાબદાર હોય છે.

ઉલ્લંઘન કરનારાઓને દંડ થઈ શકે છે અને તેઓ તમામ કોર્ટ ખર્ચ માટે જવાબદાર રહેશે.

જ્યાં સુધી બાળક કાર સીટ ઉત્પાદક દ્વારા નિર્ધારિત મહત્તમ વજન અને ઊંચાઈ મર્યાદા કરતાં વધી ન જાય ત્યાં સુધી 2 વર્ષથી ઓછી ઉંમરના બાળકોને કારની પાછળની સીટમાં સુરક્ષિત રીતે બેસાડવા જરૂરી હોય છે. **જો એર બેગ હોય તો આગળની સીટમાં ક્યારેય પાછળની તરફ બાળ સુરક્ષા સીટ ન લગાવો.** અકસ્માતમાં, એર બેગ બાળકની સીટના પાછળના ભાગમાં ભારે જોરથી અથડાય છે, જે શિશુના માથા સુધી ફેલાય છે અને ગંભીર ઈજા અથવા મૃત્યુનું કારણ બનશે.

જો તમે આઠ (8) વર્ષથી ઓછી ઉંમરના બાળકોનું પરિવહન કરી રહ્યા હો, તો જેમણે કાયદા દ્વારા ફેડરલ-મંજૂર બાળ સુરક્ષા બેઠકો અથવા બૂસ્ટર બેઠકોમાં સવારી કરવી જરૂરી હોય, તો તમારા વાહનના માલિક માટેની પુસ્તિકા અને સીટ સાથે આવેલા નિર્દેશો વાંચો જેથી તમને ખબર પડે કે સીટને તમારા વાહનની સીટ સાથે કેવી રીતે ચુસ્તપણે જોડવી અને બાળકોને તેમની બાળ બેઠકોમાં કેવી રીતે સુરક્ષિત રાખવા.

બાળકો અને પાલતુ પ્રાણીઓ માટે સલામતીની ટિપ્સ

વાહન સંબંધિત હીટસ્ટ્રોક અટકાવો

જેમ જેમ બહારનું તાપમાન વધે છે, તેમ તેમ ગરમ કારમાં એકલા રહેવાથી બાળકો અને પાલતુ પ્રાણીઓને ગંભીર ઇજા થવાનું અથવા મૃત્યુ થવાનું જોખમ પણ વધે છે. વાહનો ઝડપથી ગરમ થાય છે - બારી બે ઇંચ નીચે રાખવા છતાં, જો બહારનું તાપમાન 80 ફેરનહીટમાં હોય, તો વાહનની અંદરનું તાપમાન માત્ર 10 મિનિટમાં ઘાતક સ્તર પર પહોંચી શકે છે.

દુઃખદ હીટસ્ટ્રોકથી બચવા માટેની નિવારણ ટિપ્સઃ

- કારમાં ક્યારેય બાળક કે પાલતુ પ્રાણીને એકલા ન છોડો, ભલે બારીઓ અડધી ખુલ્લી હોય.
- બાળકોને ક્યારેય પણ સાથસંગાત વગરના વાહનમાં રમવા ન દો.
- તમારું પર્સ, બ્રીફકેસ, સેલ ફોન અથવા તમને જોઈતી કોઈ વસ્તુ પાછળની સીટ પર મૂકો જેથી તમે બાળક વાહનમાં રહી ગયું હોય તે ખાતરીપૂર્વક જોશો.
- જ્યારે કારની સીટ ખાલી હોય ત્યારે તેમાં એક મોટું ટેડી રીંછ અથવા અન્ય સ્ટફ્ડ પ્રાણી રાખો. જ્યારે તમે બાળકને દૃષ્ટિ રાખવા માટે કારની સીટ પર બેસાડો, ત્યારે વસ્તુને આગળની સીટ પર લઇ લો.
- હીટસ્ટ્રોક અટકાવવા વિશે વધારાની માહિતી માટે, https://www.safercar.gov/parents/InandAroundtheCar/heatstroke.htm ની મુલાકાત લો.

શિયાળાના કોટ્સ અને કાર સીટ

શિયાળાનો સૌથી ઠંડો સમય નજીક આવતાં, માતા-પિતા તેમના બાળકોના શિયાળાના ભારે કોટ બહાર કાઢે છે જેથી તેઓ વાહનમાં મુસાફરી દરમિયાન ગરમ રહે. જોકે, શિયાળાના જાડા કોટ બાળકની કાર સીટની સલામતી ઘટાડી શકે છે. બધા કોટ અને કપડાં ક્રેશ થવા પર સંકુચિત થઈ જશે, પરંતુ વધુ જાડા શિયાળાના કોટ હાર્નેસમાં નોંધપાત્ર ઢીલાપણું બનાવવા માટે પૂરતા પ્રમાણમાં સંકુચિત થઈ શકે છે. કાર સીટનું હાર્નેસ બાળકને કાર સીટમાં સુરક્ષિત રાખે છે અને અકસ્માતમાં શ્રેષ્ઠ સુરક્ષા પૂરી પાડવા માટે બાળકના શરીર પર ચુસ્તપણે ચોંટી રહેવું જરૂરી છે. બાળકો માટે શિયાળાની સલામતી ટિપ્સ સંબંધિત વધારાની માહિતી માટે, PennDOTની વેબસાઇટ http://www.penndot.govની મુલાકાત લો.

એર બેગની સલામતીની માહિતી

- એર બેગ્સ એ પૂરક સુરક્ષા ઉપકરણો છે. લેપ અને શોલ્ડર બેલ્ટ હંમેશા પહેરવા જોઈએ. સીટ બેલ્ટને તમારા હિપ્સ પર ચુસ્તપણે બાંધો અને ખભાનો પટ્ટો તમારી છાતી પર તમારી ગરદનથી દૂર બાંધો.
- ડ્રાઇવર અને આગળના પેસેન્જરની સીટો શક્ય તેટલી પાછળ ખસેડવી જોઈએ, ખાસ કરીને ટૂંકા કદના લોકો માટે. તમારે ગેસ અને બ્રેક પેડલ્સ, ઇન્સ્ટ્રુમેન્ટ પેનલ અને સ્ટીયરિંગ કોલમ પરના નિયંત્રણો સુધી પહોંચવાની અને ચલાવવાની તમારી ક્ષમતા સાથે સમાધાન કર્યા વિના, એર બેગ કમ્પાર્ટમેન્ટથી શક્ય તેટલું દૂર બેસવું જોઈએ. જો એર બેગ ખુલી જાય, તો સુરક્ષિત રહેવા માટે તમારે સ્ટીયરિંગ વ્હીલથી ઓછામાં ઓછા 10 ઇંચ દૂર રહેવું જોઈએ.
- સ્ટીયરીંગ વ્હીલને 9 અને 3 વાગ્યાની અથવા 8 અને 4 વાગ્યાની દિશામાં પકડી રાખો. જો એર બેગ ખુલી જાય તો, તે તમારા કાંડા અને હાથને ઇજા પહોંચવાથી કે ભાંગવાથી અથવા ચહેરા પર બળજબરીથી લાગવાથી બચાવશે. તે ઉપરાંત, તમારા અંગૂઠાને વ્હીલની અંદરના ભાગને પકડવાને બદલે, વ્હીલની ઉપર અથવા બહારની કિનાર પર રાખો.
- પાછળની બાજુની સલામતી સીટ પર બેઠેલા શિશુઓએ **ક્યારેય પણ** પેસેન્જર સાઇડ એર બેગવાળા વાહનની આગળની સીટ પર સવારી કરવી જોઈએ નહીં.
- 12 વર્ષ અને તેથી ઓછી ઉંમરના બધા બાળકો પાછળની સીટ પર બેસે તેવી ભલામણ કરવામાં આવે છે. તેના બે (2) કારણો છે: પહેલું, મોટાભાગની અથડામણો આગળની અથડામણ હોય છે, તેથી બાળકોને પાછળની સીટ પર બેસાડવાથી તેઓ અથડામણના બિંદુથી વધુ દૂર રાખે છે; બીજું, બાળકો તેમની સીટ પર બેસવા માટે બેચેન થઈ જાય છે અને જો તેઓ આગળની સીટ પર હોય તો એર બેગ કમ્પાર્ટમેન્ટની ખૂબ નજીક જઈ શકે છે, જેના કારણે અકસ્માત દરમિયાન એર બેગ ખસી જાય તો તેમને ઈજા થવાનું જોખમ રહે છે.

અમેરિકન્સ વીથ ડિસેબિલિટીઝ એક્ટ (ADA)

1990ના અમેરિકન્સ વિથ ડિસેબિલિટીઝ એક્ટનું પાલન કરવા માટે, PennDOT તમામ ડ્રાઇવર લાઇસન્સ સેન્ટર્સ અને ફોટો લાઇસન્સ સેન્ટર્સને શારીરિક રીતે અપંગ વ્યક્તિઓ માટે સુલભ બનાવ્યા છે. આ ઉપરાંત, નોલેજ અને રોડ ટેસ્ટ આપવા માંગતા અને સાંભળવાની કે વાંચવાની ક્ષતિ ધરાવતા લોકો માટે નીચેની સેવાઓ ઉપલબ્ધ છે.

બહેરા અને શ્રવણશક્તિ નબળી હોય તેવા લોકો માટે દુભાષિયા

PennDOTનું બ્યુરો ઓફ ડ્રાઈવર લાઇસન્સિંગ વિનંતી કરવા પર સાંભળવામાં તકલીફ ધરાવતા અને સાંકેતિક ભાષાના ઉપયોગ દ્વારા વાતચીત કરતા વ્યક્તિઓ માટે એક દુભાષિયો પૂરો પાડશે. આ સેવા એવા ગ્રાહકો માટે ઉપલબ્ધ છે જેઓ ડ્રાઇવર નોલેજ અને/અથવા રોડ ટેસ્ટ આપવા માંગતા હોય અથવા ખાસ પોઈન્ટની પરીક્ષા આપવા માંગતા હોય.

તમે પરીક્ષા આપવા માંગતા હો તેના ઓછામાં ઓછા બે (2) અઠવાડિયા પહેલા PennDOT સાથે તમારો પહેલો સંપર્ક કરો અને PennDOT તમારી પસંદગીમાં સાંકેતિક ભાષાવાળા વ્યક્તિને બોલાવી રાખવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરશે.

એક દુભાષિઓ હાજર રહે તે માટે તમારે

1. તમારા ટેસ્ટની એપોઇન્ટમેન્ટ શેડ્યૂલ કરવા માટે 717-412-5300 પર કૉલ કરવો જોઇએ. જો તમે TDDનો ઉપયોગ કરતા હો, તો તમારે 711 કૉલ કરવો જોઈએ. તમે કયા ડ્રાઇવિંગ લાઇસન્સ સેન્ટર પર પરીક્ષા આપવા માંગો છો તે દર્શાવો અને તમે પરીક્ષા આપી શકો તેવી ઓછામાં ઓછી ત્રણ (3) તારીખો આપો.

   તમારા ટેસ્ટ માટે એપોઇન્ટમેન્ટ સેટ કરતી વખતે, તમે પેન્સિલવેનિયા રિલે સર્વિસનો પણ ઉપયોગ કરી શકો છો. આ સેવા TDD સિસ્ટમ ધરાવતા અને ન ધરાવતા વ્યક્તિ વચ્ચે ટેલિફોન સંચાર પૂરો પાડે છે. આ સિસ્ટમ સાંભળતા અને ન સાંભળતા પક્ષો વચ્ચેના કોલ માટે મધ્યસ્થી તરીકે કાર્ય કરવા માટે ઓપરેટરનો ઉપયોગ કરે છે. જો તમારી પાસે TDD સિસ્ટમ હોય, તો તમારે પેન્સિલવેનિયા રિલે સર્વિસનો ઉપયોગ કરતી વખતે 1-800-654-5984નો ઉપયોગ કરવો જોઈએ. જો તમે સાંભળનારા કોલર તરીકેની સેવાનો ઉપયોગ કરી રહ્યા હો, તો તમારે 1-800-654-5988નો ઉપયોગ કરવો જોઈએ. જ્યારે તમારા ટેસ્ટમાં મદદરૂપ થવા માટે દુભાષિયો રાખવામાં આવશે, ત્યારે તમારા ટેસ્ટની તારીખની પુષ્ટિ કરવા માટે તમને પાછા બોલાવવામાં આવશે.
2. તમારું અપોઇન્ટમેન્ટ લેતી વખતે, તમારે સૂચવવું જોઈએ કે તમે કોઈ ખાસ પ્રકારની સાંકેતિક ભાષાનો ઉપયોગ કર છો કે કેમ. ઉપલબ્ધ પ્રકારો નીચે મુજબ છે:
   - અમેરિકન સાઇન લેંગ્વેજ (ASL)
   - સાઇન્ડ એક્ઝેક્ટ ઇંગ્લિશ (SEE)
   - પિડજિન સાઇન લેંગ્વેજ (PSE)
   - મૌખિક દુભાષિયો (હોઠ વાંચનાર વ્યક્તિ)

વૈકલ્પિક પરીક્ષણ પદ્ધતિ

નોલેજ ટેસ્ટ આપનારા કેટલાક લોકોને વાંચવામાં તકલીફ પડી શકે છે અથવા કેટલાક કિસ્સાઓમાં, તેઓ વાંચી શકતા નથી અને જો તેમને પરીક્ષા વાંચીને સંભળાવવામાં આવે તો તેઓ વધુ આરામદાયક અનુભવશે. વિનંતી કરવા પર, કોમનવેલ્થના તમામ ડ્રાઇવર લાઇસન્સ કેન્દ્રો પર વૉઇસ ટેસ્ટ ઓફર કરવામાં આવે છે.

અપંગ વ્યક્તિઓ માટે પાર્કિંગ વિસ્તારો

પેન્સિલવેનિયાના કાયદા અનુસાર, કોઈ વ્યક્તિ અપંગ વ્યક્તિઓ માટે નિયુક્ત કરેલા પાર્કિંગ વિસ્તારમાં કાયદેસર રીતે પાર્ક કરી શકે તે પહેલાં બે (2) શરતો જરૂરી હોય છે:

1. પાર્ક કરેલા વાહનમાં અપંગ વ્યક્તિ અથવા અપંગ વેટરન રજીસ્ટ્રેશન પ્લેટ/પાર્કિંગ પ્લેકાર્ડ હોવું જરૂરી છે.
2. વાહન અપંગ વ્યક્તિ અથવા ગંભીર રીતે અપંગ ભૂતપૂર્વ સૈનિક દ્વારા ચલાવવામાં આવવું જોઈએ અથવા તેમના પરિવહન માટે હોવું જોઈએ.

અપંગ વ્યક્તિઓ માટેના પાર્કિંગ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે પાર્ક કરેલા કોઈપણ વાહનને ટોઇંગ કરીને તે વિસ્તારમાંથી દૂર કરવામાં આવી છે અને ટોઇંગ ખર્ચ ચૂકવીને તેને પાછું મેળવી શકાય છે. આ પાર્કિંગ ઉલ્લંઘન એક સમરી ગુનો છે. આ ગુના માટે દોષિત ઠરેલા વ્યક્તિઓને $50 થી $200 સુધીનો દંડ ફટકારવામાં આવશે.

કચરા વિરોધી કાયદો

કોઈપણ હાઇવે પર, કોઈપણ અન્ય જાહેર અથવા ખાનગી મિલકત પર (તેના માલિકોની સંમતિ વિના) અથવા આ કોમનવેલ્થના પાણીની અંદર અથવા પાણી પર, વાહનમાંથી, કાગળનો કોઈપણ કચરો, ઝાડુ, રાખ, ઘરગથ્થુ કચરો, કાચ, ધાતુ, અથવા કચરો અથવા કોઈપણ ખતરનાક અથવા હાનિકારક પદાર્થ ફેંકવો અથવા જમા કરવો, અથવા આવી વસ્તુઓ તાત્કાલિક દૂર કર્યા વિના ઉપરોક્ત કોઈપણને મંજૂરી આપવી એ કાયદાની વિરુદ્ધ છે. આ કાયદાનું ઉલ્લંઘન, જેમાં તમે જે વાહનના ડ્રાઇવર હો તેમાં હાજર અન્ય કોઈપણ વ્યક્તિના વર્તનથી થતા કોઈપણ ઉલ્લંઘનનો સમાવેશ થાય છે, દોષિત ઠેરવવામાં આવે તો $300 સુધીનો દંડ થઈ શકે છે.

વાહન સલામતી અને ઉત્સર્જન નિરીક્ષણ

તમારા વાહનનું દર 12 મહિને અધિકૃત નિરીક્ષણ સ્ટેશન પર સલામતી નિરીક્ષણ કરાવવું જરૂરી છે. સ્ટીકર પરની તારીખ તમને જણાવે છે કે, તમારા વાહનનું ક્યારે ફરી નિરીક્ષણ કરાવવું જરૂરી છે. વાહનની આગામી સમાપ્તિ તારીખના 90 દિવસ પહેલા સુધી નિરીક્ષણ કરાવી શકાય છે. તે ઉપરાંત, જો કોઈ પોલીસ અધિકારીને તમારા વાહનમાં ખામીયુક્ત સાધનો દેખાય, તો તમારે તેને પાંચ (5) દિવસની અંદર ઠીક કરાવવાની જરૂર પડી શકે છે, જેથી કોઈ પણ પ્રકારના દંડથી બચી શકાય. ઘણા કાઉન્ટીઓમાં, તમે તમારું સલામતી નિરીક્ષણ પૂરું કરાવી શકો તે પહેલા તમારે તમારી કાર, વેન અથવા લાઇટ-ડ્યુટી ટ્રક (મોડેલ વર્ષ 1975 કે તેથી વધુ) માટે ઉત્સર્જન નિયંત્રણ પ્રણાલીનું પણ નિરીક્ષણ કરાવવું જરૂરી હોય છે. PennDOT દ્વારા પ્રમાણિત ખાનગી માલિકીના વ્યવસાયોમાં ઉત્સર્જન નિરીક્ષણો કરવામાં આવે છે. તમારા કાઉન્ટીની જરૂરિયાતો વિશે જાણવા માટે ઉત્સર્જન ગ્રાહક હોટલાઇન 1-800-265-0921 પર કૉલ કરો.

સલામત પસાર થવું એ કાયદો છે.



1. પાસ કરતા પહેલા, તમારે પહેલા એ નક્કી કરવું જોઈએ કે તમે સાયકલ ચાલકની આસપાસથી પસાર થઇ શકો તેમ છો કે નહીં. સામે આવતા ટ્રાફિકની ખાતરી કરો. પસાર થતી વખતે, તમે **સુરક્ષિત રીતે પસાર થવા માટે તમારા વાહન અને સાયકલ વચ્ચે ઓછામાં ઓછા ચાર (4) ફૂટનું અંતર રાખવું** જરૂરી છે. જો જરૂરી હોય અને તમે તે સુરક્ષિત રીતે કરી શકો તેમ હોય, તો તમને મધ્ય ડબલ પીળી લાઈન પાર કરવાની પરવાનગી છે જેથી તમે તમારા વાહન અને સાયકલ વચ્ચે ચાર (4) ફૂટનું અંતર જાળવી શકો.
2. ડાબે વળાંક ન લે ત્યાં સુધી, પસાર થતા વાહનો કરતાં વધુ ધીમેથી મુસાફરી કરતા સાયકલ ચાલકોએ રસ્તાની જમણી બાજુ રહેવું જોઈએ અને બાકીના ટ્રાફિકની દિશામાં જ મુસાફરી કરવી જોઈએ. જોકે, દરેક દિશામાં એક જ લેનવાળા રસ્તાઓ પર આ જરૂરિયાતને ધ્યાનમાં લેવામાં આવતી નથી.
3. જ્યારે ફક્ત એક જ મુસાફરી લેન હોય, ત્યારે સાયકલ ચાલકો રસ્તા પરના જોખમોને ટાળવા માટે લેનના કોઈપણ ભાગનો ઉપયોગ કરી શકે છે, જેમાં એક જગ્યાએ થોભેલી અને પાર્ક કરેલી કારથી સુરક્ષિત અંતર રાખવાનો સમાવેશ થાય છે.
4. ડ્રાઇવરો એવા સાયકલ ચાલકોના રસ્તે ન વળી શકે, જે રસ્તા પર અથવા રસ્તાની બાજુએ સીધો આગળ વધી રહ્યો હોય.
5. તમે સાયકલ ચાલકને રસ્તા પરથી દૂર જવા માટે દબાણ કરી શકો નહીં. જો તમે તેમ કરો, તો તમારે ફોજદારી આરોપોનો સામનો કરવો પડી શકે છે.
6. સાયકલ સવારોને વાહન ચાલકો માનવામાં આવે છે અને તેમની પાસેથી તમામ ટ્રાફિક કાયદાઓનું પાલન કરવાની અપેક્ષા રાખવામાં આવે છે; જો કે, તેઓ પોસ્ટ કરેલી ન્યૂનતમ ગતિ કરતા ઓછી ગતિએ મુસાફરી કરી શકે છે અને ટ્રાફિકને અવરોધવા માટે તેમને જવાબદાર ઠેરવી શકાતા નથી. સાયકલ સવારો રોડની કિનારી કે બાજુએ વાહન ચલાવી શકે છે, પરંતુ તેમ કરવું જરૂર નથી.

વધુ માહિતી માટે, પેન્સિલવેનિયા સાયકલ ડ્રાઇવર્સ મેન્યુઅલ (PUB 380) અહીંથી મેળવી શકાય છે:
http://www.dot.state.pa.us/public/pubsforms/Publications/Pub%20380.pdf

સાયકલ ચાલકો માટે ખુલ્લા દરવાજાનો ખતરો

વાહનના ખુલ્લા દરવાજા સાયકલ ચાલકો માટે ખૂબ જ ગંભીર જોખમ હોય છે. વાહનનો દરવાજો ખોલતી વખતે, ડ્રાઇવરો અને પ્રવાસીઓને નીચે મુજબ કરવાનું સૂચન કરવામાં આવે છે:

1. તમારા પાછળ જોવાના અરીસામાં જુઓ.
2. તમારા બાજુના અરીસામાં જુઓ.
3. તમારા દૂરના હાથથી દરવાજો ખોલો (દરવાજાથી દૂરનો હાથ)

આ પદ્ધતિ "ડચ રીચ" તરીકે ઓળખાય છે કારણ કે તેની શરૂઆત નેધરલેન્ડ્સમાં થઇ હતી. તે તમારા શરીરને ફેરવવા માટે દબાણ કરે છે, જે તમને નજીક આવતા સાયકલ ચાલકોને વધુ સારી રીતે જોવાની તક આપશે. તે વાહનના દરવાજોને ખૂબ ઝડપથી ખુલતો અટકાવે છે. તે ફક્ત સાયકલ ચાલકોનું જ રક્ષણ નથી કરતું, પરંતુ નજીક આવતા મોટર વાહન દ્વારા તમારા દરવાજાને નુકસાન થવાને અથવા તૂટી જવાને પણ રોકી શકે છે.



સાયકલ ચાલકોએ બાઇક લેનવાળી અને વગરની બંને રસ્તા પર દરવાજા ટાળવા માટે પાર્ક કરેલી કારથી ઓછામાં ઓછા ત્રણ ફૂટ દૂર ચાલવું જોઈએ. તે સાયકલ ચાલકોને "ડોર ઝોન"ની બહાર રાખશે અને વાહનના દરવાજા ખોલવાથી થતી અથડામણ સામે સુરક્ષા કરશે.

ટેક્સ્ટિંગ વિરોધી કાયદો

આ કાયદો 8 માર્ચ, 2012ના રોજ અમલમાં આવ્યો હતો અને આ કાયદાનું ઉલ્લંઘન એ પ્રાથમિક, સમરી ગુનો છે જેમાં દોષિત ઠેરવવામાં આવે તો $50 દંડ થઈ શકે છે.

કાયદો શું કરે છે

- ઇન્ટરેક્ટિવ વાયરલેસ કોમ્યુનિકેશન ડિવાઇસ (IWCD)ને વાયરલેસ ફોન, પર્સનલ ડિજિટલ આસિસ્ટન્ટ, સ્માર્ટ ફોન, પોર્ટેબલ અથવા મોબાઇલ કમ્પ્યુટર અથવા સમાન ઉપકરણો તરીકે વ્યાખ્યાયિત કરે છે જેનો ઉપયોગ ટેક્સ્ટિંગ, ઇન્સ્ટન્ટ મેસેજિંગ, ઇમેઇલિંગ અથવા ઇન્ટરનેટ બ્રાઉઝ કરવા માટે થઈ શકે છે.
- ટેક્સ્ટ-આધારિત સંદેશાવ્યવહારને ટેક્સ્ટ સંદેશ, ઇન્સ્ટન્ટ સંદેશ, ઇમેઇલ અથવા IWCD પર તૈયાર કરેલ અથવા પ્રાપ્ત થયેલ અન્ય લેખિત સંદેશાવ્યવહાર તરીકે વ્યાખ્યાયિત કરે છે.
- સ્પષ્ટ કરે છે કે આ કાયદો ડ્રાઇવરો દ્વારા ઇન્ટરેક્ટિવ વાયરલેસ ઉપકરણોના ઉપયોગને પ્રતિબંધિત કરતા કોઈપણ સ્થાનિક વટહુકમોને રદ કરે છે અને તેને પૂર્વાધિકાર આપે છે.

આ કાયદો IWCD જપ્ત કરવાની મંજૂરી આપતો નથી. ટેક્સ્ટિંગના પ્રતિબંધમાં GPS ઉપકરણ, વાહનમાં ભૌતિક અથવા ઇલેક્ટ્રોનિક રીતે સંકલિત સિસ્ટમ અથવા ઉપકરણ અથવા માસ ટ્રાન્ઝિટ વાહન, બસ અથવા સ્કૂલ બસ સાથે જોડાયેલા સંદેશાવ્યવહાર ઉપકરણનો ઉપયોગ શામેલ નથી.

ટ્રાફિક-નિયંત્રણ ઉપકરણો પ્રત્યે આજ્ઞાપાલન જોખમી પરિસ્થિતિઓની ચેતવણી કાયદો

6 સપ્ટેમ્બર, 2012ના રોજ અમલમાં આવેલ આ કાયદો, પાણી ભરેલા રસ્તાઓ જેવી જોખમી પરિસ્થિતિઓને કારણે રસ્તા અથવા હાઇવેને બંધ કરતા સંકેતો અથવા ટ્રાફિક નિયંત્રણ ઉપકરણોની આસપાસ વાહન ચલાવવાને ગેરકાયદેસર બનાવે છે. આ કાયદાના ઉલ્લંઘન બદલ દોષિત ઠેરવવામાં આવે તો, તમારા ડ્રાઇવિંગ રેકોર્ડમાં 2 પોઇન્ટ ઉમેરવામાં આવે છે અને $250 સુધીનો દંડ થાય છે. તે ઉપરાંત, જો તમારા કાર્યોને કારણે સંકટાવસ્થામાં પ્રતિક્રિયા આપતા લોકોને બોલાવવામાં આવે, તો દંડ વધારીને $500 કરવામાં આવે છે અને તમને સંકટાવસ્થાની પ્રતિક્રયાનો ખર્ચ ચૂકવવા માટે જવાબદાર માનવામાં આવશે.

પ્રકરણ 6: સંદર્ભો

આ પ્રકરણમાં મદદરૂપ માહિતી, ફોર્મ્સ, પ્રકાશનો અને સાહિત્ય સંબંધિત ઝડપી સંદર્ભ આપવામાં આવશે.

ગ્રાહક કૉલ સેન્ટર

જો તમે ટચ ટોન ટેલિફોનનો ઉપયોગ કરતા હો, તો ડ્રાઇવર અને વાહન સેવાઓ સંબંધિત માહિતી 24 કલાક ઉપલબ્ધ હોય છે.
ગ્રાહક સેવા પ્રતિનિધિઓ સવારે 8 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી ઉપલબ્ધ રહે છે. - સોમવાર થી શુક્રવાર

મુખ્ય રજાઓ સિવાય સીધી સહાય માટે: 717-412-5300 TDD: 711

રોડ ટેસ્ટ અને સ્પેશિયલ પોઈન્ટ પરીક્ષાના એપોઇન્ટમેન્ટ

સ્પેશિયલ પોઈન્ટ પરીક્ષા અને નોન-કોમર્શિયલ રોડ ટેસ્ટ આપવા માટે એપોઇન્ટમેન્ટ લેવી જરૂરી છે. જ્યારે તમે રોડ ટેસ્ટ અથવા સ્પેશિયલ પોઈન્ટ પરીક્ષા આપવા માટે તૈયાર હો, ત્યારે તમે ડ્રાઇવર અને વાહન સેવાઓની વેબસાઇટ www.dmv.pa.gov. પર જઈને તમારી ટેસ્ટ ઓનલાઈન શેડ્યૂલ કરી શકો છો. જો તમારી પાસે ઇન્ટરનેટની સુવિધા ન હોય, તો તમે રજાઓ સિવાય, સોમવારથી શુક્રવાર સુધી સવારે 8 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી 1-800-423-5542 પર કૉલ કરીને તમારા ટેસ્ટની તારીખ નક્કી કરી શકો છો.

યાદ રાખો: **જો તમારી ઉંમર 18 વર્ષથી ઓછી હોય, તો તમે તમારી લર્નર્સ પરમિટ મળ્યા પછી છ (6) મહિના સુધી તમારો રોડ ટેસ્ટ આપી શકો નહીં અને તમે 65 કલાકની વ્હીલ પાછળના કૌશલ્ય-નિર્માણની જરૂરીયાતો પૂર્ણ કરી હોવી જરૂરી છે.**

નોન-સીડીએલ થર્ડ પાર્ટી ટેસ્ટિંગ પ્રોગ્રામ

PennDOT એ બજાર-આધારિત ફી માટે રોડ ટેસ્ટનું સંચાલન કરવા માટે તૃતીય-પક્ષ વ્યવસાયોને પ્રમાણિત કર્યા છે.
બધા તૃતીય-પક્ષ પરીક્ષકો PennDOT-પ્રમાણિત છે અને આ પરીક્ષા PennDOT ડ્રાઇવિંગ લાઇસન્સ સેન્ટરમાં તમે જે પરીક્ષા આપી હોત તેવી જ હોય છે.
તમારા વિસ્તારના સહભાગી વ્યવસાયોની યાદી માટે, www.dmv.pa.gov ની મુલાકાત લો.

ઇન્ટરનેટ પર વિભાગીય ફોર્મ્સ અને પબ્લિકેશન્સ

ડ્રાઇવિંગ લાઇસન્સિંગ અને મોટર વાહનો સંબંધિત માહિતી, ફોર્મ, પબ્લિકેશન્સ અને ફેક્ટ શીટ્સ ગ્રાહકોની સુવિધા માટે ઉપલબ્ધ છે અને તે PennDOTની ડ્રાઇવર અને વાહન સેવાઓ વેબસાઇટ www.dmv.pa.gov પર ઉપલબ્ધ છે.

રાજ્યવ્યાપી અને કાઉન્ટી નકશા

રાજ્યવ્યાપી અને કાઉન્ટી નકશા વિશેની માહિતી માટે, સોમવારથી શુક્રવાર, રજાઓ સિવાય, સવારે 8 થી સાંજે 4 વાગ્યા વચ્ચે 1-717-787-6746 પર કૉલ કરો.

અન્ય માહિતી

યુનાઇટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ ટ્રાન્સપોર્ટેશન પાસે 1-800-424-9393 પર અથવા ઇન્ટરનેટ પર www.nhtsa.dot.gov. પર ઓટો સેફ્ટી હોટલાઇન છે.

511PA

511PA મફત, 24-કલાક માહિતી સેવાઓ પૂરી પાડે છે જેમાં ટ્રાફિક વિલંબની ચેતવણીઓ, હવામાનની આગાહીઓ, પ્રાદેશિક પર્યટનની માહિતી અને પરિવહન એજન્સીઓ તેમજ મુખ્ય એરપોર્ટની માહિતીનો સમાવેશ થાય છે. આ સેવા સેલ્યુલર ફોન અને લેન્ડલાઇન પરથી 511 પર કૉલ કરીને અથવા www.511PA.com ની મુલાકાત લઈને ઇન્ટરનેટ દ્વારા ઉપલબ્ધ કરી શકાય છે. 511PA રોડવે નેટવર્કમાં પેન્સિલવેનિયા ટર્નપાઇક સહિત ઇનટરસ્ટેટના પૂરા 1,759 માઇલ, તેમજ હેરિસબર્ગ, ફિલાડેલ્ફિયા અને પિટ્સબર્ગના અન્ય મુખ્ય રોડવેનો સમાવેશ થાય છે. આ નેટવર્કના અધિકાંશ ભાગ માટે ટ્રાફિક માહિતીમાં અકસ્માતો, બાંધકામ પ્રવૃત્તિઓ અને શિયાળામાં રસ્તાની સ્થિતિ જેવી ઘટનાના અહેવાલોનો સમાવેશ થાય છે. તે ઉપરાંત, શહેરી વિસ્તારોમાં અનેક આંતરરાજ્ય અને અન્ય મુખ્ય માર્ગો માટે સરેરાશ ટ્રાફિક ગતિ ઉપલબ્ધ હોય છે. વપરાશકર્તાઓ ઈ-મેલ અને ટેક્સ્ટ મેસેજિંગ દ્વારા પૂરી પાડવામાં આવતી વ્યક્તિગત પ્રવાસી ચેતવણીઓ પ્રાપ્ત કરવા માટે વેબસાઇટ દ્વારા નોંધણી પણ કરાવી શકે છે. PennDOT વાહનચાલકોને વાહન ચલાવતી વખતે 511PA પર ફોન ન કરવા પ્રોત્સાહિત કરે છે. ફોન કરનારાઓએ સિસ્ટમને કૉલ કરવા માટે સુરક્ષિત રીતે રસ્તા પરથી ઉતરવું જોઈએ અથવા બહાર નીકળતા પહેલા મુસાફરીમાં વિલંબ સંબંધી તપાસ કરવી જોઈએ.

કાર્બન મોનોક્સાઇડ ઝેર

ગેસથી ચાલતા બધા વાહનો કાર્બન મોનોક્સાઇડ ઉત્પન્ન કરે છે, એક એવો ગંધહીન જીવલેણ ગેસ હોય છે જે વાહનના એક્ઝોસ્ટ પાઇપમાંથી બહાર નીકળે છે. તમને કાર્બન મોનોક્સાઇડ ગેસની ગંધ આવતી નથી. જો તમને ઊંઘ આવે કે ઉબકા આવે, તો તે કાર્બન મોનોક્સાઇડ ઝેરનો સંકેત હોઈ શકે છે.

કાર્બન મોનોક્સાઇડના સંપર્કમાં આવવાના લક્ષણો

- થાક અથવા નબળાઈ
- ચક્કર આવવા
- માથાનો દુખાવો
- ઉબકા અને/અથવા ઉલટી
- હૃદયના ઝડપી ધબકારા
- અનિયમિત શ્વાસ
- દિશાહિનતાની મૂંઝવણ
- ખાંસી
- છાતીનો દુખાવો

વાહનોમાં કાર્બન મોનોક્સાઇડના ઝેરને રોકવા માટેની ટિપ્સ

- તમારા વાહનમાં કાર્બન મોનોક્સાઇડના ઝેરને રોકવા માટે તમારા વાહનની એક્ઝોસ્ટ સિસ્ટમ અને મફલરનું નિયમિત નિરીક્ષણ અને જાળવણી કરવી જરૂરી હોય છે. જો તમને તમારા એક્ઝોસ્ટ સિસ્ટમમાં છિદ્રો અથવા અન્ય ખામીઓ વિશે જાણ હોય, તો તુરત જ ઓટોમોટિવ વ્યાવસાયિક દ્વારા તેની તપાસ કરાવો.
- ગેરેજનો દરવાજો નીચે કે આંશિક રીતે નીચે રાખીને ગેરેજમાં તમારા વાહનને ગરમ કરશો નહીં. જો તમારું વાહન તમારા ગેરેજમાં ચાલુ હોય તો, તમારા ગેરેજનો દરવાજો સંપૂર્ણપણે ખોલો.
- જો તમારું વાહન ચાવી વગરનું હોય અને તમે તેને જોડાયેલ ગેરેજમાં પાર્ક કરો છો, તો વાહન બંધ કરવાનું ક્યારેય ભૂલશો નહીં.
- બરફના દિવસોમાં, હંમેશા તમારા ટેઈલ પાઇપનું નિરીક્ષણ કરો અને તમારા વાહનના ટેઈલ પાઇપમાં અવરોધ ઊભો કરી શકે, તેવા કોઈ હિમઅથવા બરફ હોય તો તેને દૂર કરો.
- જો તમે ટ્રાફિકમાં ફસાઈ ગયા હો અથવા કોઈ બંધ વાહનમાં બેઠા હો, તો બારી થોડી ખુલ્લી રાખવાની ખાતરી કરો.
- તમારા વાહનમાં બેટરી સંચાલિત કાર્બન મોનોક્સાઇડ ડિટેક્ટર ઇન્સ્ટોલ કરવાનું વિચારો અને દર વર્ષે વસંત અને પાનખરમાં ઘડિયાળનો સમય બદલતી વખતે બેટરી તપાસો અથવા બદલો.
- જો તમને તમારા વાહનમાં કાર્બન મોનોક્સાઇડ ઝેર હોવાની શંકા હોય, તો તાત્કાલિક વાહનમાંથી બહાર નીકળો, તાજી હવા લો અને તાત્કાલિક તબીબી સહાય મેળવો.

વિષય **પેજ**

એક્સિલરેટર સ્ટિક્સ 62
અકસ્માતો (અકસ્માતો જુઓ)
સરનામું, ફેરફાર 89
એર બેગ સલામતીની માહિતી 91
દારૂ પીને વાહન ચલાવવું 33
વૈકલ્પિક પરીક્ષણ પદ્ધતિ 92
અમેરિકન્સ વિથ ડિસેબિલિટીઝ ઍક્ટ (ADA) 91
અપોઇન્ટમેન્ટ્સ:
- રોડ ટેસ્ટ 5, 94
- સ્પેશિયલ પોઇન્ટની પરીક્ષા 94

પાછળ લેવું 38
સાયકલ ચાલકો 55, 56, 92, 93
અંધ રાહદારીઓ 9
બ્લાઇન્ડ સ્પોટ્સ 37
બ્રેક ફેઇલ થવી 62
બ્રેકિંગ 58, 60
બસો 56
- સ્કૂલ બસો 58

કાર્બન મોનોક્સાઇડ ઝેર 95
લેન બદલવી 38
બાળ નિયંત્રણ કાયદો 90
ગોળાકાર આંતરછેદ 49
ડ્રાઇવિંગ લાઇસન્સની શ્રેણીઓ 4
અન્ય ડ્રાઇવરોને તમારા ઇરાદાઓ જણાવવા 43
નિયંત્રિત પદાર્થ:
- ડ્રાઇવિંગ અંડર ઇન્ફ્લુઅન્સ (DUI) 81

અકસ્માતો 34, 81
ગંભીર ડ્રાઇવિંગ ભૂલો 34
ટ્રાફિક ક્રોસિંગ 46
વણાંકો, સુરક્ષિત ચાલવું 51
ગ્રાહક કોલ સેન્ટર 94
બહેરા/શ્રવણમાં નબળા લોકો માટે દુભાષિયા 91
ડ્રાઇવર સંબંધિત પરિબળો 32
- દારૂ પીને વાહન ચલાવવું 33
- રોગો અને તબીબી સ્થિતિઓ 33
- ડ્રાઇવિંગ વિક્ષેપો 32
- ડ્રગ્સનું સેવન કરી વાહન ચલાવવું 34
- સ્વાસ્થ્ય પરિબળો 33
- સુનાવણી 33
- બેદરકારી 32
- ઊંઘનો અભાવ 32
- દૃષ્ટિ 33

ડ્રાઇવર્સ લાઇસન્સ કોમ્પેક્ટ (DLC) 84
ડ્રાઇવર્સ લાઇસન્સ/લર્નર્સ પરમિટ :
- ડ્રાઇવર્સ લાઇસન્સની શ્રેણીઓ 4
- જુનિયર ડ્રાઇવર્સ લાઇસન્સની માહિતી 3
- જુનિયર લર્નર્સ પરમિટની માહિતી 3
- વિષય પૃષ્ઠ તમારે કઇ શ્રેણીની જરૂર છે? 4

ડ્રાઇવર્સ લાઇસન્સ/લર્નર્સ પરમિટ:
- કોને જરૂર છે 3

રાત્રે વાહન ચલાવવું 39
ડ્રાઇવિંગની સંકટાવસ્થાનો સામનો કરવો:
- એક્સિલરેટર સ્ટિક્સ 62
- બ્રેક ફેઇલ થવી 62
- અચાનક બ્રેક મારવી 61
- બ્રેકિંગ 58
- પેવમેન્ટ પરથી નીચે ઉતરવું 63
- પૂરગ્રસ્ત રસ્તાઓ 61
- હોર્નનો ઉપયોગ કરવો 44
- હાઇડ્રોપ્લેનિંગ 41
- સિગ્નલનો ઉપયોગ કરવો 44
- સરકવું 61
- લપસણી સપાટીઓ - રસ્તાની સ્થિતિઓ 40
- હિમ અને બરફ 41
- સ્ટીયરિંગ 60
- ટાયર ફાટવું 62
- સામે આવતું વાહન 64
- ભીના પેવમેન્ટ 40

ડ્રાઇવિંગ રેકોર્ડની માહિતી 79
પ્રભાવ હેઠળ વાહન ચલાવવું (DUI) 33, 34, 81
ડ્રગ્સનું સેવન કરી વાહન ચલાવવું 34, 81
ઉત્સર્જન, વાહન સલામતી નિરીક્ષણ 92
ઇમરજન્સી વાહનો 59
પોલીસથી ભાગવું કે છટકવું 81
પૂરગ્રસ્ત રસ્તાઓ 61
ધુમ્મસ 42
વિદેશી લાઇસન્સ ધારકો 3
વિભાગીય ફોર્મ અને પબ્લિકેશન્સ 94
"ચાર-સેકન્ડનો નિયમ" 35
અંતિમ સંસ્કાર યાત્રા 64
માર્ગદર્શક ચિહ્નો 19
હેડલાઇટ્સ 39, 40
હેડલાઇટ/વિન્ડશિલ્ડ વાઇપરનો કાયદો 42
હેડ રિસ્ટ્રેન્ટ્સ ગોઠવો 32
સ્વાસ્થ્ય પરિબળો 33
હાઇવે અને આંતરછેદ, સુરક્ષિત ચાલવું:
- હાઇવેમાં પ્રવેશ 52
- હાઇવે પરથી બહાર નીકળવું 52
- હાઇવે પર મુસાફરી કરવી 52

તમારા હોર્નનો ઉપયોગ કરવો 44
ઘોડા દ્વારા ચાલતું વાહન અને ઘોડે સવાર 59
હાઇડ્રોપ્લેનિંગ 41
બેદરકારી (તે તમારા ડ્રાઇવિંગને કેવી રીતે અસર કરી શકે છે) 32
અન્ય માહિતી 94

વિષય પેજ

વાહન સલામતી અને ઉત્સર્જનનું નિરીક્ષણ 92
વિષય પેજ વીમા વગર વાહન ચલાવવું....80
ઇન્ટરનેટ 92
બહેરા/શ્રવણમાં નબળા લોકો માટે દુભાષિયા....91
રસ્તા વચ્ચેની લાઈનો
રસ્તા વચ્ચેની લાઈનો સુધી પહોંચવું....48
જુગહેન્ડલ્સ....50
સુરક્ષિત ચાલવું, કોણે રસ્તો આપવો જરૂરી હોય છે 48
ગોળાકાર રસ્તાઓ અને ટ્રાફિક સર્કલ....50
લેન સોંપણીના ચિહ્નો અને પેવમેન્ટના ચિહ્નો 48 ટ્રાફિક સિગ્નલો અને સ્ટોપના ચિહ્નો....49
સમગ્ર માં મુસાફરી 49
ડાબે વળવું 45, 48, 49
જમણે વળવું 45, 46, 48
ઇન્ટરસ્ટેટ રૂટ નંબરિંગ સિસ્ટમ 20
જુનિયર ડ્રાઇવર્સ લાઇસન્સની માહિતી....3
જુનિયર લર્નર્સ પરમિટની માહિતી....3
તમારા વાહનને એવી જગ્યાએ રાખવું જ્યાંથી તે દેખાય....37
કાયદા:
અમેરિકન્સ વિથ ડિસેબિલિટીઝ ઍક્ટ (ADA) 91
કચરા વિરોધી 92
સાયકલ 92
બાળ પ્રતિબંધ 90
બાળકો અને પાલતુ પ્રાણીઓ માટે સલામતીના સૂચનો....90
ડ્રાઇવર્સ લાઇસન્સ કોમ્પેક્ટ (DLC) 84
દારૂ અથવા નિયંત્રિત પદાર્થના પ્રભાવ હેઠળ વાહન ચલાવવું.... 81
હેડલાઇટ/વિન્ડશિલ્ડ વાઇપર્સ....42
સૂચિત સંમતિ (દારૂ અથવા ડ્રગ્સ માટે રાસાયણિક પરીક્ષણ)....82
વીમા વગર વાહન ચલાવવું 80
નામ અથવા સરનામું 89
ટ્રાફિક-નિયંત્રણ ઉપકરણોનું પાલન જોખમી પરિસ્થિતિઓની ચેતવણી કાયદો 93
ખુલ્લા ટ્રકમાંના પ્રવાસીઓ....59
નામ અથવા સરનામામાં ફેરફાર માટે જરૂરી સૂચના....89
વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓ માટે પાર્કિંગ વિસ્તારો 92
સીટ બેલ્ટ....89
હિમ/બરફ દૂર કરવો....41
ખસેડવું 59
ટેક્સ્ટ સંદેશા મોકલવા 93
સગીરો દ્વારા દારૂનું સેવન કરવું 84
ઝીરો ટોલરન્સ (21 વર્ષથી ઓછી ઉંમરના DUI)....84
લર્નર્સ પરમિટ:
લર્નર્સ પરમિટ માટે અરજી કરવી....1
જુનિયર લર્નર્સ પરમિટની માહિતી....3
જુનિયર ડ્રાઇવર્સ લાઇસન્સની માહિતી 3
વાહન ચલાવતા શીખવું....31

વિષય પેજ

વિષય પેજ જોવું:
આગળ 37
પાછળ....38
બાજુઓ તરફ 38
જગ્યાનું સંચાલન....35
ઝડપનું સંચાલન 38
રાજ્યવ્યાપી અને કાઉન્ટી નકશા....94
ટ્રાફિક સાથે ભળવું....46
લશ્કરી કર્મચારી 3
અરીસાઓ....31
મોટરસાયકલ/મોપેડ, રસ્તો બીજા સાથે શેર કરવો 55
નામમાં ફેરફાર કરવો....89
આંતરછેદ પર સુરક્ષિત ચાલવું....48
રાત્રે વાહન ચલાવવું....39
અંગદાન જાગૃતિ ટ્રસ્ટ ફંડ 2
અંગદાતા હોદ્દો 2
પાર્કિંગ....52
અપંગ વ્યક્તિઓ માટેના વિસ્તારો....92
સમાંતર પાર્કિંગ 6, 52, 53
પસાર થવું:
સામાન્ય રીતે....46, 47
ન કરી શકો....47
બે-લેનવાળા રસ્તા પર 47
જમણી બાજુએ 47
પેવમેન્ટ:
ઘસરવું....63
નિશાનીઓ 22
રાહદારીઓ 55
અંધ 9
સિગ્નલ્સ 9
સલામત ડ્રાઇવિંગ માટે પોઇન્ટ દૂર કરવા 79
પેન્સિલવેનિયા પોઇન્ટ સિસ્ટમ 79
પોલીસ દ્વારા રોકવામાં આવે તો શું કરવું 80
રેલરોડ ક્રોસબક સાઇન....10
રેલરોડ ક્રોસિંગ્સ 55
રેલરોડ ક્રોસિંગ સિગ્નલ 9
સંદર્ભો....94
નિયમનકારી ચિહ્નો....10
રસ્તોની પરિસ્થિતિઓ:
પૂરગ્રસ્ત રસ્તાઓ....61
હાઇડ્રોપ્લેનિંગ 41
લપસણા રસ્તા/સપાટીઓ....40, 41
હિમ અને બરફ 41
ભીના પેવમેન્ટ 40
રોડ રેજનો સામનો કરવો 60
ગોળાકાર રસ્તા....50
સ્કૂલ બસ....58
વિષય પેજ ડ્રાઇવરની સીટ ગોઠવો....31

વિષય	પેજ
તમારો સીટ બેલ્ટ પહેરો	31
સંકેત આપવો:	
ઇમરજન્સી સિગ્નલોનો ઉપયોગ કરવો	44
દિશા બદલતી વખતે	44
ધીમું અથવા બંધ કરતી વખતે	43
સિગ્નલ્સ (ટ્રાફિક):	
ફ્લેશિંગ	8
લેનના ઉપયોગનું નિયંત્રણ	8
લાઇટ્સ અને એરોઝ	7
કામ ન કરતી ટ્રાફિક લાઇટ્સ	8
રાહદારી	9
રેલરોડ ક્રોસિંગ	9
રેમ્પ મીટરિંગ	8
શાળા ઝોન	9
નિશાનીઓ:	
માર્ગદર્શિકા ચિહ્નો	19
એક્ઝિટ નંબર્સ	19
હાઇવે/એક્સપ્રેસવે	19
ઇન્ટરસ્ટેટ રૂટ નંબરિંગ સિસ્ટમ	20
માઇલ માર્કર	20
રૂટ માર્કર્સ	21
સેવા	21
પ્રવાસી-લક્ષી દિશાસૂચક	21
નિયમનકારી ચિહ્નો	10
ચેતવણી ચિહ્નો	13
ચેનલિંગ ડિવાઇસ	19
ઇલેક્ટ્રોનિક એરો પેનલ્સ	19
ટ્રાફિક-નિયંત્રણ ઉપકરણોનું પાલન જોખમી પરિસ્થિતિઓની ચેતવણી કાયદો	93
રોડવેની બાજુમાં આવેલી વસ્તુઓ	17
કાર્યક્ષેત્ર	18
સરકવું	61
લપસણા રસ્તાઓ	40, 41
ધીમી ગતિએ ચાલતા ટ્રાફિક સંબંધી પ્રતિક્રિયાઓ	43
હિમ-બરફ દૂર કરવો	41
બરફનું હળ	60
બરફનું તોફાન	42
સોશિયલ સિક્યુરિટી નંબરની માહિતી	3
જગ્યાની માત્રા:	
આગળ	35
પાછળ	37
"ચાર-સેકન્ડનો નિયમ"	35
બાજુઓ પર	36
ગતિ:	
વ્યવસ્થાપન કરવું	38
પોસ્ટ કરેલી મર્યાદાઓ	38
ખસીને જગ્યા આપવા સંબંધિત કાયદો	59

વિષય	પેજ
સ્ટીયરિંગ	60
વિષય પેજ ડ્રાઇવિંગના વિશેષાધિકારના સસ્પેન્શન્સ અને રિવોકેશન્સ	79
પરીક્ષણો:	
વૈકલ્પિક પરીક્ષણ પદ્ધતિ	92
જો તમે પરીક્ષામાં નાપાસ થાઓ તો	6
જો તમે પરીક્ષા પાસ કરો તો	6
નોલેજ	5
રોડ	5
ટાયર:	
બ્લોઆઉટ	62, 63
ટ્રાફિક:	
વર્તુળો, ગોળાકાર રસ્તાઓ	50
ટ્રાફિકની સ્થિતિનું એક પછી એક સંચાલન કરવું	40, 41, 42
ધીમી ગતિએ ચાલતો ટ્રાફિક	43
ટ્રાફિક પ્રવાહ	43
ટ્રાફિક લાઇટ (સિગ્નલો જુઓ)	
ટ્રક:	
પાછળથી થતા અકસ્માતો	58
બ્રેકિંગ	58
એસ્કેપ રેમ્પ્સ	58
ટ્રકની પાછળ જવું	57
ખૂબ જ મોટો ભાર	58
ટ્રક પસાર કરવો	56
ટ્રક પસાર થવો	57
વળાંક	57
વળાંક, ભળવું અને પસાર થવું	45
ટ્રાફિક ક્રોસિંગ	46
ડાબે અને જમણે વળાંક	45
ટ્રાફિકમાં ભળવું	46
પસાર થવું	46
મધ્ય વળાંકની લેનમાંથી અથવા તેમાં વળવું	45
લાલ લાઇટ પર જમણે વળવું	46
યુ-ટર્ન	46
સગીરો દ્વારા દારૂનું સેવન કરવું	84
વાહનની તપાસ, વાહન ચલાવવાની તૈયારી	31
નિવૃત્ત સૈનિક તરીકેનો હોદ્દો	2
દૃષ્ટિ સંબંધી સ્થિતિઓ:	
ધુમ્મસ	42
બરફ	42
દ્રષ્ટિ	3, 33
ચેતવણી ચિહ્નો	13
ભીના પેવમેન્ટ	40, 41
શિયાળાના લપસણા રોડ	41
કાર્યક્ષેત્રો	18, 54
ચેનલિંગ ડિવાઇસ	19
કાર્યક્ષેત્રના ચિહ્નો	18
ઝીરો ટોલરન્સ કાયદો (21 વર્ષથી ઓછી ઉંમરના DUI)	84

તેઓ ક્યારે થોમ્પસનની પાર્ટીને ભૂલશે નહીં.

થોમ્પસન પણ નહીં ભૂલે.

કારણ કે કાયદો કહે છે કે કોઈપણ પુખ્ત વ્યક્તિ જે 21 વર્ષથી ઓછી ઉંમરના વ્યક્તિને બીયર, વાઇન, વાઇન કુલર અથવા દારૂ આપે છે અથવા વેચે છે, તેને પહેલા બાળકને આપવામાં આવેલા બાળક માટે ઓછામાં ઓછો $1,000 અને એક વર્ષ સુધીની જેલની સજા અને વધારાના પ્રત્યેક સગીર માટે $2,500 દંડ થઈ શકે છે.

તમારા પોતાના દીકરા કે દીકરીને દારૂ પીવડાવવો પણ ગેરકાયદેસર છે. તમે ભૂલ કરો તે પહેલાં, અમારા નિઃશુલ્ક બ્રોશર "જવાબદાર માતાપિતા" મેળવવા માટે અમને ફોન કરો અથવા લખી જણાવો લખો અને તેને વાંચો.

ડાઉનલોડ કરી શકાય તેવી PDF અહીં ઑનલાઇન પણ ઉપલબ્ધ છેઃ http://www.lcb.state.pa.us/webapp/Education/Materials/Materials_Order_form.asp

અમે ખાતરી આપીએ છીએ કે તે એવી વસ્તુ છે જે તમને લાંબા સમય સુધી યાદ રહેશે.



Pennsylvania Liquor Control Board
Northwest Office Building
Harrisburg, PA 17124

Pennsylvania Chapter American Academy of Pediatrics

Commonwealth of Pennsylvania
Department of Transportation

મહત્વપૂર્ણ શબ્દો યાદ રાખવા માટે

જ્યારે તમે તમારું લાઇસન્સ મેળવો, ત્યારે આ મહત્વપૂર્ણ બાબત યાદ રાખો

જીવન બચાવતા અંગ અને પેશીના પ્રત્યારોપણની રાહ જોતા હજારો લોકો માટે આ શબ્દો મહત્વપૂર્ણ છે. એવા શબ્દો જે કોર્નયિા ટ્રાન્સપ્લાન્ટ દ્વારા અન્ય લોકોને દૃષ્ટિ પાછી મેળવવામાં, દાઝી ગયેલી ત્વચાથી ઝડપથી સાજા થવામાં અથવા ટ્રાન્સપ્લાન્ટ કરેલા હાડકાથી પીડા વિના ચાલવામાં મદદ કરી શકે છે.

જે વ્યક્તિઓ અંગ અને પેશીઓના દાન માટે "હા" કહીને જીવન બચાવવાનું પસંદ કરે છે, તેમણે લાયસન્સમાં દાતાનું નામ લખવું જોઈએ અને દાતા કાર્ડ પર સહી કરવી જોઈએ. દાન આપવાની ઇચ્છા પરવિાર અને મત્રિો સાથે પણ શેર કરવી જોઈએ જેથી તેઓ અન્ય લોકોને મદદ કરવા માટે લેવામાં આવેલા મહત્વપૂર્ણ નર્િણયથી માહતિગાર થાય.

અંગ અને પેશીઓના દાન વિશેના કેટલાક ઝડપી તથ્યો

- એક અંગ અને પેશી દાતા 8 જેટલા જીવન બચાવી શકે છે અને 75થી વધુ લોકોને મદદ કરી શકે છે.
- કોઈપણ વ્યક્તિ, ઉંમર કે તબીબી ઇતિહાસને ધ્યાનમાં લીધા વિના, દાતા બનવા માટે નોંધણી કરાવી શકે છે.
- યુનાઇટેડ સ્ટેટ્સમાં બધા મુખ્ય ધર્મો અંગ અને પેશીઓના દાનને સમર્થન આપે છે અને દાનને બીજાઓ પ્રત્યે પ્રેમ અને ઉદારતાના અંતિમ કાર્ય તરીકે માને છે.
- અંગ કે પેશીઓના દાન માટે દાતાઓ કે તેમના પરિવારોને કોઈ ખર્ચ થતો નથી.

\- વધુ માહિતી માટે donatelifepa.orgની મુલાકાત લો.

ઑર્ગન અને ટીશ્યુ ડોનર કાર્ડ મેળવવા માટે, કૉલ કરો:

પૂર્વી પેન્સલિવેનયિામાં:

ગફ્ટિ ઓફ લાઇફ ડોનર પ્રોગ્રામ. 1-888-DONORS-1

પશ્ચમિ પેન્સલિવેનયિામાં:

ઓર્ગન રકિવરી સેન્ટર શક્ષિણ (CORE).. . . . . .1-800-DONORS-7

અંગ અને પેશી સંબંધી વધારાના સંસાધનોની માહિતી માટે, કૉલ કરો:

PA ડપિાર્ટમેન્ટ ઓફ હેલ્થ 1-877-PAHEALTH